કુમાર

સંસ્થાપક · રવિશંકર રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું માસિક

વર્ષ ત્રેપનમું · અંક પાંચમો · માહે મે · ઓગણીસ સો છોંતેર


તંત્રી · બચુભાઈ રાવત



હરિયાળો દરિયાકંઠાર · ફોટો: આનંદ પ્રાણલાલ પટેલ

અમદાવાદની 'નિહારિકા' ક્લબે યોજેલા અખિલ ભારતીય ફોટો-પ્રદર્શનમાંની એક કૃતિ

સળંગ અંક ૬૨૯



રાધા

(ચિત્રકાર - કનુ દેસાઈ)

આ અંકની 'કલાવાર્તા'માં દર્શાવ્યા પ્રમાણે અર્ધી સદી જેટલા દીર્ઘ કાળના કલાસર્જન દ્વારા કનુ દેસાઈએ પોતાની જે લાક્ષણિકતાઓ પ્રસ્થાપિત કરી છે તે, આ ચિત્ર સાથે એમના નામનો ઉલ્લેખ ન કર્યો હોય તોયે, એના સર્જક તરીકે એમને ઓળખાવી દે એટલી પરિચિત બની ગઈ છે. સહેજ પણ ખચકાટ વિનાની શુદ્ધ રેખાઓ, સ્વચ્છ રંગો, અહીં છે તેમ ચંદ્ર ને મોરપીછ જેવાં સાંકેતિક સૂચનો અને સરળ છતાં શોભનયુક્ત અવનવાં સંયોજનો દ્વારા એમનાં ચિત્રો અન્ય સંખ્યાબંધ કૃતિઓની વચ્ચે યે અલગ પરખાઈ આવે છે. એમનાં વૈવિધ્યપૂર્ણ ને વિપુલ કલાસર્જનોની ભરતી દ્વારા ગુજરાત કલારસથી તરબોળ બનેલું છે. અનેકવિધ અસરોથી યુક્ત વર્તમાન (મૉડર્ન) કલાપ્રવાહોમાં તણાતા કલાકારોનાં સર્જનોએ આજે જે નશો ચડાવ્યો છે એ કરતાં ભારતીય ભાવના અને ગૌરવથી સભર એવાં કનુ દેસાઈનાં વૈવિધ્યપ્રચુર કલાસર્જનોનો પ્રભાવ વધુ સંસ્કારયુક્ત અને તૃપ્તિકર રહ્યો છે. વ્યાવસાયિક અને સાંસ્કારિક કલાક્ષેત્રે એમની સિદ્ધિ એકસરખી ઉચ્ચાસને ટકી રહી છે. જીવનની ક્લિષ્ટતા કે તેના સંઘર્ષ સામેની ફરિયાદો કે એનાં રુદનથી અલિપ્ત રહી એમણે ભાવના અને સૌંદર્યના કાવ્યનું કવન કરીને કલાને એક તૃપ્તિકર મધુર માધ્યમ તરીકે જ સદા સાધી છે, એ જ રીતે પ્રસ્થાપિત કરી છે. અને એથી જ આજે દાયકાઓ પછી યે એમાં એટલી જ તાજગી રહી છે, આજે યે એ એટલો જ આદર પામી રહી છે.

કુમાર

મે ૧૯૭૬ · અંક ૬૨૯

તંત્રી: બચુભાઈ રાવત ∞ ઉપતંત્રી: બિહારીલાલ ટાંક

ચિત્રો

કાવ્યો

ચરિત્ર

વાર્તા

લેખો

વિભાગો

'કુમાર' સામાન્યતઃ દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. તે પછી અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી પહોંચી વળવાનો પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા અંકો ભરપાઈ કરી આપવાનું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર. અમદાવાદ-૧.
વાર્ષિક લવાજમ: રૂ. ૨૪-૦૦; પરદેશ: રૂ. ૪૦ યા પાઉન્ડ ૨ યા ડૉ. ૫-૫૦; છૂટક નકલ: રૂ. ૨-૫૦

ચોરવાડને સાગરતટે

ભગવતીકુમાર શર્મા

· વસંતતિલકા ·

ઉકેલવી પડતી ના ગડી ગાલીચાની;
અદૃષ્ટ હાથ સળ પે સળ ખોલી આપે
કંઠારના અસીમ રાજમહાલયે હ્યાં.

ઊંચે ઊંચે છત પરે લટકે ઝળાહળ
આ રત્નપુંજ સમ ઝુમ્મર વર્તુલંતું,
ને હારબંધ ટમકંત પ્રદીપરેખા
હીરાકણી સરખી ઓ' જલશીકરોમાં.

રક્તિમ, કીરમજી, સોન-મજીઠરંગી
પર્દા પડે—ઊપડતા ચતુઃદિક્ દીવાલે;
વિક્ષિપ્ત એક ક્ષણ યે નહિ વીંઝણાઓ;

રેતી મહીં ચરણચિહ્ન સુભટ્ટ જેવાં
પ્હેરી ફિણાળ ધવલોજ્જ્વલ શીશ સાફા.

આવી પહોંચી અસવારી—મુલાહિજા હો—
સમ્રાટની દબદબાભરી નીલ તખ્તે.

વન લીલું નાઘેર/'બાદલ'

· ગાન ·

કોઈ ગોરીના સાવ લીલાછમ સમણા જેવું
ખીલી ઊઠયું વન લીલું નાઘેર.

કોયલડીના ટહુકો કેવા કૉળી ઊઠયા
આંબલિયાની ડાળ,
કેસૂડાને ફૂલ ખીલ્યાં કે રૂપલાં ખાસાં
પતંગિયાં શરમાળ;
મહુડાંઓનો ડાયરો ડોલે ઘેન ઘૂંટીને
ઘેનમાં એને એય ને લીલાલેર—કોઈ૰

તાડને ફૂટયા કોડ કે લીલી બાથ ભરીને
આભને ચૂમી લઉં,
બોરડી અને પીલુને થ્યું અવસર આયો
લાવ રે ઝૂમી લઉં;
વેલડીઓની ગોપીઓમાં ઘેરાઈને ભીનું
ભીનું ભીનું રાસ રમે થુવેર—કોઈ૰

ફાંટચમાં યે ના માય રે એવો આંબલી ડાળે
લૂંબેઝૂંબે મોર,
ગંધ પીધેલા ટહુકે ટહુકે ટપકે કેવો
વનનો લીલો તોર;
મોસમ આ તે કેવી કે વરતાવી દીધો ઝાડઝાડે
કૈં સાવ રે લીલો કેર—કોઈ૰

શાપ/ચન્દ્રકાન્ત દત્તાણી

· ગાન ·

એક વાર સંતોએ દઈ દીધા શાપ—જાવ સૂરજ આ પશ્ચિમમાં ઊગશે!
ઉનાળે હળાહળ ફૂંકાશે ઝાંઝવાં ને ચોમાસે રોજ રણ વાશે,
જમનામાં થોરના દરિયા ઠલવાશે કહાન કાંઠે બેસીને કોરું ન્હાશે;
વાંસળીના સૂરના સન્નાટે ગોપિયું નિસાસા જેવું કૈં ગુંજશે:
...જાવ સૂરજ આ પશ્ચિમમાં ઊગશે.
ખરખરતાં પાંદડાંના પડછાયા પ્હેરીને ફરફરશે લુખ્ખી વસંત,
યાતનાએ દોરેલા જીવતરના વર્તુલનો આદિ જેવો જ હશે અંત;
સુક્કાભટ્ઠ જંગલમાં લૂમઝૂમ રેતીનાં કોરાંકુંજાર ઝાડ ઝૂલશે:
એક વાર સંતોએ દઈ દીધા શાપ—જાવ સૂરજ આ પશ્ચિમમાં ઊગશે...

સંભારણું/કિસન સોસા

· ગઝલ ·

શબ્દ વચ્ચોવચ માંડું બેસણું,
મુખ ઉપર મ્હોરું ધરું સોહામણું.

સૌ અહીં સુખી જ માને છે મને,
ભ્રમ એ જળવાયને તો યે ઘણું.

હું મને ખટકયા કરું પ્રત્યેક ક્ષણ,
આયખું છે આંખમાં ખૂંપ્યું કણું.

શેરી ઘરનો ખાલીપો નીરખી ન લ્યે
એટલે હું બંધ રાખું બારણું.

પાણિયારે ઝાંઝવાં છલકયાં કરે
આવ-જાની હેલ્યે ભીનું આંગણું.

નીકળે નળિયેથી નીલી ધૂમ્રસેર,
જાત બાળી તેજ રાખું તાપણું.

રાતના થાકયો વિચારું ઓરડે
સંગમાં કેવળ રહ્યું સંભારણું.

હશે/ગુલ્શન લખનવી

· ગઝલ ·

જે મને દેખાય છે એ છળ હશે,
જિંદગી કયાં આમ ભાતીગળ હશે.

જિંદગીની એક દોરી બસ હતી,
હાથમાં મોજૂદ છે એ વળ હશે.

પાન પર મોતી મળ્યું, હરખાવ ના,
જે મળ્યું છે આપને, ઝાકળ હશે.

હું વરસ, માસો, દિવસને ના ચહું,
લાભદાયક એક પણ જો પળ હશે.

ભરચક/માણેકલાલ પટેલ

· ગઝલ ·

મોસમના મદમાતા શ્વાસે
ફોરે લજ્જા ભરચક ભરચક!

ફૂલ ફૂલ પર ઝાકળ ઝૂલે
ટપકે રંગો ભરચક ભરચક!

લહર લહરના લીલા તેજે
છલકે સરિતા ભરચક ભરચક!

ચાસ ચાસ ઊગ્યા અજવાળે
ફરકે વગડો ભરચક ભરચક!

એકલતાનું અંતર ઘેરી
ગાતા પડઘા ભરચક ભરચક!

આવો સાજન, છાના સંગે
બેઠાં શમણાં ભરચક ભરચક!

રહી/ઊજમશી પરમાર

· ગઝલ ·

કોઈનાં પગલાં અમે જોયાં નથી
તો ય કેવી ધૂળ મઘમઘતી રહી!

વાટમાં તો પાથર્યો અંધાર છે,
કેમ તારી હેલ્ય ઝગમગતી રહી?

આભ કોરું, ના ઝબકતી વીજળી,
તો ય ભીની ગ્હેક થનગનતી રહી.

આમ તો સીધો હતો એ આદમી,
કો'ક પાની તો ય ડગમગતી રહી.

શ્વાસમાં હજી ભીના અણસાર છે,
છાતીઓમાં ચેહ બળબળતી રહી.

કે તેની સાથે 'કુમાર' માસિકનાં લખાણોમાં ફેરફાર થઈ ગયો છે. 'કુમાર'નું વાચન ખરેખર ઉત્કૃષ્ટ હોય છે તેમાં બે મત નથી, પરંતુ તે યુવાનોને અમુક જ જાતની કઈ રીતે પ્રેરણા આપે છે તેની સમજણ પડતી નથી.

મારી જાણ મુજબ આજે એક પણ ગુજરાતી માસિક ફક્ત યુવાનો માટે જ હોય તેવું પ્રકટ થતું નથી. અંગ્રેજીમાં 'યૂથ ટાઈમ્સ' વગેરે બહાર પડે છે તે પણ યુવાનો માટે સમાચાર આપે છે, નહિ કે યુવાનોની સુષુપ્ત શક્તિને કઈ રીતે ખીલવવાનું માર્ગદર્શન આપે છે. 'કુમાર'ની રચના યુવાનોને પ્રેરણા માટે જ થઈ હતી તો પછી તેમાં ફેરફાર શા માટે? તેનો ઉદ્દેશ જ વરસોવરસ ઊગતી પેઢીનું ચારિત્ર્યઘડતર કરવાનો છે, અને 'કુમાર' એક જ એવું આગવું માસિક છે કે જે દાવો કરી શકે કે અમે યુવાનો માટે કંઈક કરીએ છીએ.

શ્રી સુખલાલભાઈએ સૂચવ્યું કે યુવાનોની 'કુમાર' પ્રત્યે કેટલી અભિરુચિ છે તે જાણવા માટે એક 'સર્વે' કરવો જોઈએ. તે તેમનું સૂચન ખૂબ જ આવકારપાત્ર છે, તેમ છતાં યુવાનો અને વડીલો સાથે સંકળાએલો હોઈ જરૂરથી કહી શકું છું કે 'કુમાર' મોટેરાંઓ વધુ વાંચે છે અને યુવાનોની રુચિ ઓછી છે. કાંઈ અજુગતું લખાયું હોય તો ક્ષમા કરશો. આપને હાર્દિક પ્રણામ.

(અમદાવાદ) —કૃષ્ણકાન્ત આશરા

૨

'કુમાર'ના ૬૨૫મા અંકમાં શ્રી સુખલાલ મ. શાહનો અભિપ્રાય વાંચીને આશ્ચર્ય થયું.

જ્યારે હું કિશોરાવસ્થામાં હતો ત્યારે સ્કૂલના પુસ્તકાલયમાં આવતું 'કુમાર' હું [મને સમજાય તે લખાણ] હોંસેહોંસે વાંચતો. વચ્ચે સંજોગો અને ગરીબાઈ તથા પુસ્તકાલય વિહોણા ગામોમાં રહેવાનું થવાથી 'કુમાર'નાં દર્શન કરી શકેલો નહિ.

અત્યારે નેત્રંગ ગામની હાઈસ્કૂલમાં આવતું 'કુમાર' મને વાંચવા મળે છે; ત્યારે મને તો એવું જ લાગે છે કે છેક શરૂઆતથી જ તે અત્યાર સુધી એનામાં આવતી સામગ્રીમાંનું સાતત્ય બરાબર જળવાઈ રહ્યું છે; બલ્કે, એ સાતત્ય જાળવવા સાથેસાથે સાંપ્રત સમયનાં વહેણ પારખીને, નવી પેઢીને—દર ૨૫ વરસે દેશ, કાળ અને પરિસ્થિતિમાં અંશતઃ પરિવર્તન આવતું જ હોય છે તેને અનુસરીને, સજાગપણે એને મઠારીને વધુ 'ભોગ્ય' બનાવીને વયે તેમજ અનુભવેથી ઘડાએલ તંત્રીશ્રીએ પોતાની 'પરખ'ની કાબેલિયત સાબિત કરાવી દીધી છે. એમાં આવતા એકેએક લખાણનું અધ્યયન કરવાથી તો એવું લાગે છે કે 'દિન પર દિન વધતો જતો ઉલ્લાસ જે યુવાનીમાં હોય છે, તે ઉંમરના વધવા સાથે' અત્યારે પણ ચાલુ રહ્યો છે; અને તે જોઈ-અનુભવીને આશ્ચર્ય સાથે વાચકો માટે સદ્‌નસીબી સમજું છું.

(નેત્રંગ) —ચિમનલાલ ર. પંચાલ

અહિલ્યાબાઈ ચરિત્ર

ઑક્ટોબર અંકમાંનું પ્રો. વસંત જોષીએ આપેલું અહિલ્યાબાઈ હોળકર ચરિત્ર અતિ સુંદર છે. અહિલ્યાબાઈ વિષે ઘણી વાતો સાંભળી હતી, પણ આ લેખમાં ઘણા આદરપૂર્વક અને સંપૂર્ણ વિગત સાથે તે આપી છે એ પ્રશંસનીય છે. ઉપરાંત અહિલ્યાબાઈના પશ્ચાત્ જીવનની રૂપરેખા કરુણાજનક છે અને માનવી માટે સસારમાં એક દાખલારૂપ છે. અતિ લક્ષ્મી અને કાર્યદક્ષતા હોવા છતાં આવી નિરભિમાની સ્ત્રીને પણ જે અગ્નિ પરીક્ષામાંથી પસાર થવું પડયું તેમાં દાખવેલાં ધૈર્ય અને ક્ષમતા અદ્‌ભુત છે. આવા ઐતિહાસિક લેખો 'કુમાર'ના વાચકોને અવારનવાર વાંચવા મળશે તેવી અભિલાષા રાખું છું.

'નાનાસાહેબ' નામનું એક અંગ્રેજી વિરલ પુસ્તક મુંબાઈના ભારતીય વિદ્યાભવનના ગ્રંથાલયમાં અદેય વિભાગમાં છે તે મેં વાંચ્યું હતું. તેનું ભાષાંતર 'કુમાર'માં આપો તો કેવું સારું?

(મુંબાઇ) —દશરથલાલ શાહ

[* આપ જ એવો પ્રયત્ન કોઈ માટે કાં ન કરો? 'કુમાર'માં તો નાનાસાહેબનું વિસ્તૃત ચરિત્ર એક વાર આવી ગયું છે]

મગી બ્રાહ્મણો

ઈ. સ. પૂ. ૩૨૩માં મહાન સિકંદરનું અવસાન થયું. ત્યાર બાદ ઈ. સ. પૂ. ૨૫૬માં ઈરાન પર પાર્થિયનોની સત્તા આવી. ઈરાન પર સત્તાધીશ હોઈ આ પાર્થિયનોને સહજ રીતે ઈરાની કહી શકાય પણ જરથોસ્તી ધર્મ પાળનાર પારસીઓ તરીકેની તેઓની ઓળખ ઉચિત ન લેખાય. અલબત્ત, જરથોસ્તીના ઘણા ધાર્મિક રીતરિવાજો ને સિદ્ધાંતોનો મહદંશે તેઓએ સ્વીકાર કર્યો હતો; તેમ છતાં એ જ ધર્મથી વિરુદ્ધ મૂર્તિપૂજા ને મિથ્ર (સૂર્ય)ની ઉપાસના તેઓ કરતા. બૅબિલોન સંસ્કૃતિની અસરથી જાદુ જેવી કેટલીક વિદ્યાઓ તેઓએ પ્રાપ્ત કરી હતી. આ પાર્થિયનોના રાજ્યઅમલ દરમિયાન મિથ્રની મૂર્તિપૂજા એશિયા ને યુરોપમાં ફેલાઈ અને મિથ્રપંથ જરથોસ્તી ધર્મથી વિમુખ થઈ પોતાનું આગવું વ્યક્તિત્વ ઊપસાવીને આગળ ધપતો રહ્યો. આ કાળમાં જ ભારતમાં સૂર્યની મૂર્તિપૂજાની ભાવના પ્રારંભાઈ ને ઉત્તરોત્તર વિકાસ પામી. મૂર્તિપૂજાની આ ભાવનાને હિંદમાં લાવનારને (ભારતીય વિદ્વાનો જેને 'પારસીઓ' ગણે છે) શ્રી પલાણના મત પ્રમાણે 'અહીંના લોકોએ "મગી" બ્રાહ્મણો તરીકે ઓળખાવ્યા'. આ 'મગ બ્રાહ્મણો મૂર્તિપૂજક હતા, અને મૂર્તિપૂજાની રૂઢિ જરથોસ્તી ધર્મ પ્રમાણે મંજૂર નથી.' (જુઓ: 'ઈરાનનો વૈભવ' પૃ. ૧૩૩.) વસ્તુતઃ સૂર્યોપાસના માટે મૂર્તિપૂજાની વિભાવના પાર્થિયન ઈરાની લોકો દ્વારા ભારતમાં આવેલી. આ પાર્થિયનો ત્યાંના પુરોહિતો (priests) હતા ને ત્યાં 'મગી' (Magi) નામે વિખ્યાત હતા ('મગી' શબ્દ મૂળ લૅટિન Magoi શબ્દ પરથી ઊતરી આવેલો છે.) આ કારણે હિંદમાં તેઓને બ્રાહ્મણ તરીકે ઓળખવામાં આવેલા. પછીથી ક્ષત્રિય કન્યાઓ સાથે લગ્ન કરવાથી હિંદુ ધર્મમાં સહેલાઈથી ભળી ગયા. 'મગી'ઓને જરથોસ્તી ધર્મના આદ્ય અનુયાયી તરીકે ગણવા એ હકીકત શંકાથી પર નથી. મૂર્તિપૂજાની આ ભાવના ઈરાનમાંથી હિંદમાં આવેલી હોવા છતાં તેના આદ્ય પૂજક ને પ્રચારક જરથોસ્તીધર્મી પારસી નહોતા ને આથી 'મગી' બ્રાહ્મણોને પારસી લેખવામાં ઔચિત્ય નથી. 'પારસીઓના આગમન' વિષેની મારી ૬૧૩મા અંકમાંની પૃચ્છામાં આ 'મગી' બ્રાહ્મણોની ગણના સહજ રીતે જ થઈ શકે તેમ નથી.

(વીરમગામ) —પ્રફુલ્લ રાવલ

સ્વામી આનંદના ભાઈઓ

અંક ૬૨૬માં 'સ્વામી આનંદ' વિષેનાં સુ. રવિભાઈનાં સંસ્મરણોમાં થોડો હકીકતદોષ છે. સ્વામી આનંદના ભાઈઓ–જયાશંકર તથા પ્રભાશંકર (મારા પિતાશ્રી)-માં જયાશંકરને મોટા ભાઈ તથા પ્રભાશંકરને બીજા ભાઈ તરીકે જણાવ્યા છે તે બરાબર નથી. હકીકતમાં આ ત્રણે ભાઈઓમાં (તેમજ મારા દાદાજી રામચંદ્ર દવે ને દાદીમા પાર્વતીબાનાં સાતે સંતાનોમાં) સૌથી મોટા ડૉ. પ્રભાશંકર હતા. સાત ભાંડુમાં ક્રમાનુસાર મોટેથી નાનાં, આ પ્રમાણે હતાં: પ્રભાશંકર, દિવાળીબા, જયાશંકર, મણિબા, જડીબા, હિંમતલાલ (સ્વામી આનંદ) અને સૂરજબા. પૂ. સ્વામીકાકાની વિદાય પછી હવે સૌથી નાનાં સૂરજબા જ હયાત છે.

અગાઉ આ હકીકતદોષ અંક ૭૮ (જેઠ ૧૯૮૬)માં હતો ત્યારે મારા પિતાશ્રીએ સુ. રવિભાઈ ને સાચી હકીકતની જાણ રૂબરૂ વાતચીતમાં કરી હતી એવું મને સ્મરણ છે. વળી અંક ૫૧૨માં પુનરાવર્તન થયું ત્યારે મારા મિત્ર સ્વ. ડૉ. હસમુખ મહેતાએ અંક ૫૧૪માં આ વિભાગમાં જ સ્પષ્ટતા કરી હતી, તે નમ્રતાપૂર્વક વિદિત કરું છું.

(અમદાવાદ-૧૩) ડૉ. ભાનુશંકર. પ્ર. દ્વિવેદી

સ્વામી આનન્દની જેલયાત્રા: ૧

અંક ૬૨૬ (૫૩-૨, ફેબ્રુ. '૭૬)માં બેતાલી-

આ વિભાગ વિષે

આ વિભાગ માટે આવતા પત્રોની—૧) પ્રસિદ્ધિ સર્વાંગે તંત્રીના નિર્ણય ઉપર જ આધારિત છે. ૨) એ અંગે કોઈ ચર્ચા કે પત્રવ્યવહારમાં ઊતરવામાં આવતું નથી. ૩) એનાં ઑફપ્રિન્ટ મોકલવામાં આવતાં નથી, તેમ ૪) પુરસ્કાર પણ આપવામાં આવતો નથી. ૫) વિતંડા લંબાવવામાં આવતી નથી. ૬) પત્રો બને તેટલા ટૂંકા જ—પત્રોના રૂપમાં હોય તે જ સ્વીકારાય છે; લાંબા વિદ્વત્તાભર્યા લેખો છાપવાનું આ સ્થળ નથી.

સામે પાને સ્વામીની જેલયાત્રાની વિગત આપી છે તે બરાબર નથી. પોતે બાપુ ભેગા જેલમાં નહોતા ગયા, પણ 'યંગ ઇંડિયા' ઉપર ૧૯૨૨ના જૂનમાં બીજો કેસ ચાલ્યો હતો તેમાં બીજા ત્રણ જણ પકડા ગયા હતા. એ ત્રણેનાં નામ નીચે પ્રમાણે: (૧) તન્ત્રી શ્વેબ સાહેબ કુરેશી, (૨) મુદ્રક મણસાળીભાઈ, (૩) પ્રેસના 'કીપર' અને પ્રકાશક સ્વામી આનન્દ.

—દેસાઈ વાલજી ગોવિન્દજી

૨

ફેબ્રુઆરી અંકમાં પૃ. ૪૨–૪૩ ઉપર સ્વામી આનન્દનાં સંસ્મરણોની સંકલનામાં રજૂ કરાએલું નીચેનું વાક્ય છે: તા. ૧૮મી માર્ચ ૧૯૨૨ના રોજ 'યંગ ઇન્ડિયા'માં ત્રણ ઉગ્ર લેખો માટે ગાંધીજીને છ વરસની જેલ થઈ તે સાથે પ્રકાશક તરીકે શ્રી શંકરલાલ બૅંકરને અને મુદ્રક તરીકે સ્વામી આનન્દને દરેકને દોઢ વરસની જેલ થએલી.' ખરી વાત એ છે કે એ તારીખે ત્રણ નહિ પણ બે જણને—ગાંધીજી ને શંકરલાલ બૅંકરને સજા થએલી: બૅંકરને પ્રકાશક તરીકે નહિ પણ મુદ્રક તરીકે; કારણ કે પ્રકાશક તો તે સમયે સ્વ. ઈન્દુલાલ યાજ્ઞિક હતા અને તેઓ કોરા રહી ગયા હતા; જ્યારે સ્વામી આનન્દને તો ત્યાર પછીના જૂન મહિનાના બીજા અઠવાડિયામાં 'નવજીવન'ના વહીવટદાર તરીકે—નહિ કે મુદ્રક તરીકે—સજા થઈ હતી.

(મુંબાઈ) —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

'પથિક'નું તખલ્લુસ

'કુમાર'ના '૭૫ના નવેમ્બર અંકમાં પૃ. ૩૬૯ ઉપર શ્રી 'પથિક' તખલ્લુસધારી કોઈ લેખકના 'દિવ્ય જીવનદર્શન' નામના પુસ્તકની વિવેચના પ્રકટ થઈ છે. તે પરથી એ 'પથિક' એટલે કોણ એમ પૂછવાનું મન થાય છે; કારણ કે સદરહુ તખલ્લુસ આજ સુધીમાં જુદાજુદા નીચેના છ મહાનુભાવોએ ધારણ કરેલું છે. ૧) અંબાલાલ બાલકૃષ્ણ પુરાણી, ૨) કનુભાઈ રાવલ, ૩) ગુણવંત પંડ્યા, ૪) દિનકરરાય નર્મદાશંકર ત્રિવેદી, ૫) નરસિંહરાવ ભોળાનાથ દિવેટીઆ, ૬) પુરુષોત્તમ પ્રેમચંદ શેઠ.

આ સંજોગોમાં પ્રસ્તુત પુસ્તકના લખનાર આ છ લેખકોમાંથી કોણ એ નક્કી કરવાનું રહે છે; અને એમાંના કોઈ આ ન હોય તો કોઈ સાતમી વ્યક્તિએ એ તખલ્લુસ ધારણ કર્યું છે એમ માનવાનું રહે છે.

(મુંબાઈ) —ત્રિભુવન વીરજીભાઇ હેમાણી

બે સરતચૂક

'કુમાર'ના '૬૮ના નવેમ્બર અંકમાં પૃષ્ઠ ૪૦૦ ઉપર વ્યક્તિવિશેષ નાથુરામ પ્રેમીના દેહવિલય માટે ૧૯૬૦ની ૩૦મી તારીખ જણાવી છે તે નવેમ્બર નહિ પણ જાન્યુઆરીની ૩૦મી તારીખ હોવી જોઈએ.

૧૯૭૫ના નવેમ્બર અંકમાં પૃ. ૪૭૭ ઉપર 'ગાયકવાડ સરકાર પાસેથી ભારતના અંગ્રેજ ગવર્નર જનરલે સંધિ કરીને અમદાવાદ તા. ૧૧-૬-૧૧૧૭ના રોજ મેળવ્યું હતું' એમ છે, એ સુધારીને 'તા. ૧૧-૬-૧૮૧૭' વાંચવું.

(મુંબાઇ) —ત્રિભુવન વીરજીભાઈ હેમાણી

મુદ્રણદોષ

ડિસેમ્બર'૭૫ અંકમાં 'ઑસ્ટ્રેલિયાની આરપાર' લેખમાં પાના નં. ૪૯૮ના બીજા કૉલમના પ્રથમ ફકરામાં 'આગલા વર્ષ (એટલે કે ૧૮૬૦) ના ઑગસ્ટમાં આરંભેલી આ શોધયાત્રાનું ધ્યેય ઈ. ૧૮૪૧ની ૪થી ફેબ્રુઆરીએ એમ છપાયું છે. આમાં ઈ. ૧૮૪૧ની સાલ એ મુદ્રણદોષ લાગે છે.

(જેતપુર) —વસંત પાઠક

[*એ દોષ છે. ઈ. ૧૮૬૧ જોઈએ.]

થોડા હકીકતદોષ

ઘણા વખતથી લખું લખું થતું હતું તે આજે તક મળી. 'કુમાર'નો ચાહક તો વર્ષોથી છું. વાર્ષિક ગ્રાહક પણ દશેક વર્ષથી ખરો. ૧૯૬૦-૬૧માં ભાવનગરમાં હતો ત્યારે 'કંકાવટી'માંના લતા મંગેશકરના પરિચયમાંના હકીકતદોષ વિષે અંગુલિનિર્દેશ કરેલો.

માર્ચનો અંક તમારી રીત મુજબ છેક ૨૫મીએ સાંજે મળ્યો. વાંચ્યો. આનંદ પણ અનુભવ્યો. 'આ માસ (માર્ચ) ઇતિહાસમાં'માં બે ક્ષતિઓ દષ્ટિગોચર થઈ છે: ૧) તા. ૧ 'વાસ્કો ડા ગામા...'માં વર્ષ ૧૯૪૮ તો નથી જ. કદાચ ૧૮૪૮ હશે. ૨) શહીદ ભગતસિંહ વ. ને ફાંસી ૨૩મી તારીખે મળેલી. આપે ૨૪ દર્શાવી છે.

'માધુકરી'નું સંપાદન સિદ્ધહસ્ત વ્યક્તિ કરતી હશે. અન્ય પત્રોના હકીકત-દોષ 'કુમાર' સુધારે–સાચું છાપે–તો 'કુમાર'ની ખ્યાતિ વિશેષ વધે. 'બદલાતાં નામ'નું વાચન રોચક રહ્યું; પરંતુ 'કુમાર' મૂળ સાચી જોડણીનું આગ્રહી છે તેથી તે 'તમિળનાડુ' અને 'બલરાજ સહાની' લખે તે ઘણાંને ગમે.

(રાજકોટ) —જશવંત મૂ. ત્રિપાઠી

ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી તરફનું રૂ. ૫૧નું વિજ્ઞાન-પારિતોષિક

આ વર્ષે પણ ચાલુ રહે છે અને ૧૯૭૬ના વર્ષ દરમિયાન પ્રકટ થએલા વિજ્ઞાનલેખો પૈકી શ્રેષ્ઠને તે આપવામાં આવશે.

કોનો દોહો

ઑક્ટોબર અંકમાં જે છેલ્લે પાને ત્રણ ચરણ અપાયાં છે. તેને મળતો જ દોહો રહિમદાસજીની પણ એક રચનામાં છે: તે એ કે

બિનમાગે મોતી મિલે
માંગ લિયા સો પાની,
રહીમન વો હૈ રક્ત સમ
જો મેં ખીંચાતાની

ઘણા વાચકોએ 'કબીરનો પ્રસિદ્ધ દોહો' કહીને અંકમાં આપેલ મુક્તકને ટેકો આપ્યો છે.* તો વસ્તુત: તે દોહો કોની રચના છે? કે પછી બંને કવિઓની એક જ જેવી લાગતી બંને સાચી જ રચનાઓ છે? આની હકીકત પર પ્રકાશ પાડવા વિનંતી છે.

(કલકત્તા) —શ્રવણ સોની

[*'ગોરખ'નું કર્તૃત્વ પણ કેટલાકે દર્શાવ્યું છે.]

મોટુકાના પાળિયા

સૌરાષ્ટ્રમાં વીંછિયાથી ઘેલા સોમનાથ જતાં રસ્તામાં મોટુકા નામે નાનું ગામ આવે છે. ત્યાં એક ટેકરી પર થોડા પાળિયા જોયા અને તેની બાજુમાં એક ઘણી જ બિસ્માર હાલતમાં એક મસ્જિદ પણ છે. આમ તો મસ્જિદની થોડી દીવાલો તથા કાંગરા જ રહ્યાં છે. આ પાળિયા વિષે આપ અથવા કોઈ વાચક ઐતિહાસિક માહિતી આપશે તો આભારી થઈશ.

(મુંબાઈ-૬૯) —પ્રદ્યુમ્ન રિડાણી

સંસ્કૃત ભાષા

છેલ્લા થોડા અંકોથી આપ ભારતના પુરાણા સિક્કા ને જૂની સંસ્કૃતિ વિષે સુંદર લખાણો પ્રસિદ્ધ કરો છો, જે વાંચવાં બહુ ગમે છે.

એક પ્રશ્ન ઊભો થાય છે કે સંસ્કૃત ભાષાનો ઉદ્ભવ ક્યારે થયો? જો અશોકના સામ્રાજ્ય વખતે પણ સંસ્કૃત ભાષા હતી તો શા માટે પ્રાચીન સિક્કાઓમાં સંસ્કૃત ભાષામાં લખેલું નથી? શું સંસ્કૃત ભાષા રાજ્યભાષા નહિ હતી?

સંસ્કૃત ભાષાના ઉદય અને મધ્યાહ્ન ઉપર જાણકારો બે શબ્દ લખશે તો આભારી થઈશ.

(મુંબાઈ) —મહેન્દ્ર (ગ્રા. નં. ૪૭૬૦૭)

ચોરવાડને સાગરતટે

ભગવતીકુમાર શર્મા

· વસંતતિલકા ·

ઉકેલવી પડતી ના ગડી ગાલીચાની;
અદષ્ટ હાથ સળ પે સળ ખોલી આપે
કંડારના અસીમ રાજમહાલયે જ્યાં.

ઊંચે નીચે છત પરે લટકે ઝળાહળ
આ રત્નપુંજ સમ ઝુમ્મર વર્તુલંતું,
ને હારબંધ ટમકંત પ્રદીપરેખા
હીરાકણી સરખા ઓ' જલશીકરોમાં.

રક્તિમ, ફીરમજી, સોન-મછરંગી
પર્દા પડે—ઊપડતા ચતુઃદિક દીવાલે;
વિક્ષિપ્ત એક દાણુ ને નહિ વીંઝણાઓ;

રેતી મહીં ચરણચિહ્ન સુભદ્ર જેવાં
પ્હેરી ફિણાળ ધવલોજ્જ્વલ શીશ સાફા.

આવી પહોંચી અસવારી—મુલાહિજા હો—
સમ્રાટની દબદબાભરી નીલ તખ્તે.

વન લીલું નાઘેર/'બાદલ'

· ગાન ·

કોઈ ગોરીના સાવ લીલાછમ સમણા જેવું
ખીલી ઊઠયું વન લીલું નાઘેર.

કોયલડીના ટહુકો કેવા કૉળી ઊઠ્યા
આંબલિયાની ડાળ,
કેસૂડાને ફૂલ ખીલ્યાં કે રૂપલાં ખાસાં
પતંગિયાં શરમાળ;
મહુડાંઓનો ડાયરો ડોલે ઘેન ઘૂંટીને
ઘેનમાં એને એય ને લીલાલેર—કોઈ૦

તાડને ફૂટયા કોડ કે લીલી બાથ ભરીને
આભને ચૂમી લઉં,
બોરડી અને પીલુને થયું અવસર આયો
લાવ રે ઝૂમી લઉં;
વેલડીઓની ગોપીઓમાં ઘેરાઈને ભીનું
ભીનું ભીનું રાસ રમે શુવેર—કોઈ૦

ફાંટયમાં યે ના માય રે એવો આંબલી ડાળે
લૂંબેઝૂંબે મોર,
ગંધ પીધેલા ટહુકે ટહુકે ટપકે કેવો
વનનો લીલો તોર;
મોસમ આ તે કેવી કે વરતાવી દીધો આડઆડે
કે સાવ રે લીલો કેર—કોઈ૦

શાપ/ચન્દ્રકાન્ત દત્તાણી

· ગાન ·

એક વાર સંતોએ દઈ દીધા શાપ—જાવ સૂરજ આ પશ્ચિમમાં ઊગશે!
ઉનાળે હળાહળ ફૂંકાશે ઝાંઝવાં ને ચોમાસે રોજ રણ વાશે,
જમનામાં થોરના દરિયા ઠલવાશે કહાન કાંઠે બેસીને કોરું ન્હાશે;
વાંસળીના સૂરના સન્નાટે ગોપિયું નિસાસા જેવું કૈં ગુંજશે:
...જાવ સૂરજ આ પશ્ચિમમાં ઊગશે.
ખરખરતાં પાંદડાંના પડછાયા પ્હેરીને ફરફરશે લુખ્ખી વસંત,
યાતનાએ દોરેલા જીવતરના વર્તુલનો આદિ જેવો જ હશે અંત;
સુક્કાભઠ્ઠ જંગલમાં લુમઝૂમ રેતીનાં કોરાંકુંજાર ઝાડ ઝૂલશે:
એક વાર સંતોએ દઈ દીધા શાપ—જાવ સૂરજ આ પશ્ચિમમાં ઊગશે...

સંભારણું/કિસન સોસા

· ગઝલ ·

શબ્દ વચ્ચોવચ માંડ બેસાણું,
મુખ ઉપર મ્હોરું ધરું સોહામણું.

સૌ અહીં સુખી જ માને છે મને,
ભ્રમ એ જળવાયને તો યે ઘણું.

હું મને ખટકયા કરું પ્રત્યેક ક્ષણ,
આયખું છે આંખમાં ખૂંપ્યું કણું.

શેરી ઘરનો ખાલીપો નીરખી ન લ્યે
એટલે હું બંધ રાખું બારણું.

પાણિયારે ઝાંઝવાં છલકયાં કરે
આવ-જાની હેલ્યે ભીનું આંગણું.

નીકળે નળિયેથી નીલી ધૂમ્રસેર,
જાત બાળી તેજ રાખું તાપણું.

રાતના થાકયો વિચારું ઓરડે
સંગમાં કેવળ રહ્યું સંભારણું.

હશે/ગુલશન લખનવી

· ગઝલ ·

જે મને દેખાય છે એ છળ હશે,
જિંદગી કયાં આમ ભાતીગળ હશે.

જિંદગીની એક દોરી બસ હતી,
હાથમાં મોજૂદ છે એ વળ હશે.

પાન પર મોતી મળ્યું, હરખાવ ના,
જે મળ્યું છે આપને, ઝાકળ હશે.

હું વરસ, માસો, દિવસને ના ચહું,
લાભદાયક એક પણ જો પળ હશે.

ભરચક/માણેકલાલ પટેલ

· ગઝલ ·

મોસમના મદમાતા શ્વાસે
ફોરે લજ્જા ભરચક ભરચક!

ફૂલ ફૂલ પર ઝાકળ ઝૂલે
ટપકે રંગો ભરચક ભરચક!

લહર લહરના લીલા તેજે
છલકે સરિતા ભરચક ભરચક!

ચાસ ચાસ ઊગ્યા અજવાળે
ફરકે વગડો ભરચક ભરચક!

એકલતાનું અંતર ઘેરી
ગાતા પડઘા ભરચક ભરચક!

આવો સાજન, છાના સંગે
બેઠાં શમણાં ભરચક ભરચક!

રહી/ઊજમશી પરમાર

· ગઝલ ·

કોઈનાં પગલાં અમે જોયાં નથી
તો ય કેવી ધૂળ મઘમઘતી રહી!

વાટમાં તો પાથર્યો અંધાર છે,
કેમ તારી હેલ્ય ઝગમગતી રહી?

આભ કોરું, ના ઝબકતી વીજળી,
તો ય ભીની ગ્હેક થનગનતી રહી.

આમ તો સીધો હતો એ આદમી,
કો'ક પાની તો ય ડગમગતી રહી.

શ્વાસમાં હજી ભીના અણસાર છે,
છાતીઓમાં ચેહ બળબળતી રહી.

ટૂંકો રસ્તો

ફાધર વાલેસ

ગણિતના ઇતિહાસમાં એક પ્રસંગ છે: પ્રાચીન મિસરના રાજાને ભૂમિતિ શીખવાનું મન થઈ આવ્યું હતું. ગ્રીસ દેશમાં એ અરસામાં પ્રખર ભૂમિતિજ્ઞ યુક્લિડના પ્રતાપે ભૂમિતિનો અદ્‌ભુત વિકાસ થયો હતો, એટલે રાજાને જિજ્ઞાસા થઈ હશે. ભૂમિતિનો ઉપયોગ રણશાસ્ત્રમાં કરી શકાશે એ ખયાલ હશે, અથવા તો ખાલી ભૂમિતિના અભ્યાસથી મનનું ધ્યાન અને એકાગ્રતા વધારવાનો ઈરાદો હશે. પણ રાજા હતા, ઇચ્છા થઈ, એટલે એનો અમલ પણ કર્યો. રાજા શિષ્ય બને તો ઉત્તમ શિક્ષક જોઈએ, એટલે એમણે ખુદ યુક્લિડને રાજમહેલમાં બોલાવ્યા અને પોતે એમની પાસે ભૂમિતિ શીખવા લાગ્યા.

પરંતુ રાજાને અનેક કામ હોય, સમય ઓછો હોય, માથે ભારે જવાબદારી હોય; એટલે અભ્યાસ શરૂ કરતી વખતે રાજા ટૉલેમીએ યુક્લિડને વિનંતી કરી અને શરત મૂકી કે 'મને ભૂમિતિ શીખવાની હોંશ તો છે, પણ મારી પાસે સમય ઓછો છે; માટે ભૂમિતિ શીખવાનો મને ટૂંકો રસ્તો બતાવો.' રાજાની વિનંતી સમજી શકાય એવી હતી. પણ યુક્લિડ અડગ હતા. એ જાણતા હતા કે ભૂમિતિ એટલે ભૂમિતિ. એક પ્રમેય ઉપર બીજું આવે. એક પગલા પછી બીજું ભરાય. એમાં કંઈ કાપી શકાય એમ નથી. વિદ્યાર્થી તેજ હશે તો જલદી ચાલશે, અને ધીમો હશે તો ધીમે ચાલશે; પણ રસ્તો તો સૌને માટે એક જ છે. એટલે યુક્લિડે રાજા ટૉલેમીને ગૌરવ સાથે જવાબ આપ્યો (અને એ જવાબ સૌ ગણિતશાસ્ત્રીઓને ખૂબ પ્રિય છે): 'રાજન! ભૂમિતિ શીખવાનો કોઈ ટૂંકો રસ્તો નથી.'

ટૂંકો રસ્તો નથી. સસ્તામાં પતાવી શકાય એવું આ કામ નથી. એવી આ ભૂમિતિ નથી. અને એવું આ જીવન નથી. સાચું કામ કરવા માટે ટૂંકો રસ્તો નથી. કામ પૂરું જોઈએ અને ચોક્કસ જોઈએ. સમય ખોટી રીતે બચાવવા કોઈ યુક્તિ નથી, ને કોઈ જાદુ નથી, ને કોઈ ગુરુચાવી નથી. આખું કામ અને પૂરો રસ્તો. રાજાને માટે પણ અને રંકને માટે પણ. પંડિત ભણાવે તો ય અને પંતુજી ભણાવે તો ય. ભૂમિતિ એક જ છે. જીવન એક જ છે. પૂરી મહેનત જોઈએ. અથાગ પુરુષાર્થ જોઈએ.

હાલ વિદ્યાર્થીઓ નિશાળમાં ભૂમિતિ ભણે, ગણિત ભણે, વિજ્ઞાન ભણે, તો એના પાઠ સાથે એની આ ભાવના પણ શીખી લે: ઉદ્યમ, મહેનત, શ્રમ. જીવનમાં શ્રમ વગર પરિણામ ન મળે. કિંમત ચૂકવ્યા વગર માલ ન મળે. આખો રસ્તો કાપ્યા વગર લક્ષ્યે ન પહોંચાય. ટૂંકા રસ્તાની લાલચ ઘણી મળશે. ઓછું કરો, જલદી પતાવો, રહેવા દો. આળસ છે, નબળાઈ છે, કામચોરી છે. પછી બહાનાં કાઢીને કામ ઓછું થાય. ધંધામાં કે અભ્યાસમાં કે ઑફિસમાં કે પ્રાર્થનામાં પણ મહેનત ઓછી થાય. સાધના ટૂંકાવાય, ટૂંકો રસ્તો લેવાય. પણ ભૂમિતિની આબરૂ છે. જીવનની પ્રતિષ્ઠા છે. અધૂરી સાબિતીએ પ્રમેય સિદ્ધ ન થાય. અધૂરી સાધનાએ જીવન પણ સિદ્ધ ન થાય.

ગણિતની એક આંતરરાષ્ટ્રીય પરિષદમાં પ્રથમ વ્યાખ્યાન આપવાનું માન આર્તેન કરીને એક યુવાન તેજસ્વી ફ્રેન્ચ ગણિતસ્વામીને મળ્યું હતું. આખી પરિષદમાં આ એક જ વ્યાખ્યાન પૂરા એક કલાકનું હતું, અને પરિષદના વિભાગો પડે તે પહેલાં બધા સભ્યોએ એમાં હાજર રહેવાનું હતું, એટલે એ ખરેખર પ્રતિષ્ઠાનું વ્યાખ્યાન હતું. એ પડકાર લઈને યુવાન ગણિતશાસ્ત્રીએ પોતાના મૌલિક સંશોધનનું દર્શન કરાવીને, ગણિત આલમમાં થએલી અદ્યતન શોધોનું અવલોકન કરીને ભવિષ્યમાં થનાર પ્રગતિ માટે દિશાસૂચન એવી સચોટ તર્કબુદ્ધિથી કર્યું કે સૌને મંત્રમુગ્ધ બનાવીને પ્રસંગને ખરેખર ઊજળો બનાવી દીધો. એમનું વ્યાખ્યાન ચાલુ હતું ત્યારે વ્યાખ્યાનખંડમાં મારી બાજુમાં એમના પરિચયમાં આવેલા એક ગણિતજ્ઞ બેઠા હતા. વ્યાખ્યાન પૂરું થયું ત્યારે એણે મારી તરફ વળીને કહ્યું: 'તમને ખબર છે, આ માણસ આર્તેન ગણિતનું આટલું પ્રભુત્વ મેળવવા કેટલી મહેનત કરે છે? એ નિયમિત રીતે અને એક પણ દિવસ છોડયા વગર રોજ સોળ કલાક ગણિત વાંચે છે.'

રોજ સોળ કલાક! ખરી મહેનત કહેવાય! ભૂમિતિ શીખવાનો ટૂંકો રસ્તો નથી. જીવનના કોઈ પણ ક્ષેત્રમાં સફળતા મેળવવાનો ટૂંકો રસ્તો નથી. ગણિતના સંશોધનનો તાગ મેળવવા રોજ સોળ કલાક જોઈએ. અને જીવનનો તાગ મેળવવા રોજ ચોવીસ કલાક જોઈએ. સફળતાની ચાવી એ હોય છે કે સફળતાની ચાવી નથી,–એટલે કે કોઈ જડીબુટ્ટી, ચમત્કાર, ટૂંકો રસ્તો નથી. એની ખાતરી થાય અને તેથી પૂરું કામ કરવાનો નિર્ણય બંધાય. જ્યાં સુધી મનમાં ખોટો આશ્રય લેવાની આશા હોય ત્યાં સુધી એ સાચી નિષ્ઠાથી કામે નહિ લાગે. ખોટા આશ્રયો જશે ત્યારે જ સાચો પુરુષાર્થ થશે.

બજારમાં આવાં શીર્ષકવાળાં પુસ્તકો મળે છે: 'પંદર દિવસમાં અંગ્રેજી', 'રમતાં રમતાં ગણિત', 'આંસુ વગર અર્થશાસ્ત્ર'... અને લોકો એ ખરીદે છે પણ ખરા. પણ ખરીદીને શું કરે છે એ ખબર નથી; કારણ કે પંદર દિવસમાં અંગ્રેજી આવડી ન જાય, રમતાં રમતાં ગણિત ન શીખાય, અને આંસુ નહિ તો પરસેવો પાડયા વગર અર્થશાસ્ત્ર પણ બરાબર ન સમજાય. ટૂંકા રસ્તાની જાહેરાતો રોજ મળે છે. એમની લાલચ ખોટી છે. એમનાં વચનો જૂઠાં છે.

વિજ્ઞાનના અભ્યાસમાં પૂરી મહેનત માટેનો આગ્રહ છે. વિજ્ઞાનની શાળામાં ઉદ્યમનો પાઠ શીખીએ. □

એકથી છ

- છ ખાસ મહત્ત્વના શબ્દો: 'ખરું છે, એ મારી ભૂલ છે.'
- પાંચ ખાસ મહત્ત્વના શબ્દો: 'તમારા વિષે મને માન છે.'
- ચાર ખાસ મહત્ત્વના શબ્દો: 'આપનો શો અભિપ્રાય છે?'
- ત્રણ ખાસ મહત્ત્વના શબ્દો: 'કૃપા કરી આપ...'
- બે ખાસ મહત્ત્વના શબ્દો: 'આપનો આભાર.' અને
- એક તદ્દન બિનમહત્ત્વનો શબ્દ: 'હું'

વ્યવસાયમાં કે જીવનમાં વ્યક્તિગત સંબંધો અને સદ્‌વ્યવહાર માટે ઘણુંઘણું લખાયું છે; પણ બધાનો સાર છે ઉષ્માભરી સમજણ, ભૂલ કબૂલ કરવાની તૈયારી, પ્રશંસનીય બાબતને વખાણવાની, અન્યને યશ આપવાની ને પોતાને બદલે બીજાનો ખયાલ રાખવાની તૈયારી. આ ઉપર આપેલો બધો સાર આટલામાં આવી જાય છે. આ એકથી છ જેટલા શબ્દોનો રોજિંદા વ્યવહારમાં સાચા દિલથી ઉપયોગ કરતા થઈએ તો જિંદગી અંગેની મોટા ભાગની ફરિયાદો દૂર થઈ જશે.



ઇસ્લામે જગતને આપેલા મહાન ને મૌલિક પ્રતિભાવંતોમાંનો એક અગ્રણી, માનવસંસ્કૃતિના ઇતિહાસમાં એક અનોખા પ્રકરણનો પ્રણેતા, અજ્ઞાનનાં તિમિરાવણોથી ઘેરાએલા જગતને હરકોઈ રીતે જ્ઞાનનો પ્રકાશ પહોંચાડવા કારાવાસ સુધ્ધાંમાં યે સદા પ્રવૃત્ત રહેનાર મહા વિદ્યાવ્યાસંગી શિક્ષક, રાજનીતિજ્ઞ, કવિ, સંગીતકાર, પ્રખર વક્તા, લેખક, તત્ત્વચિંતક, વૈજ્ઞાનિક અને આજે યે જેનો આધાર લઈ શકાય તેવા વૈદક વિજ્ઞાનના એક મહા જ્ઞાનકોષનો સર્જક મહા ઉસ્તાદ હકીમ, એક મહાન જ્યોતિર્ધર

શય્ખ ઉલ રઈસ, હુજ્જત ઉલ હક
અબુ અલી હુસય્ન અબ્દુલ્લા ઈબ્ન સિના

અવિસેના

લેખક · અશોક હર્ષ

* 'ઉપર શનિનાં વલયોથી માંડી નીચે આ પૃથ્વીના ગોળા સુધીના તમામ પ્રશ્નો મેં ઉકેલ્યા છે, દંભ અને જૂઠના પાશથી છૂટી તમામ ગ્રન્થિઓથી મારી જાતને મુક્ત કરી છે—સિવાય કે મૃત્યુની!'


એડવર્ડ ફિટ્ઝજિરાલ્ડે ભૂલથી જેને ઉમર ખય્યામની ગણીને પોતાના ભાષાંતરમાં સમાવેલી છે એ આ રૂબાઈનો મૂળ લેખક તો છે, કેવળ મુસ્લિમ જગતનો જ નહિ પરંતુ સમગ્ર માનવજગતનો એક મહાન જ્યોતિર્ધર અવિસેના. જ્ઞાનવિજ્ઞાનની દુનિયામાં સંમાનપૂર્વક ઉચ્ચારાતું આ નામ વસ્તુતઃ તેના અસલી નામનું લૅટિનીકરણ છે. એનું અસલ અને પૂરેપૂરું નામ શયખ-ઉલ-રઈસ, હુજ્જત-ઉલ-હક, અબુ અલી હુસય્ન અબ્દુલ્લા ઈબ્ન સિના.

પ્રો. એ. જે. આર્બેરીએ જેને 'ઈસ્લામે જગતને આપેલી મહાન અને મૌલિક પ્રતિભાઓમાંની એક' તરીકે ઓળખાવેલ છે અને જે. હાઉબેને 'માનવ સંસ્કૃતિના ઇતિહાસનું એક અનોખું સીમાચિહ્ન' ગણાવ્યું છે એ આ મહાન લેખક, વક્તા, ચિંતક, ચિકિત્સક, તત્વજ્ઞ, રાજનીતિજ્ઞ—ટૂંકામાં તેના સમકાલીન સર્વ જ્ઞાનવિજ્ઞાનમાં સિદ્ધ એવા મહાન જ્યોતિર્ધર અબુ અલીનો જન્મ આજથી હજારેક વર્ષ પર મધ્ય એશિયાઈ રેગિસ્તાનને કાંઠે આવેલા બુખારા પ્રાન્તના અફસાના નામે નાના ગામડામાં હિ. સ. ૩૭૦ના સફર મહિનામાં (ઈ. સ. ૯૮૦ના ઑગસ્ટ કે સપ્ટેમ્બરમાં થએલો. આજ એ બધો પ્રદેશ સોવિયેત શાસન નીચે છે, પરંતુ તે જમાનામાં ઈરાની ખુરાસાનનો એક ભાગ હતો.

અબુ અલીના પિતા અબ્દલ્લાનો જન્મ બલખમાં થએલો, પણ પછી બુખારામાં એ સ્થાયી થએલા. માતા સિતારાનો જન્મ અફસાનામાં જ થએલો. પિતા ત્યાંના અમીરની જમીનજાગીરનો વહીવટ કરતા, અને બુખારા ત્યારે બુદ્ધિજીવીઓનાં પ્રેરણા અને પોષણનું એક મહાન કેન્દ્ર હોઈ એમનું ઘર અનેક વિદ્વાનોનું મિલનસ્થાન બની રહેતું. આથી વિદ્વન્મંડળીથી સદા ઘેરાએલા રહેતા નાનકડા અબુ અલીને બાળપણથી જ જ્ઞાનવિજ્ઞાનમાં એટલી તો દિલચસ્પી જાગી કે કેવળ દસ વર્ષની વયે તો એણે ધર્મશાસ્ત્ર ઉપરાંત અંકગણિત અને બીજગણિત પર પ્રભુત્વ મેળવી લીધું, ને અગિયારમા વર્ષે વૈદક પાછળ પડી એમાં એટલી પારંગતતા મેળવી કે કેવળ સત્તર વર્ષની વયે તો એ જમાનાના એક મહાન વૈદ તરીકે તે ખ્યાત બની જઈ જુદા જુદા શાસકોના શાહી દરબારમાં રાજવૈદનું પદ શોભાવવા લાગ્યો. એના રચેલા મહાન વૈદકીય જ્ઞાનકોશ 'કાનૂને' એને આંતરરાષ્ટ્રીય ખ્યાતિ અપાવી. એની સેંકડો કૃતિઓમાંથી સૌથી વધુ ખ્યાત આ 'અલ કાનૂન ફિલ તિબ્બ' પાંચ ખંડોમાં વહેંચાએલો એક મહાગ્રન્થ છે. ઈસુની ૧૨મી સદીમાં તેનું લૅટિનમાં અને પછી હિબ્રૂમાં ભાષાંતર કરવામાં આવ્યું. સત્તરમી સદી સુધી તો યુરોપની જાણીતી એવી લગભગ તમામ વિદ્યાપીઠોમાં એ મહાગ્રન્થ પ્રમાણિત પાઠ્ય પુસ્તક બની રહેલો, જ્યારે પૂર્વના—ખાસ કરીને ઈસ્લામી દેશોમાં એનો મહિમા આજે યે જેવો ને તેવો અક્ષુણ્ણ છે.

જગતમાં વિદ્વાનો રાજ્યાશ્રય શોધવા નીકળ્યાનાં દૃષ્ટાંતો તો અનેક મળશે, પરંતુ રાજકર્તાની કોઈ વિદ્દાશ્રય માટેની દોડાદોડીના દાખલા જૂજ મળશે. લગભગ બધી જ વિદ્યાઓમાં—સંગીતકલા અને કામકલા સહિત—પારંગત, કુશાગ્ર સ્મરણશક્તિ અને સૂક્ષ્મ પૃથક્કરણશક્તિના સ્વામી અબુ અલી માટે મેહમૂદ ગઝનવીએ એવી દોડાદોડી કરેલી. પહેલાં તો અબુ અલી જેના દરબારને શોભાવતો હતો એ ખ્વારાઝમના શાહ મામૂ પર પત્ર લખી મેહમૂદે અબુ અલી સહિત કેટલાક

*અવિસેનાના ગ્રંથોનું અનેક યુરોપીય ભાષામાં ભાષાંતર થયું છે. એવા એક જૂના ભાષાંતરના આવરણ પરની અવિસેનાની આ (ઉપર આપેલી) છબિ કદાચ એના સમયની સૌથી વધુ નજીકની હોઈ એના વ્યક્તિત્વનો અચ્છો ખયાલ આપી શકે છે.



ઈસ્ફહાનમાં અવિસેનાએ પોતાના જીવનનાં શાંતિમય પંદર વર્ષ ગાળેલાં. અહીંના હાકેમ અલાઉદ્દૌલાએ અવિસેનાને પોતાનો ખાસ સલાહકાર નીમી અંગરક્ષકો અને સુંદર બગીચા સાથેનો એક મહાલય રહેવા માટે આપેલો. અવિસેનાએ અહીં ખોલેલા વિદ્યાલયનાં ખંડેરો આજે પણ જોવા મળે છે, એમાંનો આ એક ભાગ છે. અહીં અવિસેનાએ એક વેધશાળા ઊભી કરીને ખગોળ વિષયક અનેક પ્રચલિત અશુદ્ધિઓ સુધારેલી. અહીં જ એની અરબી ભાષા વધુ પરિમાર્જિત બનેલી.

વિદ્વાનોને પોતાના દરબારમાં મોકલી આપવા માગણી કરી. મામૂએ ભર દરબારમાં આ વાતની જાણ કરવા સાથે જણાવી દીધું કે મેહમૂદ પાસે જંગી લશ્કર હોઈ પોતે તેની માગણી નકારી શકે તેમ નથી. દરબારમાં અબુ અલી સાથેના બીજા વિદ્વાનોમાં અલ બરૂની પણ હતો, જે મેહમૂદના દરબારમાં જવા તૈયાર થઈ ગયો—અને મેહમૂદની સાથે ભારતમાં પણ આવી ગએલો,—પરંતુ અબુ અલી એના જૂના શિક્ષક અલ મસીહી અને બીજા કેટલાક વિદ્વાનો સાથે ખુરાસાન નાસી છૂટચો. રસ્તે રેતીના તોફાનમાં અસ મસીહી માર્યા ગયા ને બાકીના ભૂખતરસથી અધમૂઆ માંડમાંડ તૂસ પહોંચ્યા.

પરંતુ મેહમૂદને તો કોઈ પણ રીતે અબુ અલીને હાથ કરવો હતો. એના નાસી છૂટવાના સમાચાર મળતાં તેણે ખ્વારાઝમના શાહના ભત્રીજા અબુ નસ્રને અબુ અલીનું ચિત્ર ચિતરાવી તેની ચાળીસ નકલો મોકલી આપવા લખ્યું. આ પ્રમાણે તૈયાર થએલી નકલો મેહમૂદને પહોંચતાં તેણે અબુ અલીને શોધી કાઢવા જુદાજુદા પ્રદેશોમાં તે મોકલાવી આપી. અબુ અલી તૂસથી નિશાપુર પહોંચતાં તેને આ વાતની જાણ થવા પામી, અને તેથી ત્યાં ન રોકાતાં તે દિહીસ્તાન થઈ જુર્જાન આવ્યો. અહીં જ એણે એનો મહાગ્રન્થ 'કાનૂન' પૂરો કર્યો. અહીં જ તેને, અબુ ઉબેદ અબ્દ અલ વહીદ ઈબ્ન મુહમ્મદ અલ જુઝજનીનો ભેટો થવા પામ્યો જે ત્યાર પછી પંદરેક વરસે અબુ અલીના થવા પામેલા અવસાન પર્યંત તેનો એકનિષ્ઠ શિષ્ય રહ્યો, તેના વિષેનાં પોતાનાં સંસ્મરણો લખ્યાં, અબુ અલીનું અધૂરું રહેલું આત્મચરિત પૂરું કર્યું, અને તેના અહીંતહીં વિખરાએલા પડેલા ગ્રન્થો એકત્રિત કરી તેનું સંપાદન કર્યું.

અહીંથી એ બંને જણ અલબુર્ઝ પહાડ પસાર કરી 'રે' (પુરાણું પાર્થિયન પાટનગર રેજિસ) પહોંચ્યા. મેહમૂદને વર્ષો બાદ ખબર પડતાં રે ઉપર ચડી આવી તેને ધ્વસ્ત કરી નાખ્યું અને અબુ અલીના ઘણાખરા ગ્રન્થો ગઝની ઉપાડી ગયો. પાછળથી ગઝનીના થએલા ધ્વંસ સાથે અબુ અલીના એ ગ્રન્થો પણ કાયમના નષ્ટ થયા.

અરબો, ઈરાનીઓ અને તુર્કો ત્રણે જેને પોતાનામાંનો માને છે એ અબુ અલીના કુળ વિષે કે એના અભિધાન 'ઈબ્ન સિના' વિષે વિશેષ કશું જાણવામાં ન હોઈ એ ત્રણે દાવાદરોમાંના કોણ કેટલા સાચા તે કહી શકવું મુશ્કેલ છે. એના જીવનના પ્રાપ્ત હેવાલો સિદ્ધાંતની નજરે મળતા આવતા છતાં વિગતોમાં એકબીજાથી અલગ પડે છે. કેટલાક વળી એના નામમાંના 'સિના'નો સંબંધ ચીન સાથે પણ જોડે છે. એમાં કંઈ તથ્ય હોય કે ન હોય, પણ એ તો નિર્વિવાદ છે કે તે અરધો ઈરાની હતો, કેમ કે એની માતા સિતારા ઈરાની હતી.

અબુ અલીનો પિતા ઈસ્માઈલી શિયા સંપ્રદાયનો હતો. 'ઈખ્વાનુસ્સફા'નો એ અભ્યાસી હતો અને એને ત્યાં જમા થતી વિદ્વન્મંડળીમાં એ અંગેની તેમજ અન્ય ચર્ચાઓ અબુ અલી નાનપણથી રસપૂર્વક સાંભળતો રહેલો. પરંતુ અબુ અલીની વૈજ્ઞાનિક પ્રતિભાને એ સંપ્રદાય કેટલો જચ્યો હતો એ સવાલ છે, કારણ કે ગ્રીક વિજ્ઞાનના એ પુરસ્કર્તાએ એ સંપ્રદાયની અનેક બાબતો પર સખ્ત ટીકા કરેલી છે. મધ્ય યુગમાં યુરોપમાં જે સ્થાન લૅટિનનું હતું એ એશિયામાં અરબીનું હોઈ અબુ અલીના મોટા ભાગના ગ્રંથો અરબીમાં લખાએલા છે. 'દાનિશનામા' આદિ જે કેટલીક કૃતિઓ તેણે ફારસીમાં રચી છે તે તમામનું પ્રકાશન આજે ઈરાન સરકારે હાથ ધરેલું છે, અને તે તમામ હસ્તલિખિત કૃતિઓનું એક પ્રદર્શન પણ તેણે તાજેતરમાં યોજેલું. એક યા બીજી રીતે નષ્ટ થએલી તેની કૃતિઓને બાદ કરીએ તો બ્રૉકેલમાનની યાદી મુજબ એનાં લગભગ સો જેટલાં પુસ્તકો આજે પણ ઉપલબ્ધ છે. સમકાલીન સાંપ્રદાયિકતા કે પ્રચલિત વિચારસરણીના વેગમાં તણાયા વિના પોતાનાં અંગત નિરીક્ષણ અને ચિંતન દ્વારા તેણે વિકસાવેલા દર્શનમાં ઈસ્લામી ફિલસૂફી તેના સર્વોત્કૃષ્ટ સ્વરૂપે વ્યક્ત થવા પામી છે.

સદા વિદ્વન્મંડળીથી ઘેરાએલા રહેતા અબુ અલીએ પોતાનો અભ્યાસ કુરાને શરીફથી શરૂ કર્યો હતો, ને એની આત્મકથામાં એણે જણાવ્યું છે તે મુજબ, 'તમને કદાચ માન્યામાં નહિ આવે. પણ દસ વર્ષનો થતાંમાં તો હું સારું યે કુરાન પચાવી ગયો હતો. લોકો મારી બુદ્ધિ અને ગ્રહણશક્તિ જોઈને હેરત અનુભવવા લાગ્યા હતા.'

અબુ અલીએ આ પછી ક્રમશઃ કાવ્યશાસ્ત્ર, ભૂમિતિ, અંકગણિત, ખગોળ, ધર્મ અને શાસનનો અભ્યાસ આદર્યો. કુટુંબના એક નોંધપાત્ર મહેમાન હતા અબુ અબ્દુલ્લાહ અલ નાતેલી. અબુ અલી એમની પાસેથી ગણિત, ન્યાય અને ગ્રીક ફિલસૂફી શીખ્યો. એવામાં એના જન્મના ત્રીસ વર્ષ પહેલાં અવસાન પામી ચૂકેલા અલ ફરીબનું ગ્રીક ચિંતક એરિસ્ટોટલ પરનું પુસ્તક અનાયાસ હાથ લાગી જતાં તેનાં વાચન-મનન તેણે શરૂ કરી દીધાં.


નાતેલી એ જમાનાના એક અગ્રગણ્ય વિદ્વાન હતા. અબુ અલીની પ્રતિભા પિછાણી જઈ તેમણે અબુ અલીના પિતાને ખાસ સૂચના આપી કે તેમણે પુત્રને ભણાવવા-ગણાવવા સિવાય બીજું કોઈ કામ તેની પાસેથી નહિ લેવું. વખત જતાં અબુ અલીએ એના ગુરુને એવાએવા ગહન પ્રશ્નો કરવા માંડચા કે જેના જવાબ એમની પાસે ન હતા! પછી તો નાતેલીએ પણ ત્યાંથી વિદાય લીધી અને, અબુ અલીના જણાવ્યા પ્રમાણે, 'મારે માટે કોઈ ગુરુની મદદ વિના જાતે જ જ્ઞાન મેળવવા સિવાય અન્ય કોઈ માર્ગ ન રહ્યો.' એકલાં એકલાં એણે સૃષ્ટિવિજ્ઞાન તથા ભૌતિકશાસ્ત્રને લગતાં પુસ્તકો અને ભાષ્યો ઉથલાવવા માંડયાં અને જ્ઞાનનાં વધુ ને વધુ દ્વાર તેની સમક્ષ ખૂલતાં ગયાં.

આ પછી એને તબીબી વિજ્ઞાનનો શૉખ જાગ્યો. બગદાદમાં વૈદકનું શિક્ષણ પામેલા અબુ સાહી અલ મસીહી તથા તે સમયના મોટા મોટા તબીબો પાસેથી તેનું શિક્ષણ લઈ તેણે સ્વતંત્રપણે રોગનાં નિદાન અને ઉપચાર શરૂ કરી દીધાં. કેવળ પંદર વર્ષની વયે તો તે એના જમાનાના તબીબો કરતાં એટલો આગળ વધી ગયો કે દર્દીઓને મફત તપાસતા રહી સતત પ્રયોગશીલતા દ્વારા તેણે વિકસાવેલી ચિકિત્સાપદ્ધતિ શીખવા ત્યારના મોટા મોટા તબીબો તેની પાસે આવવા લાગ્યા!

હામાદાનમાં અવિસેનાની કબર પર ઈ. ૧૯-૫૨માં રચાએલો આધુનિક મકબરો. અવિસેનાએ પોતાના મહાન વૈદકીય જ્ઞાનકોશનું જ્યાં લેખન કર્યું એ જુર્જાનના 'ગુંબદે કાબુસ'-ની રચના પરથી એનું સ્થાપત્ય થએલું છે. જમણી બાજુ અવિસેનાની એક કાલ્પનિક છબિનું (ટિકિટ પર) રેખાંકન.

▷ ▷





અવિસેનાની સંવત્સરી નિમિત્તે ઈરાને બહાર પાડેલી ખાસ ટપાલ-ટિકિટોમાંની બે.

પોતાની આત્મકથામાં તે લખે છે: 'આ સમય દરમિયાન હું એક રાત માટે પણ આરામથી સૂતો ન હતો, કે ન દિવસના ભાગે બીજા કોઈ કામ ઉપર નજર પણ નાખી હતી. હું વાંચતો રહ્યો, લખતો રહ્યો, પ્રશ્નો અને તેના ઉત્તરોનું વારંવાર મનન કરતો રહ્યો—ત્યાં સુધી કે પ્રશ્નોના સાચા ઉત્તરો ખુદ મારી સમક્ષ આવી જતા! જ્યારે કોઈ મુશ્કેલી નડતી અને કોઈ પ્રશ્ન સમજમાં ઊતરતો નહિ ત્યારે હું મસ્જિદ પર જઈ ખુદાવંદ કરીમની હજૂરમાં સિજદો કરી તેની દુઆ માગતો અને મારી મુશ્કેલી આસાન બની જતી! રાતના ઘેર આવતો ત્યારે દીવો પેટાવી લખવા-વાંચવા બેસી જતો. એ દરમિયાન આંખ ઘેરાવા માંડતાં ઉત્તરો સપનામાં મારી આંખ સામે આવી ખડા થઈ જતા. તમે માનો યા નહિ, પણ ઘણાખરા પ્રશ્નોના ઉત્તર મને સપનામાં જ મળી જતા!'

અબુ અલીના કઠોર પરિશ્રમમાં એનું ખડતલ શરીર અને દૃઢ મનોબળ ખાસ સહાયક નીવડેલાં. એ જેટલું અંગ-વ્યાયામને મહત્ત્વ આપતો એટલું જ જલસ્નાન અને આતપસ્નાનને. બે વસ્તુઓ એણે ખાસ વર્જ્ય ગણાવી છે: અત્યાહાર અને અતિ ભોગ. ઘોડેસવારી, કુસ્તી ને દોડને એણે શ્રેષ્ઠ વ્યાયામ ગણાવેલાં છે.

એવામાં બુખારાનો સૂબો નૂહ ઈબ્ન મન્સૂર માંદો પડયો. શાહી હકીમની કોઈ કારી એ સામે ન ફાવતાં બીજા મોટા હકીમોને બોલાવવામાં આવ્યા. અબુ અલીની નાની ઉંમરને કારણે કોઈ એને પૂછતું સરખું નહિ, પણ છેવટે તો ૧૭ વરસના અબુ અલીને જ બોલાવવો પડયો, અને એની ચિકિત્સા કારગત નીવડી. પરિણામે સૂબાએ પોતાના દરબારમાં તેને માનભર્યું સ્થાન આપવા સાથે દુર્લભ પુસ્તકોનું પોતાનું પુસ્તકાલય પણ તેને માટે ખુલ્લું મૂકી દીધું. અબુ અલીએ પોતાની આત્મકથામાં જણાવ્યા પ્રમાણે, એને આ પ્રકારનાં પુસ્તકો આ પહેલાં કદી જોવા મળ્યાં ન હતાં—આ પછી પણ નહિ. તેણે એ તમામ પુસ્તકોનો સાર ઊતારી લીધા પછી અચાનક આખું પુસ્તકાલય સળગી ગયું. (કેટલાકના જણાવ્યા પ્રમાણે, પોતાના જ્ઞાનમાં બીજો કોઈ ભાગ ન પડાવે એ માટે ખુદ અબુ અલીએ તે સળગાવી દીધેલું.)

અઢાર વર્ષની ઉંમરે પહોંચતાં સુધીમાં તો અબુ અલીએ સમકાલીન જ્ઞાનવિજ્ઞાનનો તમામ પ્રદેશ આવરી લીધેલો. હવે તેમાં વધુ ઊંડા ઊતરવાનું તેને રહ્યું હતું. એના એક ચરિત્રલેખકના જણાવ્યા પ્રમાણે '૧૮ વરસની ઉંમર સુધીમાં એ જેટલું શીખી ચૂકયો હતો એથી વધારે એ પછી એણે કશું જ શીખવાનું રહ્યું ન હતું.'

અબુ અલી બુખારા હતો એ દરમિયાન નૂહ ઈબ્ન મન્સૂરના વઝીરે દગો રમી મધ્ય એશિયાના તુર્ક ખાનોને બુખારા કબજે કરવા બોલાવ્યા. નૂહ ઈબ્ન મન્સૂરે આ સામે મેહમૂદ ગઝનવીને મદદે બોલાવતાં તેણે ખાનોને તો હાંકી કાઢયા, પણ પાછળથી બુખારા યે પોતાને કબજે લઈ લીધું. અબુ અલી આ ધાંધલ દરમિયાન, એના જૂના શિક્ષકો અલ મસીહી અને અલ નાતેલી જ્યાં હતા ત્યાં ખ્વારાઝમ પહોંચી ગયો અને ત્યાંના દરબારમાં માનભર્યું સ્થાન મેળવ્યું. અહીં એણે એક ઉલ્કાના અવશેષ પર પ્રયોગ કરી જોએલો, પરંતુ લીલા રંગના ધૂમાડાને અંતે થોડી રાખ સિવાય તેમાંથી ધાતુના કોઈ અંશો હાથ નહોતા લાગ્યા.

અબુ અલી અલબુર્ઝ પહાડ ઓળંગી રેજિસ અથવા રે પહોંચ્યો ત્યારે ત્યાંનું શાસન ફખ્ર ઉદ્દૌલાની બેગમ સય્યિદા ચલાવતી. તેણે અબુ અલીને સન્માન સાથે આવકાર્યો. અહીંનું પુસ્તકાલય એટલું મોટું હતું કે તેની સૂચિના જ ૧૦ ગ્રન્થો હતા. અબુ અલીએ તેનો પૂરો ઉપયોગ કરવા માંડયો અને 'અલ કાનૂન' જેવા જ એના બીજા પ્રખ્યાત ગ્રન્થ 'અલ શિફા'ની અહીં શરૂઆત કરી રોજનાં બબ્બે પાનાં લખવા લાગ્યો.

દરમિયાન સય્યિદાના શાહજાદા મજીદુદ્દૌલાએ અબુ અલીને વઝીરના પદે મૂકી દેતાં સય્યિદા તેના સગીર પુત્રના આ સ્વૈચ્છિક વર્તનથી નારાજ બની ઊઠી. પરિણામે માતા-પુત્ર વચ્ચે ઝગડો ઊભો થયો. ઝગડામાં સય્યિદા જીતી એટલે અબુ અલી ત્યાંથી નાસીને સય્યિદાનો બીજો પુત્ર શમ્સુદ્દૌલા જ્યાં શાસન કરતો હતો એ હમાદાન પહોંચ્યો. શમ્સુદ્દૌલાએ તેને લશ્કરખાતાનો પ્રધાન નીમ્યો, પરંતુ તેના પુરોગામીએ લશ્કરને ભૂખમરાની કક્ષાએ પહોંચાડી દીધું હોઈ તેણે બળવો ઉઠાવ્યો. એ બળવામાં અબુ અલીનું ઘર પણ સળગાવી દેવામાં આવ્યું અને તેને હોદ્દો છોડી દેવાની ફરજ પડી. એ પછી થોડા સમયે શમ્સુદ્દૌલા બીમાર પડતાં અબુ અલીએ તેને સાજો કર્યો અને શમ્સુદ્દૌલાએ તેને તમામ સત્તા સાથે વઝીરપદે નીમી દીધો. અબુ અલી યુદ્ધમાં પણ શમ્સુદ્દૌલાની સાથે જ રહેતો. એક લહિયો પોતાની સાથે રાખી યુદ્ધ દરમિયાન પણ તે એની પાસે લખાવતો રહેતો.

અબુ અલીનો આ આશ્રયદાતા મરણ પામતાં અને તેના પુત્ર તાજુદ્દૌલાની પસંદગી અન્ય વ્યક્તિ પર ઢળતાં અબુ અલીને ફરી પાછું નાસવું પડયું. તે અબુ ગાલિબ નામના એક દવાવાળાને ત્યાં સંતાએલો ત્યાંથી પકડી પાડી તેને કારાજાન મુકામે કેદ કરવામાં આવેલો, પરંતુ એ કેદમાંથી કેટલાક સમય બાદ તે એક દરવેશના વેશમાં ભાગી છૂટયો.

અબુ અલીની વર્ષોની આકાંક્ષા હતી ઈસ્ફહાન જોવાની; એટલે અહીંથી એણે ઈસ્ફહાનનો માર્ગ પકડયો, જ્યાંનો હાકેમ સય્યિદાનો ભત્રીજો અલાઉદ્દૌલા અબુ જાફર ઈબ્ન કાકુયેહ હતો. અબુ અલીને અત્યાર સુધી પૂરા ચેનથી કામ કરવાનો અવસર કયાં યે મળ્યો નહોતો. મુસીબત હર જગાએ તેનો પીછો કરતી રહેલી. તેની સરખામણીમાં ઇસ્ફહાનની રમણીય નગરીમાં તેના જીવનનો વીતેલો લાંબામાં લાંબો ૧૫ વર્ષનો ગાળો શાંતિમય ગણી શકાય. જો કે દુ:ખ ને સુખ, આફત અને અમરા, હરકોઈ પરિસ્થિતિમાં તેનું ચિત્ત તો વૈજ્ઞાનિક અનુશીલન અને જ્ઞાનચર્ચામાં જ રમમાણ રહેલું.

અલાઉદ્દૌલાએ તેને પોતાનો ખાસ સલાહકાર નીમી અંગરક્ષકો અને સુંદર બગીચા સાથેનો એક મહાલય તેને રહેવા માટે કાઢી આપેલો. અહીં એણે ખોલેલા વિદ્યાલયનાં ખંડિયેરો આજ પણ જોવા મળે છે. એક વેધશાળા અહીં ઊભી કરી ખગોળવિષયક પ્રચલિત અનેક અશુદ્ધિઓ પણ તેણે દૂર કરેલી. એની અરબી ભાષા પણ અહીં વધુ પરિષ્કૃત બની.

અલબત્ત, અબુ અલી શરીરે ખડતલ અને બલિષ્ઠ હોવા છતાં જીવનભર તેના પર ગુજરેલી પારાવાર યાતનાઓએ તે પર અસર તો કરેલી જ. પરંતુ શરીરસ્વાસ્થ્યની મુદ્દલ ખેવના ન રાખતાં પોતાની જાત પાસેથી નિર્દયપણે કામ લેવા માંડતાં તેને પેઢુમાં ભયાનક દર્દ ઊપડી આવ્યું. એણે જાતે જ પોતાની ચિકિત્સા કરવા માંડી, અને જલદી સાજા થઈ જવાના ઉત્સાહમાં એક વાર તો એક જ દિવસમાં આઠ એનીમા લીધેલી. પરંતુ એથી તો આંતરડાંમાં ચાંદા સાથે મરડો શરૂ થઈ ગયો.

ઈ. ૧૦૩૪માં મેહમૂદ ગઝનવીના પુત્ર મસૂદે ઈસ્ફહાનનો ધ્વંસ કરતાં અબુ અલીની ઘણી મૌલિક રચનાઓ તેમાં નાશ પામી. પોતાની કિંમતી રચનાઓના નાશ સાથે કથળતા જતા સ્વાસ્થ્યે એના મનને એટલો તો આઘાત પહોંચાડયો કે તેણે પોતાની તમામ ચિકિત્સા પડતી મૂકી દીધી, અને ઈ. ૧૦૩૭ અથવા હિ. સ. ૪૨૮ના રમઝાન મહિનાના એક શુક્રવારે ૫૮ વર્ષની વયે જગતના આ મહાન જ્યોતિર્ધરે ઈહ જગતથી વિદાય લીધી. વિદાયના એક સપ્તાહ પહેલાં એણે કહેલું: 'આ દેહમાં રહેલો નિયંત્રક એને હવે વધુ વાર કાબૂમાં રાખવા અશક્ત હોઇને કોઈ જ ચિકિત્સા કારગત નીવડે તેમ નથી.'

અજ્ઞાનનાં તિમિરાવરણો વચ્ચે ઘેરાએલા જગતને હરકોઈ રીતે જ્ઞાનનો પ્રકાશ પહોંચાડવા સદા પ્રવૃત્ત રહીને—કારાવાસ સુધ્ધાંમાં, અબુ અલી, વિજ્ઞાન હો કે વૈદક, ધર્મ હો કે અધ્યાત્મ, તત્ત્વજ્ઞાન હો કે તર્કશાસ્ત્ર, ટૂંકામાં વિદ્યાના હરેક ક્ષેત્રે, એવી એવી કેડી કંડારી ગએલ છે કે જેને અનુવર્તીને વિશ્વનાં જ્ઞાનવિજ્ઞાન સતત વિકાસ સાધતાં રહી નવી ક્ષિતિજોને આંબી શક્યાં છે.

અઢાર ખંડોમાં વહેંચાએલું એનું 'કિતાબ અલ શિફા' એના 'અલ કાનૂન' જેટલું જ જગતખ્યાતિને વરેલું છે. કોઈ પણ એક જ વ્યક્તિ દ્વારા તૈયાર કરવામાં આવેલો એ જગતનો મોટામાં મોટો જ્ઞાનસંગ્રહ (એનસાઇક્લોપીડિયા) છે. ગ્રીક ફિલસૂફીના અધ્યયને વિકસાવેલા દૃષ્ટિકોણ અન્વયે એમાં એણે કુરાનનાં કરેલાં અર્થઘટનો સામે અલ ગઝાલી અને બીજા રૂઢિચુસ્ત મુસ્લિમોના વિરોધ છતાં અબુ અલી જેટલા જ બીજા જગપ્રસિદ્ધ ચિંતક ઇબ્ન રશીદ (એવેરોસ) જણાવે છે કે 'સત્ય એક જ છે, અને તે મુસ્લિમો દ્વારા નહિ પણ ગ્રીકો દ્વારા પ્રતિપાદિત થયું હોવા પરથી જ તેનો વિરોધ કરવો એ હાસ્યાસ્પદ છે.'

રોગનિદાનમાં શારીરિક સાથે માનસિક કારણો પણ તારવી તદનુસાર ચિકિત્સા કરવાની 'સાઇકો-સોમેટિક' પદ્ધતિનો પ્રથમ વિકાસ અબુ અલીએ જ કરેલો. રક્તપિત્તથી માંડી કૅન્સર સુધીના રોગો પરનું એનું સંશોધન વૈદક-જગતમાં આજે પણ માન્ય છે. 'અલ-કાનૂન'ની જેમ એના 'અલ શિફા'નું પણ લૅટિન ભાષાંતર 'સફિશ્યન્ટા' નામે પ્રસિદ્ધ થએલું. ઉપર્યુક્ત બંને ગ્રન્થો ઉપરાંત તેના વિવિધ શાસ્ત્રીય ગ્રંથોના લૅટિન અનુવાદો જ વસ્તુતઃ અંધકારયુગમાં સબડતા મધ્યકાલીન યુરોપને પ્રકાશયુગમાં ખેંચી લાવેલા.

માત્ર જ્ઞાનવિજ્ઞાનમાં જ નહિ, લલિતકલાઓમાં પણ અબુ અલી એટલો જ પારંગત હતો. એણે કાવ્યશાસ્ત્ર પર લખ્યું છે તેમ સ્વયં કવિતાઓ પણ રચી છે, સંગીતશાસ્ત્ર પર લખ્યું છે તેમ સ્વયં પણ એક ચુનંદો ગાયક હતો. શિષ્ટ ઈરાની સંગીતપરંપરામાં આજે યે એના સિદ્ધાંતો માન્ય છે. એણે રચેલી કુલ રચનાઓ કેટલી એનો અંદાજ લગાવવો મુશ્કેલ છે, પરંતુ ઈ. ૧૯૫૦માં કાહિરા મુકામે બહાર પડેલી યાદીમાં એની કુલ ૨૭૬ રચનાઓની નોંધો છે.

અપ્રતિમ પ્રતિભાને કારણે ઘણી વાર જેનો ઉલ્લેખ 'અલ રાયૂખ' કે 'અલ રઈસ' તરીકે કરવામાં આવે છે, એ અબુ અલી શ્રદ્ધા કરતાં વધુ તો બુદ્ધિનો પુરસ્કર્તા હતો. કુરાનમાંનાં મરણોત્તર સ્વર્ગનરકનાં બયાનો એને માન્ય નહોતાં, વળી મૃત દેહના પુનરુત્થાનમાં પણ એ માનતો ન હોઈ એ સામે એવી સચોટ દલીલો રજૂ કરેલી છે કે આજ સુધી કોઈ જ તેનો રદિયો આપી શક્યું નથી. પરમ તત્ત્વમાંથી ઉદ્ગત થએલા જીવની ફરી તેમાં ભળી જવા માટેની ગતિને તેણે તદ્દન સ્વાભાવિક લેખી છે.

જિંદગીનાં અનેક ઉત્થાનપતનો વચ્ચે પણ જ્ઞાનવિજ્ઞાનની પ્રકાશજ્યોત અખંડ જલતી રાખનાર આ જ્યોતિર્ધરના હૃદયની ઋજુતાનો અંદાજ તો એટલા પરથી આવી શકે તેમ છે કે, જીવનમાં ત્રણત્રણ વાર પોતાની સર્વ સંપત્તિનું દાન તેણે કરી દીધેલું! છેલ્લે હમાદાન મુકામે જ્યારે એને લાગ્યું કે પોતાનો અંતકાળ હવે નજીક છે, ત્યારે એક બાજુ કુરાનનો સાદ્યંત પાઠ શરૂ કરી, બીજી બાજુ પોતાના તમામ ગુલામોને મુક્ત કરી દઈ, તમામ સંપત્તિ ગરીબગુરબાંમાં વહેંચી આપી ને અંતિમ ક્ષણે સ્નાન કરી પ્રાર્થનાબદ્ધ બેઠા રહી જિંદગીનો છેલ્લો શ્વાસ ખેંચ્યો.

પ્રાર્થનામાં અવિચળ શ્રદ્ધા ધરાવતા અબુ અલીનો એ દૃઢ વિશ્વાસ હતો કે એથી આત્મા અને પરમાત્મા વચ્ચેનું સાયુજ્ય સધાય છે—પછી તે પ્રાર્થના ઈસ્લામની હો કે ચાહે તે ધર્મની. વિશ્વમાં પ્રેમને જ સર્વવ્યાપી માનનારા એના સિદ્ધાંતને જૂનો કે નવો કોઈ ધર્મ અમાન્ય રાખી શકે તેમ નથી. ઈટાલિયન મહાકવિ દાન્તેએ કદાચ આ જ કારણે એ વિધર્મી હોવા છતાં પોતાની 'ડિવાઈન કૉમેડી'માં એને હીપોક્રેટસ અને ગેલનની સાથે સ્વર્ગમાં વાસ આપ્યો છે!

વિધર્મીઓ પાસેથી પણ પોતાની અસામાન્ય પ્રતિભાને કારણે અપ્રતિમ માનની ખંડણી મેળવનાર આ મહાપુરુષ માટે મુહમ્મદ અબ્દુલકરીમ શહરિસ્તાની સાચું જ કહે છે કે 'અબુ અલીને જે સમજી શક્યો છે તેણે જ્ઞાનનું સર્વોચ્ચ શિખર સર કર્યું છે.' નવાઈની વાત એ છે કે ખુદ એના સહધર્મીઓ એના પ્રતિ વિધર્મીઓના જેટલા ઉદાર બની શક્યા નહોતા ને કેટલાક ધર્માંધોએ તો એને ધર્મવિરોધી સુધ્ધાં જાહેર કરેલો. અબુ અલી પોતાની એક રુબાઈમાં આનો જવાબ આપતો જ ગયો છે:

'મને અધાર્મિક કહેવો એ સહેલી કે મામૂલી વાત નથી,
ધર્મમાં મારા કરતાં બળવત્તર શ્રદ્ધા બીજા કોઈની નથી;
જગતમાં અદ્વિતીય એવો હું જો અધાર્મિક હોઉં', તો
દુનિયાભરમાં ક્યાંય કોઈ મુસલમાન છે જ નહિ.' □

બે પારિતોષિકો

રૂ. ૧૫નું પારિતોષિક

ગત વર્ષની માફક રાજકોટના શ્રી દેવેન્દ્રકુમાર દવે તરફથી આ વર્ષે પણ તેમના પિતાશ્રી વિજયકાન્ત માધવલાલ દવેની પુણ્ય સ્મૃતિમાં રૂ. ૧૫નું પારિતોષિક ચાલુ વર્ષ (૧૯૭૯) દરમિયાન પ્રકટ થએલાં સૉનેટો પૈકી શ્રેષ્ઠ સૉનેટને આપવામાં આવશે.

રૂ. ૧૦નું પારિતોષિક

ધારીના શ્રી અરવિંદ દવે તથા શ્રી અશોક દવે તરફથી 'બહેન હંસાની સ્મૃતિ'માં રૂ. ૧૦નું પારિતોષિક 'કુમાર'ના છેલ્લા (એપ્રિલ) અંકમાંના કાવ્ય, વાર્તા, લેખ કે અન્ય સાહિત્ય પૈકી જે 'શ્રેષ્ઠ લાગણીસભર' હોય તેને આપવા માટે અમને મળ્યા છે, તે એ અંકમાંના કાવ્ય (નઝમ) 'આજ એ નથી'ને આપવાનું નિર્ણાયક પ્રો. ધીરુભાઈ પરીખે ઠરાવ્યું છે. તે માટે એના લેખક શ્રી 'ચાતક'ને અભિનંદન આપીએ છીએ, અને પ્રો. પરીખનો આભાર માનીએ છીએ.

સુપરિચિત નર્મલેખક વિનોદ ભટ્ટની નવી લેખમાળા

'વિનોદ'ની નજરે

[૨]

જ્યોતીન્દ્ર દવે

કાર્ટૂનિસ્ટ
'શિવ'



અમે નાના હતા ત્યારે અકબર બાદશાહ અને બીરબલની વાર્તાઓ બહુ જ રસપૂર્વક વાંચતા, સાંભળતા ને કોઈ હૈયાફૂટો અડફેટે ચડી જાય તો તેને સંભળાવતા પણ ખરા. અમારે મન બીરબલ હાસ્યનો ખજાનો હતો, હાસ્યસમ્રાટ હતો. સાચો રાજા અમને બીરબલ લાગતો; અકબર નહિ. આ બીરબલે અમારા પર જબરી ભૂરકી નાખેલી. મન પર કબજો જમાવી દીધેલો. આ બીરબલ રસ્તામાં મળ્યો હોય તો કેવો લાગે એવું હું મારા નાનકડા મનને પૂછ્યા કરતો.

—ને કોઈ એક સભામાં શ્રોતાઓના સવાલોના તત્ક્ષણ જવાબ આપી તેમને ખડખડાટ હસાવતા જ્યોતીન્દ્રભાઇને સાંભળ્યા એ જ ક્ષણે કલ્પનાનો પેલો બીરબલ જ્યોતીન્દ્રનો દેહ ધરવા માંડ્યો!

જ્યોતીન્દ્રને હું હાસ્યનો અવતાર જ ગણું છું. હાસ્યે જ્યોતીન્દ્ર બનીને આપણે ત્યાં જન્મ ધર્યો છે એમ કહેવામાં મને અતિશયોક્તિ નથી લાગતી. જ્યોતીન્દ્રનો પરિચય આપતાં એક સભામાં ઉમાશંકરે કહેલું: 'જ્યોતીન્દ્રભાઈ હવે તો હાસ્યના પર્યાય તરીકે ઓળખાય છે. મને હસવું આવે છે એમ કહેવાને બદલે મને જ્યોતીન્દ્ર આવે છે એમ કહેવું જોઈએ...' આનો વિરોધ કરતાં જ્યોતીન્દ્રએ તરત જ ઉમાશંકરના કાનમાં એ જ વખતે કહેલું: 'આ બાબત મારી પત્નીને પૂછવું પડે...'

જ્યોતીન્દ્ર સાચા હાસ્યકાર—હ્યૂમરિસ્ટ છે. જે માણસ પોતાના ભોગે હસાવે એ જ સાચો હાસ્યકાર. 'મારી વ્યાયામસાધના' પરની લેખમાળામાં તેમણે પોતાના અતિ દુર્બળ દેહ પર જ રમૂજ કરી છે. તેમના દુર્બળ અને સુકલકડી દેહ માટે કોઇકે પૂછતાં તેમણે કહેલું: 'વરસાદની ઋતુમાં હું ક્યારેય છત્રી લઇને બહાર નીકળતો નથી, કેમ કે વરસાદમાં પલળવાનો મને ભય નથી. શરીરે હું એટલો બધો પાતળો છું કે વરસાદનાં બે ટીપાંની વચ્ચેથી કોરો ધાકોર નીકળી જાઉં છું...'

જ્યોતીન્દ્રને વાંચવાનો જેટલો આનંદ છે એટલો જ, બલ્કે એથી યે અદકો આનંદ તો એમને સાંભળવાનો છે. હાસ્યકાર બધું જ હસી કાઢતો હોય છે. જીવન પ્રત્યે બહુ ગંભીર તે ક્યારે ય નથી હોતો એવું આપણને આ હાસ્યકારને વાંચતાં કદાચ લાગે; પણ જ્યોતીન્દ્રને મળવાથી જુદો જ અનુભવ થાય. એમની પાસે બેઠા હોઈએ ત્યારે જાણે કોઈ પાઠશાળામાં બેઠા હોઇએ, જ્ઞાનની પરબે બેઠા હોઇએ એવું જ લાગ્યા કરે. આમ તો એ પંડિત પેઢીના લેખક છે, છતાં પોતાના જ્ઞાનથી કોઇને ચઆંજી દેવાનો મિથ્યા પ્રયાસ એ ક્યારેય નથી કરતા. પંડિતાઇનો એમના માથે ખોટો ભાર નથી. હા, પંડિતાઇનો ઉપયોગ પોતાના લખાણમાં ખૂબ સરસ રીતે, પંડિતાઇને વચ્ચે લાવ્યા વગર કરી શકે છે. સંગીતથી માંડીને બંદૂક સુધી ને વૈદકથી માંડીને સ્ટ્રિપ ટીઝ સુધીની વાત કાઢો તો એ બધા વિષયો પર તમને છક્ક કરી દે એટલું જ્ઞાન તે ધરાવે છે.

એક આયુર્વેદ કૉલેજના પ્રિન્સિપલ—જે પોતે વૈદ્ય પણ છે—જ્યારે બીમાર પડી જાય છે ત્યારે ઉપચાર બાબત ક્યારેક જ્યોતીન્દ્રને પૂછવા જાય છે. એક વાર તો મારી હાજરીમાં જ તે દવા પૂછવા આવેલા. એમના ગયા પછી જ્યોતીન્દ્રને મેં પૂછ્યું: 'વૈદકનું આટલું સારું જ્ઞાન તમે કેવી રીતે પ્રાપ્ત કર્યું? એનો કોઈ કોર્સ-બોર્સ કરેલો?' ત્યારે એ તરત જ બોલેલા: 'મારું શરીર જ રોગોની ધર્મશાળા જેવું છે. મારા પોતાના પર જ દવાઓના અખતરા કરતાં કરતાં હું વૈદ્ય બની ગયો છું.'

હાસ્યક્ષેત્રે એ જેટલી ઊંચી સપાટીના લેખક છે એટલા જ નમ્ર છે, અત્યંત નમ્ર. કોઈ કામ તમે સોંપો તો કરી આપે—દિલથી કરી આપે, સમયસર કરી આપે. 'શ્લીલ-અશ્લીલ' નામના એક પુસ્તકનું મેં સંપાદન કરેલું. ગુજરાતી સાહિત્યની કેટલીક વગોવાએલી વાર્તાઓનો એ સંગ્રહ છે. આ પુસ્તકની પ્રસ્તાવના લખવા મેં તેમને વિનંતી કરી. જરા યે આનાકાની કર્યા વગર મને તેમણે પૂછ્યું: 'તમારે કેટલા સમયમાં જોઈએ છે ને કેટલાં પાનાંની જોઈએ છે એ કહો'. મેં સમય અને પાનાં કહ્યાં—અને આપેલી તારીખ કરતાં યે બે દિવસ પહેલાં, સાહિત્યમાં શ્લીલ શું ને અશ્લીલ શું એ ઉપર એક મજાનો લેખ મને મોકલી આપ્યો. હાસ્યરસનો માણસ હાસ્યેતર વિષયને યે આટલો સરસ ન્યાય આપી શકે તે જ્યોતીન્દ્ર જ કરી શકે; કેમ કે તે રસજ્ઞ છે, રસના સ્વામી છે. (આ વાક્ય જાહેરમાં બોલાય અને એ હાજર હોય તો તો વચ્ચે જ કહે: દ્વિ-પત્ની પ્રતિબંધક ધારો છે, ભાઈ...') હાસ્યરસ ઉપર પણ તેમણે એક વિશ્લેષણાત્મક લેખ લખ્યો છે. ભરત નાટ્યશાસ્ત્ર, ભવભૂતિ, બર્ગસાઁ, ઉપનિષદ્, ફ્રૉઈડ વગેરેની દલીલો, એ દલીલો પર પોતાનું ટિપ્પણ વગેરે દ્વારા હાસ્યરસ ખૂબ જ સુંદર રીતે તેમણે સમજાવ્યો છે.

તત્ક્ષણ જવાબ આપવામાં તો જ્યોતીન્દ્રનો જોટો જડવો મુશ્કેલ છે. કેવળ ગમ્મત ખાતર મેં કેટલાક હાસ્યલેખકોના ઈન્ટર-વ્યૂ લીધેલા. એમાં હું જ્યોતીન્દ્ર પાસે ગયો ત્યારે એ બીમાર હતા. પથારીમાં સૂતા'તા. શરીરે વધારે કૃશ દેખાતા. મને જોઈને 'આવો' કહી એ ઊભા થઈ ગયા ને શર્ટ પર તેમણે કોટ પહેરી લીધો. મને આશ્ચર્ય થયું, કદાચ બહાર તો નહિ જવાના હોય! હું વગર એપૉઈન્ટમેન્ટે ગએલો. મેં સંકોચથી પૂછ્યું: 'આપ ક્યાંય બહાર જાઓ છો?'

'ના...આ તો તમે મને બરાબર જોઈ શકો એ માટે કોટ પહેરી લીધો!'

'તમારો ઈન્ટર-વ્યૂ લેવા આવ્યો છું.'

'ભલે, લઈ લો.' ખૂબ જ સ્વાભાવિકતાથી તે બોલ્યા. મેં તેમને માટે તૈયાર કરેલો પ્રશ્ન-પત્ર તેમની આગળ ધર્યો. 'આ પ્રશ્ન-પત્રની બહારના

પ્રશ્નો તો તમે નહીં પૂછોને?' ખાતરી માગતા હોય એ રીતે—અલબત્ત રમૂજમાં જ—તેમણે પૂછ્યું. 'નહિ પૂછું'

ને મેં પ્રશ્નો પૂછવા માંડ્યા. મારો પ્રશ્ન પૂરો થાય ન થાય, ત્યાં તો તે ફટાફટ ઉત્તર આપી દેતા—પ્રશ્ન પર વિચાર કરવા જેટલો સમય પણ લીધા વગર. એમાંની કેટલીક પ્રશ્નોત્તરી આ પ્રમાણેની હતી:

'તમે શા માટે લખો છો?'

'લખવા માટે...અક્ષરો સુધરે એ માટે!'

'તમે હાસ્યલેખક જ કેમ થયા?

'સાહિત્યના બીજા પ્રકારોમાં શ્રેષ્ઠ જગ્યા ખાલી નહોતી. આમાં ખાલી જગ્યા જોઈને ઘૂસી જવાનો પ્રયાસ કર્યો. ભીડ ઓછી, જગ્યા મોટી; મારું શરીર નાનું ને ચાલ ઝડપી; એટલે થોડા સમયમાં ને ઝડપથી પહોંચી જવાશે એમ વિચારી પ્રયત્ન કર્યો. હજી પહોંચી શક્યો નથી '

'તમે હાસ્યલેખક છો એવી ખબર પહેલવહેલી તમને ક્યારે પડી?'

'મારા વિવેચનનો ગંભીર લેખ વાંચીને ત્રણ ચાર મિત્રોએ 'અમને તમારો લેખ વાંચીને બહુ હસવું આવ્યું' એમ કહ્યું ત્યારે.'

'તમારામાંની હાસ્યવૃત્તિ એ આશીર્વાદ છે કે શાપ?'

'બે વચ્ચેનું કંઈક. ક્યારેક મારા માટે આશીર્વાદ વાચક માટે શાપ; અન્યથા વાચક માટે આશીર્વાદ, મારા માટે શાપ; પણ મોટે ભાગે તો વાચક તેમજ મારા માટે ન આશીર્વાદ કે નહિ શાપ, પણ પૂર્વજન્મના પાપ ને તેનું પ્રાયશ્ચિત્ત.'

'હાસ્યલેખકે લગ્ન કરવું જોઈએ એમ તમે માનો છો?'

'હા...કારણ કે હાસ્ય અને કરુણ રસ પાસેપાસે છે, એ સમજાય એ માટે હાસ્યલેખકે લગ્ન તો કરવાં જ રહ્યાં.'

'તમારા સસરાનો તમારા માટે કેવો અભિપ્રાય છે?'

'એની છોકરી મને પધરાવી એ પરથી જ માલૂમ પડી આવે એમ છે. મને, કદાચ તેમણે "લાયન ટેઈમર" માની લીધો હશે.'

'ભગવાનમાં "સેન્સ ઑફ હ્યૂમર" હોય એમ તમે માનો છો?'

'હા, અલબત્ત છે. માણસોને તેણે પેદા કર્યા છે ને હજી યે પેદા કર્યે જાય છે એ એની હાસ્યવૃત્તિ જ સૂચવે છે. જો કે એમાં એની સ્વાર્થવૃત્તિ પણ દેખાઈ આવે છે. માણસ ના હોત તો ભગવાનની પૂજા કોણ કરત? પણ ખરું પૂછો તો ઈશ્વરે માણસને બનાવ્યો છે એ કરતાં માણસ ઈશ્વરને વધારે પ્રમાણમાં બનાવે છે. બંને એકબીજાને બનાવી હાસ્યવૃત્તિ ઉત્તેજતા રહે છે.'

'તમારે ત્યાં કોઈ ઉઘરાણીવાળો આવે અને એને ખાલી હાથે, પણ હસતે મોઢે પાછો કાઢવા તમે કયો ઉપાય અજમાવો છો?'

'એની પાસે પૈસા માગું છું.'

'તમારા કોઈ ઓળખીતાના સ્વજન ગુજરી ગયા હોય તો એના બેસણામાં જઈને તેને તમે આશ્વાસન કેવી રીતે આપશો?'

'એ તો ગયા, પણ તમે તો રહ્યાને? એમ કહીને. (પણ કહેતો નથી).'

હસવા-હસાવવાની વાત થોડી વાર માટે બાજુએ મૂકીને વ્યવહારુ દૃષ્ટિએ જોઈએ તો જ્યોતીન્દ્ર જેવો બીજો અવ્યવહારુ—નિસ્પૃહી માણસ ભાગ્યે જ જડે. ગીતાની 'કર્મણ્યેવાધિકારસ્તે'ની ફિલસૂફી એમણે બરાબર પચાવી છે. તમે એમની પાસે લેખ મંગાવો, પ્રસ્તાવના મંગાવો, એ તમને મોકલી આપે—વિદ્યાર્થી લેસન કરે છે એ રીતે...બસ, પતી ગયું. એમનું કામ પૂરું થયું. પછી એ લેખ તમે છાપ્યો કે નહિ, એમની પ્રસ્તાવના લખાએલા પુસ્તકની નકલ તમે મોકલી કે નહિ, કે પુરસ્કાર કેટલો આપવાના છો એ વિષે એમના તરફથી કોઈ જ પત્ર તમને નહિ મળે. ભાષણ કરવા લઈ જનાર ટ્રેઈનના ફર્સ્ટ ક્લાસમાં બેસાડે છે કે સેકન્ડ ક્લાસમાં એ ય તેમણે જોયું નથી. કશાની જાણે પડી જ નથી, સ્પૃહા જ નથી. મને લાગે છે કે ગત જન્મના તે કોઈ શાપિત આત્મા હશે, મહર્ષિ હશે, ને એમનાથી કદાચ કોઈ ભૂલ થઈ ગઈ હશે. (સ્વર્ગમાં તો એવું ક્યારે, કોને, કેમ વાંકું પડે અને શાપ આપે એ કહેવાય નહિ.) જ્યોતીન્દ્રને ય કોઈએ એવો શાપ આપ્યો હશે કે, 'તું પૃથ્વી પર જઈને બધાને હસાવીશ, પણ તું નહિ હસી શકે.' ને એ શાપને કારણે જ તે પૃથ્વી પર જન્મ્યા છે.

એક વાર જ્યોતીન્દ્ર કોઈ કૉલેજમાં ભાષણ કરવા ગયા. કૉલેજના પ્રિન્સિપલે તેમનો પરિચય આપતાં કહ્યું, જ્યોતીન્દ્રભાઈને કોઈ શોકસભામાં ના લઈ જવાય. ભલભલાને એ હસાવી પાડે. એ ભાષણ કરતા હોય ત્યારે કોઈની મગદૂર છે કે તે હસ્યા વગર રહી શકે?'

કૉલેજનો એક વિદ્યાર્થી જરા વધુ સ્માર્ટ હતો. તે વચ્ચે જ બોલ્યો: 'બોલો, એ મને હસાવી ના શકે.' પ્રિન્સિપલ જેવા પ્રિન્સિપલ પણ એક વિદ્યાર્થીની જાહેરાતથી ચોંકી ગયા.

પછી એ વિદ્યાર્થીને સ્ટેઈજ પર, જ્યોતીન્દ્રની બાજુમાં ઊભો રાખવામાં આવ્યો. જ્યોતીન્દ્રએ બોલવાનું શરૂ કર્યું. બધા જ વિદ્યાર્થીઓ હસતા'તા; નહોતો હસતો પેલો છોકરો દાંત ભીંસીને તે ઊભો રહ્યો હતો. તે નહિ હસવાની જિદ પર આવી ગયો હતો. અરધો—પોણો કલાક જ્યોતીન્દ્રએ બોલિંગ કરી, બૉલ સ્પિન કર્યા, પણ કેમે ય કર્યો પેલો બૅટ ઊંચકે જ નહિ—હસે જ નહિ. ભાષણ પૂરું કરવાનો સમય પણ થઈ ગયો. છેલ્લી ઓવરના છેલ્લા બૉલની જેમ જ્યોતીન્દ્રએ છેલ્લું વાક્ય કહ્યું: 'આ ભાઈ આજે તો શું, ક્યારે ય નહિ હસે...એ કેમ નહિ હસે એનું સાચું કારણ હું જ જાણું છું. એમને બીક છે કે એમના પીળા દાંત કદાચ તમે બધા જોઈ જશો'—ને પેલો ફૂઉફઉફ...કરતો હસી પડયો!

આગળ કહ્યું તે ફરી કહું છું કે હાસ્યલેખક થવું એ મોટો શાપ છે—અને એ ય પાછા ગુજરાતમાં. આજે જો તે ઇંગ્લૅન્ડ કે અમેરિકા જેવામાં જન્મ્યા હોત ને આટલું લખ્યું હોત તો તે વિશ્વવિખ્યાત હોત. ચેસ્ટરટન, માર્ક ટ્વેઈન, સ્ટીફન લીકૉક, ચાર્લ્સ લૅમ્બ જેટલા જ ખ્યાતનામ હોત. એમની કલમમાં એટલી બધી તાકાત છે. ઘણા બધા હાસ્ય લેખકો વાંચ્યા છે, માણ્યા છે; હાલમાં હાસ્યનું લખતા ઘણાખરા તો મારા મિત્રો પણ છે; પણ જ્યોતીન્દ્ર જેટલી 'હાઈટ' મને ક્યાંય દેખાઈ નથી, દેખાતી નથી. ડૉ. મધુસૂદન પારેખના શબ્દોમાં જ કહીએ તો: 'હાસ્ય ક્ષેત્રે આજે નાનામોટા અનેક 'જ્યોતિ' ઝબકે છે; પરંતુ 'જ્યોતીન્દ્ર' તો એક જ છે. □

ડિટેક્ટિવ ફેલુદાનું એક રહસ્ય-સાહસ

ગણેશમૂર્તિની ચોરી

સત્યજિત રાયની બંગાળી લઘુનવલ ઉપરથી • અનુવાદક: **સુકન્યા ઝવેરી**

રહસ્ય-રોમાંચ-નવલકથાકાર લાલમોહન ગાંગુલી ઊર્ફે 'જટાયુ'એ પ્લેટમાંથી એક શીંગદાણો ઉઠાવી જમણા હાથના અંગૂઠા અને બાજુની આંગળી વડે સિફતથી દબાવતાં બદામી છોતરામાંથી સુંવાળો દાણો સટ લઈને બહાર નીકળી બીજી હથેળીમાં જઈ પડ્યો. એને મોંમાં મૂકી, છોતરાને સામે પડેલા ટેબલની ઍશ-ટ્રેમાં નાખી, હાથ ખંખેરી એમણે પૂછ્યું : 'કાશીના દશાશ્વમેધઘાટની દશેરા જોઈ છે કદી?'

ફેલુદાની સામે શતરંજનું બોર્ડ, તેના પર એક સફેદ રાજા, એક સફેદ હાથી અને એક સફેદ મહોરું, સામે એક કાળો રાજા અને બે કાળા ઘોડા. બોર્ડની પાસે 'ગ્રેઈટ ગેઈમ્સ ઑવ ચેસ' નામનું પુસ્તક ખોલેલું પડ્યું હતું; અને ફેલુદા તેમાંથી ચૂંટેલી એક 'ચૅમ્પિયનશિપ ગેઈમ'ની ચાલ જોઈ જોઈને ચાલતો હતો. રમતની લગભગ અધવચમાં જ લાલમોહનબાબુ આવ્યા હતા. આજકાલ એમના પ્રત્યે વધારેપડતી ભદ્રતા ન બતાવે તો યે ચાલતું. તેથી ફેલુદા શ્રીનાથને ચા લાવવાનું કહી રમત પૂરી કરી લેવામાં રત હતો, અને ચાલ ચાલતાં વચ્ચે વચ્ચે લાલમોહનબાબુના સવાલના ટૂંકા જવાબ દેતો હતો. આ પ્રશ્નનો જવાબ પણ પુસ્તક પરથી નજર હટાવ્યા વિના જ આપ્યો : 'ઊંહું.'

'ઓહ! એ તે કૈં પ્રસંગ છે! એને શું કહેવાય? એકદમ ઝાકઝમાળ પ્રસંગ! એ જ્યાં સુધી જાતે ન જુઓ ત્યાં સુધી કલ્પી જ ન શકો!'

ફેલુદાએ રમતની આખરી ચાલ ચાલી, બોર્ડ તરફ થોડી વાર તાકી રહી કહ્યું : 'તમે મને લલચાવવા કોશિશ કરો છો ?'

'થોડેઘણે અંશે એમ કહી શકો. હે-હે-હે-હે...'

'પણ જે રીતે તમે વર્ણન કરો છો તે રીતે તમારી કોશિશ ફોકટ જશે.'

'કેમ ?' લાલમોહનબાબુનાં ભવાં બંને જોડાઈને નાક પર એક ઍંગલ બની ગયું. ફેલુદા બોર્ડની ગડી કરી, મહોરાં બૉક્સમાં મૂકતાં બોલ્યો : 'કારણ, કોઈ પણ પ્રસંગ કે ઘટના કે દૃશ્ય સંબંધે કેવળ 'ઝાકઝમાળ' વિશેષણ વાપરો તો ખાસ કંઈ જ સમજાય નહિ. એનાથી આંખો સામે એક પણ ચિત્ર ખડું થાય નહિ. તેથી દશાશ્વમેધનું વિજયાદશમીનું મહત્ત્વ—વિશેષત્વ કંઈ જ સમજાય નહિ, અને એના પરિણામે ફેલુ મિત્તિરના મનમાં કોઈ આકર્ષણ જાગે નહિ. તમે તો મોટા નવલકથાકાર છો; તો પછી તમારું વર્ણન આવું વેઠ ઉતારવા જેવું કેમ ?'

'વાત તો બરાબર કહી.' લાલમોહનબાબુ કાનની બૂટ પકડી બોલ્યા : 'અસલમાં વાત એમ છે કે લગભગ પચીસ વર્ષ પહેલાંની વાત; એટલે ડીટેઈલ બધી ભુલાઈ ગઈ છે. કેવળ એટલું જ યાદ છે કે ત્યાં દશેરાની મૂર્તિનું વિસર્જન જોઈને આંખ અને કાન અંજાઈ ગયાં હતાં.

'માત્ર આંખ ને કાન જ ? વર્ણનમાં એ બંને માટે તો ખોરાક જોઈએ જ, અને સાથે સંભવિત હોય તો નાક પણ.'

'નાક ?'—લાલમોહનબાબુનાં ભવાં ઉપર ચડ્યાં અને ત્યાં એક જોડી મહેરાબ બની ગઈ.

'સંભવિત હોય તો...કલકત્તાના રસ્તા-ઘાટ પર અમસ્તી કંઈ વિશેષ ગંધ આવે છે એવું નથી. લેઈક માર્કેટ પાસે સાંજના મોગરાની સુગંધ, કે ન્યૂ માર્કેટની પશ્ચિમે બાર્ટ્રમ સ્ટ્રીટ પાસે અમુક જગ્યાએ માછલીની સૂકવણીની વાસ, ઑસ્પિટલ પાસે ડિસઈન્ફેક્ટન્ટની વાસ, સ્મશાન પાસે બળતા શબની વાસ—આ બધું તો તમે અનુભવ્યું જ હશે. તે જ રીતે કાશીના વર્ણનમાં પણ કોઈ કોઈ વાસનો ઉલ્લેખ ન કરો તો શી રીતે ચાલે ? વિશ્વનાથની ગલીમાં ધૂપદીપની સાથે છાણ, લીલ, લોકોના પરસેવાની ભળેલી ગંધ, વળી ગલી છોડીને બહાર મોટા રસ્તા ભણી ઘાટ તરફ આવો ત્યારે થોડી વાર તમે ચાલો તો બિલકુલ ન્યૂટ્રલ વાસ રહિત વાતાવરણ, ફરી ઘાટનાં પગથિયાં શરૂ થયાં કે પગથિયે પગથિયે એક તીવ્ર ગંધ ધીમે ધીમે વધીને લગભગ પેટના દાળભાત ઓકાવી દે એવી સ્થિતિ ઊભી કરે,–એ બધી બૂ બોકડાનાં અંગમાંથી નીકળે છે એની જેને ખબર ન હોય તેને જાણતાં વાર લાગે—એ પછી બકરાંને પાછળ મૂકી જરાક આગળ વધો કે એક ગંધ જેમાં પાણી, માટી, તેલ-ઘી, ફૂલ, ચંદન, ધૂપ, દીપ બધું એકસાથે ભળેલું હોય...'

'એનો અર્થ એ કે તમે બનારસ ગયા છો.' જટાયુએ કહ્યું.

'ગયો છું, જ્યારે કૉલેજમાં ભણતો હતો ત્યારે—હિંદુ યુનિવર્સિટી જોડે ક્રિકેટ રમવા ગયો હતો.'

લાલમોહનબાબુ ખીસું ફંફોળવા માંડ્યા. એ જોઈને ફેલુદા બોલ્યો : 'તમે જે છાપાનું કટિંગ શોધો છો, તે તમે જેવા ઓરડામાં દાખલ થયા કે તરત અર્ધી મિનિટમાં ખીસામાંથી બહાર નીકળી પડી ગયું હતું; અને જુઓ પેલા ટેલિફોનના ટેબલના પાયા પાસે લટકે છે.'

'હા; બરાબર જ્યારે હું રૂમાલ બહાર કાઢવા ગયો ત્યારે—'લાલમોહનબાબુ જરાક મૂંઝાઈને બોલ્યા : 'તમને ખબર છે તો પછી આટલી વાર બોલ્યા કેમ નહિ ? એ કેવો રહસ્યમય બનાવ, કહો જોઈએ !' મેં લાલમોહનબાબુના હાથમાંથી કટિંગ લઈ જોયું. એમાં લખ્યું હતું :

'બનારસના મછલીબાબા : બનારસમાં ગયા ગુરુવારે એક સાધુબાબાના આવિર્ભાવથી શહેરમાં ખાસ્સું ચાંચલ્ય સર્જાયું હોય એવું જણાય છે. બંગાળી મહોલ્લાના અભયચરણ ચક્રવર્તી નામે એક વૃદ્ધ રહેવાસીએ કેદારઘાટ ઉપર પ્રથમ એ સાધુબાબાનાં દર્શન કર્યાં અને તત્કાળ જ એમને એમની અલૌકિક શક્તિનો પરિચય થયો! સાધુબાબાજી હાલ તુરત શ્રી ચક્રવર્તીને ઘેર જ ઊતર્યા છે. ભક્તો એમને 'મછલીબાબ'ના નામથી જ ઓળખે છે. તેઓના કહેવા મુજબ બાબાજી પ્રયાગથી ગંગામૈયાના ખોળામાં તરતાવહેતા કાશી–બનારસ સુધી આવ્યા છે.'

આવી જાતની સાધુબાબાની વાતો આજકાલ એટલી બધી સાંભળવા મળે છે કે મને એમાં કંઈ નવીનતા ન લાગી. પણ જોયું કે લાલમોહનબાબુ ખાસ્સા ઉત્તેજિત થયા હતા. કહે : 'વખતે છેક તિબેટમાંના ગંગાના સોર્સમાંથી જ વહેવાનું—તરવાનું શરૂ કર્યું હશે. વિચાર કરતાં જ રૂવાંડાં ઊભાં થઈ જાય !' ફેલુદાએ પૂછ્યું : ગંગાનું સોર્સ (Source-મૂળ) તિબેટમાં, એ ખબર તમને કોણે આપ્યા ?'

'ઓહ ! સૉરી, સૉરી—એ તો લાગે છે બ્રહ્મપુત્રા, નહિ? અરે જે પણ હોય; તિબેટ નહિ તો પણ હિમાલય તો ખરો. તો યે શો ફેર પડે?'

'તમને શું એમનાં દર્શન કરવાનું મન થયું છે?'

'જેવાતેવા સાધુ હોત તો ન થાત, પણ આમાં કંઈક રહસ્યની ગંધ તમને નથી આવતી? "મછલી-બાબા !" નામ જ કેવું યુનિક છે!'

ફેલુદા પલંગ પરથી ઊભા થયા : 'નામ જોકે ખરાબ નથી, એ તો હું યે માનું છું. છાપામાં સમાચાર વાંચી એ એક જ વાતે મારું ધ્યાન ખેંચ્યું. બીજું કંઈ જ નહિ. કાશી જો જવું હોય તો એ મછલીબાબા માટે નહિ; કચોરીગલીના હનુમાન હલવાઈની રબડીનો સ્વાદ હજુ યે મોંમાં લાગેલો છે. એ વસ્તુ તો અહીં કલકત્તાની બજારમાંથી એકદમ અદૃશ્ય જ થઈ ગઈ છે.'

'અને ધારો કે જઇને ખબર પડે કે એ હલવાઈનું કોઈ અજાણ્યા

આતતાયીએ ખૂન કર્યું છે—અને રબડીના રસમાં રક્તના છાંટા પડી રસ ગુલાબી થઈ ગયો છે, તો તો પછી પૂછવું જ શું?! કાશી પણ, કેસ પણ અને કૅશ (નાણાં) પણ...હા! હા! હા! એક ઘાએ ત્રણ પંખી! તમે તે કેટલા દિવસથી હમણાં ઘરમાં જ બેઠા છો ને?'

વાત તો સાચી હતી. ત્રણેક મહિનાથી ફેલુદાના હાથમાં કંઈ કામકાજ નહોતું. જોકે એનું પણ એક કારણ છે. એ તો મેં આ પહેલાં પણ કહ્યું હતું. ફેલુદાનું કહેવું છે કે ક્રાઈમ–ગુના–ની પાછળ જો કોઈ તીક્ષ્ણબુદ્ધિ ક્રિમિનલની ચાલાકીની છાપ ન હોય તો એ ક્રાઈમનો કોયડો ઉકેલવામાં કૈં ખાસ માથાફોડ ન કરવી પડે; અને મગજ ચલાવવાનું ન હોય તો ફેલુદાને સંતોષ ન થાય. તેથી કેસ જો મામૂલી લાગે તો પોતે કેસને બનતાં સુધી પાછો જ વાળી દે છે.

ટૂંકમા ફેલુદા માગે છે તેમની તીવ્ર બુદ્ધિને ધારાળી કરી લેવાની તક. એ તક ગયા ત્રણ મહિનામાં મળી નથી. આ સમય દરમિયાન ફેલુદાએ અનેક પુસ્તકો વાંચી નાખ્યાં છે, નિયમિત યોગાસનો ને વ્યાયામ કરે છે, સિગારેટ પીવાની ઓછી કરી છે, શતરંજ રમે છે. બે વાર વાળ કપાવ્યા છે. બે બંગાળી, એક હિંદી અને પાંચ વિદેશી ફિલ્મો જોઈ નાખી છે. એક દિવસ મને સાથે લઈને શ્યામબજાર પાંચ રસ્તાના નાકા પાસેથી બાલીગંજ અમારા ઘર સુધીનું અંતર અમે એક કલાક અને સત્તાવન મિનિટ ચાલી નાખ્યું હતું. વળી આ દરમિયાન એક વાર દાઢીમૂછ રાખવાનું નક્કી કરી સાત દિવસ સુધી શેવિંગ બંધ રાખી, આઠમે દિવસે આયનામા પોતાનો ચહેરો જોઈ, મત બદલી, અસલ ચહેરા પર આવી ગયા હતા.

લાલમોહનબાબુ બોલ્યા: 'તમારી પાસે કેસ નથી, ને મારા મગજમાં વાર્તાનો પ્લૉટ નથી. આ પહેલી જ વાર પૂજા–નવરાત્રિ–ના તહેવારો વખતે મારી ચોપડી છપાઈ નથી, ખબર છે? પહેલાં તો આ પુસ્તક, પેલું પુસ્તક, ગમે તેમાંથી જે તે ઉઠાંતરી કરી, તેના પર જરા રંગ ચડાવીને જેમતેમ કરી કંઈક લખી નાખતો. પણ આ તમારા હાથમાં વારંવાર મારી ઉઠાંતરીવિદ્યા પકડાઈ જવાથી એ નો લૉંગર મહાન વિદ્યા રહી છે. એથી મારે મારું જ મગજ ચલાવવું પડે એમ છે. તેથી વિચારતો હતો કે કલકત્તાના આ બંધિયાર વાતાવરણમાંથી બહાર નીકળું તો મગજ જરા ખીલે?' ફેલુદા કહે: 'જઈ શકીએ; પણ એમાં એક રિસ્ક તો ખરું જ ને?' 'શાનું રિસ્ક?'

'અંતે મને કેસ ન મળે અને તમને પ્લૉટ ન મળે તો!'

બનારસ જઈને લાલમોહનબાબુને પ્લૉટ મળ્યો હતો, બરાબર! અમે પાછા આવ્યા પછી બે મહિને, નાતાલમાં, તેમની જે જાસૂસી નવલકથા પ્રકટ થઈ હતી એ નવલકથા સાથે એક ટિનટિનની વાર્તાને આશ્ચર્યભર્યું સામ્ય હતું...ફેલુદાને જો કે જવાથી સાચેસાચ લાભ થયો હતો. એ ન થાત તો આ વાર્તા લખાત નહિ. ફેલુદાને જીવનમાં સૌથી ધુરંધર અને સાંઘાતિક—મારાત્મક—પ્રતિદ્વન્દ્વી સાથે બનારસમાં મુકાબલો થયો હતો. એમણે પછીથી કહ્યું હતું: 'આવી જાતના માણસની જ હું આટલા દિવસથી રાહ જોતો હતો, હોં કે તોપસે! આવા માણસો સાથેની લડાઈ મજાના ટૉનિકની ગરજ સારે છે.'

દશાશ્વમેધ ઘાટના રસ્તા પર પચાસ વર્ષ જૂની એક બંગાળી હોટેલ 'કલકત્તા લૉજ'. હોટેલના મૅનેજર નિરંજન ચક્રવર્તી લાલમોહનબાબુના પાડોશી પુલક ચૅટર્જીના સાઢુભાઈ થાય. પુલકબાબુએ પહેલેથી અમે જવાના છીએ એમ લખી દીધું હતું તેથી હોટેલમાં જગ્યા મળવાની કોઈ અગવડ નહોતી પડી. અમૃતસર મેઈલમાં અમે બનારસ પહોંચ્યા સવારે સાડા નવ વાગ્યે. ત્યાંથી ટૅક્સીમાં હોટેલ પહોંચતાં દસ થઈ ગયા. મૅનેજર મહાશય પોતે ત્યારે હોટેલમાં નહોતા. પણ તેમને બદલે જે હતા તેમણે ચાકર હરકિસનના હાથે અમારો સામાન ઉપર મોકલી ચોપડામાં અમારું નામ-સરનામું લખી અમારી સહી લઈ લીધી.

પહેલે માળે જઈ જોયું તો એક ઓરડામાં ચાર ખાટલા. તેમાંના એકની નીચે એક મધ્યમ કદની સૂટકેસ અને જેમતેમ કરી વીંટાળેલો બિસ્તરો. એ સિવાય ખાટલા પાસેના ગોખલા અને અભરાઈ પર થોડો સામાન અને કપડાં વગેરે હતું. ફેલુદાએ એના પર એક નજર ફેરવી ધીમેથી કહ્યું: 'કોઈ નસકોરાં બોલાવે તો તમારી ઊંઘમાં ખલેલ પડે ખરી?'

'કેમ? તમને તો નસકોરાં બોલાવવાની ટેવ નથી.'

'મને નહિ. એ તો આપણા આ રૂમમેઈટની વાત કરતો હતો.'

'એ શું વળી? તમે તો એનો કેવળ થોડોક સામાન જ જોયો છે.'

'ચોક્કસ નથી કહી શકતો, પણ આ તો કેવળ અનુમાન છે. સાધારણ રીતે જાડા માણસોનાં નસકોરાં વધુ બોલે. અને આ કંઈ દૂબળાપાતળા નથી એ તો એમનાં શર્ટ-પૅન્ટની સાઈઝ પરથી જ લાગે છે. તેમાં પાછી ફ્રીનૉફ્રસની બાટલી પરથી અનુમાન કરું છું કે તેમનું નાક ક્યારેક બંધ થઈ જતું હશે. અને તેથી યે નસકોરાં બોલાવવાની સંભાવના વધારે.'

'સર્વનાશ! બીજું કંઈ તારવ્યું?'

'ગોખલામાં પ્રસાધનની વસ્તુઓમાં શેવિંગના સામાનની ગેરહાજરીનો અર્થ ન સમજ્યા? દાઢી-મૂછ જરૂર વધારતો હશે.'

હરકિસનના આણેલા ચહાના કપ હાથમાં લઈ અમે ત્રણે જણ ઓરડાની ઉત્તર તરફના વરંડામાં આવી ઊભા. વરંડા નીચેનો રસ્તો પૂર્વ ભણી સીધો જતો હતો દશાશ્વમેધ ઘાટે. રસ્તાની બંને બાજુ દુકાનોની હાર. તેનાં હિંદી અને અંગ્રેજીમાં લખેલાં પાટિયાં તરફ થોડી વાર તાકી રહી ફેલુદા બોલ્યો: 'તોપસે, તને કોઈ કહે કે કલકત્તા ખાલી કરી અહીં આવીને બાકીનું જીવન વિતાવવાનું છે તો તને અહીં ગમે?' મેં વિચાર કરી કહ્યું: 'લાગતું નથી.'

'પણ અહીં આવ્યો છો એ વિચારે તો અત્યારે તારું મન થનગની રહ્યું છે, નહિ?' સાચે જ. કાશીમાં જિંદગીભર રહેવું ન ગમે એ નક્કી; પણ જો આઠદસ દિવસ રહેવાનું હોય તો બનારસ જેવી બીજી કોઈ જગ્યા નહિ.'

'તેનું કારણ શું, ખબર છે?'—ફેલુદા બોલ્યો: 'તું નીચે જે જોઈ રહ્યો છે તે કેવળ એક રસ્તો જ નથી. તું જુએ છે "બનારસ"નો રસ્તો! બનારસ! કાશી! વારાણસી! એ કેવળ શબ્દ જ નથી. પૃથ્વીનું એ તો પ્રાચીનતમ શહેર, પુણ્યતીર્થ, પિંડસ્થાન! રામાયણ મહાભારત, ઋષિમુનિ, યોગી સાધક, હિંદુ મુસલમાન, બૌદ્ધ-જૈન બધું જ અહીં મળે. અને આ બનારસનું એક જાદુ છે: આ શહેર ગંદું હોવા છતાં એક અતિ પ્રાચીન પરંપરાથી દીપ્તિમાન છે. જેઓ અહીં વસે છે તેઓને ગુજરાન ચલાવવાની ફિકરમાં આ બધું વિચારવાનો સમય મળે નહિ, પણ જેઓ થોડાક દિવસ માટે આવે તેઓ આ બધા વિચારમાં જ મશગૂલ રહે.'

લાલમોહનબાબુ એટલામાં ક્યારે અંદર ચાલ્યા ગયા હશે, શી ખબર; પણ અચાનક એમનો અવાજ સાંભળી પાછળ ફરી જોયું તો એક અજાણ્યા માણસ સાથે તેઓ અમારી તરફ જ આવતા હતા પચાસેકની વય, મધ્યમ કદ, ઘઉંવર્ણી કાયા અને માથા પર કાળા ધોળા વાળને વચ્ચેથી સેંથો પાડી ઊંચા ઓળ્યા હતા. અણીદાર નાક નીચે પાતળા પાન ખાધેલા હોઠ સ્મિતથી પહોળા થએલા હતા. સજ્જને ફેલુદાને નમસ્કાર કરી કહ્યું: 'આપનો પરિચય આમણે મને આપ્યો. મારી હોટેલનાં અહોભાગ્ય!. હેં—હેં—હેં—હેં...'

'સમજ્યા? આ જ છે મૅનેજર નિરંજન ચક્રવર્તી.'

'કંઈ અગવડ-બગવડ...?'

'ના, ના; સુંદર વ્યવસ્થા છે.'

'આવો, નીચે આવો, મારા ઓરડામાં. આપને ચા આપી?—એકલી ચા? હેં? અરે રે...!'

દીવાલ પર ત્રણ અંગ્રેજી અને બે બંગાળી કૅલેન્ડર તથા રવીન્દ્રનાથ, સુભાષ બોઝ, વિવેકાનંદ અને શ્રી અરવિંદની છબિઓ ટીંગાડેલી. મૅને-

જરના રૂમમાં બેસી અમે ફરી એક કપ ચા સાથે સોહન હલવો ખાધો. આ ઓરડો મકાનની અંદરના ભાગમાં હોવાથી સાઈકલ-રિક્શાનાં હૉર્ન સિવાય રસ્તાનો બીજો કોઈ ઘોંઘાટ સંભળાતો નહોતો.

નિરંજનબાબુ બોલ્યા : 'મારી હોટેલમાં ગયા મહિને વિશ્વશ્રી ગુણમય બાગચી રહી ગયા હતા—એ તમારા ત્રણ નંબર રૂમમાં જ...! આપ જતાં પહેલાં અમારી વિઝિટ-બુકમાં બે લીટી લખતા જજો. અનેક ગુણીજનનાં લખાણ છે એમાં. જો કે મોંઘવારીનો જમાનો, સમજ્યાને—એટલે મનપસંદ 'મેનું' (વાનગીઓ) તો હું નહિ આપી શકું જો કે મને એનું ખૂબ દુઃખ છે.'

ફેલુદા બોલ્યો : 'મારું એકલાનું લખાણ કેમ? આ પણ કંઈ કમ પ્રખ્યાત નથી!' લાલમોહનબાબુ વિનયનો દેખાવ કરી કંઈક બોલવા જતા હતા, પણ બોલ્યા નહિ. નિરંજનબાબુ હસીને બોલ્યા : 'એમની વાત તો મારા સાઢુભાઈએ પહેલાં જ લખીને જણાવી દીધી છે.'

લાલમોહનબાબુ થોડી વાર થઈ એટલે ધીરજ ન રહેતાં જરાક આકળા ઉતાવળા થતાં બોલ્યા : 'છાપામાં વાંચ્યું હતું—અહીં કોઈ સાધુબાવાનો આવિર્ભાવ થયો છે?' 'કોણ અબનુસ બાબા?'

'ના, અબનુસ નહિ; છાપામાં તો લખ્યું હતું મછલીબાબા.'

'એ જ તો! હિંદીવાળા મછલીબાબા કહે છે. અબનુસ નામ તો મેં આપ્યું છે. જોશો જઈને, એટલે સમજાશે મેં નામકરણ કેવું કર્યું છે તે!'

'તરતા તરતા આવ્યા છે ને?'

સવાલો બધા લાલમોહનબાબુ જ પૂછતા હતા. ફેલુદા શ્રોતા. નિરંજનબાબુ કહે : 'એમ કહેવાય છે તો ખરું. અહીં તો પ્રયાગથી આવ્યા છે. પણ સ્ટાર્ટિંગ પૉઈંટ છે હરિદ્વાર. અહીંથી જશે મુંગેર—પટના. એ પછી જોશો તો વળી એક દિવસ બાબુ ઘાટે નાંગર્યા હશે બાવાજી.'

'અલૌકિક ક્ષમતાની વાત કહેવાય, કેમ મોશાય?'

'જે સાંભળ્યું છે તે કહું છું. કેદાર ઘાટે ચત્તાપાટ પડ્યા હતા બાબાજી. મળસ્કે અભય ચક્રોતિ (ચક્રવર્તી) ઘાટ ઊતરતા હતા. પાંત્રીસ વર્ષની આદત મોશાય—ઘડિયાળમાં સાડા ચાર,—ને ફર્સ્ટ ટુ એરાઈવ અભયબાબુ! શિયાળો હોય કે ઉનાળો, કે પછી ચોમાસું હોય, પણ એમાં મીનમેખ નહિ. સિત્તેર વર્ષની ઉમર. આંખે મોતિયો. પગ મૂકતાં જ પથ્થરને બદલે નરમ નરમ કંઈક અડ્યું. વાંકા વળી જોયું તો માણસ! શરીરની ચામડી સંકોચાએલી, મનમાં થયું બહુ વારથી પાણીમાં હશે. એવો એ માણસ આમતેમ પડખાં ફરતો હતો—જાણે બેહોશીમાંથી હમણાં જ ભાનમાં આવ્યો હશે. ચક્રોતિ મોશાય તો વાંકા વળી જુએ છે. એવામાં બાબાજીએ આંખો ખોલી અને હિંદી ઢબમાં બંગાળીમાં બોલ્યા : 'માએ આટલા પાણીથી ઘેરી રાખ્યો છે તને, તોય તને આગનો ડર છે?'—બસ એ એક જ વાક્યે અભય ચક્રોતિ મહાત!'

અમે તો ત્રણે જણ મોં જ તાકી રહ્યા. એટલે નિરંજનબાબુએ ફોડ પાડ્યો : 'કાશી આવતાં પહેલાં અભય ચક્રોતિ રહેતા ચૂંચડામાં. ત્યાં એક વાર કાલિપૂજા વખતે એમને ઘેર આગ લાગી હતી. તેમાં તેમનાં પત્ની અને ચૌદ વર્ષનો એક છોકરો બળીને મરી ગયાં. ત્યારથી મહાશયને વૈરાગ્ય આવતાં કાશીવાસ જ લઈ લીધો. અત્યંત સદાશયી, સાત્ત્વિક માણસ. બાબાજીની આ વાત સાંભળી એમના મનની શી સ્થિતિ થઈ હશે એ તો તમે કલ્પી શકો છો.'

'તે દિવસથી જ બાબાજી અભય ચક્રોતિને ઘેર છે?'

'તે દિવસે જ મોશાય, થોડાક કલાકમાં તો દીક્ષાબીક્ષા બધું જ કમ્પ્લીટ. એ પછી તો પૂછવું જ શું? ખબર ફેલાઈ ગઈ. લોકોએ આવવા માંડ્યું. રેગ્યુલર દર્શન. ઘાટ પાસે જ તો છે ચક્રોતિનું ઘર. અંદર ફળિયું. બાવાજી બેસે ઓસરીમાં, અને ભક્તો બેસે ફળિયામાં. એક પછી એક ભક્તો આવતા જાય, અને બાબાજી એમને મંત્રેલાં છોતરાં દેતા જાય.'

આયુર્વેદ વડે સામાન્ય રોગોપચાર-૬૪

પથરી

પથરીને આયુર્વેદમાં અશ્મરી અને સાંપ્રત વિજ્ઞાનમાં Stone અથવા Calculi કહે છે. મૂત્રપિંડ (કિડની) એ ગળણીનું કામ કરે છે. બિન ઉપયોગી અને વધારાના સેંદ્રિય અને ક્ષાર પદાર્થો વગેરેને મૂત્ર સ્વરૂપે અલગ પાડે છે. મૂત્રનલિકા દ્વારા એ મૂત્રાશયમાં પહોંચી ત્યાંથી આગળ જઈ એ મૂત્ર રૂપે શરીરની બહાર ફેંકાઈ જાય છે, આ ક્રિયા દરમિયાન ફૉસ્ફરિક, ઓક્ઝેલિક કે લિથિક એસિડ અને અન્ય ક્ષારો કેટલીક વાર મૂત્રપિંડ મૂત્રાશયમાં જામતા જઈ કઠણ પથરીનું રૂપ ધરે છે.

જો આ ક્ષારો સૂક્ષ્મ ચૂર્ણકણ સમા હોય તો તે કોઈ પણ જાતની હાનિ કર્યા વગર સહેલાઈથી બહાર નીકળી જાય છે. જો એ નાની કણીના રૂપે હોય તો ઔષધપ્રયોગથી તૂટીને ભૂકો થઈને બહાર નીકળી જાય છે. પણ જો તે એથી યે મોટા કદમાં હોય તો તેને શસ્ત્રક્રિયાથી જ બહાર કાઢી શકાય છે. એ વટાણા જેવડા આકારથી માંડી અરીઠા જેવડી પણ હોય છે. તે કેવળ શસ્ત્રસાધ્ય જ છે. એક કે તેથી વધારે નાની મોટી પથરી પણ હોઈ શકે.

લક્ષણો

૧) મૂત્રાવરોધ થાય અથવા મૂત્ર બે ધારે પડે, કે મૂત્રની ધાર ત્રાંસી થાય. મૂત્રત્યાગ વખતે અધિક વેદના થાય. ૨) પથરીથી જો મૂત્રમાર્ગના અવયવો ઘવાયા હોય તો પેશાબમાં લોહી પણ જોવા મળે. ૩) રોગીને હરતાં ફરતાં, સાઈકલ પર બેસતાં, બસમાં મુસાફરી કરતાં, દાદરો ચડતાં, દોડતાં કે તરતાં વેદના વધુ થાય. ૪) ઘણી વાર ઓચિંતી પેઢુમાં, પેટમાં કે કમરમાં અસહ્ય વેદના થાય. મૂત્ર, મળ અને અધોવાયુ પ્રવૃત્તિ બંધ પડી જાય કે તેમ કરતાં મુશ્કેલી પડે અને દુખાવો મટી જતાં એટલે કે પથરી સ્થિર થઈ જતાં વેદના રહિત સ્વચ્છ પેશાબ આવવા લાગે. ૫) ક્ષ કિરણ પરીક્ષણમાં પથરીનું સ્વરૂપ સ્પષ્ટ જોઈ શકાય છે.

ઉપચાર

૧) મોટી પથરી હોવાની ખાતરી થાય તો તેને દૂર કરવા શસ્ત્રકર્મ જ કરવાનું રહ્યું. ૨) બગલાનાં હાડકાંનું ચૂર્ણ પાવલીભાર દિવસમાં ત્રણ વાર પાણી સાથે લેવાથી પથરી ઓગળીને નીકળી જાય છે. ૩) ચીભડાંનાં બીજ, હરડેનો ગર્ભ, બહેડાંનો ગર્ભ, પાષાણભેદ, ધમાસો, ધાણા ને કળથીનું સમભાગ યવકૂટ ચૂર્ણ કરી રોજ બે વાર તેનો ઉકાળો પીવો. ૪) કપાસનું જિંડવું, અંકોલ અને કમળકાકડીના ચૂર્ણને ગોળ સાથે લેવું. ૫) તલ, અપામાર્ગ, કેળ, પલાશ, પાટલા વગેરે વનસ્પતિના ક્ષારોનું નિયમિત સેવન કરવું. ૬) ગોક્ષુરમૂળ, ઈક્ષુરસ અને ઊભી ભોંયરીંગણીનાં મૂળને દહીં સાથે લેવું. ૭) વાયવરણાની વનસ્પતિના પાનના ઉકાળામાં જવખાર મેળવી પીવું. ૮) અઘેડાનો ક્ષાર ૨ થી ૪ ગ્રામ દિવસમાં બે વાર લેવો. ૯) ક્ષારપર્પટી, હજરતબેર પિષ્ટી, શિલાજિત, ત્રિબંધ વગેરે ઔષધિઓનું સેવન કરવું. ૧૦) પેશાબ છૂટથી આવે તે માટે શેરડીનો રસ, જવનું પાણી, મૂળાનો રસ, કળથીનો ક્વાથ, નારિયેળનું પાણી, નીરો વગેરેનું સેવન કરવું. ૧૧) ઘેટીનું દૂધ અને મૂત્ર આ રોગ માટે સારાં છે. ૧૨) ઔષધપ્રયોગ સિવાય ખાંડ, ગોળ અને સાકર ન ખાવાં. દારૂ, મરચાં, લસણ, ડુંગળી વગેરે ન ખાવાં. પ્રવાસ કરવો નહિ.

વૈદ્ય નવીનભાઈ ઓઝા

'ઉતરાં શાનાં મોશાય?' લાલમોહનબાબુએ પૂછ્યું...

'છાડું—માછલીનું ભીંગડું. લોકો કહે છે કે સ્વયં વિષ્ણુ હવે માછલી બની આવ્યા છે!'

'એ ભીંગડાને શું, ખાવાનું મોશાય?' લાલમોહનબાબુએ એવી રીતે નાક ચડાવ્યું, જાણે માછલીના ભીંગડાની એમને વાસ આવતી ન હોય!

'ખાવાનું કોણે કહ્યું? બીજે દિવસે સૂર્યોદય પહેલાં—જેને કહેવાય બ્રાહ્મમુહૂર્ત, તે સમયે—ગંગામાં વહેતું મૂક્યું કે બસ.'

'એમ કરવાથી કંઈ ફળ મળે?'

'બીજા પાંચની વાત તો હું નથી કહી શકતો, પણ મને કૉલિક પેઈન—પેટમાં વીંટ આવતી હતી. ગોપેન ડૉક્ટરે મૅગફૉસ ખાવાનું કહ્યું હતું. ખાતો યે હતો. બાબાજી આવ્યા. દર્શન કર્યાં. ભીંગડું લીધું—બીજે દિવસે નદીમાં નાખી આવ્યો. હવે એ વીંટ સમૂળી નથી એમ કહું તોયે ચાલે...તે હવે હોમિયોપથીના ગુણે કે ભીંગડાપથીને લીધે, એ તો શી ખબર?'

'અહીં કેટલા દિવસ રહેવાના છે?'

'તેઓ જમીન પર કોઈ પણ જગ્યાએ ઝાઝા દિવસ રહેતા નથી. પણ એમનો જવાનો દિવસ ભક્તો જ નક્કી કરી દે છે એમ કહેવાય છે.'

'કઈ રીતે?'

'એ આજે સાંજે ખબર પડશે. તમને હું લઈ જઈશ. આજેજ ખબર પડશે કે કાશીમાં રહેવાની બાબાજીની મર્યાદા કેટલા દિવસની છે.'

[૨]

નિરંજનબાબુના રૂમમાં બેઠાં બેઠાં વાતો કરી. પછી અમે બહાર નીકળ્યા. તેઓ કહે કે એમને હમણાં થોડીક ફુરસદ છે. એ પછી એમને બૅંકમાં જવાનું છે. તેથી હમણાં થોડી વાર અમારી જોડે આવી શકશે.

હોટેલમાંથી બહાર નીકળી જમણી બાજુ થોડેક દૂર જતાં જ રસ્તાના લોકો અને ગાડીઓના ઘોંઘાટ સાથે એક જુદી જ જાતનો અવાજ કાને પડ્યો. થોડેક દૂર જઈ એક વળાંક વળો એટલે સામે ગંગા દેખાય. અહીંથી રસ્તાનો ઢોળાવ શરૂ થાય, અને પછી પગથિયાં શરૂ થાય. પગથિયાંની બંને બાજુ અને વચ્ચે લાઈનબંધ ભિખારીઓ. એકસાથે આટલા બધા ભિખારી મેં ક્યારે ય દીઠા નહોતા. આ ભિખારીઓની આસપાસ ફરતાં હતાં છુટ્ટા બકરાનાં ટોળાં. લાલમોહનબાબુ બોલ્યા: 'ધન્ય છે તમારા નાકની સ્મરણશક્તિને, મોશાય! આ ગંધ તો મેં ય લીધી હશે, પહેલી વાર આવ્યો ત્યારે, પણ ભુલાઈ શી રીતે ગઈ હશે?'

દશાશ્વમેધ ઘાટનું વર્ણન કરવા માટે હું પણ વખતે લાલમોહનબાબુની જેમ 'ઝાકઝમાળ' શબ્દ જ વાપરત; પણ ફેલુદાની ધમકીને લીધે હવે નહિ વાપરું. હોટેલે પાછા આવી ઘાટ પર લોકોને શું કરતા જોયા એનું નંબર નાખીને લિસ્ટ બનાવ્યું ત્યારે એક સો ને તેર સુધી હું પહોંચીને અટક્યો. એ જ્યારે ફેલુદાએ વાંચ્યું ત્યારે બોલ્યા: 'વાહ! સરસ થયું છે!—કેવળ ત્રીસેક જ રહી ગયાં છે.'

ઘાટનાં પગથિયાં પર ઊભા રહી ઉત્તર ભણી જોઈએ તો રેલવેનો પુલ દેખાય, અને પૂર્વ તરફ નદીની સામે પાર દેખાય રામનગર—જ્યાં રાજા છે, કિલ્લો છે, અને નદીને કાંઠે સંન્યાસીઓનો એક અડ્ડો—આશ્રમ છે.

દશાશ્વમેધની પાસે જ ઉત્તરે માનમંદિર ઘાટ. ઘાટની ઉપર જ એક ઘરની અગાશી પર લગભગ ચારસો વર્ષ પહેલાં રાજા જયસિંહે તૈયાર કરેલું જ્યોતિર્વિદ્યાનું યંત્ર છે. દિલ્હીના યંત્ર જેવું જ આ પણ નાનકડું જંતરમંતર છે. ફેલુદા કદાચ એ જોવા માટે જ માનમંદિરઘાટનાં પગથિયાં ચડતા હતા. એવામાં એક બનાવ બન્યો.

એ ઉમેરવું જરૂરી છે કે આ તરફ દશાશ્વમેધના સ્નાનાર્થીઓની ધમાલનો અવાજ બિલકુલ સંભળાતો નહોતો. અવાજમાં કેવળ દૂરથી વહેતું આવતું લાઉડસ્પીકર પર હિંદી સિનેમાનું ગીત, અને અમારાથી નીચેને પગથિયે બે જણ જે કપડાં ધોતા હતા એનો અવાજ. અમારી

હરિ: ૐ આશ્રમ તરફનું
એપ્રિલ અંક માટેનું રૂ. ૫૦નું
જીવનચરિત્ર પારિતોષિક
'માર્ક ટ્વેઈન'ના લેખક પ્રો. વસંત જોષીને મળે છે.

જમણી બાજુ એક વડ. તેના પર કેટલાક વાંદરા વાનરવેડા કરતા હતા. ઝાડની ઉપરની ડાળીઓ અને પાંદડાં એક પીળા રંગના મકાનના છાપરા પર ઝૂકી પડતાં હતાં. એક જણની બૂમ સાંભળી અમારી ચારેની નજર એ છાપરા ભણી ગઈ. ત્યાં એક છોકરો અગાશીની પાળ પર ચડીને ઊભો હતો. બે માળિયા મકાનની એ અગાશી. છોકરો ઊભો હતો એની સામે સાંકડી ગલી, અને ગલીની સામી બાજુ બીજું બે માળિયું મકાન. એનો રંગ લાલ. એની પણ અગાશી પર નક્કી કોઈ એક જણ હશે જ. જોકે એ દેખાતો નહોતો. પણ એને જ ઉદ્દેશીને પેલો છોકરો બૂમો પાડતો હતો: 'શયતાનસિંહ!'

બૂમ પાડતો હતો, જાણે એ સિનેમાનો 'હીરો' હોય એ ઢબે! બાજુમાંથી જ નિરંજનબાબુ ધીમેથી ગુસપુસ કરતા હોય એમ બોલ્યા: 'ઘોષાલના ઘરનો છોકરો! ભારે ભારાડી! પૂરો બેપાની!'

મારા તો પેટમાં ફાળ પડી! છોકરો જો સમતુલા ગુમાવશે તો ત્રીસ-ચાળીસ ફૂટ નીચે પથ્થરની બાંધેલી ગલી પર પડશે!

'સંતાવાથી હવે ફાયદો નથી! મને ખબર છે તું ક્યાં છે!'—ફરી છોકરાએ પડકાર કર્યો. ફેલુદા પણ અધ્ધરશ્વાસે ઊંચું જોઈ રહ્યો હતો.

'શયતાનસિંહ?—એ તો અક્રૂર નંદીની લખેલી પાંચ ચોપડીઓનો વિલન છે, મોશાય—રહસ્ય રોમાંચ સીરીઝનો વિલન.'

'હું આવું છું તારી પાસે!'—ફરી સાદ સંભળાયો—'તું તારી જાતને મારે હવાલે સોંપી દેવા તૈયાર થઈ જા.'

છોકરો અચાનક અગાશીની પાળ પરથી ઊતરીને ગુમ! હજુ વિચારતો હતો કે હવે શું જોવા મળશે, એવામાં તો એક વાંસડો પીળા મકાનપરની અગાશી પરથી બહાર નીકળી સામેના લાલ મકાનની અગાશી પર જઈ પહોંચ્યો અને એક પુલ તૈયાર થયો! એ વખતે પહેલીવાર ફેલુદાએ મોં ખોલ્યું અને દબાએલા સ્વરે બોલ્યા: 'એનો મતલબ શું છે?'

'શયતાનસિંહ!' ફરી હોકારો ને પડકારો: 'તું દસ ગણીશ એટલામાં હું તારી પાસે આવી પહોંચીશ.'...અને પછી જે બન્યું તેથી અમને બધાને પસીનો છૂટી ગયો! છોકરો પાળ પરથી કૉર્નિસ પર ઊતરી ધડ લઈને વાંસ પકડી શૂન્યમાં—અવકાશમાં લટકી પડ્યો!

'એક...બે...ત્રણ...ચાર...' સામી અગાશી પરથી શયતાનસિંહે ગણવા માંડ્યું હતું ને છોકરો વાંસ પર લટકતો આગળ વધી રહ્યો હતો.

'કંઈક કરો મોશાય, આનું!' નિરંજનબાબુ દબાએલા અવાજે બોલ્યા: 'મારું કૉલિક પેઈન તો ફરી...'

ફેલુદાના જમણા હાથની તર્જની ગોખરુ સાપની ફેણની જેમ કૂદીને હોઠ પર જઈ પહોંચી. અમે બધા રુદ્ધ શ્વાસે આ નાનકડા છોકરાનું દુઃસાહસ જોતા જ રહી ગયા!

'છ...સાત...આઠ...નવ...'—એ નવ બોલાતાંની સાથે તો છોકરો સામી બાજુ પહોંચી જઈ, કૉર્નિસ પર પગ મૂકી, પાળનો ટેકો લઈ, તે કુદાવી લાલ મકાનના છાપરા પર જઈ પહોંચ્યો! એ પછી સંભળાયો એક અજાણ્યા ગળાનો એક વિકટ ચિત્કાર, અને એ સાથે પહેલા છોકરાના કંઠમાંથી નીકળ્યું એક અદ્‌ભુત ઉલ્લાસનું હાસ્ય!

લાલમોહનબાબુ બોલ્યા: 'મારી નાખ્યો કે શું મોશાય?—કમર પર છરા જેવું કંઈક લટકતું તો જોયું હતું.' (અનુસંધાન પૃ. ૧૭૩)

સૂર્ય-પરિવારના ગ્રહો-ઉપગ્રહો ને મધ્યગ્રહો, ધૂમકેતુ અને ખરતા તારા વગેરેની ઓળખ પછી હવે વિશ્વના પરિચયની માળા

વિરાટ વિશ્વ

લેખક - ડૉ. યશવંત ગુ. નાયક


અનાદિ કાળથી મનુષ્ય ગેબી આકાશનું દર્શન કરતો આવ્યો છે. નરી આંખે દેખાતાં તારાનાં ઝૂમખાં, ગ્રહોની ગતિ, ચંદ્રની કળા અને દિવસે સૂર્યનું ભ્રમણ જોઈને કોને કુતૂહલ ન થાય? ખરતા તારા અને ક્વચિત્ દેખાતા ધૂમકેતુનું દર્શન મનુષ્યના મનમાં ભય અને આશંકા પેદા કરતું. સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ પણ કોઈક અનિષ્ટનાં સૂચક લેખાતાં. જૂના જમાનાથી આપણા દેશમાં એવી માન્યતા ચાલી આવતી હતી કે રાહુ અને કેતુ નામના રાક્ષસો કોઈક વાર ચંદ્રને તો કોઈક વાર સૂર્યને થોડા વખત માટે ગળી જાય છે અને તેથી ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણ થાય છે. એટલે સૂર્ય અને ચંદ્રને ગ્રહણમાંથી મુક્તિ અપાવવા લોકો પ્રાર્થના કરતા, અને ગ્રહણમુક્તિ પછી સ્નાન અને દાન કરતા. આજે પણ ઘણા આમ કરે છે. સૂર્ય અને ચંદ્રને દેવના પ્રતીકરૂપે ગણીને તેની પૂજા પણ દુનિયાભરમાં અનાદિકાળથી થતી આવી છે. આકાશમાં દેખાતાં રાશિનાં તારાજૂથો, ગ્રહો અને સૂર્ય-ચંદ્ર મનુષ્યના જીવનક્રમનું નિયંત્રણ કરે છે એ માન્યતા પણ પુરાતન કાળથી પ્રચલિત છે, અને આજે પણ એ દુનિયાભરમાં જ્યોતિષશાસ્ત્રમાં શ્રદ્ધા ધરાવનારા લોકોનો મોટો વર્ગ છે.

આ ગેબી વિશ્વમાં તારા, સૂર્ય, ચંદ્ર અને બીજા પદાર્થોની ગતિ, સ્થિતિ, અંતર વગેરે ઘણા લાંબા કાળથી ભારે કુતૂહલનો વિષય હતાં. લાંબા કાળનાં અવલોકન પરથી તારાઓમાંથી ગ્રહોને ઓળખી તેમની ગતિ, સ્થાન અને અંતર વિષેનું સંશોધન ઘણા સમયથી થતું આવ્યું છે.


બાબિલોન અને ઈજિપ્તમાં ઈ. સ. પૂર્વે ૨૫૦૦ વર્ષ પહેલાં પૃથ્વી ઉપર થતા ઋતુના ફેરફાર અને તેમનો નક્ષત્રો, ગ્રહો, સૂર્ય અને ચંદ્રની ગતિ વચ્ચે રહેલો સંબંધ નક્કી કરવામાં આવ્યો હતો. તેમણે નક્કી કર્યું હતું કે જ્યારે પૂર્વાકાશમાં 'વ્યાધ' (Sirius) તારાનો ઉદય થતો દેખાય ત્યારે નાઈલ નદીમાં પૂર આવે. મધ્ય અમેરિકાના માયા સંસ્કૃતિના લોકો સૂર્યની ગતિ ઉપરથી જમીનને ખેડવાનો સમય નક્કી કરતા હતા, અને ઋતુઓનો નિર્ણય શુક્ર ગ્રહના સ્થાન ઉપરથી કરતા. ભારતમાં ઘણા પુરાતન કાળથી નક્ષત્રો, ગ્રહો અને સૂર્ય-ચંદ્રની ગતિનું અવલોકન થતું આવ્યું છે. યજ્ઞો કે બીજાં શુભ કાર્યની શરૂઆત આકાશી પદાર્થોની કઈ યુતિમાં કરવી તે નક્કી થતું. આ માટે જ્યોતિષશાસ્ત્રનો વિકાસ થયો અને તેમાંથી ખગોળશાસ્ત્રમાં ઘણો મહત્ત્વનો ફાળો મળ્યો. ઈ. સ. ૨૫૦ના અરસાથી ભારતમાં નક્ષત્રો, ગ્રહો ને સૂર્ય-ચંદ્રની ગતિ તથા સ્થાનનો વ્યવસ્થિત અભ્યાસ શરૂ થયો હતો. આકાશી પદાર્થો (સૂર્ય, ચંદ્ર અને મુખ્ય ગ્રહો)ના સંદર્ભમાં અઠવાડિયાંના સાત વારનાં નામ ભારતમાં સૌ પ્રથમ અપાયાં ને તે મિસર તથા ગ્રીસ થઈને યુરોપમાં ફેલાયાં.

આજથી ૧૫૦૦ વર્ષ પહેલાં, એટલે કે પાંચમી સદીના અંતમાં દક્ષિણ ભારતમાં આર્યભટ નામનો એક મહાન જ્યોતિષશાસ્ત્રી થઈ ગયો. એણે ગ્રહોની ગતિનું બારીક અવલોકન કરીને તેમની ગતિ અને સ્થાન નક્કી કરી આધુનિક ખગોળશાસ્ત્રનો પાયો નાખ્યો. ગ્રહો અને પૃથ્વીનાં સૂર્યની આસપાસનાં ભ્રમણો અને સૂર્યમંડળની રચના વિષે એને સ્પષ્ટ જાણકારી હતી. એ આર્યભટનો સમકાલીન વરાહમિહિર નામનો બીજો મહા વિદ્વાન ખગોળશાસ્ત્રી થઈ ગયો. તે ઉજ્જયિનીનો રહેવાસી હતો. એણે ગ્રહોનાં ગણિત ઉપર ઘણો નવીન પ્રકાશ પાડ્યો હતો. ત્યારથી જ ચંદ્રગ્રહણ અને સૂર્યગ્રહણ ક્યારે થશે તેનો સૂક્ષ્મ કાળનિર્ણય ભારતનાં પંચાંગોમાં થતો આવ્યો છે. કોપરનિકસે તો ગ્રહમંડળની રચના અને પૃથ્વી સૂર્યની આસપાસ પ્રદક્ષિણા કરે છે એવો સિદ્ધાંત ૧૫મી સદીના અંતમાં પહેલવહેલો બહાર પાડ્યો હતો, પરંતુ એની યે અગાઉ ૧૦૦૦ વર્ષ પહેલાંથી ભારતમાં ગ્રહોની ગતિ વિષે સ્પષ્ટ જ્ઞાન હતું તેનો પશ્ચિમના ખગોળશાસ્ત્રીઓ પણ સ્વીકાર કરે છે. જયપુરનો મહારાજા જયસિંહ બીજો ખગોળશાસ્ત્રનો ઊંડો અભ્યાસી હતો. એણે ગ્રહો, નક્ષત્રો અને સૂર્ય ચંદ્રનાં અવલોકન કરવા માટે ઈ. ૧૭૨૪માં દિલ્હીમાં એક વેધશાળા બંધાવી હતી. એવી જ બીજી વેધશાળા જય-


▽ જયપુરના મહારાજા જયસિંહ બીજાને ખગોળશાસ્ત્રમાં ઘણો રસ હતો. આકાશનાં નિરીક્ષણો માટે એણે ભારતમાં પાંચ સ્થળે વેધશાળાઓ બંધાવેલી. એમાંની ઈ. ૧૭૩૪માં જયપુરમાં બંધાવેલી વેધશાળા સૌથી મોટી છે ને આજે એ સારી સ્થિતિમાં જળવાએલી છે. નીચે એનું એક દૃશ્ય છે. જમણી બાજુ ઈ. ૧૭૨૪માં એણે દિલ્હીમાં બંધાવેલી વેધશાળાનું દૃશ્ય છે. એમાં ૫૬ ફૂટ ઊંચી સીડી જેવું યંત્ર એ એક વિશાળ ઘડી છે જેનાથી છેક સેકંડ સુધીની ચોકસાઈ સાથે સ્થાનિક સમય જાણી શકાય છે. તેની આગળના ગોળાકાર યંત્રદ્વારા સૂર્ય કઈ રાશિમાં છે તે જાણી શકાય.








△ દૂરની વસ્તુઓ નજીક દેખાય એવું સાધન હાન્સ લિપરશે નામના ડચ ચશ્માં બનાવનારે બનાવ્યાની ખબર ગૅલિલીઓને પડી. એ વિચાર ઝીલી લઈ ગૅલિલીઓએ પણ એ દિશામાં પ્રયોગ કર્યા. એ રીતે એણે ઈ. ૧૬૧૦-માં એક દૂરબીન બનાવ્યું. એનો એ ચોથો નમૂનો હતો. એના વડે દૂરની વસ્તુ ત્રીસગણી નજીક દેખાતી. અકસ્માત જ એણે એ આકાશ સામે માંડયું અને તે દિવસથી ખગોળશાસ્ત્રની ક્ષિતિજો વિસ્તરી ગઈ. આજે યે દુનિયાભરમાં જે વિખ્યાત દૂરબીનો છે એ બધાં જ આકાશદર્શન માટે જ બનેલાં છે. પ્રકાશના વક્રીભવન (રિફ્રૅક્શન) પર આધારિત ગૅલિલી-ઓનાં દૂરબીનો જેવાં દૂરબીનોની શક્તિ વધારવા એને ગંજાવર કદનાં બનાવવાં પડે. આ એક અવરોધક મુદ્દો હતો. ન્યૂટને એનો તોડ આણ્યો. એણે અંતર્ગોળ દર્પણની સહાયથી પ્રકાશના પરાવર્તનના સિદ્ધાંત પર 'રિફ્લેક્ટિંગ' દૂરબીન બનાવ્યું. જોકે એની પહેલાં કાસેગ્રેઈન ને ગ્રેગરીએ પણ આવા પ્રયોગ કરેલા, પણ ન્યૂટનનો નમૂનો વધુ ચોક્સ ને કાર્યક્ષમ હતો. એ સિદ્ધાંત પર રચેલું દુનિયાનું મોટામાં મોટું દૂરબીન માઉન્ટ પાલોમરનું (જમણી બાજુ) હેલે દૂરબીન છે. એની નરી આંખ કરતાં શક્તિ ૬૦૦૦૦૦ ગણી છે. એટલે કે ન્યૂ યૉર્કમાંથી તે કિયોના રાજમહેલના બગીચામાં ઊડતા આગિયાને જોઈ શકાય. મથાળે 'રિફ્રૅક્ટિંગ' અને 'રિફ્લેક્ટિંગ' પ્રકારના દૂરબીનનો સિદ્ધાંત બતાવ્યો છે. એમાં સફેદ પટ એ પ્રકાશ-કિરણો સૂચવે છે.



△ વિસ્કૉન્સિનમાં શિકાગો યુનિવર્સિટીની યર્કસ ઑબ્ઝર્વેટરીનું ૪૦ ઇંચ વ્યાસના કાચવાળું આ દૂરબીન રિફ્રૅક્ટિંગ પ્રકારનાં દૂરબીનોમાં દુનિયાભરમાં મોટામાં મોટું છે. ઈ. ૧૮૯૭માં એ બંધાયું હતું. નરી આંખે દેખાય એ કરતાં આ દૂરબીન દ્વારા ૪૦,૦૦૦ ગણું વધારે જોઈ શકાય એટલું એ શક્તિશાળી છે.



પુરમાં ઈ. ૧૭૩૪માં એણે બાંધી. આ વેધશાળાઓ આજે પણ અસ્તિ-ત્વમાં છે અને જ્ઞાનનો પરચો આપે છે. નરી આંખે જોઈને આકાશદર્શન કરવાની આ વેધશાળાઓ ખરેખર આશ્ચર્યજનક છે. બીજી બે નાની વેધ-શાળાઓ વારાણસી અને આગ્રામાં બંધાવી હતી. પાંચમી વેધશાળા ઉજ્જૈનમાં અધૂરી રહી હતી. આમ, ભારતના ખગોળશાસ્ત્રના વિકાસ-માં સાતમી સદીના ગુજરાતના બ્રહ્મગુપ્ત, ૧૨મી સદીના ભાસ્કરાચાર્ય, ૧૬મી સદીના ગણેશ દૈવરી ને છેલ્લે ૧૮મી સદીના રાજા જયસિંહનો ઘણો ફાળો છે. ચંદ્રની ગતિ ઉપરથી રચાએલાં હિંદુ પંચાંગોનો સૂર્યની ફરતે પૃથ્વીના ભ્રમણ ઉપરથી રચાએલાં પંચાંગો સાથે અને ઋતુઓ સાથે મેળ પાડવાની કુશળતા પણ હિંદુ જ્યોતિષશાસ્ત્રીઓએ બહુ સફળતાથી પાર પાડી હતી. આ પંચાંગોની રચના અને સૂર્ય તથા ચંદ્રનાં ગ્રહણોની આગાહીઓ માટે હિંદુ જ્યોતિષશાસ્ત્રીઓને ગ્રહોની ગતિનું બહુ સચોટ જ્ઞાન હતું તે નિર્વિવાદ છે.*

ગૅલિલીઓએ ઈ. ૧૬૧૦માં સૌ પ્રથમ દૂરબીનથી આકાશદર્શનની શરૂઆત કરી ખગોળવિદ્યામાં નવી ક્રાંતિ આણી. તેણે ગુરુના ચાર ઉપ-ગ્રહો જોયા અને ચંદ્રના જેવી શુક્રની કળાનું પણ દર્શન કર્યું. આમ, કોપર-નિકસે ઈ. ૧૫૪૩માં રજૂ કરેલા સૂર્યમંડળના વાદને ગૅલિલીઓએ પૂર્તિ આપી. યુરોપમાં આ સૂર્યની ફરતે પૃથ્વી તથા ગ્રહો જુદીજુદી કક્ષામાં ભ્રમણ કરે છે તેવા કોપરનિકસના વાદ સામે એ કાળના ધર્માંધ લોકોએ અને ખાસ કરીને પાદરીઓએ મોટી જેહાદ ઉપાડી હતી. પૃથ્વી કેન્દ્રમાં છે અને સૂર્ય, ચંદ્ર, ગ્રહો અને તારા તેની આસપાસ ભ્રમણ કરે છે તેવા ઈ. સ. પૂર્વે ૧૫૦ વર્ષ પહેલાંના હિમાર્કસના વાદને ધર્મગ્રંથોએ સ્વીકાર્યો હતો અને તેથી એને ખંડિત કરનાર કોપરનિકસના વાદ સામે ભારે ઊ-હાપોહ થયો. ગૅલિલીઓને પણ આને કારણે કારાવાસમાં જવું પડયું હતું અને વધસ્તંભ ઉપર મરવામાંથી માંડ બચ્યો હતો.

પરંતુ વિજ્ઞાનનો વિકાસ થવા માંડતાં થોડાં જ વર્ષોમાં ધર્મગુરુ-ઓનો આવી બાબતો અંગેનો પ્રભાવ ઓછો થવા લાગ્યો. ટાઇકો બ્રાહે-એ કરેલાં ગ્રહોનાં અવલોકનો ઉપરથી તેમની ગતિ સંબંધી કેપ્લરે ત્રણ પાયાના નિયમોની શોધ કરી. કેપ્લરે એ પણ સાબિત કર્યું કે ગ્રહો સં-પૂર્ણ વર્તુલમાં ફરતા નથી, પરંતુ તેમની કક્ષાઓ વત્તેઓછે અંશે લંબ-વર્તુલ હોય છે. કેપ્લરના ગ્રહોની ગતિના ત્રણ જાણીતા નિયમો ન્યૂટનની ગુરુત્વાકર્ષણની શોધ માટે આધારરૂપ બન્યા. ન્યૂટને સૂર્યના આકર્ષણથી ગ્રહો કેવી રીતે પોતાની કક્ષામાં સમતોલ રહી ભ્રમણ કરે છે તેનો નિયમ પ્રતિપાદિત કર્યો. દરેક ગ્રહના ઉપર સૂર્યના ગુરુત્વાકર્ષણનું જેટલું કેન્દ્ર-

* ભારતમાં ખગોળશાસ્ત્રની વધુ વિગતોવાળો ટૂંક ઇતિહાસ ડૉ. છોટુ-ભાઈ સુથારના પુસ્તક 'બ્રહ્માંડ દર્શન'માં પા. ૧૫૪થી ૧૫૬ માંથી મળશે.

ગામી બળ લાગે છે તેટલું જ ગ્રહોની ગતિને કારણે કેન્દ્રત્યાગી બળ પણ તેના ઉપર અસર કરે છે. આ બે બળો સામસામાં અને સરખાં થવાથી ગ્રહો તેની નિયત કક્ષામાં જ ભ્રમણ કરતા રહે છે. આ ગુરુત્વાકર્ષણનો નિયમ માત્ર સૂર્યમંડળને જ નહિ પરંતુ સમગ્ર વિશ્વના બધા જ દ્રવ્યને લાગુ પડે છે તેવું ન્યૂટને જણાવ્યું.


ગૅલિલીઓના દૂરબીન પછી તો કાળાનુક્રમે વધુ મોટા કાચવાળાં દૂરબીનોથી આકાશદર્શનમાં ઘણો વેગ આવ્યો. આમ છતાં દૂરબીનના કાચ મોટા કરવાથી આકાશદર્શનમાં વધુ ને વધુ ઊંડાણના તારાઓનાં અવલોકન કરવાની આશામાં એક મોટી રુકાવટ પણ આવી. આ રુકાવટનું કારણ કાચના લૅન્સમાંથી પસાર થતાં કિરણોનું જુદા જુદા રંગોમાં થતું વિભાજન હતું. તેમાં જાણવા મળ્યું કે જેમ કાચ મોટો થતો તેમ ગ્રહો અને તારાનાં પ્રતિબિંબો વધુ ને વધુ અસ્પષ્ટ બનતાં હતાં. તેમનાં તેજમાંથી જાંબલી કિરણો લૅન્સની નજીક કેન્દ્રિત થતાં હતાં જ્યારે લાલ રંગનાં કિરણો લૅન્સથી સહેજ દૂર કેન્દ્રિત થતાં હતાં. આ મુસીબત દૂર કરવા મોટી ફોકસ-લૅન્ગ્થ (કેન્દ્રલંબાઈ)વાળા લૅન્સ વાપરવા શરૂ કર્યા કારણ કે એમાં લાલ અને જાંબલી રંગનાં કિરણોની પથચ્યુતિ પ્રમાણમાં ઓછી જણાતી હતી. હર્વિલિયસ નામના એક ખગોળશાસ્ત્રી (૧૬૧૧-૧૬૮૭)એ ૧૫૦ ફૂટ લાંબા દૂરબીન વડે ચંદ્રની સપાટીનું અવલોકન કરી નકશાઓ બનાવ્યા. ક્રિશ્ચિયન હાઇગેન્સે (૧૬૨૯-૧૬૯૫) એનાથી પણ લાંબું ૨૧૦ ફૂટનું દૂરબીન વાપરી આકાશદર્શન કર્યું. શનિની મેખલાની પ્રથમ શોધ આ હાઇગેન્સે કરી હતી. લોલકને આધારે ચાલતું ઘડિયાળ પણ એણે પહેલવહેલું તૈયાર કર્યું હતું. આવાં બારથી પંદર માળી મકાનો જેટલાં ગંજાવર દૂરબીનોને હેરવવાં ફેરવવાં બહુ મુશ્કેલ પડે એ સ્વાભાવિક છે. પરાવર્તનના સિદ્ધાંતના આધારે ન્યૂટને અંતર્ગોળ અને બાહ્યગોળ દર્પણને સંયોજી રિફ્લેક્ટિંગ દૂરબીન બનાવીને દૂરબીનનું કદ ઘટાડવાની દિશામાં એક મોટું કાર્ય કર્યું. આજકાલ મોટી 'વેધશાળાઓમાં હવે એવાં જ દૂરબીનો વપરાય છે. જો કે ન્યૂટનના પછીના સમયમાં લૅન્સની રચનામાં બે કે ત્રણ લૅન્સ વાપરી આકાશી પદાર્થોની સ્પષ્ટ છબી મેળવી શકાય તેવાં દૂરબીનોની રચના થઈ ખરી, પરંતુ તેનો વેધ (લૅન્સનો વ્યાસ) જેમ મોટો થાય તેમ પેલી ખામી વત્તેઓછે અંશે માલૂમ તો પડે જ છે. આવું મોટામાં મોટું દૂરબીન અમેરિકાના વિસ્કોન્સિન રાજ્યમાં 'વિલિયમ્સ બે' શહેરની 'યર્કસ વેધશાળા'માં છે. એના લૅન્સનો વ્યાસ ૪૦ ઇંચ છે અને ૬૩ ફૂટ લાંબી નળીમાં આવા બે લૅન્સ મૂકેલા છે. લૅન્સનાં દૂરબીનો ખાસ કરીને તારા અને નિહારિકાઓનાં અંતરનું ચોકસાઈથી માપ કાઢવામાં ઉપયોગી બને છે. આવાં કાચનાં દૂરબીનો વડે નજીકના તારા, ધૂમકેતુ ને કેટલીક નજીકની નિહારિકાઓનું દર્શન સારી રીતે થઈ શકે છે, પરંતુ વિરાટ વિશ્વના અફાટ અંતરને ભેદીને આકાશી પદાર્થોનું અવલોકન મોટે ભાગે પરાવર્તક દૂરબીનો વડે જ કરવામાં આવે છે.

આવાં પરાવર્તક દૂરબીનોમાં માઉન્ટ વિલ્સનનું ૧૦૦ ઇંચ વ્યાસના કાચવાળું દૂરબીન બીજા વિશ્વયુદ્ધના અંત સમય સુધી સૌથી મોટું દૂરબીન હતું. ઈ. ૧૯૪૮માં કૅલિફોર્નિયામાં આવેલા માઉન્ટ પાલોમર ખાતે ૨૦૦ ઇંચ વ્યાસનું દૂરબીન ઊભું થયું. ઈ. ૧૯૩૪માં હેડન નામના ખગોળશાસ્ત્રીએ આ દૂરબીનની યોજના વિચારી હતી અને તેને માટે જોઈતાં નાણાં સરકારી મદદ તથા મોટાં દાનમાંથી મેળવ્યાં હતાં. એનો મુખ્ય અંતર્ગોળ અરીસો ૨૦ ટન કાચનો બનેલો છે. એના કાચને ઠંડો પાડતાં એક વર્ષ લાગ્યું હતું. એ કાચની સપાટીને ઘસીને અંતર્ગોળ અને સુરેખ બનાવતાં અને તેને પૉલિશ કરતાં ખાસ્સાં ૧૧ વર્ષ લાગ્યાં હતાં. આ ઘસીને પૉલિશ કરવામાં એની સપાટી ઉપરથી પાંચ ટન કાચને ઘસી નાખવામાં આવ્યો હતો. અનેક ખગોળશાસ્ત્રીઓએ જેમ બને તેમ જલ્દી આ કાચને પાસેડેના માઉન્ટ પાલોમર ઉપર સ્થાપિત કરવા દબાણ કરતા રહ્યા. એ દરમિયાન હેઈલનું મૃત્યુ થયું. અને તેનું કાર્ય ઍન્ડરસન નામના એના પછીના ડિરેક્ટરે ચાલુ રાખ્યું અને ઉતાવળ ન કરતાં કાચની સપાટીનો એકેએક ભાગ અત્યંત બારીકાઈથી ઘસીને ઓપ આપ્યો. ત્યાર પછી આ કાચને અરીસો બનાવવા માટે તેના ઉપર ઍલ્યુમિનિયમનો એકસરખી જાડાઈનો ઢોળ ચઢાવતાં બીજા છ માસ ગયા. સામાન્ય દર્પણમાં કાચની પાછળની બાજુએ ઢોળ આપવામાં આવે છે, પરતુ આ દૂરબીનના કાચમાં વક્રીભવનની અસર ન થાય અને ૯૯ ટકા પ્રકાશ પરાવર્તિત થાય તે માટે ઉપલી સપાટી પર ઢોળ ચડાવાય છે. આ કાચને લઈ જતાં માર્ગમાં પહાડનો એક ઘુમટો સાંકડો પડતાં તેને પહોળો કરી માઉન્ટ પાલોમર ખાતે પહોંચાડતાં બીજા છ માસનો વિલંબ થયો. છેવટે ૧૯૪૭માં આ સૌથી મોટું દૂરબીન તૈયાર થયું અને અવકાશપ્રતિની દૃષ્ટિમર્યાદામાં ૪ ગણો વધારો થયો. (ચાલુ)

શતરંજના કોયડાઓ. . . . . સુરેશ મોદી

જે કોયડામાં તેના મધ્યવર્તી વિચાર (Theme)નો શક્ય તેટલો વધુ રીતે ઉપયોગ થયો હોય કે અમુક અગત્યનાં મહોરાંની શક્ય તેટલી વધુ ચાલ ઉકેલમાં વપરાતી હોય તેને Task problem કહે છે. દા. ત.: પ્યાદું પોતાની મૂળ જગ્યાએ હોય તો વધુમાં વધુ ચાર રીતે ચાલી શકે—એક ખાનું આગળ, બે ખાનાં આગળ ને બન્ને તરફ વિપક્ષી મહોરાંને મારીને. જો કોયડાના વિકલ્પો એક જ પ્યાદાની આ ચારેય ચાલનો ઉપયોગ થતો હોય તો તે Task સંપૂર્ણ થયું કહેવાય. ઘોડો પોતાની જગ્યાએથી વધુમાં વધુ આઠ જગ્યાએ ચાલી શકે: જો કોઈ કોયડામાં ઘોડાની આઠેય ચાલ (પૂરું Knight-Wheel) દર્શાવાઈ હોય તો તે પણ સંપૂર્ણ

W. H. Reilly



આકૃતિમાં ઊંધા મૂકેલા ઘોડા 'નાઈટરાઈડર' છે.

Task થયું કહેવાય. જો રાજા બોર્ડની વચ્ચે હોય તો આઠ જુદાંજુદાં ખાનાં પરથી ઘોડાની શેહ કે મ્હાત શક્ય બને. જો બે જ ઘોડા હોય તો તે આઠમાંથી ચાર જ ખાનાં પરથી મ્હાત આપી શકે. Nightrider વધુમાં વધુ ૧૨ ખાનાં પરથી રાજાને શેહ કે મ્હાત આપી શકે. W. H. Reillyના આ સુંદર કોયડામાં પાંચ સફેદ Nightrider વાપરી શક્ય બારેબાર ખાનાં પરથી મ્હાત દર્શાવાય છે. આ રીતે Task સંપૂર્ણ થાય છે અને બહુ જ રસમય Task problem આપણને જોવા મળે છે.

આટલા વિવેચન પછી વાચકોને કદાચ ઉકેલ જોવાની જરૂર નહિ રહે એવી આશા છે.


(ઉકેલ જુઓ પૃષ્ઠ ૧૮૧)

કલાવાર્તા

કનુ દેસાઈ
કલાસાધનાની સુવર્ણજયંતી

▷ ઈ. ૧૯૨૩માં (સ્કેચ: ર.મ રા.) અને આજે





કનુ દેસાઈનું નામ ગુજરાતમાં તો બિલકુલ અજાણ્યું નથી. કલાક્ષેત્રે એમણે ગુજરાતને એક અનોખી શાન બક્ષીને દેશભરમાં અને પરદેશમાં યે નામના મેળવી છે. થોડા સમય પહેલાં મુંબાઈમાં એમની દોઢસો જેટલી કૃતિઓ પ્રદર્શિત થઈ હતી. યુવાનીની તાજગીભરી એ કલાકૃતિઓમાં એમની પૂરાં પચાસ વર્ષની એકસુત્ર દીર્ઘ કલાસાધનાનો પરિપાક પ્રકટ થતો હતો. એમની કલાના વ્યાપ અને વૈવિધ્યથી તો દેશ સમગ્ર પરિચિત છે. ગ્રંથઆવરણો, કથાચિત્રો, વિવિધતાપૂર્ણ અક્ષરાલેખનો, મનોહર ચિત્રસંપુટો તથા અનેક ફિલ્મોનાં કલાનિદર્શનોને પડછે એમણે કરેલી સંખ્યાબંધ શોભનરચનાઓ, એમનો સંગીતપ્રેમ અને નાટચરસ વગેરે ભલે ઢંકાઈ રહ્યાં, પણ પરિચિત જનોમાં જેમ એમનું છબીલું વ્યક્તિત્વ તેમ ગુજરાતના લગભગ ઘરેઘરમાં એમની કલાનો સીધો કે આડકતરો ઓછોવત્તો પ્રભાવ રહ્યો છે. આયુષ્યના સાત દાયકાને આરે પહોંચ્યા છતાં આજે યે કલાની એમની સેવા અને સાધના હજી જારી રહી છે, તાજી રહી છે. અહીં એમના એ સદાબહાર પુરુષાર્થ પર એક દૃષ્ટિપાત કરીએ :

આ સદીની શરૂઆતના દસકાઓનું અમદાવાદ. સાંકડી શેરીઓ ને ડેલીબંધ પોળો. પાઘડી પહેરનારા ને ડમણિયામાં ફરતા એના નાગરિકો. ટાંકાંનાં પાણી પીએ નેસાબરમતીએ કપડાં ધૂએ. આજે માનવ કીડિયારાથી ઊભરાતા પાનકોરનાકા સામે ત્યારે એક ગરનાળું હતું. કાળુપુરમાંથી આવતાં ચોમાસાનાં પાણી કંદોઈ ઓળની દુકાનના ઊંચા ઓટલા પલાળી, પાનકોર નાકા તરફ ઊતરી, ઢાલગરવાડમાં થઈને સાબરમતીમાં ઠલવાતાં.. આ બધાંની વચ્ચે માત્ર થોડી મિલોનાં ભૂંગળાંએ જ માથાં કાઢચાં હતાં. વાહનવહેવારમાં બહુબહુ તો ઘોડાગાડી. એમાં યે સર ચીનુભાઈની ગાડી તો ગામનું એક ખાસ જોણું ગણાતી. ગામમાં ક્યાંય આગ લાગતી ત્યારે તતુડું વાગતું ને ઘોડા જોડેલો બંબો ખડક ખડક ત્યાં દોડી જતો. આવું એ અમદાવાદ હતું ત્યારે ભરૂચના દીવા ગામથી નમાયો થઈ એક બાળક અહીં મોસાળમાં મામા જયંતીલાલ નરભેરામ ઠાકોરને ત્યાં આવ્યો.

[illegible]ક્ષત્રિય જ્ઞાતિમાં ૧૯૦૭ની ૧૨મી માર્ચે આ અમદાવાદમાં જ એનો જન્મ થએલો. પિતા હકુમતરાય હરિનાથ દેસાઈને ભરૂચ તરફ એક નાની દેસાઈગીરી હતી. સરકારી કોર્ટમાં એ હેડ કલાર્કનું કામ કરતા. માતા હીરાબેન અમદાવાદના જાણીતા મહાસભાવાદી નેતા સ્વ. બલવંતરાય પરમોદરાય ઠાકોરનાં ભાણેજ. એમનાં ચાર સંતાનોમાં એક તે ભાંડુઓ સાથે મામાને આશરે આવેલો કનુ—આગળ જતાં પોતાની આગવી કલા વડે ગુજરાતના સીમાડા વટાવી છેક દરિયાપાર સુધી ખ્યાત બની ગએલા કલાકાર કનુ દેસાઈ. 'કલાકાર' શબ્દ સમાજમાં પ્રતિષ્ઠા પામ્યો એ અગાઉના એના બચપણમાં તો ચીતરવાનો નાદએ ખુવારીનો માર્ગ ગણાતો. મામા તેને એ માર્ગે કેમ જવા દે ? એટલે નાનો કનુ મોડી રાત્રે માકડ મારવાને બહાને બત્તી પેટાવી, મામાને ખબર ન પડે એમ, સિનેમાનાં પોસ્ટર અને જાહેરખબરોનાં ચિતરામણની નકલો કરીને ચીતરવાની પોતાની ચેળ ભાંગતો ને દિવસે પ્રોપ્રાએટરી હાઈસ્કૂલમાં ભણતો. એવામાં અસહકારનો યુગ મંડાયો. મામાના મામા સ્વ. બલવંતરાય ઠાકોર પણ એમાં અગ્રણી, એટલે સ્વાભાવિક જ કનુની ગતિ રાષ્ટ્રીય શિક્ષણ અને સંસ્કાર તરફ વળી.

આ જ અરસામાં ગુજરાતમાં એક નવો પ્રભાવ પણ પાંગરી રહ્યો હતો. સામાન્ય જનસમાજમાં રાજા રવિવર્માનાં ચિત્રો દ્વારા આરંભાએલો ચિત્રપ્રેમ લોકોનાં ઘર સુધી પહોંચવા લાગ્યો હતો. બીજી બાજુ દૂર બંગાળામાં ટાગોર કુટુંબે પ્રકટાવેલી કલાની ભારતીય સ્પર્શવાળી અસ્મિતા ગુજરાતમાં પ્રકટી ન હતી, પણ એ ભાવિમાં પ્રકટાવનાર પુરોધા રવિશંકર રાવળ મુંબાઈથી આવીને અમદાવાદમાં સ્થિર થતા આવતા હતા. કલાક્ષેત્રે એમનું સ્થાન અને એમની કલાપ્રવૃત્તિઓની ધીરી ધીરી પણ ચોક્કસ જમાવટ થવા માંડી હતી. ગુજરાત વિદ્યાપીઠમાં ભણતો કનુ કસરત કરવા ઘર નજીકના સારંગપુર અખાડામાં જાય. ત્યાં એને ખબર પડી કે રવિભાઈ, આજે જ્યાં 'કુમાર કાર્યાલય' છે તેની સામેની બહુઆની પોળમાં પોતાને ઘેર વિદ્યાર્થીઓને ચિત્રકામ શીખવે છે. કનુ પોતે કરેલી નકલો અને બીજાં ચિત્રો લઈ મામાની છાનો એક સંધ્યાકાળે એમને મળ્યા. ઈ. ૧૯૨૨ની ૯મી જૂનનો એ દિવસ. રવિભાઈએ કનુની મહેનત અને ઉત્કંઠા પરખી લીધી અને એનો ઉમંગ વધાર્યો. પછી તો કનૈયો એ ઘરના એક માણસ સમો બની ગયો. વિદ્યાપીઠના વર્ગ ભરવા ઉપરાંતનો એનો મોટા ભાગનો સમય રવિભાઈને ત્યાં જ વીતવા લાગ્યો. પોતાની સ્કેચ બુકનાં પાનાં ઊભરાવતાં ચિત્રો પર સુધારા ને સૂચનો મેળવતાં મેળવતાં એ ચિત્રકળાના અનેક પાઠ પામ્યો. તે પછી નકલોમાંથી નીકળી મૌલિકતામાં એનો હાથ ઘડાવા માંડયો અને ચિત્રકળામાં એનું આગવું હીર પ્રકટવા લાગ્યું. વિદ્યાપીઠના ઉત્સવોમાં પ્રકટી ઊઠતી એની કલાની ફોરમ જોઈ આચાર્ય કૃપાલાણીએ એને શાંતિનિકેતન જઈ ત્યાં નંદલાલ બોઝ પાસે કલાની સાધના કરવા જવા સૂચવ્યું.

પણ પૈસા ક્યાં ? કૃપાલાણીજીએ વિદ્યાપીઠ તરફથી શિષ્યવૃત્તિની વ્યવસ્થા કરી આપી અને રવિભાઈની તાલીમ તથા આશીર્વાદના ભાથા સાથે કનુ દેસાઈ કલકત્તા ઊપડથા. ત્યાં 'નવચેતન'ના તંત્રી સ્વ. ચાંપશીભાઈ એમને હાવડા સ્ટેશનેથી પોતાને ત્યાં લઈ ગયા. પોતાના સામયિક માટે કરાવેલાં ચિત્રો દ્વારા તેઓ કનુભાઈથી પરિચિત હતા. ભારતીય કલામાં નવજાગ્રતિ આણનાર કલાકાર અવનીન્દ્રનાથ ટાગોર સાથે એમણે કનુભાઈની મુલાકાત કરાવી આપી. નંદબાબુ પણ ત્યાં હાજર હતા. કનુભાઈને એમણે આવકાર્યા. ગુરુચેલાનું એ પ્રથમ મિલન હતું. શાંતિનિકેતન પહોંચી કનુભાઈએ વિદ્યાપીઠમાંથી મળેલી ભલામણચિઠ્ઠી ગુરુદેવ ટાગોરને આપી અને ગાંધીજીની વિદ્યાપીઠના

આ વિદ્યાર્થી 'કન્હાઈ'ને એમણે વધાવી લીધો.

બે વર્ષના ત્યાંના વાસ દરમિયાન તો ચિત્રકળા ઉપરાંત કનુભાઈએ ભારતીય સંસ્કૃતિનાં વિવિધ પાસાંના અનેક સંસ્કાર પચાવ્યા. પ્રત્યેક વસ્તુ અને સર્જનમાં ભારતીય સ્પર્શ અને કલામયતા દાખવવાની એમની વિશિષ્ટ દૃષ્ટિ અહીં કૉળી અને પાંગરી. પોતાની આકાંક્ષાઓને મુક્તપણે વિસ્તારવાની તક અને ભૂમિકા એમને અહીં સાંપડી અને એનો એમણે પૂરેપૂરો લાભ લઈ જીવનભાથું એકઠું કરવા માંડ્યું. રંગ-પીંછીઓ, કાગળ ને અન્ય આવશ્યક ખર્ચને પહોંચી વળવા માટે વિદ્યાપીઠની શિષ્યવૃત્તિ કે ચાંપશીભાઈની અવારનવારની સહાય પૂરી પડે તેમ નહોતી; એટલે ન્યૂનતમ પરિગ્રહ સાથે એક ટંક જમવાનું ટાળીને પણ એમણે પોતાની સાધના ટકાવી રાખી સૌનો પ્રેમ પણ સંપાદિત કર્યો. અહીં ચિત્રકળા ઉપરાંત સંગીત, નૃત્ય તથા નાટક વગેરેમાં પણ એમની અભિરુચિ ને દૃષ્ટિ કેળવાયાં. આગળ જતાં એમણે એને ગુજરાતમાં પણ અજમાવ્યાં.

અમદાવાદ આવીને પૂર્વશરત પ્રમાણે એમણે ત્રણ વર્ષ સુધી ગુજરાત વિદ્યાપીઠમાં સેવા આપી. દરમિયાન જે શૈલીથી 'કુમાર' દ્વારા પ્રસિદ્ધિના ક્ષેત્રમાં પહેલી પગલી પાડી હતી તેનો પ્રથમ સંગ્રહ–ને એમનો પ્રથમ સંપુટ 'સત્તર છાયાચિત્રો' ઈ. ૧૯૨૯માં પ્રકટ કર્યો. કલારસિકોમાં એને ઘણો સારો આવકાર મળ્યો.

બીજે જ વર્ષે ગાંધીજીએ ૧૨મી માર્ચે—જોગાનુજોગ કનુ દેસાઈના જન્મ દિવસે—દાંડીયાત્રાની શરૂઆત કરી. કનુભાઈ એ યાત્રાને ચિત્રાંકિત કરવા એમાં જોડાયા. પણ પોલીસે એમને પકડયા અને માર મારીને પાસે જે કંઈ હતું તે આંચકી લઈ છોડી મૂકયા. એ ચિત્રનોંધો તો ગઈ પણ એની સ્મૃતિ પરથી કનુભાઈએ 'ભારત પુણ્યપ્રવાસ' નામે દાંડીયાત્રાનો એક ચિત્રસંપુટ પ્રકટ કર્યો. સરકારે એ પણ જપ્ત કર્યો. આ સંપુટ પર એમણે એ સમયે અશોક સ્તંભના ત્રણ સિંહોનું એક સંજ્ઞાચિત્ર મૂકયું હતું. સત્તર વર્ષ પછી સ્વતંત્ર ભારતની સરકારે એ જ સ્તંભ પર રાષ્ટ્રીય સંજ્ઞા તૈયાર કરી. આ એક યોગાનુયોગ હોઈ શકે, પણ રાષ્ટ્રસંજ્ઞા તરીકે તે સમયે કનુભાઈએ કરેલી પસંદગી પાછળની એમની કલ્પના અને સૂઝમાં ભારતીયતાનું કેવું અખિલપણું હતું એ કલ્પી શકાય છે.

ગાંધીજીને અને સ્વાતંત્ર્ય માટે લડતા દેશના પ્રયાસો દ્વારા રચાતા ઇતિહાસને કદાચ દેશભરમાં એકમાત્ર કનુભાઈએ જ વ્યાપક રૂપે ચિત્રાંકિત કર્યો છે. પોતાની પીંછી દ્વારા એમણે આ એક મોટી દેશસેવા કરી છે. ત્યારના ગાંધીજીના એક અંતેવાસી જેવા વેરીઅર એલ્વિનની પ્રસ્તાવના સાથે લંડનની એક પ્રકાશન સંસ્થાએ ઈ. ૧૯૩૧માં 'મહાત્મા ગાંધી' નામે એમનાં ચિત્રો પ્રકટ કરેલાં. પછી તો હિંદમાં પણ એની આવૃત્તિઓ પ્રકટ થએલી.

ચિત્રકામની લગની, રવિભાઈએ આપેલી તાલીમ, વિદ્યાપીઠનું શિક્ષણ અને ગાંધીજીના નેતૃત્વમાં પ્રકટેલી રાષ્ટ્રીય જાગ્રતિના પ્રભાવ તળે એમણે કરેલી કલાસાધનાનો પરિપાક એ ગુજરાતનું એક ગૌરવ છે. વિદ્યાપીઠના છાત્ર તરીકે એમણે અપનાવેલી ખાદી આજે યે એમના અંગ પરથી ખસી નથી. એમની વેષછટા પણ વર્ષોથી એકધારી રહી છે. કછોટો મારેલા ધોતિયા પર રેશમી ખાદીનો ઝભ્ભો, કવચિત્ તેના પર બંડી ને માથે બંકી ખાદીની ટોપીમાં થોડું વરણાગીપણું પણ લાગે, પણ હકીકતે એ એમની સફાઈદાર છટા ને એમના આગવા વ્યક્તિત્વનાં ઘોતક છે.

ઈ. ૧૯૩૩માં એમણે (કર્વે કૉલેજમાં ચિત્રશિક્ષણ આપવા જતા હતા ત્યાંનાં એક વિદ્યાર્થિની નાગર કન્યા) ભદ્રાબહેન સાથે લગ્ન કર્યું. આ આંતરજ્ઞાતીય લગ્ન એકસુધારકને છાજે એવું હતું. ધૃષ્ટતા કે ધાંધલની એમાં છાંટ પણ નહોતી. ભદ્રાબહેન પોતે પણ ચિત્રકાર હતાં. પણ લગ્ન બાદ એમણે પોતાની બધી કલાભાવના ગૃહસંસારને શોભાવવામાં પ્રયોજી દીધી. પતિની પ્રસિદ્ધિ ને યશને એમણે મૌન ભાવે વધાવી લઈ એની અનુકૂળતા સાચવવા પાછળ પોતાના વ્યક્તિત્વને દૂધમાં સાકરની પેઠે ઓગાળી દીધું. કનુભાઈના અમદાવાદના નિવાસસ્થાન 'દીપિકા' અને મુંબાઈના 'પંકજ'ના ગૃહશોભનમાં ભદ્રાબહેનની કલાસૂઝની પ્રતીતિ થાય છે. કનુભાઈના કલાયશની પાછળ ભદ્રાબહેનનું પ્રેરણાબળ પણ પૂરું યશપાત્ર છે.

ઈ. ૧૯૩૮માં કનુભાઈને એમની કલાપ્રવૃત્તિ માટે ગુજરાત સાહિત્ય સભાનો રણજિતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો. રવિશંકર રાવળ ને નંદબાબુ સાથે હરિપુરા કૉંગ્રેસનું શોભનકાર્ય એમને પણ સોંપાયું. આ જ અરસામાં પ્રકાશ પિક્ચર્સ દ્વારા સ્વ. રમણલાલ વ. દેસાઈની નવલકથા પરથી તૈયાર થતા ચિત્રપટ 'પૂર્ણિમા'નું કલાનિદર્શન કરવાનું આમંત્રણ એમને મળ્યું. કનુભાઈમાં આ માટે પૂરતી સૂઝ હતી, પણ ફિલ્મ-ઉદ્યોગમાં આ કાર્યનું એ સમયે ખાસ મહત્ત્વ ન હતું. કનુભાઇએ મળેલી તક દ્વારા જે સિદ્ધ કરી બતાવ્યું તેની પ્રશંસા ગુજરાતના સીમાડા વળોટી ગઈ. પછી તો 'ભરત મિલાપ', 'રામરાજ્ય' વગેરે અનેક ફિલ્મોમાં એમણે કલા-દિગ્દર્શન કર્યું. એમના આ કામથી પ્રભાવિત થઈ ભારતખ્યાત સ્વરકિન્નરી એમ. એસ. શુભલક્ષ્મીની 'મીરા'નું કલાનિર્દેશન પણ એમને સોંપાયું અને દક્ષિણ ભારતમાં પણ કનુભાઈ વિખ્યાત થઈ ગયા. ત્યાંના 'કલ્કિ' સામયિકના ખાસ અંકોમાં કનુભાઈનાં ચિત્રો પણ પ્રકટ થવા લાગ્યાં.

કનુભાઈએ પોતે પણ એક ફિલ્મ–'ગીતગોવિંદ' બનાવી. પણ ઉદયશંકરની ફિલ્મ 'કલ્પના'ના જે હાલ થએલા એવા જ આ 'ગીતગોવિંદ'ના પણ થયા. સામાન્ય જનસમાજને માટે આ બંને ચિત્રો પાછળની કલાભાવના પચાવવી–પરખવી એ સમયે મુશ્કેલ હતી. ઈ. ૧૯૫૩માં સુખ્યાત દિગ્દર્શક વી. શાંતારામે પોતાના પ્રથમ રંગીન ચિત્ર 'ઝનક ઝનક પાયલ બાજે'નું કલાદિગ્દર્શન કનુભાઇને સોંપ્યું. રંગીન ફિલ્મ હોઈ આ એક આહ્વાન હતું—અને એક અનેરી તક પણ. એ ઝડપી લઇને ફિલ્મમાં રજૂ થતી નાનામાં નાની ચીજથી માંડી ભવ્ય સેટરચના સુધીમાં એમણે જે કલા પાથરી તેનાથી પ્રભાવિત થઈ શાંતારામે એમનાં બીજાં ચિત્રોની કલા પણ એમને જ સોંપી અને એના પરિણામના તો આપણે ઘણા સાક્ષી છીએ. આ કાર્યોએ કનુભાઈને મુંબાઈવાસી બનાવી દીધા.

બીજી બાજુ એમનું ચિત્રસર્જન પણ ચાલુ જ રહ્યું—જે હજી યે જારી છે. એમના અનેક ચિત્રસંપુટો ગુજરાતના ઘેર ઘેર પહોંચી ગયા. એમનાં ગ્રંથઆવરણો ને કથાચિત્રોએ તો ગ્રંથજગતમાં એક અનોખું આકર્ષણ જગાડયું. રોજના બાર-ચૌદ કલાકની એમની સતત કલાપ્રવૃત્તિનો પ્રવાહ અનેક દિશામાં વહેતો રહી લોકોની કલારુચિને પોષતો રહ્યો. પણ ૧૯૫૯માં એમાં ખટકો આવ્યો. ભદ્રાબહેનનું નિધન થયું. બે પુત્ર–કિરીટ ને કાર્તિક સાથે કનુભાઈના શાંત સુખી જીવનમાં દુ:ખનાં વમળ પસરી ગયાં. આ ઘા કારમો હતો, પણ ધીરેધીરે કનુભાઈએ ધૈર્યથી એ જીરવી લીધો. સતત કાર્યરતતામાં એમણે આશ્વાસન ખોળી લીધું.

ગુજરાતનું અલગ રાજ્ય રચાયું તે પછી ભાવનગરમાં કૉંગ્રેસનું અધિવેશન યોજાયું. કનુભાઇને તેમાં 'ગુજરાત દર્શન' કરાવવાનું કાર્ય સોંપાયું. માત્ર ગણતરીના જ દિવસોમાં એ મહાભારત કામ યોગ્ય માણસો વિના સંભવિત નહોતું. પણ એમની કલાના ચાહક શાંતારામે પોતાને ત્યાંના માણસો એમને સોંપ્યા અને કનુભાઈએ યશસ્વીપણે એ કાર્ય સુંદર રીતે પાર પાડી ફરી એક વાર પોતાનું અને ગુજરાતનું નામ રોશન કર્યું. 'વૈષ્ણવ જન' કાવ્ય પર આધારિત એમણે ત્યાં રજૂ કરેલાં ચિત્રોએ દેશના અગ્રણી નેતાઓને અત્યંત પ્રભાવિત કરી દીધા.

આ જ રીતે ૧૯૬૪માં ન્યૂ યૉર્કમાં 'નિકોલસ રૉરિક મ્યૂઝિયમ'માં પોતાનાં સાઠ જેટલાં

'કુમાર'ના બીજા વર્ષમાં 'અબોલા રાણી'ની વાર્તા સાથે શ્રી રવિશંકર રાવળે નવતર ઢબે એક ચિત્ર આપ્યું. ગુજરાતનું એ પહેલું જ છાયાચિત્ર. ચિત્રાલેખનનાં આ પ્રકારને કનુ દેસાઇએ વધુ આત્મસાત્ કરીને એને ખૂબ વિકસાવ્યો. એ જ વર્ષમાં તેઓ કલાભ્યાસ માટે શાંતિનિકેતન ગયા, ત્યાં પણ આ પ્રકારનાં ચિત્રો નવીન ગણાયાં. ત્યાં એમની ચિત્રસંયોજનાઓ વધુ ખીલી અને એમણે આવાં સંખ્યાબંધ છાયાચિત્રો કર્યાં. 'કુમાર'માં પણ એ પ્રકટ થતાં રહેતાં. આગળ જતાં એમણે એમાંથી ચૂંટેલાં સત્તર છાયાચિત્રોનો એક સંપુટ પ્રકટ કર્યો. શ્રી એન. સી. મહેતા (આઈ. સી. એસ.) એ એની પ્રસ્તાવના લખી આપેલી. પોતાના પ્રથમ કલાગુરુ શ્રી રાવળને એ સંપુટનું અર્પણ કરીને કનુ દેસાઈએ પોતાનો શિષ્યભાવ સાર્થ કરી બતાવ્યો હતો. અહીં એમની એ કલાવાનગી આપી છે.



મુખ્ય ચિત્રવિષયને કેવળ એક જ રંગની છાયા રૂપે સચોટતા અને કલામયતાથી રજૂ કરવો એ પૂરી કસોટીરૂપ કાર્ય છે. અવનવાં સંયોજનો અને પશ્ચાદ્‌ભૂમાં વિષયાનુરૂપ અન્ય રંગ-આલેખન દ્વારા કનુ દેસાઈએ 'છાયાચિત્રો'ની કલાને આગવી રીતે બહુ સુંદરતાથી અને પૂરી સફળતાથી ખીલવી છે.

ગુજરાતમાં શ્રી રવિશંકર રાવળે કલાને પ્રતિષ્ઠા અપાવી તો કનુ દેસાઈએ શુદ્ધ ભારતીય ભાવનાઓ અને ગુજરાતની અસ્મિતાના સ્પર્શ સાથે પોતાનાં કલ્પનાપ્રચુર ચિત્રો દ્વારા એનું કાવ્યમય રૂપસુંદર સ્વરૂપ પ્રસાર્યું છે. એની વાનગી રૂપ અહીં રજૂ કરેલાં કેટલાંક ચિત્રો જેવાં સુંદર સર્જનોને ત્રીસ જેટલા સંપુટોમાં એમણે પ્રકટ કરીને ગુજરાત જ નહિ, પણ દેશ અને વિદેશ સુધી એનું દર્શન કરાવ્યું છે. ઘરમાં એમનું એકાદ આલ્બમ હોવું એ સંસ્કારિતાનું દ્યોતક ગણાય એટલે સુધી એમની કલાનો પ્રભાવ એ એમની જીવનભરની કલાસાધનાની એક અનોખી સિદ્ધિ છે. ભાવના, કલ્પના કે સર્જનના પ્રમાણમાં અન્ય કોઈ ગુજરાતી કલાકાર એમને આંબી શક્યો નથી.



'એમનું ચિત્રદર્શન બીજા બધા કરતાં તદ્દન અનોખું જ હોય છે. જીવનના અતિસામાન્ય પ્રસંગોમાંથી પણ કદી કોઈને ન સ્ફુરે એવું કંઈક નવું તેઓ પ્રકટ કરી બતાવે છે. બહુ જાણીતી વસ્તુઓનું પણ કોઈને કલ્પનામાં યે ન હોય એવું રમ્ય અને ભાવસભર દર્શન તેઓ કરાવી શકે છે. વેગભર્યો સ્વૈરવિહાર કરતી એમની રેખાઓ વિવિધદર્શી છતાં પ્રમાણબદ્ધ ચિત્રસંયોજન અને ગૂઢ છતાં મનોહારી રંગદર્શન કરાવે છે. એમની ઊછળતી ભાવોર્મિઓ હમેશાં ચાલુ પ્રણાલિગત વહેણો કરતાં સ્વતંત્ર અને નવા જ માર્ગે વહેવા જોર કરતી જણાય છે.'

ચિત્રો પ્રદર્શિત કરવા તેઓ અમેરિકા ગયા. છ અઠવાડિયાં સુધી ચાલુ રહેલા એ પ્રદર્શને ત્યાં 'સાચું ભારતદર્શન' કરાવ્યું. ત્યાંથી પાછા ફરતાં તેઓ રોમ અને પારી(સ) પણ થતા આવ્યા. ઈ. ૧૯૬૫માં ગુજરાત રાજ્ય સરકારે એમનું સન્માન કર્યું. ગાંધી જન્મ શતાબ્દીની ઉજવણી સમયે કનુભાઇએ ગાંધીજીની જીવનગાથા વર્ણવતી સોળ-સોળ ડબ્બાની બે આખી ટ્રેઈન સર્જી. આ પ્રદર્શન-ગાડીએ કનુભાઈની કલાશક્તિને સમગ્ર દેશમાં પ્રદર્શિત કરી.

આ ઉપરાંત પણ બીજાં અનેક માન-સન્માનો એમણે મેળવ્યાં છે. દેશ અને વિદેશના અનેક જાહેર તેમજ ખાનગી કલાસંગ્રહોમાં એમની કૃતિઓ સંઘરાઈ છે. પુસ્તકોનાં લગભગ પાંચેક હજાર જેટલાં કથાચિત્રો, સુશોભનો ને આવરણો, ૩૦ ચિત્રસંપુટો, ૫૫થી યે વધુ ફિલ્મનું કલાદિગ્દર્શન, લગ્નપત્રિકાઓ ને આમંત્રણ પત્રો વગેરે જેવા નાનામોટા સેંકડો કલામય નમૂનાઓ વગેરેમાંના એમની કલાના અતિ વિસ્તૃત વ્યાપ વડે એમણે જનસમાજમાં જે કલાપ્રેમ પ્રકટાવ્યો છે એ એમની ગૌરવવંતી દેણગી છે. અને હજી આજે યે એમની કલાસેવા તો સતત જારી જ છે. રવિશંકર રાવળે... રણજિતરામ સુવર્ણચંદ્રક પ્રદાન વખતે એમની કલા વિષે લખાએલું કે—

'એમની કલા એ ગુજરાતના નવીન યુગનું ઉજ્જવલ પ્રકરણ છે. એમણે ગુજરાતી કલાને પ્રજાસમુદાયની લાડીલી બનાવી છે, લોકહૃદય પર એ કલા રાજ કરે છે. એમનાં ચિત્રો અને આલેખનો હજારો શહેરીઓ, ગ્રામવાસીઓ ને નિશાળિયાઓને નવી લેહ લગાડી રહ્યાં છે. એમની વિચિત્રતાઓ પણ લોકપ્રિય થઈ છે. એમની કલા નિબંધ વહેવા છતાં માર્દવ અને પ્રવાહિતાની આગવી મનોહરતા છોડી જતી નથી. એમની તપ સાધનાની એ સિદ્ધિ છે.

સુંદર અક્ષરોથી માંડી ચિંતનશીલ ચિત્રમાળાઓ અને સિનેમાની દશ્યરચનાઓ સુધી એમની કલા સફળતાપૂર્વક વિસ્તરી છે. એમના ચિત્રવિષયો ધર્મપુસ્તોથી માંડી અદ્યતન સમાજવાદીનાં હૃદય જીતી શક્યા છે. પ્રથમથી જ શેડલાઈટ, પરસ્પેક્ટિવ, ઑઈલ પેઇન્ટિંગ, લાઈફ સ્ટડી વગેરે વગેરેના રૂઢ ને આવશ્યક મનાએલા કલાના અભ્યાસક્રમોને સદંતર વર્જ્ય કરી નવા માર્ગાતિક્રમણવાળાં એમનાં કલાસર્જનોમાં એમણે રેખાલાલિત્ય, સારસંગ્રહ, માર્દવ, આંતરદર્શન અને સ્મૃતિવિધાન જેવાં કલાનાં મૂળભૂત તત્ત્વોનો આશ્રય લઈ પોતાનો વિકાસ દૃઢ અને અવિસ્તપણે ચાલુ રાખ્યો છે... જનસામાન્યની સમજ અને દૃષ્ટિને લક્ષમાં રાખીને તેને રસ અને આનંદની રેખાઓ પર ચડાવી પોતાની કલાના ભક્ત બનાવવામાં તેઓ સફળ રહ્યા છે. ફિલસૂફ અને ચિંતક તેની કલાનાં નિશાન નથી, પણ બાળક, નારી કે સાદી સમજનો માનવી રૂપ રંગ અને ગતિની લીલા ભોગવી શકે એવી મનોહર સજાવટ એમને સહજ બની રહી છે. ગહન, ગંભીર, અગોચર, અગમ્ય એવાં વિશેષણો એમની કલા માટે અગ્રાહ્ય બનેલાં છે. મંજુલ, રાગભર્યાં, તાનમય, આલાપી કે છલછલાટ કરતા, સરલ વહેતા એવા ભાવો કે લક્ષણો તેમનાં ચિત્રોમાં ગણાવી શકાય. છતાં વિરલ પ્રસંગોના રસિક નિરીક્ષણથી એકાદ લય, એકાદ અલંકાર, એકાદ પુષ્પ તેઓ એવી રીતે રજૂ કરી દે છે કે મહાન ચિત્રકારોને યે તે મુગ્ધ કરે. ચંદ્ર એમનાં ચિત્રોમાં અનેક વાર દેખાયો છે, પણ નવાનવા રૂપે. ચિત્રના સમગ્ર વિસ્તાર પર થોડાં જ પાત્રોથી કે નાના આકારથી કાર્ય જમાવવાની કલા પણ એમનો એક પ્રકાર છે. છાયાપાત્રોના અભિનયો ઉદ્‌ગારમય કરવામાં બીજા ચિત્રકારો તેમને પહોંચી શક્યા નથી. સંકેત, સૂચન અને ધ્વનિ ચિત્રમાં ઉતારવાની વિટંબણા એમને કદી નડતી જ નથી. સ્મૃતિઓના ઓળા તેમના મગજમાં અપાર પડેલા છે. તેની સહાયથી નવાંનવાં સર્જનો ને કલ્પનાઓ આપી દેવા છતાં તેમની વિપુલ અને સમયતત્પર રહે છે.'

આજે પચાસ વર્ષની કલાસાધનાને અંતે યે આ શબ્દો સર્વથા યથાર્થ છે. ગુજરાતની સાંસ્કારિક અસ્મિતાની કૂચમાં ગુજરાતની કલાનો ઝળહળતો ધ્વજ પણ ફરકે છે. ગુજરાત અને ગુજરાત બહાર તેની જે દ્યુતિ પ્રસરી ચૂકી છે એ પ્રકાશ પાથરનારાઓમાં કનુ દેસાઈનું નામ પણ અગ્રગણ્ય છે. □



△ 'તૃપ્તિ' શ્રીમતી પ્રમિલા નવલ (ભોપાલ)ના બીજા ઈનામને પાત્ર ઠરેલા ચિત્રનો અંશ.


નિહારિકાનું
અખિલ ભારતીય ફોટોપ્રદર્શન

અમદાવાદની 'નિહારિકા' ક્લબ (ધ સોસાએટી ઑવ ગુજરાત પિક્ટોરિયાલિસ્ટ્સ) ફોટોગ્રાફીના ક્ષેત્રે વર્ષોથી સુખ્યાત છે. ગુજરાતમાં ફોટોગ્રાફીને એક કલા તરીકે વિકસાવવામાં એનો મોટો ફાળો રહ્યો છે. ગયા ફેબ્રુઆરીમાં અમદાવાદમાં એણે ફોટોગ્રાફીનું પોતાનું આઠમું અખિલ ભારતીય પ્રદર્શન યોજ્યું હતું. દેશભરમાંથી આવેલાં ફોટોચિત્રોમાંથી એમાં ૧૨૩ રજૂ થયાં હતાં. ઉપરાંત, ૫૯ જેટલી રંગીન ફોટો-સ્લાઈડ્ઝ પણ બતાવાઈ હતી. પણ ચિત્રસંયોજન તથા વિષયવૈવિધ્યની દૃષ્ટિએ સવિશેષ નાવીન્યનો અભાવ જણાયો. વિવિધ ટેકનિક વડે સર્જેલી ગણીગાંઠી કૃતિઓ બાદ કરતાં એ દૃષ્ટિએ પણ નવા પ્રયોગો જોવા મળ્યા નહિ. ફોટોગ્રાફીની સામગ્રીમાં આજકાલ પ્રવર્તતી ભારે મોઘવારી પણ એનું એક કારણ હોઈ શકે. પરંતુ મોટાં શહેરોમાં કેટલાક સિદ્ધહસ્ત ફોટોગ્રાફરો જે કમાણી કરી રહ્યા છે એ જોતાં તો વ્યાસંગ કરતાં વ્યવસાય તરફ આ કલામાધ્યમ વધુ ઢળી ગયું છે એવું પણ લાગ્યું. કે પછી ફોટોગ્રાફીને આપણે હજી કલા તરીકે સ્વીકારતાં ખમચાતા હોઈ શું ?

પચ્ચીસ વર્ષ પહેલાં


ઈ. ૧૯૫૧ · સળંગ અંક ૩૨૯

ત્યારે ચાલતી 'કાયાની કરામત' નામની ડૉ. શિવપ્રસાદ ત્રિવેદીની લેખમાળામાંના 'દાંત' વિષયક લેખમાંથી એક ટૂંકું પણ માહિતીસભર ચિત્ર-અંગ; નીચે: દાંતનું બંધારણ તથા તેમાં પેસતા વિવિધ જાતના સડાનો ખયાલ આપતું મોટું કરીને બતાવેલું ચિત્ર. તે બે દાઢની વચ્ચે આવેલી વચલી દાઢનું છે અને જડબાના હાડકામાં તેનાં મૂળ કઈ રીતે જડાઈને રક્તવાહિની-શિરા તથા જ્ઞાનતંતુઓ સાથે સંપર્કમાં રહેલાં છે તે દર્શાવ્યું છે. ઉપરાંત નં. ૧, ૨ તથા ૩નાં ચોકઠાંથી જુદી જુદી જગ્યાએ જે સડા પ્રવેશે છે તેનાં ઉદાહરણ આપ્યાં છે. નં. (૧) બે દાઢના સંપર્કનું સ્થાન છે, અને ઘણાખરા સડા આ જ સ્થળે શરૂ થાય છે. કેમકે દાતણ કે બ્રશ કાળજીથી ઘસવામાં ન આવે તો એ સ્થાન બરોબર સાફ થતું નથી. પરિણામે ત્યાં ખોરાકના સૂક્ષ્મ અણુઓ જમા થઈ ન સડવા માંડે છે. તેમાંથી ઉત્પન્ન થતા જંતુઓ એવી જાતનો ઍસિડ પેદા કરે છે જે ઇનૅમલને ખાવા માંડે છે. નં. (૨) એ બીજા પ્રકારનું ભયસ્થાન છે, જેમાં દાઢના બંધારણમાં રહેલાં બારીક પડ વચ્ચેની જગ્યામાં પડતી તિરાડમાં ઍસિડ પ્રવેશીને દાંતને અંદરખાનેથી ખાવા માંડે છે ને ધીમેધીમે આખા દાંતને અંદરથી પોલો બનાવી મૂકે છે. નં. (૩) એ મોટું થએલું પોલાણ (તદ્દન કાળો કરીને બતાવેલો ભાગ) ઇનૅમલ અને ડેન્ટીનને કોરી નાખીને વચલા માવા સુધી કેવી રીતે પહોંચે છે તે દર્શાવે છે. સડો અહીં સુધી પહોંચ્યો એટલે તેમાં રહેલા જ્ઞાનતંતુઓને ઠંડું પાણી કે ગળપણ અડતાં જ વેદના શરૂ થાય છે. આથી ચેતી જઈને યોગ્ય ઉપચાર કરવામાં ન આવે તો લોહીની શિરાઓ દ્વારા તે સડો આખા માવા સોંસરો નીચે મૂળના છેડા સુધી પહોંચે છે, અને ત્યાં ગોળ કુંડાળું કરીને બતાવ્યું છે તે સ્થળે પરુ થઈને પાકવું શરૂ થાય છે, જેની વેદના અસહ્ય બનીને આખા જડબા તથા મગજમાં સુધ્ધાં સણકા ઉત્પન્ન કરેછે.



નીચે

આજની જાપાની લિપિનો વિકાસ કેમ થયો તેનું તબક્કાવાર દર્શન-વિવરણ.



જાપાનીઓએ ઈ. સ.ના છઠ્ઠા સૈકા આખરથી ચીનની લિપિ અપનાવી. ચીનની લિપિ ચિત્રલિપિ કહેવાય છે, કેમ કે તેના અક્ષરો મૂળમાં ઇજિપ્તની લિપિની માફક ચિત્રસંજ્ઞાઓના રૂપમાં હતા. પણ ઇજિપ્તની હાઇરોગ્લિફ લિપિ કરતાં તે ઓછી વિગતોવાળા અને વધુ સૂચક હોઈ, ઝડપથી લખી શકાય તેમ હોવાથી તે ટકી શક્યા અને આજના ચીનના 'સોશો' મરોડમાં રૂપાંતર પામ્યા. એ રૂપાંતર ધીરેધીરે કેમ થયું તે ડાબી બાજુની આકૃતિમાં ચાર કક્ષાઓમાં દર્શાવ્યું છે. મથાળાની હારમાં ચીનનો 'ઓન્ના' શબ્દ છે. 'ઓન્ના' એટલે સ્ત્રી, તેને માટે મૂળ તો, પહેલી આકૃતિમાં છે તેવી, બેઠેલી સ્ત્રી આલેખવામાં આવતી. પછી પીંછીના લસરકામાં (ચીનાઓ હમેશાં પીંછીથી લખે છે–કલમથી નહિ) તે અક્ષર ધીમેધીમે કેવી રીતે પલટાતો ગયો તે ઉત્તરોત્તર બીજી, ત્રીજી ને ચોથી આકૃતિમાં દર્શાવ્યું છે. એ જ રીતે બીજી હારમાં 'સુ' (એટલે 'માળો') શબ્દ છે. શરૂમાં તે માટે ઝાડ પરના માળામાં ત્રણ પંખી બેઠેલાં ચીતરાતાં. આજે તેના રૂપાંતર પામેલા છેલ્લા આકારમાં પણ તે વર્તાઈ આવે છે. ત્રીજી હારમાંનો શબ્દ 'પંખી' છે તેની પહેલી આકૃતિમાંનું હૂબહૂ આલેખન ધીરેધીરે પલટાઈને આજની છેલ્લી આકૃતિ પામ્યું. ચોથી હારમાં શબ્દ છે 'કા' અથવા 'હી'. એનો અર્થ થાય છે 'અગ્નિ'. જ્વાળામુખી પર્વતમાંથી ભડકા નીકળતા હોય તેવી આકૃતિ વડે શરૂમાં તે લખાતો તેમાંથી તેનું આજનું રૂપ ઘસાતું ઘસાતું ચોથા નંબરની આકૃતિ પામ્યું.

સાહિત્યસંપર્ક

સર્જકતાની મૃદુ અને માદક નીપજ

ધીરુ પરીખ

સહેલી જણાતી નિબંધ લખવાની કળા, એના ગદ્યપોતથી માંડી વિચારગોફ સુધીની શિસ્ત અને સુબદ્ધતાનો વિચાર કરતાં, કેટલી અઘરી છે તેનો ખયાલ સાચા નિબંધભાવકને આવ્યા વગર રહેશે નહિ. એમાંય અંગત નિબંધો લખવાની વાત આવે ત્યારે તો લખવા માટે સળવળી રહેલાં આંગળાંને માટે સરળતાનો આભાસ બૃહત્ બનવાનો અને પરિણામે ઉતાવળિયો અસાવધ લેખક 'જ્યાં દેવદૂત ડગ દેતાં ડરે' ત્યાં તરત જ ધસી જવાનો. આવાં ભયસ્થાનોથી માહિતગારને મુક્ત રહી વાડીલાલ ડગલીએ 'શિયાળાની સવારનો તડકો'*માં ૩૬ અંગત નિબંધો આપ્યા છે તે આ નિબંધ-સંગ્રહના શીર્ષકને સાર્થ કરે છે એની હૂંફાળી, મધુર ગદ્યશૈલી અને નિરૂપણભંગિથી.

અહીં રજૂ થએલા નિબંધોમાંનું વિષયવૈવિધ્ય સંગ્રહની તાજપને જારી રાખે છે અને એટલે તેની આસ્વાદ્યતાને ઓર વધારી રહે છે. 'આકાશ બધે આસમાની છે' જેવામાં વિવિધ દેશ-પ્રદેશના ભીતર મનની સમાનતાને સહજતાથી ઊપસાવી આપી છે, તો 'ચાલતાં ચાલતાં' જેવા નિબંધમાં ચાલવાના આનંદ અને આરોગ્યપ્રદતાને રસળતી રીતે અભિવ્યક્ત કરી દીધાં છે. 'શિયાળાની સવારનો તડકો' જેવા નિબંધમાં મૃદુ હૂંફાળી રીતે આત્મકથાનું જાણે એક પ્રકરણ જ ખડું થઈ ગયું છે! તો વળી 'સવારનું છાપું' કે 'દરિયાકિનારે' જેવામાં મન પર કે મગજ પર બોજો ન લદાય એ રીતે એમણે સામાન્ય વિષય પરથી ગંભીર ચિંતન વ્યક્ત કરી દીધું છે. દરેક નિબંધની વિષય પરત્વે આગવી ખાસિયત છે, તો નિરૂપણ પરત્વે એકસૂત્રત્વ છે. આથી આ સંગ્રહમાં લેખકની એક શૈલી કૉળેલી જણાશે. આ શૈલીમાં છે સર્જનાત્મકતાનો કૂણો સ્પર્શ. એની ગદ્યછટા, અલંકરણ, અભિવ્યક્તિ-સકલ મૃદુ અને માદક છે.

આમ, આ નિબંધો 'અંગત' છે એટલે એમાં અનુભૂતિ છે ને એટલે જ સ્પંદનો આવે છે, જેની અભિવ્યક્તિમાં કાવ્યાત્મકતાનો સ્પર્શ જડી જાય છે. તો આ 'નિબંધો' છે એ નાતે વિચાર-મનન પણ એમાં સાહજિક રીતે ગૂંથાઈ આવ્યું છે. ક્યાંય એમ લાગતું નથી કે લેખકને મનન-ચિંતનનો ભાર નડ્યો છે. બહુ જ સાહજિકતાથી એ પોતાના વિચારોને રમતા મૂકી દે છે. દા. ત. 'સવારનું છાપું' વાંચવાની પોતાની અપરિહાર્ય આદતને વર્ણવતાં વર્ણવતાં કહી દે છે: 'જ્યારે કોઈ રાજપુરુષ સર્વસત્તાધીશ થઈ જાય ત્યારે પહેલો અણગમો વર્તમાનપત્રો સામે થાય છે.' (પૃ. ૨૩૩) કે 'હું મહાત્મા ગાંધી છું' નિબંધમાં કહે છે: 'દુનિયામાં મોઠાં કામો હોય છે તેને માણસ મોટાં બનાવે છે. સામાન્ય રીતે કામો નાનાં કે મોટાં હોતાં નથી.' (પૃ. ૨૩૮-૩૯) તો કેટલી યે વાર એઓ કમનીય સૂત્રો જે કામયાબીપૂર્વક વહેતાં મૂકી દે છે તેનાં એક-બે ઉદાહરણો જ પર્યાપ્ત છે. 'દરિયાકિનારે' નિબંધમાં દરિયાકિનારાનું આકર્ષણ વર્ણવતાં લખે: 'દરિયા પરની લહેર જીવનજળનો અર્ક છે.' (પૃ. ૨૪૬) કે 'રીતભાતની રાહત' નામક નિબંધમાં લખે છે: 'કોઈ બીજા વિષે મનમાં કાળજી રાખીએ એટલે આપોઆપ સ્નેહનો ઝબકારો થાય છે.' (પૃ. ૨૮) અથવા 'રીતભાતના મહાલયના પાયામાં કાળજી છે.' (પૃ. ૨૯)

આ નિબંધોના નિરૂપણમાં એમણે ઠેકઠેકાણે કહેવતોનો સમુચિત ઉપયોગ કરી લીધો છે, તો વિશ્વસાહિત્યમાંથી સ્વાનુકૂલ અવતરણોનો ફાલ પણ ધરી દીધો છે. પરિણામે એમની બહુશ્રુતતા અને જ્ઞાનના ઉપયોગની ચીવટ બંનેનો સમ્યક્ પરિચય થઈ રહે છે. એમની આ શૈલીમાં જેમ કાવ્યાત્મકતા આકર્ષે છે તેમ કોમળ-તીક્ષ્ણ કટાક્ષો—જાત અને પરના—પણ ખેંચ્યા વગર રહેતા નથી. પ્રથમ નિબંધમાં જ આપણા પરનો વેધક કટાક્ષ કરી લે છે: '...પરદેશીઓ પ્રત્યેનું આપણું વલણ બ્રિટિશરોના કરતાં જુદું નથી એવું મને લાગે છે.' તો જાત પ્રત્યે પણ કટાક્ષ કરવાનું એઓ ચૂક્યા નથી. દા. ત. 'ચાલતાં ચાલતાં'માં કહે છે: 'મારી એવી એક મહત્ત્વાકાંક્ષા રહી છે કે નિયમિત સવારે ફરવા જવું. મહત્ત્વાકાંક્ષા હું એટલા માટે કહું છું કે આ હું કદી કરી શક્યો નથી.' (પૃ. ૨૫)

એકંદરે આ નિબંધો અંગત અનુભૂતિમાંથી પ્રકટ્યા છે અને સર્વાનુભૂતિ સુધી પ્રસ્તર્યા છે. માટે જ વાચકને એમાં પોતાના હૃદયની કોર ઝીલાયાનો આનંદ થાય છે અને એથી નિબંધોનું વાચન ઓર આનંદપ્રદ બની જાય છે. નિબંધ-સંગ્રહના પૃ. ૧૩ ઉપર લેખકે એક દૃષ્ટાંત આપ્યું છે. 'તજીનોવના 'મુમુ'નો ગેરાશીમ આપણા જ ગામડાના અરજણ જેવો લાગે છે.' આ દૃષ્ટાંતનો પુનઃ દૃષ્ટાંત તરીકે ઉપયોગ કરીને કહેવું હોય તો કહી શકાય કે જેમ તર્જીનોવના ગેરાશીમનું બને છે તેમ આ નિબંધકર્તાની અંગત અનુભૂતિઓનું પણ બન્યું છે—એ આપણને આપણી

*પ્રકા. બાલગોવિંદ પ્રકાશન, ગાંધીમાર્ગ, અમદાવાદ; પાકું પૂઠું, પૃ. ૨૫૦, રૂ. ૧૩.

શબ્દકથા : વાણિયો, વાણોતર, વણજારો

સં. वणिजक ઉપરથી હિંદી, નેપાળી, અસમિયા 'બનિયા' ને સિંધી 'વાણ્યો' થયા છે, જ્યારે મરાઠી 'વાણી'ના મૂળમાં સં. वाणिज, ને ગુજરાતી 'વાણિયો'ના મૂળમાં સં. वाणिजक છે. वणिजના કર્તા વિભક્તિ એક વચન वणिक પરથી થયેલ 'वणिक' પણ વપરાય છે.

'વાણોતર'નો અર્થ હવે 'ગુમાસ્તો' એવો થાય છે. તેના મૂળમાં સં. वाणिजपुत्र પ્રા. वाणिउत्र છે. ઉમેદવારી કરતા વાણિયાના દીકરાને માટે વપરાતાં વપરાતાં તેનો હાલનો અર્થ નીપજ્યો. સં. वणिज्यति એટલે 'વેપાર કરે છે', તેની ઉપરથી સધાએલું નામ તે वणिज्या 'વેપાર'. પ્રાકૃત સ્વરૂપ वणिज्जा, જેના ઉપરથી આપણને 'વણજ' મળ્યો: 'વેપાર વણજ' એવા સમાસમાં વિશેષ તે વપરાય છે.

વેપાર કરનાર તે वणिज्याकारक, પ્રા. वणिज्जारय; તેના ઉપરથી ગુજ. 'વણજારો', હિંદી 'બનિજારા', 'બનજારા' વગેરે થયા. મધ્યકાળમાં પોઠ પર અનાજ, કરિયાણું વગેરે લાદીને તેને વેચવાસાટવા ગામેગામ પ્રવાસ કરતા વણજારા અને તેમનો સમૂહ (એટલે કે વણજાર) જાણીતા છે. લાખો વણજારો મધ્યકાલીન કથાઓનું તથા લોકકથાઓનું અત્યંત યાદગાર પાત્ર છે. રાજસ્થાની વણજારા કોમનું, અને આંધ્રપ્રદેશમાંના બંજારા (લમાણા કે લભાણા)નું નામ આ વ્યવસાયને આભારી છે.

જેવું 'વણજારા'ની બાબતમાં બન્યું તેવું જ 'વાણિયા'ની બાબતમાં બન્યું: 'વેપારી' એવા સામાન્ય અર્થમાંથી અમુક કોમના વિશિષ્ટ અર્થમાં તે રૂઢ થયો છે.

પ્રાચીન સમયથી અર્વાચીન સમય સુધીમાં સમયે સમયે 'વેપારી' એવા સામાન્ય અર્થના વાચક જે જે શબ્દો પ્રચારમાં આવ્યા, અને પછીથી પ્રચારમાંથી લુપ્ત થયા, અથવા તો વિશિષ્ટ અર્થમાં વપરાતા થઇ ગયા, તેમની તપાસ રસપ્રદ નીવડે તેમ છે.

હરિવલ્લભ ભાયાણી

હોય તેમ લાગે છે! આમ, આ નિબંધોમાં સ્વના કેન્દ્રમાંથી ઊઠેલાં અનુભૂતિઓનાં વલયો સમસ્તના હૃદયસરવરની કોરને સ્પર્શી જઈ આર્દ્રતા અર્પી જવાનું સર્જનસાફલ્ય દાખવતાં વાચનનો અનેરો આનંદ પૂરો પાડે છે. □

નવાં પ્રકાશનો

૧૦૦ દિવસ હિમાલયની છાયામાં : શ્રી લલિતકુમાર શાસ્ત્રીએ એક સાધકની તમન્નાથી હિમાલયની છાયામાં જે સો દિવસો ગાળ્યા હતા અને જે અનુભૂતિઓ પામ્યા હતા તેનું સરસ નિરૂપણ આ નાનકડી પુસ્તિકામાં થયું છે, જે કોઈ પણ સાધક યાત્રાળુની તમન્ના પોષવામાં ફળદાયી નીવડે તેમ છે. (પ્રકા. સદ્‌ભાવ સેવા ટ્રસ્ટ, હરિયાપુર ટાવર, અમદાવાદ-૧, કાચું પૂઠું, પૃ. ૬૨, રૂ. ૧ + ૨૦ પૈસા ટ. ખ.)

દીદી સાથે : શ્રી વિમલા ઠકારનાં હૉલૅન્ડમાં પ્રવચનો-શિબિરો ચાલેલાં તે દરમિયાન આ પુસ્તકનાં લેખિકા પ્રભાબહેન મર્ચંટે તદ્‌વિષયક લખેલા પત્રોનો આ પુસ્તકદેહ વિમલાબહેન ઠકારના આધ્યાત્મિક, શૈક્ષણિક તથા સામાજિક વિચારોનો વિમર્શ રજૂ કરે છે. (બાલગોવિંદ પ્રકાશન ગાંધી માર્ગ, અમદાવાદ–૧; પાકું પૂઠું, પૃ. ૨૯૨, કિંમત જણાવી નથી.)

લોકસાહિત્યની અશ્વકથાઓ : આપણા લોકસાહિત્યમાં જે અશ્વકથાઓ વેરવિખેર પડી છે તેને વૈવિધ્યસભર રીતે તદ્‌વિષયના જ્ઞાતા શ્રી જોરાવરસિંહ જાદવે આ પુસ્તકમાં એકત્ર કરીને અભ્યાસીઓ અને ઈતર વાચકોને પણ ઉપયોગી થાય તે રીતે સંપાદિત કરી છે, તેમાં તેમનો પરિશ્રમ અને દૃષ્ટિ લેખે લાગ્યાં જણાશે. (પ્રકા. દીપક પબ્લિશર્સ, દીપક પ્રિન્ટરી, ૨૭૭૬/૧, રાયપુર દરવાજા પાસે, અમદાવાદ–૧, પાકું પૂઠું, પૃ. ૨૯૬, રૂ. ૧૬–૫૦.)

કવિતા—સૂર્યનો અંકુર : શ્રી ભાનુશંકર ઓધવજી વ્યાસનાં કવિતા-વિષયક આઠ મનનીય લખાણોનો વિવેચનસંગ્રહ. (પ્રકા. નીરજ, પ્રતાપપરા, વાંકાનેર; કાચું પૂઠું, પૃ. ૧૩૬.)

અરુણ : પુસ્તકકર્તાએ વાંચેલી ગદ્ય-પદ્ય કૃતિઓના રસાસ્વાદ કરાવતી વિવેચનાનો લઘુ સંગ્રહ. (લે. પ્રકા. ઉપર મુજબ, કાચું પૂઠું, પૃ. ૧૦૦, બંનેની કિંમત જણાવી નથી.)

ઋતુવર્ણન : વર્ણનાત્મક પુસ્તકનો ભાસ ઊભો કરતી આ પુસ્તિકામાં વૈદ્ય નવીનભાઈ ઓઝાએ વાસ્તવમાં તો ઋતુઋતુનાં ખાનપાન અને જીવનવ્યવહારને રજૂ કર્યા હોઈ, એ આરોગ્યશાસ્ત્રનું ઘરગથ્થુ જ્ઞાન આપતી ઉપયોગી પુસ્તિકા બની રહે છે. (પ્રકા. ઉપયોગી પ્રકાશન, સ્વામીનારાયણ મંદિર પાસે, વાડી, વડોદરા; કાચું પૂઠું, પૃ. ૨૪, ૫૦ પૈસા.)

સાહિત્ય અકાદમી પુરસ્કૃત કૃતિઓ, કર્તાઓ અને તેમનાં પ્રવચનો

પ્રો. મહેન્દ્ર દવે

આપણી મધ્યસ્થ સાહિત્ય અકાદમી તરફથી વર્ષોવર્ષ ભારતની પ્રત્યેક માન્ય ભાષામાં પ્રકટ થએલી શ્રેષ્ઠ સાહિત્યકૃતિને દરેકને રૂ. ૫૦૦૦નો પુરસ્કાર આપવામાં આવે છે. તદનુસાર ગત વર્ષમાં શ્રેષ્ઠ નીવડેલી કૃતિઓના લેખકોને થોડા સમય પહેલાં નવી દિલ્હીમાં એ પુરસ્કાર અપાયો, તે સ્વીકારતી વખતે તે તે સર્જકોએ કરેલા સ્વીકાર-પ્રવચનમાં જે વચનો કહેલાં તેનો પ્રત્યેકનો મુખ્ય ભાવ તે તે લેખકના શબ્દોમાં અતિ સંક્ષેપમાં, તેમની તથા તેમની કૃતિઓની (અંગ્રેજી અક્ષરાનુક્રમે) યાદી સાથે, આ નીચે આપીએ છીએ.

ભાષા	લેખક	પુરસ્કૃત કૃતિ
અસમિયા	શ્રી નવકાન્ત બરૂઆ (જ. ૧૯૨૬ ગૌહાટી) કવિ - નવલકથાકાર	કાકા દેઉતાર હાટ (નવલકથા)
બંગાળી	શ્રી વિમલ કર (જ. ૧૯૨૧) નવલકથાકાર - પત્રકાર	અસમય (નવલકથા)
ડોગરી	શ્રીકૃષ્ણ સ્મૈલપુરી (જ. ૧૯૦૦) કવિ - પત્રકાર	મેરે ડોગરી ગીત (કાવ્યસંગ્રહ)
અંગ્રેજી	શ્રી નીરદ સી. ચૌધરી (જ. ૧૮૯૭) વિવેચક - પત્રકાર	સ્કૉલર ઍકસ્ટ્રાઑર્ડિનરી (મૅક્સમૂલરની જીવનકથા)
ગુજરાતી	શ્રી મનુભાઈ પંચોળી 'દર્શક' (જ. ૧૯૧૪) નવલકથાકાર - ઇતિહાસવિદ કેળવણીકાર	સોક્રેટીસ (નવલકથા)
હિંદી	શ્રી ભીષ્મ સાહની (જ. ૧૯૧૫) નવલકથાકાર - નવલિકાલેખક	તમસ (નવલકથા)
કન્નડ	શ્રી એસ. એલ. ભૈરપ્પ (જ. ૧૯૩૪) નવલકથાકાર - સૌન્દર્યશાસ્ત્રી	દાટુ (નવલકથા)
કાશ્મીરી	શ્રી ગુલામનબી ખયાલ (જ. ૧૯૩૬) કવિ - નિબંધકાર વિવેચક - પત્રકાર	ગાશીર મુનાર (નિબંધસંગ્રહ)
મૈથિલી	ગિરીન્દ્રમોહન મિશ્ર (જ. ૧૯૧૩) સંસ્મરણલેખક - વકીલ	કિછુ દેખલ-કિછુ સુનલ (સંસ્મરણો)
મલયાલમ	શ્રી ઓ. એન. વી. કુરુપ (જ. ૧૯૩૧) કવિ - પ્રાધ્યાપક	અક્ષરમ્ (કાવ્યસંગ્રહ)
મરાઠી	ડૉ. રા. ભા. પાટણકર (જ. ૧૯૨૭) સૌંદર્યશાસ્ત્રી - પ્રાધ્યાપક	સૌન્દર્યમીમાંસા (સૌન્દર્યશાસ્ત્ર)
ઓરિયા	શ્રી રાધામોહન ગડનાયક (જ. ?) કવિ - સ્વાતંત્ર્ય-સૈનિક	સૂર્ય ઓ અંધકાર (કાવ્યસંગ્રહ)
પંજાબી	શ્રી ગુરુદિયાલસિંહ (જ. ?) નવલકથાકાર - પ્રાધ્યાપક	અધ ચાનણી રાત (નવલકથા)
રાજસ્થાની	શ્રી મણિ મધુકર (જ. ૧૯૪૨) કવિ - પત્રકાર	પગફેરો (કાવ્યસંગ્રહ)
તમિળ	ડૉ. રા. દંડાયુધમ્ (જ. ૧૯૩૯) વિવેચક	તકલિ તમિળ ઈલક્કિમમ (વિવેચન)
તેલુગુ	શ્રી બોઈ ભીમન્ના (જ. ૧૯૧૧) કવિ - પત્રકાર - હરિજન કાર્યકર્તા	ગુડિસેલુ કાલિ પોતુન્નૈ (કાવ્યસંગ્રહ)
ઉર્દૂ	શ્રી કૈફી આઝમી (જ. ૧૯૨૫) કવિ - ગઝલકાર	આવારા સિજદે (કાવ્યસંગ્રહ)



ડાબી બાજુથી: સર્વશ્રી ૧ નવકાન્ત બરૂઆ (અસમિયા), ૨ વિમલ કર (બંગાળી), ૩ કૃષ્ણ સ્મૈલપુરી (ડોગરી), ૪ નીરદ ચૌધરી (અંગ્રેજી)નાં પત્ની અને ૫ મનુભાઈ પંચોલી—'દર્શક' (ગુજરાતી).

૧

મેં લેખનની શરૂઆત એક કવિ તરીકે કરી હતી. કવિ રૂપે મારી ઇચ્છા મારા વાચકોમાં મારા જેવી પ્રતિક્રિયા જગાડવાની હતી. જેને 'આંતરિક સત્ય' કહે છે તેમાં ઊંડુ ખોદકામ કરવાનું હતું. મારામાં બે મનુષ્યો હતા: એક, પુરાતત્ત્વવિદ; બીજો પર્યટક-પર્વતારોહી. કંદરાની વાસી હવામાં વધુ સમય રહેવાય તેમ ન હતું; શિખર પર પણ વધુ રહેવાય તેમ ન હતું. પર્વતશિખર પરથી બોલવું અસંભવિત હતું, પૃથ્વીના ઊંડાણમાંથી પડઘો પાડવો અસંભવિત હતો. પછી લાગ્યું કે ના, બીણમાંથી બોલું—એટલે નવલકથા લખી. એની વાણી હું સમજ્યો: એ મારી કવિતાની જ વાણી, એટલે હું કવિ છું, જેણે નવલકથા લખી છે.

—નવકાન્ત બરૂઆ (અસમિયા લેખક)

૨

હું માનું છું કે કલાને કોઈ ઉદ્દેશ અવશ્ય છે. આ ઉદ્દેશ સ્થૂલ રૂપે રજૂ કરવામાં આવે તો કલા પોતાનું સૌન્દર્ય ખોઈ બેસે. સાચી કલામાં આંતરિક સ્વયંસ્ફૂર્તિ, ઉદ્દેશ તથા સંદેશ એટલાં સૂક્ષ્મ હોવાં જોઈએ કે લેખકની કલાકારી નજરથી પ્રચ્છન્ન રહે. હું જે રચના કરું છું તેમાં કેન્દ્રમાં 'માનવ' છે. લેખક તરીકે માનવ તથા સભ્યતામાં આસ્થા ગુમાવવી તેને હું પાપ સમજું છું. મારા સમગ્ર લેખન દ્વારા માનવની જંગલી ભાવનાઓ પર મેં પ્રહાર કર્યો છે. એમ કરવાને કારણે હું દુઃખી નથી, કેમ કે હું 'માનવ'ની શોધમાં છું—કલા દ્વારા. વ્યક્તિના પ્રામાણિક પ્રયત્નોનું પણ મૂલ્ય હોય છે. માનવનો મહિમા એની સફળતાઓમાં નહિ, એના અથાક સંઘર્ષમાં છે.

—વિમલ કર (બંગાળી લેખક)

૩

કવિતા બ્રહ્માંડપતિની ભેટ છે. એણે મને કવિ બનાવ્યો ને સમૃદ્ધ બનાવ્યો. હું ઉર્દૂ, હિંદી, ડોગરી તથા પહાડી ભાષાઓમાં વૃદ્ધ ને યુવાન યુગલ, રાષ્ટ્રપ્રેમીઓ, પ્રભુભક્તો તથા વીર સેનાનીઓને માટે સેંકડો ગીતો લખી ચૂક્યો છું. મારી માતૃભાષા ડોગરીમાં ગીત, ગઝલ, ભજન અને કવિતાઓ ઉપરાંત કુંડળિયા, ખયાલ, ઠુમરી અને દાદરા પણ લખ્યાં છે. વળી દોહા, કવિત અને સવૈયા ય મેં લખ્યાં છે. ડોગરી સાહિત્ય સડસડાટ આગળ વધી રહ્યું છે. ડોગરીમાં અભિવ્યક્તિની અદ્ભુત ક્ષમતા છે, એનું ભવિષ્ય ઉજ્જ્વળ છે.

—કૃષ્ણ સ્મૈલપુરી (ડોગરી લેખક)

૪

ઘણા લેખકો એક 'ઉચ્ચતર ચેતના'ના માધ્યમ માત્ર હોય છે. મારા વિષયમાં એવું નથી. મૅક્સમૂલરના જીવન ઉપરની આ મારી કથામાં વિષય પર લેખક સવાર નથી થયો. હું આજે હોશિયાર કહેવાતા જીવનકથાકારોમાંનો નથી—જેઓ પોતાના વિષય પર પોતાનું પ્રભુત્વ સિદ્ધ કરવા ઇચ્છે છે. મેં મૅક્સમૂલર વિષે આદર કેળવીને લખ્યું છે, અને મને લાગે છે કે આ શ્રદ્ધાએ જ આ પુસ્તકને પ્રશંસા મળી તે અપાવી છે. એમના પ્રત્યેના ખૂબ આદરથી લખી મેં કેવળ એમનું 'તર્પણ' કર્યું છે.

—નીરદ ચૌધરી (અંગ્રેજી લેખક)

૫

સ્વરાજ્ય પ્રાપ્તિ પછી મારી ચેતના વધુ વિસ્તૃત થઈ. જે નવલકથા આજે સન્માનિત થઈ રહી છે તેનો નાયક 'સોક્રેટીસ' મને હમેશાં ખેંચતો રહ્યો છે. જ્ઞાન, સહૃદયતા તથા કર્મનો સમન્વય એમના જીવનમાં થયો હતો તે ભાગ્યે જ કોઈ બીજાના જીવનમાં થયો હશે. યાંત્રિકતાની ચરમ સીમા સુધી પહોંચી ગયેલ ... જગતમાં વ્યક્તિવ્યક્તિ વચ્ચે લેણદેણ સિવાયનો કોઈ સંબંધ સ્વીકારાઈ રહ્યો નથી. 'આત્મનિરીક્ષણ વિનાનું જીવન વ્યર્થ છે', એ સોક્રેટીસનું વાક્ય વ્યક્તિ કે સમાજ ભૂલશે તો ખતરનાક પરિણામ આવશે. સાહિત્યકારે આ જટિલ, યંત્રની માયાથી ભર્યા સંસારમાં રહીને ભ્રાતૃત્વની ફરીથી ખોજ કરવી જોઈએ, એનું યશોગાન કરવું જોઈએ; તો જ શબ્દસાર્થક થશે.

—'દર્શક' (ગુજરાતી લેખક)

૬

જિંદગીની સાચી તસવીર રજૂ કરવી એ જ મારી દૃષ્ટિએ લેખકની સૌથી મોટી જવાબદારી છે. આથી જીવન સાથે છેડો ફાડીને સાહિત્ય નથી રચી શકાતું. લેખક તે છે કે જે માનવનાં હિતોની પેરવી કરે છે. આજ દુનિયામાં ઘણી બેચેની છે. કેટલીક વાર તો એમ લાગે છે કે માનવજાતિ ખરેખર વિનાશને તટ ખડી છે. બીજી બાજુ જિંદગીએ દીધેલાં કષ્ટો સાથે ઝૂઝતો માનવ હજી દિલમાં આશા ધરી બેઠો છે, સપનાં જુએ છે, પોતાનું ભવિષ્ય ઉજ્જ્વલ બનાવવા નવાનવા મનસૂબા બાંધી રહ્યો છે. આ પરિસ્થિતિમાં લેખક ક્યાં ઊભો છે? શું એ પણ ત્રસ્ત અને નિરાશ બનીને એક કોર ખસી જશે? શું એના લેખનની સાર્થકતા સંઘર્ષરત માનવને સહારો આપવામાં, એનું દર્દ મહેસૂસ કરવામાં, એને રક્ષણ આપવામાં નથી?

—ભીષ્મ સાહની (હિંદી લેખક)

૭

હું વ્યવસાયે તત્ત્વજ્ઞાનનો વિદ્યાર્થી. પણ ઘણી વહેલી મને ખબર પડી ગઈ કે જીવન અને અનુભવોની જટિલતા સમજવામાં વધુ સહા-



ડાબી બાજુથી: સર્વશ્રી ૧ કે. એસ. શ્રીનિવાસ આયંગર (સાહિત્ય અકાદમીના ઉપપ્રમુખ), ૨ ઓ. એન. વી. કુરુપ (મલયાલમ), ૩ ડૉ. રા. ભા. પાટણકર (મરાઠી), ૪ રાધામોહન ગડનાયક (ઓરિયા), ૫ ગુરુદિયાલસિંહ (પંજાબી), અને ૬ મણિમધુકર (રાજસ્થાની).

ચક છે સાહિત્ય. સાહિત્યમાં પણ નવલકથાનું સ્વરૂપ સર્વાધિક ઉપયોગી લાગ્યું, કેમ કે એ જીવનની વધુ સમીપ છે, અને આ સ્વરૂપ દ્વારા વાચકો સાથે સીધી ઘનિષ્ઠતા બાંધી શકાય છે. નવલકથાના લેખને મને આત્માન્વેષણ તરફ દોર્યો, મારા પોતાના જીવનાનુભવને ઊંડાણ અને વિસ્તાર મળ્યાં. મારી પ્રત્યેક નવલકથા મને રહસ્ય-કેન્દ્ર તરફ એક એક ડગ આગળ લઈ ગઈ, અને જીવનની સંકુલ રચના તથા મહત્ત્વની મહત્તર અનુભૂતિ થતી ગઈ. મારા જીવનની શુભ યાત્રામાં માત્ર પગ ટેકાવવા નહિ, પાર ઉતારવામાં મારી નવલકથાઓએ મને ઉત્સાહિત કર્યો... મારા વાચકોનો ફાળો પણ એમાં એટલો જ છે.

—એસ. એલ. ભૈરવ (કન્નડ લેખક)

૮

આજથી બરાબર અઢાર વર્ષ પૂર્વે હું શ્રીનગરની જેલમાં ગયો. જેલની એ અંધારી કોટડીમાં મારી ચેતનાની બારીઓ ખૂલી ને એમાંથી સાહિત્યનો પ્રકાશ આવ્યો. જેલમાં ફારસી શીખ્યો. હાફિઝ, કાલિદાસ, શેક્સપીઅર ને ગટે વાંચ્યા. કાશ્મીરીમાં ઉમર ખય્યામનો અનુવાદ કર્યો. બે વર્ષે છૂટયા પછી 'જંજીરોનું સંગીત' કાવ્યસંગ્રહ પ્રકાશિત થયો. જીવન અપૂર્વાનુમેય છે, નહિ તો હું દાવો કરત કે હજી મારે જીવનના ફલક પર કંઈ રંગ ભરવા છે; કહેત કે મેં એના અસીમ સૌંદર્ય અને સતત પરિવર્તિત ભાવો પર ગીત લખ્યાં છે. પણ હજી તો મારે જીવનનાં રહસ્યોમાં પ્રવેશ કરવો બાકી છે, એના વિરોધાભાસો અને બહુમુખી આકારો-સાથે પ્રયોગો કરવા છે. પણ બધી આકાંક્ષાઓ ઓછી જ પૂર્ણ થાય છે?

—ગુલાબનબી ખયાલ (કાશ્મીરી લેખક)

૯

જીવનમાં અનેક વ્યક્તિઓના સંપર્કમાં આવવાનો અવસર મળ્યો ને કેટલીયે વ્યક્તિઓને સમજવાનો સુઅવસર મળ્યો. દેશભ્રમણથી પ્રત્યક્ષ જનસંપર્ક થાય છે તેની તક મને મળી નથી. પણ સાહિત્યક્ષેત્રમાં યે ભિન્નભિન્ન લોકોને જોયા, એમને સાંભળ્યા ને મેં લખ્યું છે આ આત્મનિવેદન: 'જો કુછ સુના, જો કુછ દેખા.'

—ગિરીન્દ્રમોહન મિશ્ર (મૈથિલી લેખક)

૧૦

એ મારું ગામ છે, જેના ખનિજસંપન્ન સાગરતટને અરબીસમુદ્રની લહેરો રોજ સ્નાન કરાવે છે. એ ધરતીનો હું લાલ છું. મારા સાહિત્યમાં એ ખનિજ તત્ત્વ છે. લોકગીતોની શૈલી તથા ભાષાએ મને લખવા પ્રેર્યો. મારા ગામનાં નાળિયેરીનાં ઝુંડોએ, ઝરણાં ને ખેતરોએ મને લખતાં શીખવ્યું. જેવી રીતે માટી નીચેથી પોતાની બળબળતી તરસ છિપાવવા પોતાની પર્ણજિહ્વા ફેલાવે છે તેમ મારો આત્મા પોતાની તરસ છિપાવવા ગીતો પીએ છે. એ જ પરમાનંદ છે.

—ઓ. એન. વી. કુરુપ (મલયાલમ લેખક)

૧૧

અન્ય માનવીય વ્યવહારોથી સંપૂર્ણ ભિન્ન સાહિત્યનું સ્વતંત્ર મૂળ છે ને છતાં કલાવ્યાપાર એ જીવનવ્યાપારનું પરિપૂર્ણ રૂપ છે.

—રા. ભા. પાટણકર (મરાઠી લેખક)

૧૨

મારો આત્મા સ્પંદિત થયો મારા ગામના આનંદિત વાતાવરણને જોઇને. પ્રકૃતિના રાગ અને સંગીતની મૂર્છનાએ એને મુખરિત કર્યો. એ છે મારાં ગીત. માનવ તરફ દૃષ્ટિ ઢળી તો એ દૃષ્ટિમાં આવ્યા ઉપેક્ષિતો અને શોષિતો. એમને સૂર્યકિરણોએ આશ્વાસન નહોતું દીધું એટલે હું બોલી ઊઠયો:

ઓ રે! તમે કહો છો કે
સૂર્ય પોતાના પ્રખર પ્રકાશમાં
તે બધું ખુલ્લું કરી દે છે
જે ગુપ્ત છે;
પણ સત્ય તો એ છે કે
સૃષ્ટિહૃદય સૂર્ય
ઘણું બાંધી ઢાંકી દે છે.
સંદેહ વધતો જાય છે.

—રાધામોહન ગડનાયક (ઓરિયા લેખક)

૧૩

સાહિત્યકાર થવાની તો વાત જ કયાં? ગરીબીને કારણે શાળાનું ભણતરે પૂરું ન કરી શકયો. મજૂર બન્યો. મારી આસપાસ ગરીબી હતી તો ય મને આશ્ચર્ય હતું કે એ ગરીબોના, એ રોગીઓના જીવનમાં આશા હતી, ઈમાનદારી હતી, કરુણા હતી, સાહસ હતું. મને લાગ્યું કે મારું જીવન અને તેની સમસ્યાઓનું હળ એ જનસમૂહના હળ સાથે જોડાએલું હતું. આમ, આદમીની સારપ ને પ્રામાણિકતા મારી બની. એણે મને જીવનનિષ્ઠા આપી, ગીત આપ્યું. સંસાર સ્વર્ગ બને કે ના બને, પણ જીવવાલાયક સ્થળ બને એ મારી કોશિશ છે. સ્નેહ અને સંરક્ષણની ઉષ્મા નીચે આગામી પેઢીઓમાં ગુલાબ ખીલે એ મારી ભાવના છે—એટલેસ્તો હું લખું છું.

—ગુરુદયાલસિંહ (પંજાબી લેખક)

૧૪

રાજસ્થાનીઓ બહારનાં યુદ્ધો તો ઘણાં લડયા, હવે લડે છે આંતરિક વિદ્રૂપતા સામે. જ્યારે કવિ નવી ભાષાની રચના કરે છે, નવા

વિચારોથી રેતાળ જમીનના ગર્ભમાંથી કળી ઉગાડવા પ્રયત્ન કરે છે ત્યારે આ વિદ્રૂપ મૂઢ બની એનો માર્ગ રોકીને ઊભું રહે છે... કવિ જે સંસારમાં જન્મ લે છે તેની સાથે લાંબો સમય નિર્વાહ નથી કરી શકતો. રાજસ્થાનનો નવો કવિ રેતની રમત રમે છે ને અનવરત પોતાની ખોજ કરે છે.

—મણિ મધુકર (રાજસ્થાની લેખક)

૧૫

અમારા માન્ય કવિ સુબ્રહ્મણ્યમ્ ભારતીએ ગાયું છે: 'ભારતમાતા અઢાર ભાષાઓમાં બોલે છે, પરંતુ વાત તો એક જ કરે છે. પોતપોતાની ભાષાના માધ્યમથી રાષ્ટ્રીય સાહિત્ય રચનારા પ્રત્યેક લેખકનું હું બહુમાન કરું છું. આજની ક્ષણ લેખકને માટે એ ક્ષણ છે જે ક્ષણ સ્વાતંત્ર્ય-સંગ્રામ વખતે હતી. બ્રહ્માંડ પરમેશ્વરના સ્વપ્નની ઊપજ છે. આવતી કાલની દુનિયા લેખકના સ્વપ્નની ઊપજ હશે.

—રા. દંડાયુધમ (તમિળ લેખક)

૧૬

હું છું એક ક્રાંતિવાદી—સૌન્દર્યનો ઉપાસક. બન્ને વાત એક જ છે. ક્રાંતિ એટલે પરિવર્તન, પરિવર્તન એટલે સૌન્દર્ય. મારી રચનાઓનાં નાયક-નાયિકા છે હરિજન વર્ગનાં. મારે કહેવું એ છે કે દ્રવિડ તથા હરિજન આર્ય છે, ભારત એક છે ને એની જનતાની અસ્મિતા એક છે. એક મહાન રાષ્ટ્રના ભાવનાત્મક ટુકડા કરવાના સર્વ પ્રયાસ ઝૂંપડીઓ સમાન છે. હું જોઉં છું કે એ બધી સળગી રહી છે. દૂષિત, અશુભ, ષડ્યંત્રી તત્ત્વ સળગી રહ્યાં છે. દેવી સરસ્વતી મારા દ્વારા નવા યુગના ઉદયની ભવિષ્યવાણી કરાવી રહી છે.

—બોઈ ભીમન્ના (તેલુગુ લેખક)

૧૭

સ્વરાજ્ય માટેની આપણી લડાઈ 'રોટી' માટેની હતી. વાત સાચી, પણ એ 'રોટી' માટેની જ ન હતી. આપણી સંસ્કૃતિ અને આપણા સાહિત્ય માટેના પુનરુત્થાન કાજે પણ હતી... મને મારી ભાષા ઉર્દૂ અને એના સાહિત્ય માટે બહુમાન છે, કેમકે એના પ્રારંભકાળથી ઉર્દૂ સાહિત્ય રુહનું સાહિત્ય છે. ઉર્દૂ સાહિત્યનો આત્મા 'ક્રાંતિ' છે. —કૈફી આઝમી (ઉર્દૂ લેખક)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનનાં ઉપાસકોના ઉત્તરો: ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



ડૉ. રમણલાલ જોશી

જન્મ: તા. ૨૨-૫-૧૯૨૬. વતન: વડનગર (ઉ. ગુ.). ગુજરાત યુનિ.ના ભાષા સાહિત્યભવનમાં રીડર. ગુજરાતીના એક અગ્રણી વિવેચક. 'ગોવર્ધનરામ: એક અધ્યયન (૧૯૬૩) એ એમનો ડૉક્ટરેટ માટેનો મહાનિબંધ. 'પરિમાણ', 'સેતુ', 'અભીપ્સા' વગેરે વિવેચન-સંગ્રહો. 'સ્વ. સાક્ષર નવલરામનું જીવનવૃત્તાંત', 'અખેગીતા' (શ્રી ઉમાશંકર જોષી સાથે) અને 'ઉત્તમલાલ ત્રિવેદીની ગદ્યરીતિ' (શ્રી રામપ્રસાદ બક્ષી સાથે)ના સંપાદક. વિવિધ સામયિકો, 'ઇન્ડિયન લિટરેચર', 'પી. ઈ. એન.'માં લખે છે. 'જનસત્તા' દૈનિકનો સાહિત્યવિભાગ સંભાળે છે. ગુજ. યુનિ. ગ્રંથનિર્માણ બોર્ડે એમનો 'ભારતીય નવલકથા' ગ્રંથ પ્રકટ કર્યો છે.

૧ આપની દૃષ્ટિએ વિવેચકનું મુખ્ય કાર્ય શું?

ઉ. સર્જકની જે ચેતનાભૂમિમાંથી કળાકૃતિ સર્જાય છે એની સાથે વધુમાં વધુ તાદાત્મ્ય સાધી તેનું રહસ્ય પ્રગટ કરવું અને એ સાથે જ આપણી રસાનંદ લેવાની શક્તિને વિકસાવવી એ વિવેચકનો ધર્મ છે. સાહિત્યની સુગંધ વિવેચનમાંથી મહેકે નહિ એ વિવેચનની એક મોટી મર્યાદા ગણાય.

૨ સર્જન અને વિવેચનને શો સંબંધ? વિવેચન સર્જનને ઉપકારક નીવડે ખરું?

ઉ. સર્જનકલા અને વિવેચનશાસ્ત્ર પરસ્પર ગૂંથાએલાં છે. વિવેચન સર્જનને અમુક હદ સુધી સહાયરૂપ નીવડી શકે, પણ સર્જકની સઘળી સિદ્ધિનો આધાર એની પ્રતિભાશક્તિ છે અને એ શક્તિનો પ્રકાશ ક્યારે અને શી રીતે મળશે એનો કોઈ નિયમ નથી.

૩ પંડિત યુગ, ગાંધી યુગ ને વર્તમાન યુગમાં કયો યુગ આપને સવિશેષે ગમે છે? એનાં કારણો?

ઉ. વર્તમાન યુગ, કારણ—

'ભૂતના સંસ્મૃતિ તારે વર્તમાન ગૂંથી રહું,
વર્તમાનમધુ સ્વપ્ને ભાવિની ઝંખના કરું.'(ઉમાશંકર)

૪ આધુનિક ગુજરાતી સાહિત્યનાં વહેણો અંગે આપનો શો પ્રતિભાવ છે?


ઉ. વ્યાપ વધ્યો છે, ઊંડાણ ઘટ્યું છે. સાહિત્ય 'સાધના' મટી 'શોખ' વધારે બન્યું છે. સાહિત્યના ગંભીર ઉપાસકો ઝાઝા જોવા મળતા નથી.

૫ ઉચ્ચ શિક્ષણનાં ધોરણો કથળતાં આવે છે એ અંગે આપનું શું માનવું છે?

ઉ. બીજી આળપંપાળો કરતાં જ્ઞાનની ઉપાસના ઉપર ભાર મૂકવામાં આવે અને નિષ્ઠાપૂર્વક અધ્યયન-અધ્યાપન થઈ શકે એવું વાતાવરણ સર્જાય તો કથળતાં જતાં ધોરણોના દુશ્ચક્રમાંથી બચી શકાય.

૬ 'કાન્ત' અને 'કલાપી' જેવી લોકપ્રિયતા આજના કવિઓ મેળવી શક્યા છે? કારણ?


ઉ. ના. તેમની કાવ્યશૈલી સાથે વિશાળ સાહિત્યરસિક વર્ગ એટલું અનુસંધાન સાધી શક્યો નથી.



કલકત્તા ગુજરાતી સાહિત્ય મંડળ તરફથી
કવિસંમેલન અને કાવ્યસંગ્રહ

કલકત્તાના ગુજરાતી સાહિત્ય મંડળે ગયે વર્ષે 'વાર્તામેળો' યોજીને 'કેસૂડાંની વાર્તાઓ'નો સંગ્રહ બહાર પાડ્યો હતો. એ પરંપરામાં આ વર્ષે જુલાઈ-ઑગસ્ટમાં 'કવિસંમેલન' યોજીને 'કેસૂડાંનાં કાવ્યો'નો સંગ્રહ બહાર પાડશે, જેમાં ૧૦૦ નવાં, મૌલિક, અપ્રકટ કાવ્યો હશે અને જેના સંપાદકો તરીકે સર્વશ્રી જયંતીલાલ મહેતા, નલિન પટેલ, દિનેશ મોદી તથા પી. સી. દવે રહેશે. પ્રત્યેક સ્વીકૃત કૃતિ દીઠ પુરસ્કાર અપાવા ઉપરાંત કવિ-સંમેલન પ્રસંગે નીચેનાં પારિતોષિકો આપશે. (જેના નિર્ણાયક શ્રી નિરંજન ભગત રહેશે.) પ્રથમ: 'નવરોઝ' ચન્દ્રકના રૂ. ૫૦૧; દ્વિતીય: રૂ. ૨૫૧; તૃતીય: રૂ. ૧૫૧. પોતાની ઉત્કૃષ્ટ કૃતિઓ તા. ૩૧ મે સુધીમાં 'ગુજરાતી સાહિત્ય મંડળ', C/o શ્રી જયંતીલાલ મહેતા, ૪૯/૧એ હરીશ મુખરજી રોડ, કલકત્તા ૭૦૦૦૨૫ (સરનામું અંગ્રેજીમાં કરવું) ને મોકલવી. સૌ કવિઓને ભાગ લેવા નિમંત્રણ છે.

પ્રાચીન સિક્કા



૧૭

લેખક - ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી


ગુપ્ત સમ્રાટોના સિક્કા–૩ ૨″ × ૪

ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યના પુત્ર કુમારગુપ્ત ૧લાના સુવર્ણસિક્કા પ્રકારોનું સૌથી વધુ વૈવિધ્ય ધરાવે છે. એ 'મહેન્દ્રાદિત્ય' કહેવાતો. એના ૧૪ પ્રકાર મળ્યા છે. એમાં કેટલાક અગાઉના છે. ચંદ્રગુપ્ત ૨ જાના, સમુદ્રગુપ્તના અને ચંદ્રગુપ્ત ૧લાના સમયના

(૧) ધનુર્ધર પ્રકાર: આ પ્રકારના ઘણા સિક્કા મળ્યા છે. અગ્રભાગ પર ઊભી હારમાં 'કુમાર' કે માત્ર 'કુ.' અને પૃષ્ઠભાગ પર પદ્માસના લક્ષ્મી તથા બિરુદ 'શ્રી મહેન્દ્ર' લખેલું હોય છે. (૨) અશ્વારોહ પ્રકાર: આ રાજાના સહુથી વધુ સુવર્ણસિક્કા આ પ્રકારના છે. તેમાં પૃષ્ઠ ભાગ પર 'અજિતમહેન્દ્ર' એવું બિરુદ લખેલું હોય છે. (૩) સિંહનિહંતા પ્રકાર: તેમાં પૃષ્ઠભાગ પર 'શ્રી મહેન્દ્રસિંહ' કે સિંહમહેન્દ્ર' એવું બિરુદ હોય છે. (૪) વ્યાઘ્રનિહંતા પ્રકાર: એમાં અગ્રભાગ પર બિરુદ 'શ્રીમાન્ વ્યાઘ્રબલપરાક્રમ.' (૫) અશ્વમેધ પ્રકાર: બિરુદ: 'શ્રી અશ્વમેધ મહેન્દ્ર'. આ સિક્કાઓ પરથી જ જાણવા મળે છે કે કુમારગુપ્તે અશ્વમેધ કરાવેલો. (૬) છત્ર પ્રકાર: બિરુદ: 'શ્રી મહેન્દ્રાદિત્ય'. આ ઉપરાંત કુમારગુપ્તે કેટલાક નવા પ્રકાર પણ પ્રયોજ્યા જેમ કે (૭) વીણાવાદક પ્રકાર: આ પ્રકારના બે જ સિક્કા મળ્યા છે, તેમાં પૃષ્ઠભાગે પર્યંક પર બેઠેલી રાણી નજરે પડે છે. લેખ છે 'શ્રી કુમારગુપ્ત'. (૮) રાજારાણી પ્રકાર: આ પ્રકારનો એક જ સિક્કો મળ્યો છે, જેના અગ્રભાગ પર રાણીને પુષ્પગુચ્છ આપતા રાજાનું તથા પૃષ્ઠભાગે સિંહાસના દેવીના અંકન સાથે 'શ્રી કુમારગુપ્ત' લખેલું છે. (૯) ખડ્ગધર પ્રકાર: આ પ્રકારના સિક્કામાં અગ્રભાગે રાજા જમણા હાથે વેદીમાં ધૂપ અર્પે છે ને તેનો ડાબો હાથ ખડ્ગની મૂઠ પર રાખેલો છે. રાજાની ડાબી બાજુએ ગરુડધ્વજ છે. પૃષ્ઠ ભાગ પર પદ્માસના લક્ષ્મી અને લેખ 'શ્રી કુમારગુપ્ત' છે. (૧૦) ગજારોહ પ્રકાર: અગ્રભાગે છત્રધર અનુચર સાથે, અને પૃષ્ઠભાગે પદ્મ પર ઊભેલાં લક્ષ્મી તથા લેખ 'શ્રી મહેન્દ્ર ગજ:'. (૧૧) ગજારોહ-સિંહનિહંતા પ્રકાર: આમાં અગ્રભાગ પર ગજ (હાથી) પર બેસીને સિંહનો શિકાર કરતો રાજા તથા પાછળ છત્રધર સેવક છે. પૃષ્ઠ ભાગમાં પદ્મ પર ઊભેલાં લક્ષ્મી. લેખ: 'સિંહનિહન્તા-મહેન્દ્રગજ:'. (૧૨) ખડ્ગનિહન્તા પ્રકાર: અગ્રભાગમાં અશ્વારૂઢ રાજા ખડ્ગ (તલવાર) વડે ખડ્ગ (ગેંડા)ને મારે છે. લેખમાં એને 'ખડ્ગત્રાતા' કહ્યો છે. એમાં શ્લેષ છે: 'ખડ્ગેન' (તલવાર વડે) તેમજ 'ખડ્ગાત્' (ગેંડાથી) ત્રાણ (રક્ષણ) કરનાર. પૃષ્ઠભાગમાં મકર પર ઊભેલાં ગંગાદેવી, તેની પાછળ છત્રધર સેવક, અને બિરુદ છે 'શ્રી મહેન્દ્રખડ્ગ'. બંને બાજુ કલાત્મક રીતે કોતરેલી છે. (૧૩) કાર્ત્તિકેય પ્રકાર: કુમારગુપ્તના નામમાં 'કુમાર'નો અર્થ છે કાર્ત્તિકેય. આથી એ સ્વરૂપ સૂચવતો આ અવનવો પ્રકાર છે. એમાં અગ્રભાગે રાજા ઊભો ઊભો કાર્ત્તિકેયના વાહન મયૂરને દ્રાક્ષની લૂમ આપતો આલેખાયો છે, તો પૃષ્ઠભાગ પર મયૂરારૂઢ કાર્ત્તિકેય તથા 'મહેન્દ્રકુમાર: અર્થાત્ મહેન્દ્રદિન્ય રૂપી કુમાર (કાર્ત્તિકેય) એવું લખાણ છે. (૧૪) અપ્રતિઘ પ્રકાર: એમાં અગ્રભાગમાં વચ્ચે એક પુરુષ ઊભો છે. જમણી બાજુએ એક સ્ત્રી ઊભી છે ને ડાબી બાજુએ ઢાલ લઈ એક પુરુષ ઊભો છે. ઊભા લેખમાં 'કુમારગુપ્ત' વંચાય છે; પરંતુ પૂરો ગોળ લેખ મળ્યો નથી, તેથી આ ત્રણ વ્યક્તિઓનું અભિજ્ઞાન મુશ્કેલ છે. ડૉ. અલ્તેકર ધારે છે કે વચ્ચે રાજા છે, એક બાજુ રાણી છે ને બીજી બાજુ સેનાપતિ છે. અન્ય વિદ્વાનોએ અન્ય તર્ક કર્યા છે. આ સિક્કાના પૃષ્ઠભાગે પદ્માસના લક્ષ્મી અને લેખમાં 'અપ્રતિઘ:'.

કુમારગુપ્તે પશ્ચિમ ભારત માટે ચાંદીના સિક્કા પણ પડાવ્યા, જેના પૃષ્ઠભાગ પર ગરુડનું ચિહ્ન છે. (મથાળે શીર્ષકમાં પ્રથમ આની બંને બાજુ દર્શાવી છે.) ગુજરાતમાં આવા સંખ્યાબંધ સિક્કા મળ્યા છે: જેમકે સાણંદમાં ૧૧૦૩, અમરેલીમાં લગભગ ૨૦૦૦ અને આણંદમાં લગભગ ૨૦૦. રાજકોટના વૉટસન મ્યૂઝિયમમાં પણ આવા સેંકડો સિક્કા છે. કુમારગુપ્તે મધ્યદેશ (ગંગા મેદાન) માટે પણ ચાંદીના સિક્કા પડાવ્યા હતા, તેમાં વર્ષની સંખ્યા રાજાના મુખની આગળ આપી છે ને પૃષ્ઠભાગ પર ગરુડને બદલે કળા કરતા મોરની આકૃતિ હોય છે. (શીર્ષકમાં જમણી બાજુ આવા એક સિક્કાની બંને બાજુ દર્શાવી છે.) પશ્ચિમ ભારતના સિક્કાના પૃષ્ઠભાગ પર.

'પરમભાગવત – મહારાજાધિરાજ – શ્રીકુમારગુપ્ત – મહેન્દ્રાદિત્ય:' એવું લખાણ હોય છે. વળી, તાંબા પર ચાંદીનો ઢોળ ચડાવેલા કેટલાક સિક્કા પણ મળ્યા છે. આ રાજાના તાંબાના સિક્કા પણ છે. એમાં કેટલાક છત્ર પ્રકારના, તો કોઈ ઊભેલા રાજાની છાપના છે. કોઈ સિક્કાઓ પર યજ્ઞવેદી જેવું પણ દેખાય છે.



કુમારગુપ્તના સમયના સિક્કા. ડાબી બાજુથી અનુક્રમે (ઉપર સિક્કાનો અગ્રભાગ અને નીચે તેનો પૃષ્ઠભાગ છે.) (૧) ખડ્ગધર પ્રકાર; (૨) ગજારોહ પ્રકાર; (૩) ગજારોહ-સિંહનિહંતા પ્રકાર, (૪) ખડ્ગનિહંતા પ્રકાર, (૫) કાર્ત્તિકેય પ્રકાર અને (૬) અપ્રતિઘ પ્રકાર.

અંગ્રેજી સાહિત્યનું આચમન

—ખંડ ૪થો · પ્રકરણ ૮મું

ફ્રાન્સિસ બેકન તત્ત્વચિંતનાત્મક સાહિત્ય

સોળમા સૈકાના ઉત્તરાર્ધમાં એક તરફ ધર્મલક્ષી સાહિત્ય પ્રકટ થઈ રહ્યું હતું ત્યારે બીજી તરફ એક યુવાન, ફ્રાન્સિસ બેકન–Francis Bacon (૧૫૬૧-૧૬૨૬) તત્ત્વજ્ઞાનના સાહિત્યની એક નવી કેડી પાડી રહ્યો હતો. એને પોતાના જીવનકાર્યની પ્રતીતિ થઈ ગઈ હતી. એણે નોંધ્યું હતું: I found in my own nature a special adaptation for the contemplation of truth. જ્ઞાન અને સત્ય વિષેની ખોજ એ તેનું ધર્મકાર્ય બની રહ્યું. મનુષ્યનું આ પૃથ્વી પરનું સામ્રાજ્ય વિકસાવે એવું જ્ઞાન પ્રાપ્ત કરવાનો તેનો મનોરથ હતો. આમ ઇંગ્લૅન્ડમાં વિજ્ઞાન-તત્ત્વજ્ઞાનની દિશામાં પહેલવહેલું પ્રયાણ કરનાર આ બેકન થયો. જ્ઞાન દ્વારા જ મનુષ્ય પ્રકૃતિ પર અંકુશ મેળવી શકે એમ તે માનતો. તેમ છતાં એના મનમાં એટલી વાત સ્પષ્ટ હતી કે પ્રકૃતિના નિયમોને વશ વર્તીને જ તેના સ્વામી થઈ શકાય—Nature can not be commanded except by being obeyed. મનુષ્યના જ્ઞાનની ક્ષિતિજો કઈ રીતે વિસ્તારી શકાય તે સમજાવવા માટે તેણે એક મહત્ત્વાકાંક્ષી યોજના—Magna Instauratio—ઘડી હતી. તેણે જે કાંઈ જ્ઞાન આ દિશામાં સંચિત થએલું હતું તેનું વર્ગીકરણ કર્યું. એ અંગેનું તેનું પુસ્તક 'ધી ઍડવાન્સમેન્ટ ઑવ લર્નિંગ' લૅટિનમાં ૧૬૨૦માં પ્રગટ થયું અને વિજ્ઞાનના ક્ષેત્રમાં ક્રમશઃ વિકાસ સાધવાની એક તાર્કિક પદ્ધતિ—Novum Organun તેણે સ્વીકારી. પોતાની સંશોધનપ્રવૃત્તિમાં એણે નિરીક્ષણ ઉપર જ ઝોક આપ્યો. એ યુગની પ્રજાને સૌ પ્રથમ અનુભવમૂલક યા પ્રયોગજન્ય જ્ઞાનની પદ્ધતિસર સમજૂતી આપનાર તરીકે તેનું નામ સંકળાઈ ગયું છે. અલબત્ત પોતે ઉપજાવેલી થીઅરીનો વહેવારમાં અમલ કરતી વેળા વારંવાર તે માર્ગ ચૂકી ભૂલો પડયો છે. અને એ સાચા અર્થમાં તત્ત્વશોધક તો હતો જ નહિ; બહુબહુ તો એને પ્રયોગવીર કહી શકાય.

તેમ છતાં એણે જ્ઞાન માટેની સામગ્રી એકત્ર કરી, તેનું વર્ગીકરણ કર્યું, હકીકતોનું સંશોધન કર્યું, એ બધી પ્રવૃત્તિની અંગ્રેજી તત્ત્વવિચાર પર તત્કાલ નહિ તો ય અરધા સૈકા પછી પ્રબળ અસર પડી. પ્રાકૃતિક જ્ઞાનસુધારણા માટેની રૉયલ સોસાએટીનો ઉદ્ભવ બેકનની વિચારણાઓમાંથી જ થયો, અને પ્રજાના હૃદયમાં બેકને સ્થાપેલું-સંશોધેલું તત્ત્વ સ્થાપિત કરવામાં એ સંસ્થા સાધનરૂપ બની. બેકને તત્ત્વચિંતનની દિશામાં નવપ્રસ્થાન કર્યું, પણ તેને પોતાના વિચારોની અભિવ્યક્તિ માટે માતૃભાષા અંગ્રેજી અનુકૂળ જણાઈ નહિ. તેણે પોતાનું આ મહત્ત્વનું કાર્ય લૅટિન ભાષા દ્વારા જ પ્રગટ કર્યું. તેનું ઉપર્યુક્ત પુસ્તક Instauratio લૅટિનમાં જ લખાએલું છે. જોકે તેણે પોતાના નિબંધો (Essays) અંગ્રેજીમાં લખ્યા અને તે સારો સત્કાર પામ્યા; તો પણ જ્યારે એનો લૅટિનમાં અનુવાદ થયો ત્યારે જ એને સંતોષ થયો કે આ વિશ્વભાષામાં જ એ પુસ્તક ચિરકાળ ટકી શકશે.

બેકનની એક અપૂર્ણ રહેલી રોમાન્સ-કૃતિ New Atlantis ૧૬૨૭માં પ્રકટ થઈ. તેમાં કેટલાક સમુદ્રયાત્રીઓ એક અજાણ્યા ટાપુમાં આવી ચડે છે અને ત્યાં તેમની સારી આગતાસ્વાગતા થાય છે, એ ટાપુની ઉચ્ચ સંસ્કૃતિ વિષેની ને 'સાલોમન્સ હાઉસ' ('Salomon's House) નામની એક સંશોધન કરનારી સંસ્થાની વાતો તેમની સમક્ષ રજૂ કરવામાં આવે છે—એ પ્રકારની, ટૉમસ મૉરના 'યુટોપિયા'નું સ્મરણ કરાવે તેવી, ઘટનાઓનું એમાં નિરૂપણ છે. ખરું જોતાં બેકને સાલોમન્સ હાઉસના પરિચય દ્વારા વિજ્ઞાનમાં સંશોધનની પ્રક્રિયા અંગેના જ પોતાના વિચારો લોકપ્રિય શૈલીમાં રજૂ કર્યા છે. મનુષ્યનું ચિત્ત અને વસ્તુનું સ્વરૂપ એ બે વચ્ચેનો વ્યાપાર આ પૃથ્વી ઉપરની સૌથી કીમતી ચીજ છે એ એના મુખ્ય પુસ્તક Magna Instauratioનો જ કેન્દ્રવિચાર અહીં રજૂ થયો છે. અલબત્ત, ટૉમસ મૉરમાં જે રૉમૅન્ટિક વૃત્તિ અને કલ્પના હતી તે બેકનમાં નથી જ. તેમ છતાં એણે નિરૂપેલું 'સાલોમન્સ હાઉસ' રૉયલ સોસાએટીની આગાહી કરે છે.

'ધ હિસ્ટરી ઑવ હેન્રી ધ સેવન્થ' એ બેકનનું બીજું એક પુસ્તક જેઈમ્સ ૧લાને રીઝવવાના પ્રયોજનથી લખાએલું. તેમાં જેઈમ્સના પૂર્વજ ટયુડર વંશના પહેલા રાજા હેન્રી ૭માનું ચિત્ર છે. એ કૃતિમાં બેકનનું ગાંભીર્ય, અને એની ચતુરાઈ તથા રાજનીતિ વિષેનું તેમજ કાયદાનું જ્ઞાન બરાબર પ્રકટ થાય છે. એની કથનશૈલી પણ રસપ્રદ છે.

બેકને વિજ્ઞાન-તત્ત્વજ્ઞાન વિષેનું પોતાનું આ [illegible] લૅટિન ભાષામાં પ્રકટ કર્યું; પણ તેના 'Essays'—'નિબંધો'—અંગ્રેજી ભાષામાં પ્રકાશિત થયા અને એ જ તેનું અંગ્રેજી સાહિત્યમાં મુખ્ય અર્પણ બની રહે છે. અંગ્રેજી ભાષા પર તેના પ્રભુત્વની પ્રતીતિ તેના આ 'નિબંધો'માં મળે છે. 'નિબંધો'નું મથાળું તરત જ ફ્રેંચ નિબંધકાર મૉન્ટેઈન (Montaigne)નું સ્મરણ કરાવે, પણ શૈલી તેમ જ તત્ત્વની દૃષ્ટિએ બંને એકબીજાથી નિરાળા છે. બેકનની પૂર્વે થોડા સમય અગાઉ જ મૉન્ટેઈને નિબંધપ્રકાર ખેડયો હતો. મૉન્ટેઈનમાં વિષયોનું વૈવિધ્ય ધ્યાનપાત્ર બને છે. મનુષ્યજીવન સાથે સંકળાએલી દરેક બાબતમાં એનો જીવંત રસ છે, અને એ બધી બાબતો વિષે તે ચિંતન પ્રકટ કરે છે. બેકનમાં થોડીક આછકલાઈ દેખાય છે. એના નિબંધો વ્યક્તિનિરપેક્ષ (impersonal) છે. પોતાનાં નિરીક્ષણોમાંથી જ તે અર્થાન્તરન્યાસી વિધાનો તારવે છે. એના દસ નિબંધોનો પહેલો સંગ્રહ જે ૧૫૯૭માં પ્રગટ થએલો એમાં એના ડહાપણના દ્યોતક શ્રેણિબદ્ધ અર્થાન્તરન્યાસો જ ધ્યાન ખેંચે છે. પણ પછી આ પહેલા નિબંધસંગ્રહની વિસ્તૃત આવૃત્તિઓ ૧૬૧૨માં અને ૧૬૨૫માં પ્રગટ થઈ તેમાં તેની શૈલીનો વિકાસ જોઈ શકાય છે. પાછળના નિબંધોમાં તેની શૈલી રસળતી બની છે અને વિષય-વિચારનું વૈવિધ્ય પણ રોચક બને છે.

બેકન એક કુશળ વકીલની હેસિયતથી નિબંધલેખન કરતો લાગે છે. તેના રસનો વિષય 'માણસની સામાજિક અને નૈતિક જવાબદારી', એ તેના ઉપશીર્ષક 'Counsels—Civil and Moral'માં પ્રકટ થઈ જાય છે. પોતાનાં તારણો રજૂ કરતાં પહેલાં તે બંને પક્ષની દલીલોનું તોલન કરનારા વકીલની કુશળતા દાખવે છે. એના નિબંધો વિચારોથી ખચિત ને અવારનવાર કાવ્યમય પ્રતિરૂપોથી યુક્ત હોય છે. દુન્યવી વહેવાર અને સૂત્રાત્મક વાણી એ તેના નિબંધોનાં અન્ય લોકપ્રિય નીવડે તેવાં અંગો છે.

એના નિબંધોનાં કેટલાંક વિધાનો તો અંગ્રેજી ભાષામાં ચલણી—કહેવતરૂપ બની ચૂકયાં છે. 'Of Death'ના નિબંધનો આરંભ જ કેવા રમણીય દૃષ્ટાંતથી થયો છે: Men fear Death, as children fear to go in the dark; and as that natural fear in children is increased with tales, so is other. 'Of Innovations' નામે નિબંધનો આરંભ પણ મનહર અલંકારથી થાય છે: As

the births of living creatures at first are ill-shapen, so are all Innovations, which are the births of time. એનો પ્રેમ વિષેનો નિબંધ 'Of Love' પણ કેવો પ્રાસાદિક, અને માર્મિક છે! બેકન લખે છે: પ્રેમ એ હમેશાં કૉમેડી અને ક્યારેક ક્યારેક ટ્રૅજડી સર્જે છે, જિંદગીમાં તે કેટલીક વાર સાયરનની જેમ ને કેટલીક વાર ચંડીની જેમ તોફાન મચાવી જાય છે. ડાહ્યા માણસો આ પોચટ લાગણીથી છેટા જ રહે છે.

ઇતિહાસમાંથી બેકન બે મહાન વ્યક્તિઓનાં રસપ્રદ દૃષ્ટાંત એ અંગે ટાંકે છે: રોમન સામ્રાજ્યનો અર્ધ હિસ્સેદાર માર્કસ ઍન્ટોનિયસ અને બીજો એપિયસ ક્લૉડિયસ. એમાં ઍન્ટોનિયસ તો જાણે વિષયી હતો, પણ ક્લૉડિયસ તો પવિત્ર અને ડાહ્યો માણસ હતો, છતાં પ્રેમનો ભોગ બન્યો. એટલે એમ લાગે છે (જો કે અપવાદરૂપે) કે ખુલ્લા હૃદયમાં તો પ્રેમ પેસી જાય છે જ, પણ સુરક્ષિત હૃદયમાં પણ, જો ચોકી બરાબર ના હોય તો કામદેવ દાખલ થઈ જાય છે. વળી નિબંધની વચ્ચે-વચ્ચે, પોતાના વક્તવ્યના સમર્થનમાં પ્રાચીન ગ્રંથોમાંથી સૂત્રાત્મક વિધાન પણ તે ટાંકતો જાય છે જેમ કે 'It is impossible to love and to be wise.'

બેકનના નિબંધોમાં ચિત્તની ક્ષિતિજો વિસ્તારે તેવી ઘણી બધી સામગ્રી છે. એણે મનુષ્યજાત વિષે જે ચિંતવનો કર્યાં છે તે સર્વ કાળ અને સર્વ સ્થળ માટે સાચાં ઠરે તેવાં છે. બેકન અંગ્રેજી સાહિત્યમાં એના નિબંધોને કારણે જ આજ સુધી યશસ્વી બની રહ્યો છે.

ટૉમસ કૉર્યેટ

બેકન પછી એક બીજા વિચક્ષણ ગદ્યલેખક ટૉમસ કૉર્યેટ (૧૫૭૭?-૧૬૧૭)નો યે નિર્દેશ કરી લેવો ઘટે. પોતે યુરોપ ને એશિયાનો પ્રવાસ ખેડેલો તે વિષેનું મનોરંજક પુસ્તક તેણે લખ્યું છે: 'Coryate's Crudities, hastily gobled up in'Five Months' Travels. એમાં, અલબત્ત, વિચારનું ઊંડાણ કે આકર્ષક નિરૂપણરીતિ જોવા ન મળે; તો પણ એ જમાનાના ઘણા દેશોના રિવાજોનું તેણે જે વર્ણન કર્યું છે તે મનોરંજન પૂરું પાડનારું છે. ઇંગ્લૅન્ડમાં ભોજન માટે છરીકાંટાનો ઉપયોગ કૉર્યેટને આભારી છે. ઇટલીમાં તેણે ભોજન માટે છરીકાંટાનો ઉપયોગ જોયો અને ઇંગ્લૅન્ડમાં તેણે તેનો પ્રચાર કર્યો.

રૉબર્ટ બર્ટન

રૉબર્ટ બર્ટન (૧૫૭૬-૧૬૪૦) તરંગી પ્રકૃતિનો ગદ્યલેખક છે. એની એકમાત્ર પ્રખ્યાતનામ કૃતિ 'ધી ઍનૅટમી ઑવ મૅલન્કલી The Anatomy of Melancholy (૧૬૨૧)માં એની વિદ્વત્તા, તરંગી પ્રકૃતિ, કટાક્ષકલા એ સર્વનો પરિચય થાય છે. બર્ટન ગ્રીક-લૅટિન ભાષાસાહિત્યનો અભ્યાસી હતો; ઉપરાંત ગણિત, ખગોળશાસ્ત્ર, જમીનની મોજણી વગેરે વિદ્યાકળાઓમાં પણ કુશળ હતો. પોતાના 'ઍનૅટમી...' પુસ્તકમાં પોતાનું સમગ્ર પાંડિત્ય તેણે ઠાલવ્યું છે. જો કે એક દૃષ્ટિએ બર્ટને આ પુસ્તકમાં દેશપરદેશના પ્રાચીન-સમકાલીન વિદ્વાનોનાં પુસ્તકોમાંથી પ્રાપ્ત કરેલી સામગ્રી જ ખડકી દીધી છે, એની પોતાની આગવી ફિલસૂફી કે દૃષ્ટિકોણ ક્યાંય નથી; તેમ છતાં પ્રાપ્ત સામગ્રીનો વિનિયોગ તેણે એવી કુશળતાથી કર્યો છે અને એમાં પોતાની મુદ્રા અંકિત કરી છે કે પુસ્તકમાં એક પ્રકારની સુગ્રથિતતા દેખાય છે.

આ પુસ્તકમાં બર્ટને વિષાદ (Melancholy)નું વર્ગીકરણ કર્યું છે, ચિત્તની વિવિધ પ્રકારની વૃત્તિઓનાં વર્ણન આપ્યાં છે. તેમાં ધાર્મિક વિષાદ અને પ્રેમના વિષાદ વિષેનાં તેનાં મંતવ્યો પ્રકટ કરનારા ખંડો પુસ્તકનો ઉત્તમ અંશ કહી શકાય. તેણે એ પુસ્તકમાં વિષય ભલે વિષાદનો રાખ્યો હોય અને ભલે તેનું શાસ્ત્રીય પૃથક્કરણ કરવાનો પ્રયત્ન કર્યો હોય, તો પણ સમગ્રપણે તો માનવમૂર્ખાઈ પરના કટાક્ષનું જ આ પુસ્તક છે. વિશાળ ફલક પર તેણે મનુષ્યની બેવકૂફીનાં ચિત્રો આલેખ્યાં છે; અને પ્રાચીન કટાક્ષકારો ડિમૉક્રિટસ (Democritus) અને લ્યૂસિયન (Lucian)ના પડઘા તો તેમાં સંભળાય છે જ, પણ એના પુરોગામીઓ—બ્રાન્ટ (Brant) કૃત 'શિપ ઑવ ફૂલ્સ', ઈરાઝ્મસ (Erasmus) રચિત 'પ્રેઈઝ ઑવ ફૉલી' અને કેટલેક અંશે ટૉમસ મોર (More)ના 'યુટોપિયા'ના રણકા પણ ગુંજે છે. ફ્રેન્ચ નિબંધકાર મૉન્ટેઈનની પણ છાયાઓ તેણે ઝીલી દેખાય છે.

પુસ્તકમાં મુખ્ય વિષયથી ચાતરીને તેણે સ્વૈરવિહાર તો ઘણા કર્યા છે, અને પોતાના વક્તવ્યની રજૂઆતમાં ગંભીરપણે પ્રવર્તતો તે કેટલીક વાર દેખાય તો પણ એ ગાંભીર્યમાંથી વિનોદમાં તે વારંવાર સરી પડે છે, અને એ સાથેસાથ પોતાના વક્તવ્ય વિષે ગંભીર હશે કે કેમ તેવો વહેમ પેદા થાય છે. પુસ્તકની ખરી મઝા તો તેની શૈલીના રંગતરંગ નિહાળવામાં છે. એ ખુદ પોતાની મજાક તો ઉડાવે છે જ, પણ સાથે પોતાના પંડિતબંધુઓને પણ વિનોદનું નિશાન બનાવે છે. પોતાની ધંધાદારી તરકીબોનું વિનોદી બયાન આપતાં તે કહે છે: 'અમે બધા વૈદરાજો રોજેરોજ નવાં મિક્શ્ચરો બનાવીએ છીએ અને એક પાત્રમાંથી બીજા પાત્રમાં ઠાલવીએ છીએ. રોમનોએ જેમ પોતાનું ગંધાતું નગર શણગારવા-સમૃદ્ધ કરવા બીજાં નગરો લૂંટ્યાં તેમ અમે પણ બીજા વિદ્વાનોની વિદ્વત્તાની 'ક્રીમ' ઉઠાવી લાવીએ છીએ, તેમનાં સમૃદ્ધ ઉદ્યાનોમાંથી પસંદગીનાં પુષ્પો ચૂંટી લાવીને અમારી મરુભૂમિને ફળદ્રુપ કરવા મથીએ છીએ.'

એનું 'ઍનૅટમી' એક રીતે જ્ઞાનકોશની ગરજ સારે તેવું દળદાર પુસ્તક છે. એમાં વિજ્ઞાન, મનોવિજ્ઞાન અને શરીરવિજ્ઞાન તો છે જ, પણ ઇતિહાસ અને સમાજશાસ્ત્ર પણ છે, સાહિત્ય ને કટાક્ષકલા યે છે, અને એણે પુસ્તકમાં વેરી મૂકેલા નાનાવિધ ચિત્રાત્મક પ્રસંગો તો કોઈ પણ વાચકને મનોરંજક લાગે તેવા છે. અલબત્ત, આખા પુસ્તકમાં એનો કોઈ ચોક્કસ દૃષ્ટિકોણ, એની કોઈ તરી આવતી જીવનદૃષ્ટિ પ્રકટ થતી નથી. એના લખાણમાં વિદ્વત્તા અને વિનોદના તાણાવાણા વણાઈ ગયા છે. એની તરંગલીલા એમાં પ્રકટી છે, એટલે કોઈ ગંભીર મહાન લેખક તરીકેની મુદ્રા આ પુસ્તકમાંથી પ્રકટતી નથી. તેમ છતાં એ પુસ્તકની સત્તરમા સૈકામાં જ અનેક આવૃત્તિઓ થઈ એ તેની લોકપ્રિયતા સૂચવે છે. અઢારમા સૈકામાં બર્ટન સાવ ભુલાઈ ગએલો, પણ ઓગણીસમા સૈકામાં ચાર્લ્સ લૅમ્બે તેની પ્રતિષ્ઠા પુનર્જીવિત કરી આપી;—અને એની શૈલીનું અનુકરણ કરીને કેટલાક નિબંધો લખવાની મઝા પણ લૅમ્બે માણી.

શેક્સ્પીઅર-યુગના ગદ્ય ઉપર એક ઊડતો દૃષ્ટિપાત કરતાં તેમાં કંઈક અંશે બર્ટનમાં પ્રકટ થતું તરંગીપણું અને મોટે ભાગે પાંડિત્ય જોવા મળે છે. સાચા ગદ્યમાં અપેક્ષિત એવી વિશદતા કે સરળતા હજુ એમાં પ્રકટતી દેખાતી નથી. ગદ્ય હજુ કવિતાની આંગળીએ ચાલતું લાગે છે. લૅટિનનો તેમના પર અતિ પ્રભાવ છતાં ધીમેધીમે અંગ્રેજી ભાષામાં પણ વિવિધ વિષયોનું નિરૂપણ કરવા લેખકો ઉદ્યુક્ત બનતા રહ્યા છે. ધર્મ અને તત્ત્વજ્ઞાનની દિશામાં ગદ્યની ગતિ થતી જોવા મળે છે અને સાહિત્ય-વિવેચનનાં ગદ્ય લખાણોમાં તો વિકાસની ફાળ ભરાતી જોઈ શકાય છે. ગદ્યમાં જેમ ગાંભીર્યનાં તેમ રોમૅન્ટિક તત્ત્વો પણ ભળે છે. ઊર્મિલ અને વિનોદપ્રેરક ગદ્યનું ખેડાણ પણ લેખકોને હાથે થવા માંડે છે. થીએટરોમાં પણ તેનું મહત્ત્વ વધતું જાય છે. સોળમા સૈકાના આરંભના ગદ્ય પર નજર નાખીએ તો શેક્સ્પીઅરના યુગમાં ગદ્યની હરણફાળનો બરાબર ખયાલ આવી શકે. (હવે નવું પ્રકરણ: 'નવજાગ્રતિ પછીનું સાહિત્ય')

અનુસંધાન] **ગણેશમૂર્તિની ચોરી** [પૃ. ૧૫૫થી

ફેલુદા ગલી તરફ આગળ વધતાં બોલ્યો : 'વિલન કેવો હશે એ તો શી ખબર; પણ હીરો તો ભારે દુર્દાન્ત સાહસી, એમાં કોઈ શક નથી.'

નિરંજનબાબુ બોલ્યા : 'ઘોષાલને ઘેર રિપોર્ટ કરવા સિવાય કોઈ રસ્તો જ નથી.'

અમે જરાક આગળ વધ્યા એટલે લાલ મકાનના દરવાજા સામે જઈ પહોંચ્યા. અંદર અંધારું. પાસે જ, લાગે છે, દાદરો હશે; કેમ કે ધબાધબ ધુબકા ખાતાં પગલાંનો અવાજ સંભળાતો હતો, અને સાથે જ છોકરાનો અવાજ સંભળાતો હતો: 'એ પછી કૂદ લઇને કૂદશે પાણીમાં, અને પછી તરતાં તરતાં—તરતાં તરતાં જ ચાલ્યો જશે એકદમ દરિયામાં, અને ત્યાં એક શાર્ક આવીને ટપ લઈને ગળી જશે. અને એ શાર્ક જ્યારે કૅપ્ટન સ્પાર્ક તરફ ચાર્જ કરશે, ત્યારે કૅપ્ટન સ્પાર્ક હાર્પૂનથી (નાના ભાલાથી) ખચ્ચ લઈને મારશે એના પેટમાં, અને—'

આટલું વાક્ય પૂરું ન થયું, કેમકે પરસેવાથી રેબઝેબ બે છોકરા બારણા-માંથી બહાર આવી પહોંચ્યા હતા. અને પહેલા છોકરાએ જેવા અમને જોયા કે એ અટકીને ઊભો રહી ગયો. ઉમર દસથી વધુ નહિ. એકદમ માખણના પિંડા જેવો ગોરો વાન અને આંખ અને નાક જાણે કોઈ રાજ-કુંવર જેવાં ઘાટીલાં. બીજો છોકરો થોડોક મોટો હશે. એ બંગાળી નહોતો એ તો દેખતાં જ ખબર પડી જતી હતી. બંને જણનાં જડબાં જે રીતે ચાલતાં હતાં તેથી લાગતું હતું કે બંનેનાં મોંમાં ચ્યૂઇંગ ગમ હતી.

ફેલુદાએ પહેલા છોકરાને પૂછ્યું: 'એ તો શયતાનસિંહ; પણ તું કોણ?'

'કૅપ્ટન સ્પાર્ક !' ચાબુકની જેમ છોકરાએ ઉત્તર વીંઝ્યો.

'પણ તારું બીજું નામ શું? તારા બાપુજી તને શું કહીને બોલાવે છે?'

'મારું નામ કૅપ્ટન સ્પાર્ક. મારા બાપાનું આ શયતાનસિંહે ઝેરી તીર મારી ખૂન કરી નાખ્યું હતું—આફ્રિકાના જંગલમાં. ત્યારે મારી ઉમર હતી સાત વર્ષની. ત્યારથી મારી આંખોમાં બદલાની વીજળી જલી રહી છે. તેથી મારું નામ સ્પાર્ક.'

'સર્વનાશ!' બોલ્યા લાલમોહનબાબુ : 'આણે તો અક્રૂર નંદીની ચોપડી જ મોઢે કરી નાખી છે, મોશાય!'

છોકરો લાલમોહનબાબુ ભણી ડોળા કકડાવતો પોતાના દોસ્તને લઈને ગંભીરતાથી ગલીમાં થઇને નાકા પર જઈ વળાંક વળ્યો અને અ-દૃશ્ય થઈ ગયો. 'બૉર્ન ઍક્ટર—' જટાયુએ મંતવ્ય વ્યક્ત કર્યું.

ફેલુદાએ નિરંજનબાબુને પૂછ્યું: 'ઘોષાલના ઘરના કોઇને ઓળખો છો?'

'ઓળખું નહિ? કાશીમાં તો જિંદગી ગઈ. એમનાં બધાંને ઓળખું. લગભગ સો વર્ષથી તેઓ બનારસમાં જ વસે છે. આ જે છોકરાને જોયો એના દાદા અંબિકા ઘોષાલ અહીં જ રહે છે. વકીલાત કરતા. એકાદ વરસથી છોડી દીધી છે. છોકરાનો બાપ ઉમાનાથ ઘોષાલ કલકત્તામાં રહે છે. કેમિકલનો ધંધો છે. દરેક પૂજા વખતે અહીં ફૅમિલી લઇને આવે. એમના ઘેર જ દુર્ગાપૂજા થાય છે. ખાનદાની પરિવાર, મોશાય. એમની જમીનદારી હતી, ઈસ્ટ બૅંગાલમાં, પદ્માને કાંઠે.'

'એક વાર ઉમાનાથને મળી શકાય ખરું?'

'શા માટે નહિ? તમે તો અબનુસબાબાને દર્શને જવાનું કહેતા હતાને? તો વખતે ત્યાં જ ભેટો થઈ જશે. સાંભળ્યું છે તેઓ પણ દીક્ષા લઉં લઉં કરે છે.'

અબનુસબાબાને જોયા પછી નિરંજનબાબુના નામકરણની તારીફ કર્યા વિના ન રહેવાયું. ફેલુદાએ જોયો હશે કે નહિ, શી ખબર; પણ મેં તો મારી જિંદગીમાં આટલો કાળોભૂસ માણસ ક્યારેય જોયો નથી. કેવળ કાળો જ નહિ, આ તો સુંવાળો લીસો કાળો! અચાનક જુઓ તો લાગે કે બદન પર સાપની કાંચળી જેમ કંઈક જાણે એણે પહેર્યું છે! તેમાં વળી ખભા સુધી વાંકડિયા વાળ, ને છાતી સુધી વાંકડિયા વાળની દાઢી—બંને કાળાં મેશ! સાધુબાબા જુવાનજોધ. ઉમર જો ત્રીસપાંત્રીસથી વધુ હોય તો નવાઈ લાગે. એ તો દેખીતું છે કે જુવાન ન હોય તો આટલું તરી જ શી રીતે શકે? બાબાનો દેખાવ ચમકીલો - દેદીપ્યમાન લાગતો હતો—એમણે પહેરેલી લાલ ચટક રેશમની ચાદર અને લુંગીને લીધે.

અમે ચાર જણ ફળિયામાં પ્રવેશી ભક્તોની ભીડની પાછળ ઊભા રહ્યા. બાબાજી ઓસરીમાં પાતળી ચટાઈ પર બિછાવેલી એક સફેદ ચાદર પર બેઠા હતા. એમની બે બાજુ બે અને પાછળ એક પીળા મખમલના તકિયા હતા. બાબાની ડાબી બાજુ એક વૃદ્ધ આંખો મીચી, હાથ જોડી બેઠા હતા, એ પરથી લાગ્યું કે તેઓ જ અભય ચક્રવર્તી હશે. બાબા પોતે પદ્માસન વાળી બેઠાબેઠા આસ્તે આસ્તે ડોલતા હતા, ને જમણા હાથની હથેળીથી ઘૂંટણ પસવારતા હતા. ડોલતા હતા તાલે તાલે, કારણ ઓસરીના એક છેડે બેસી એક જણ લાકડાની ખંજરી વગાડી એક હિંદુસ્તાની ભજન ગાતા હતા. ગીતની પહેલી બે પંક્તિ મને યાદ રહી હતી તે હોટેલમાં આવી નોટબુકમાં લખી લીધી હતી:

'ઈતની વિનતી રઘુનંદન સે, / દુઃખ દ્વન્દ્વ હમારા મિટાઓ જી.'

આજ પેલો માછલીનાં ભીંગડાં આપવાનો કાર્યક્રમ નહોતો. તેને બદલે એક ખાસ બનાવ બનવાની અપેક્ષા હતી. મછલીબાબા આજ એમના ભક્તો પાસેથી જાણી લેવાના હતા કે કેટલા દિવસ પછી એમને કાશી છોડી ચાલ્યા જવાનું છે. એ કઈ રીતે જાણશે એ હજુ કોઇને ખબર નહોતી.

લાલમોહનબાબુનો ભક્તિભાવ કાશી આવ્યા પછી જરાક વધ્યો [illegible] હતો. સવારના દશાશ્વમેધ ઘાટ પર એમને ત્રણ વાર મોટેથી 'જય બાબા વિશ્વનાથ' બોલતા સાંભળેલા. અહીં આવીને આપોઆપ એમના હાથ બાબાજીને જોઇને જોડાઈ ગયા. આટલો ભક્તિભાવ હોય એના મગજમાં ઍડવેન્ચરભરી વાર્તાનો પ્લૉટ શી રીતે આવતો હશે, શી ખબર. લાગે છે વખતે એવું માનતા હશે કે મછલીબાબા એમને સપનામાં પ્લૉટ આપશે!

સફેદ પૅન્ટ ને બ્લુ રંગનું ગુરુ શર્ટ પહેરીને એક સજ્જન હજુ હમણાં જ પ્રવેશી અમારી જ પાસે ઊભા રહી વિચારતા હતા કે આ ભીડમાં અંદર શી રીતે જવું. નિરંજનબાબુ એ માણસ તરફ વળીને બોલ્યા : 'ઘોષાલસાહેબ ન આવ્યા?' એ સજ્જને ધીમે સ્વરે કહ્યું : 'જી ના; એમના પીતરાઈ ભાઈ ને એમનાં પત્ની આવ્યાં છે આજ દુર્ગાપુરથી; તેથી ઘેર જ...' એ સજ્જનનો રંગ ઘઉંવર્ણો, વાળનાં ઝુલ્ફાં ચાલુ ફૅશનનાં, આંખ પર ચશ્માં. બધું મળીને ચાલાક, ચતુર માણસ લાગતા હતા.

'તમારી જોડે ઓળખાણ કરાવું—' કહીને નિરંજનબાબુ ફેલુદા ભણી જોઈ બોલ્યા : 'આ વિકાસસિંહ—ઉમાનાથબાબુના સેક્રેટરી.' એ પછી નિરંજનબાબુએ અમારો ત્રણે જણનો એમને પરિચય કરાવ્યો. ફેલુદાનું નામ સાંભળી સિંહ મોશાયનાં ભવાં સંકોચાયાં : 'પ્રદોષ મિત્ર?—ડિટેક્ટિવ પ્રદોષ મિત્ર?'

'હા, મોશાય.'—નિરંજનબાબુ અવાજ ધીમો કરવાનું ભૂલી ગયા—'સ્વનામધન્ય જાસૂસ. અને આ સર્જન પણ કંઈ કમ નથી—' આમ કહી નિરંજનબાબુએ લાલમોહનબાબુને બતાવ્યા. પણ સિંહ મોશાયની નજર તો ફેલુદા પર જ ચોંટી રહી. સજ્જન કંઈક જાણે કહેવા ઇચ્છતા હતા: 'હં—આપ અહીં છો જાણીને—અહીં ક્યાં ઊતર્યા છો?'

'મારી જ હોટેલમાં મોશાય!'—નિરંજનબાબુને હવે ખયાલ આવતાં જ અવાજ ધીમો કરી બોલ્યા,

'સારું થયું-એટલે કે—' વિકાસબાબુ હજુ પણ ગલ્લાંતલ્લાં કરતા હતા—'એક વાર, લાગે છે—ઠીક છે. કાલે હું આપને મળવા આવીશ.' એમ કહી એ નમસ્કાર કરી ભીડને ઠેલતા આગળ વધ્યા.

'**એ**ક બ્રહ્મ, એક સૂર્ય, એક ચંદ્ર ...' મછલીબાબા બે હાથ ઊંચા કરી બરાડી ઊઠ્યા. ભજન બંધ થઈ ગયું. ભક્તો બધા થંભીને ટટ્ટાર થઈ

બેઠા. આટલી વાર સુધી ધ્યાન નહોતું ગયું. આ વખતે નજર પડી કે બાબાની જે બાજુ અભયબાબુ બેઠા હતા એની બરાબર સામે બીજા એક સજ્જન-વય લગભગ ચાલીસ—સામે એક ભરત ભરેલી થેલી લઈ બેઠા હતા. થેલીની પાસે કંઈક કાળી કાળી વસ્તુનો ઢગલો પડયો હતો.

'બે હાથ, બે પગ, બે આંખ, બે કાન...' બાબાજીએ ફરી શરૂ કર્યું. આ બોલવાનો શો અર્થ હતો શી ખબર! બીજા કોઈ કંઈ સમજતા હતા કે નહિ એ ય ખબર નહિ.

'ત્રણ કુળ, ત્રણ કાળ; ચાર દિશા, ચાર યુગ; પંચ ભૂત, પંચ ઇંદ્રિય, પાંચ નદી; પાંચ પાંડવ—એક, દો, તીન, ચાર, પાંચ!'...બાબાજી જરાક થંભ્યા. થેલીવાળા સજ્જન તેમની સામે મોં વકાસી તાકી રહ્યા હતા. ભક્તો પણ જોઈ રહ્યા હતા. લાલમોહનબાબુ મારા કાનમાં ગુસપુસ કરતા બોલ્યા: 'ત્રિલિંગ!' બાબાજીએ ફરી શરૂ કર્યું: 'છ રિપુ, છ ઋતુ; સાત સૂર, સાત સિંધુ; અષ્ટ ધાતુ, અષ્ટ સિદ્ધિ; નવ રત્ન; નવ ગ્રહ; દસ કર્મ, દસ મહાવિદ્યા, દશાવતાર દશાશ્વમેધ......એક થી દસ.'

આટલું બોલી બાબાજીએ થેલીવાળા સજ્જન તરફ ઈશારો કર્યો. સજ્જન કંઈક ગણગણ્યા. એ પછી ભક્તો તરફ જોઈ અસ્વાભાવિક ધીમે અવાજે બોલ્યા: 'હવે તમારે એકથી દસ સુધીમાંથી એક સંખ્યા ધારી, એક એક જણે બાબાજી સામે આવી, આ થેલીમાંથી એક કાગળનો ટુકડો લઈ, તેમાં આ કોલસાના ટુકડા વડે સંખ્યા લખી, મારા હાથમાં દેવાની છે. પહેલાં બંગાળીમાં બોલ્યા, પછી હિંદીમાં અનુવાદ કર્યો.

ફેલુદા નિરંજનબાબુ ભણી ઝૂકીને બોલ્યા: 'જે સંખ્યા સૌથી વધુ હશે તેટલા જ દિવસ બાબા રહેશે!'

'એવું જ લાગે છે. પણ એવું તો કંઈ બોલ્યા નહિ.'

'એવું હોય તો તો લાગે છે, બાબાજી સાતદિવસથી વધુ નહિ રોકાય.'

'તમે લખશો?'

'ના રે મોશાય. બાબા રહે કે જાય એની સાથે મારે શી લેવાદેવા? અમે તો જોવા આવ્યા છીએ. દૂરથી જોઇને ચાલ્યા જઈશું. બસ. પણ હા, એટલું જાણવાની જિજ્ઞાસા છે ખરી, કે આ બધા ભક્તોમાં બધા બનાવટી ભક્તો છે કે કોઈ કોઈ ગણ્યમાન્ય લોકો પણ છે ખરા?'

'શી વાત કરો છો મોશાય!'—નિરંજનબાબુ તો આશ્ચર્ય પામી ગયા: 'આ બધાને તમે કહી શકો કે ક્રીમ ઑવ કાશી. પેલા જુઓ—સફેદ ચાદરવાળા, માથા પર ટાલ,—એ છે શ્રુતિધર મહેશ વાચસ્પતિ—ગ્રંથાપૂડિત. આજકાલ કાશીમાં જ રહે છે. એ પછી પેલા જુઓ મૃત્યુંજય સેન કવિરાજ, (વૈદ્ય); પેલા દયાશંકર શુક્લા—અલ્લાહાબાદ બૅન્કના એજન્ટ; જે બાબાજી પાસે થેલી લઇને બેઠા છે તેઓ છે અભય ચક્રોતિના ભત્રીજા, અલીગઢ યુનિવર્સિટીમાં અંગ્રેજીના પ્રોફેસર. વકીલ, બૅરિસ્ટર. બૅંકર, પ્રોફેસર, મીઠાઈવાલા... કોઈ બાકી નથી મોશાય. અને મહિલાઓ કેટલી બધી છે એ તો જોઈ જ શકો છો. ને ત્યાં જુઓ—'

નિરંજનબાબુએ એક સફેદ કુરતું ને સફેદ બનારસી ટોપી પહેરેલા અલમસ્ત માણસ ભણી નિર્દેશ કર્યો: 'એમને ઓળખ્યા? એ છે મગનલાલ મેઘરાજ. એના જેટલો પૈસો અને પ્રભાવ, કહો કે દોરદમામ બીજા કોઈનો ય આ કાશીમાં નથી. બનારસમાં જો વાઘ હોત તો અહીંના બળદો જોડે એક ઘાટે પાણી પીતા એમના નામે!'

'મગનલાલ મેઘરાજ? નામ તો જાણીતું લાગે છે.'

નિરંજનબાબુ ફેલુદાની વધુ પાસે મોં લાવ્યા. સાથે સાથે હું પણ નમ્યો: 'બે વાર પોલીસની રેઈડ પડી હતી એમને ત્યાં: એકવાર કલકત્તામાં–એમની બડા બજારની પેઢી પર–અને એકવાર અહીં. દાણચોરીનો માલ, કાળાં બજાર—જે તમારે સમજવું હોય તે સમજી લો.'

'પોલીસને કંઈ મળ્યું નહોતું—નહિ?'

'પોલીસ બધી એમની મુઠ્ઠીમાં, મોશાય રેઇડ તો નામ કે વાસ્તે.'

ભક્તોનાં ટોળાં એક એક કરી, કાગળ પર નંબર લખી પાછાં આવતાં હતાં. જોઈને થયું કે ઘણો સમય વીતી જશે, તેથી પાંચેક મિનિટ રોકાઈ અમે બહાર નીકળ્યા. દરવાજે પહોંચ્યા હોઇશું માંડ, કે એક બૂમ સંભળાઈ. પાછા વળી જોયું તો અમને જેની સાથે નિરંજનબાબુએ ઓળખાણ કરાવી હતી એ જ મિસ્ટર સિંહ ઉતાવળે, આકળા થતા અમારી તરફ આવતા હતા: 'તમે લોકો જાઓ છો?' સજ્જને ફેલુદા ભણી જ જોઈને પૂછ્યું. અને ફેલુદા જવાબ આપે તે પહેલાં પોતે જ ફરી બોલ્યા: 'હમણાં જ થોડીવાર માટે અમારે ઘેર આવી શકશો? મિસ્ટર ઘોષાલ તમને મળીને ખૂબ ખુશ થશે.'

ફેલુદાએ કાંડાઘડિયાળ તરફ નજર કરી કહ્યું: 'અમને શો વાંધો હોય? નિરંજનબાબુ વખતે હોટેલે પાછા જશે.'

'તમે ત્રણ જણ જઈ આવો.' નિરંજનબાબુ બોલ્યા: 'પણ બહુ મોડું કરશો તો જમવાનું ગરમ ગરમ નહિ મળે—એટલું જ. આજ તમારે માટે 'ફાઉલ કરી' કરાવ્યાં છે.'

(૩)

'**આ**પનું નામ મેં સાંભળ્યું છે. આપે જ તો ભુવનેશ્વરના યક્ષનું ભાંગેલું માથું શોધી કાઢ્યું હતું—બરાબર?'

'જી હા.' ફેલુદાએ બને એટલા વિનયથી સ્મિત કરી જવાબ દીધો.

ઉમાનાથ ઘોષાલની ઉંમર ચાળીસથી વધુ નહિ હોય. બહુ દીકરા જેવું જ ગોરું. આંખો ઢળું ઢળું અને માંજરી. વાત કરતી વખતે, મેં જોયું કે, બંને ભવાં એકસાથે ઊંચાં ચડતાં નહોતાં. એક ઉપર ચડે તો એક નીચે જ રહે. 'આ બંને આપના જ—' સજ્જને નજરે ફેલુદા પરથી અમારા બે ભણી ફેરવી.

'આ મારો પિતરાઈ ભાઈ છે, તપેશ; અને આ લાલમોહન ગાંગુલી. 'જટાયુ'ના તખલ્લુસથી ઍડવેન્ચર—સાહસકથાઓ લખે છે.'

'જટાયુ?' ઉમાનાથનું જમણું ભવું ઉપર ચડયું. 'નામ તો જાણીતું લાગે છે. રૂકુ પાસે ચોપડીઓ જોઈ હતી એવું મને યાદ છે, નહિ વિકાસ?'

'જી, હા.' વિકાસબાબુ બોલ્યા: 'લાગે છે, ત્રણેક છે.'

'લાગે છે શું? તું જ તો એને ગામ આખાની જાસૂસી કથાઓ લાવી આપે છે.' વિકાસબાબુ ઝંખવાણું હાસ્ય કરી બોલ્યા: 'એ સિવાય એને કંઈ વાંચવું જ ગમતું નથી તો.'

'આ ઉંમરે તો એવું વાંચેને?' લાલમોહનબાબુ બોલી ઊઠયા. સવારના કૅપ્ટન સ્પાર્ક અને શયતાનસિંહનાં નામ સાંભળ્યાં ત્યારથી એમનું મોં ઊતરી ગયું હતું. અત્યારે ફરી મોં ખીલી ઊઠયું. રહસ્ય રોમાંચના બજારમાં અક્રૂર નંદી 'જટાયુ'નો સૌથી મોટો હરીફ.

ફેલુદા બોલ્યો: 'હું આમ પણ એક કારણસર આપની પાસે આવવાનો જ હતો—આપના દીકરાને હું સવારે મળ્યો. તેનું ખરું નામ તો હજુ ય જાણી નથી શક્યો. પણ એ જેની ભૂમિકા ભજવતો હતો એ નામની ખબર છે.'

'એ એકલો જ નાટક થોડો કરે છે?' ઉમાનાથબાબુ ખડખડાટ હસી પડયા: 'અરે એ તો બીજાનું યે નામ બદલીને એની પાસે યે નાટક કરાવે છે. તને ય કંઈક એકાદ નામ દીધું છે, નહિ વિકાસ?'

'કેવળ એક?' વિકાસબાબુ પણ હસી પડયા.

'એ તો ઠીક; પણ—ક્યાં મળ્યા તમે મારા દીકરાને?'

ફેલુદાએ બિલકુલ અતિશયોક્તિ ન કરતાં ટૂંકમાં સવારની ઘટના ઉમાનાથબાબુને કહી સંભળાવી. સાંભળતાં જ સજ્જન ખુરશી પરથી ઊભા થઈ ગયા! 'બાપ રે! આડો આંક! દાટ વાળી દીધો! છોકરો મારો બેપાની છે એ તો જાણતો હતો, પણ આટલો દુર્દાન્ત ભારાડી છે એની મને ખબર નહોતી! આ તો મરતો બચી ગયો એમ જ કહોને! રૂકુને બોલાવ જોઈએ વિકાસ!'

મિસ્ટર સિંહ છોકરાને શોધવા ગયા. ફેલુદા બોલ્યો: 'એનું હુલામણું નામ રુકુ એ તો જાણ્યું; પણ એનું સાચું નામ શું?'

'રુક્મિણીકુમાર' ઉમાનાથબાબુ બોલ્યા. 'એ એક જ દીકરો છે મારે; તેથી વાત સાંભળી મારી શી હાલત થઈ હશે એ તો કલ્પી શકો છો.'

દુર્ગાકુંડ રોડ પર જબરદસ્ત મોટા કૉમ્પાઉન્ડમાં ઘોષાલનું જંગી મકાન. રાતને લીધે મકાન બહારથી બરાબર જોઈ શકાયું નહોતું.—કેવળ દરવાજે માર્બલની કમાન પર લખેલું 'શંકરી નિવાસ' નામ જ વંચાયું હતું. અમે નીચે ભોંયતળિયે બેઠકખંડમાં બેઠા હતા. અમારી જમણી બાજુના બારણામાં દુર્ગાપૂજાનો મંડપ દેખાતો હતો. હું જ્યાં બેઠેલો હતો ત્યાંથી અર્ધી મૂર્તિ પણ દેખાતી હતી. હજુ રંગવાનું કામ ચાલુ હતું.

નોકર ટ્રેમાં ચા અને મીઠાઈ લાવ્યો અને અમારી સામેના ટેબલ પર મૂકી. એ ગયો પછી ઉમાનાથબાબુ બોલ્યા: 'તમે લોકો મછલીબાબાનાં દર્શને ગયા હતા એવું સાંભળ્યું. કેવા લાગ્યા, જોઈને?'

ફેલુદાએ પેંડાનું અર્ધું બટકું મોંમાં મૂકતાં કહ્યું: 'અમે તો થોડીક જ વાર હતા. સાંભળ્યું છે કે આપ પણ જાઓ છો.'

'જાઉં છું એટલે? એક વાર ગયો હતો. બીજી વાર જવાની ઇચ્છા નથી. કારણ તે દિવસે હું નહોતો એમાં જ તો આ દુર્ઘટના બની ગઈ.' એટલું બોલી ઉમાનાથબાબુ ચૂપ થઈ ગયા. અમે પણ ચૂપ હતા. લ.લ.મોહનબાબુએ આડી નજરે એક વાર ફેલુદા ભણી જોયું.

'દુર્ઘટના?' ફેલુદાએ પૂછવા ખાતર પૂછ્યું.

'હા.' ઉમાનાથબાબુએ એક નિસાસો મૂક્યો. 'કેવળ કિંમતની દૃષ્ટિએ જ નહિ, પ્રભાવની દૃષ્ટિએ પણ એક અમૂલ્ય વસ્તુ, ગયા બુધવારે—એટલે કે જે દિવસે હું બાબાજીને જોવા ગયો હતો તે દિવસે—મારા બાપુજીની રૂમમાંથી ગુમ થઈ ગઈ છે. આપ જો એને ખોળી દઈ શકો તો અમારા પર અનહદ ઉપકાર થશે.—જો કે એના માટે આપને યોગ્ય મહેનતાણું તો જરૂર આપીશ.'

મારી છાતી ધડકવા માંડી—જેમ હંમેશાં જ આવી વાત સાંભળી ધડકી ઊઠે. 'વસ્તુ શું છે એ કહેશો?' ફેલુદાએ પૂછ્યું.

'નાનકડી વસ્તુ.' મિસ્ટર ઘોષાલે આંગળીઓ અને અંગૂઠા વચ્ચે અંતર બતાવી વસ્તુનું કદ બતાવ્યું. 'અઢી ઇંચની એક ગણેશની મૂર્તિ. મૂર્તિ સોનાની અને તેના પર કિંમતી રત્નો જડેલાં હતાં.'

'એ તમારી પાસે ક્યાંથી આવી?'

'કહું છું. સાંભળો તો લાગશે કે વાર્તા કરું છું...તમને તો, લાગે છે, "ચાર મિનાર" સિવાય કંઈ નહિ ચાલે—' કહી સજ્જને મોંમાં એક 'ડનહિલ' સિગારેટ મૂકી, અને ફેલુદાએ લાઈટરથી એને સળગાવી ને સાથેસાથે પોતે પણ પોતાની 'ચાર મિનાર' સળગાવી લીધી. પછી જોરથી એક કસ ખેંચી મિસ્ટર ઘોષાલે પોતાની કહાણી શરૂ કરી:

'મારા દાદાના બાપા સોમેશ્વર ઘોષાલને પ્રવાસનો ખૂબ શોખ. છવીસ વર્ષની ઉંમરે એકલા દેશભ્રમણ કરવા નીકળી પડ્યા. તે જમાનામાં હજુ રેલગાડી નવી નવી જ થઈ હતી, તેથી થોડીક વાર ટ્રેઈનમાં અને બાકીનો રસ્તો પગેથી અથવા જે કંઈ વાહન મળી જાય તેમાં ફરતા. દક્ષિણ ભારતમાં ત્રિચીનાપલ્લીથી મદુરા થઈ સેતુબંધ તરફ બળદગાડીમાં જતા હતા. જંગલથી ભરેલો પહાડી પથ. એવામાં મધરાતે ત્રણ સશસ્ત્ર ડાકુઓએ ગાડી પર હુમલો કર્યો. સોમેશ્વર તો હતા જબરદસ્ત શક્તિશાળી માણસ. પાસે હતી મજબૂત લાઠી. એકલે હાથે ત્રણ જણ સામે લડ્યા. એમાં એકનું તો માથું જ ફોડી નાખ્યું. એ જોઈને બે જણ નાસી છૂટ્યા. ડાકુઓ પાછળ એક થેલો ભૂલી ગયા હતા. તેમાં હતા આ ગણપતિ. એ મૂર્તિ સાથે લઈને તેઓ આખો દેશ ફર્યા. એ પછી જ અમારા વંશનું ભાગ્ય ફરી ગયું. એથી તમે એમ નહિ માનતા કે હું જૂના જમાનાનો વહેમી માણસ છું. પણ અમારા કુળમાં ત્યાર પછી જે બન્યું છે તેનાથી એક વિશ્વાસ બંધાઈ ગયો છે મારા મનમાં—બસ, એટલું જ. અને સાચું કહેવામાં શું? એ ગણેશના આવ્યા પછી અમારા ઘરમાં કોઈ અશુભ, અનિષ્ટ બનાવ બન્યો નથી એમ કહીએ તો ચાલે. એ મૂર્તિ આવ્યા પછી બે વર્ષે પદ્માએ વહેણ બદલ્યું અને અમારા ઘરથી વીસ હાથના અંતરમાં જ આવી રહી, તો યે અમારા મકાનને કંઈ નુકસાન ન થયું. એ સિવાય બીજાં પણ કેટલાં બધાં ઉદાહરણો છે. બધું કહેવા બેસું તો એક લાંબો ઇતિહાસ થઈ જાય. મૂળ વાત એ છે કે એક સો વર્ષ સુધી અમારા ઘરમાં રહી આજે એ મૂર્તિ ગુમ થઈ છે. ઘેર પૂજાના દિવસો, બહારથી આત્મીય સ્વજન મહેમાનો આવ્યા છે. પણ એ ઉત્સવની ખુશી પર જાણે શોકની છાયા પડી ગઈ છે.'

ઉમાનાથબાબુ જાણે થાકી ગયા હોય એમ સોફાને અઢેલીને બેઠા. ફેલુદાએ પૂછ્યું: 'તમે મછલીબાબાને જોવા ક્યારે ગયા હતા?'

'ત્રણ દિવસ પહેલાં—ગયા બુધવારે, પંદરમી ઑક્ટોબરે. અમને અહીં આવ્યે માત્ર દસ જ દિવસ થયા છે. મછલીબાબાનું નામ સાંભળી મારાં પત્નીને જોવા જવાનું મન થયું, તેથી એમને અને રુકુને લઈને હું ગયો હતો.'

'તમારા દીકરાની પણ જવાની મરજી હતી?'

'નામ સાંભળીને કુતૂહલ થયું હતું. કહે, એણે કોઈ પુસ્તકમાં વાંચ્યું હતું કે કોઈ એક જણ સિત્તેર માઈલ તરીને આવ્યો હતો, મગરમચ્છ અને શાર્કની વચમાં થઈને. જો કે બાબાજી એને ગમ્ય [illegible] દસ મિનિટમાં જ આકળો ઉતાવળો થવા માંડ્યો હતો. એટલે જ તો જલદી પાછાં આવ્યાં. આવીને જોઈએ તો આ કાંડ!'

'તિજોરી તમારા બાપુજીના ઓરડામાં રહે છે એમ જ તમે કહ્યું, નહિ?'

'હા. પણ ચાવી અમારા ઓરડામાં રહે છે. રિંગમાં પાંચ-છ ચાવીઓ છે. એમાંની એક એ તિજોરીની છે. આમ તો હું ક્યાંય બહાર જાઉં તો ચાવીનો ઝૂમખો મારી પત્ની પાસે જ રાખી જાઉં છું. પણ તે દી એ પણ જોડે આવતી હતી, તેથી બાપુજીના ઓરડાના ટેબલના ખાનામાં મૂકી ગયાં હતાં. જો કે એ અક્કલનું કામ નહોતું કર્યું; કેમકે બાપુજી સાંજના વખતે અફીણ-બફીણ ખાય, તેથી ખાસ હોશમાં નથી હોતા. એ તો ઠીક. જતી વખતે ચાવીનો ઝૂમખો મૂકી, ખાનું બરાબર બંધ પણ કરી દીધું હતું. પાછા આવી જોયું તો ખાનું અર્ધો ઇંચ ખુલ્લું! શક પડ્યો. તેથી તિજોરી ખોલી જોયું તો ગણેશ ન મળે!'

થોડી વાર તો ફેલુદાનાં ભવાં સંકોચાઈ ગયાં. પછી બોલ્યો: 'તમારે ઘેર તે દિવસે કોણ કોણ હતું તે કહી શકશો?' ફેલુદા નોટબુક નહોતો લાવ્યો, તો પણ એ યાદ રાખીને બધાં જ નામ હોટેલ પર જઈ નોંધી લેશે એમાં તો શક નહોતો. મિ. ઘોષાલ બોલ્યા: 'દરવાન ત્રિલોચનને તમે દરવાજે જોયો જ હશે; એ લગભગ પાંત્રીસ વર્ષથી અમારે ત્યાં છે. નોકર, નોકરાણી, રસોયો, બધાં જ જૂનાં છે. ઉપરાંત દુર્ગાપૂજા માટે કાલિની પ્રતિમા બનાવે છે તે શશીબાબુ અને તેનો દીકરો કાનાઇ. શશીબાબુ આજ ત્રીસ વર્ષથી યે વધુ વખતથી એ કામ કરે છે. છોકરો પણ ઘણો સારો છે. એ સિવાય માળી છે એ પણ જૂનો છે. અને આ વિકાસ—જે તમને સાથે લઈ આવ્યો.'

'વિકાસબાબુ કેટલા સમયથી છે?'

'સેક્રેટરીનું કામ તો પાંચેક વર્ષથી કરે છે. પણ છે ઘણાં વર્ષથી. એ લગભગ ફૅમિલી મેમ્બર જેવો જ થઈ ગયો છે. એનો બાપ અખિલબાબુ અમારી જમીનદારીની પેઢીનું કામ કરતો. એની મા વિકાસ જન્મ્યો ત્યારે જ મરી ગઈ; અને બાપ એ પછી દસ વર્ષે ડ્રૉપ્સી (જલંદર)ના રોગમાં. અનાથ છોકરો ખરાબ સોબતે ચડી બગડી જાય છે સાંભળી મારા મોટા કાકાએ એને ઘેર લાવી રાખ્યો. સ્કૂલ-કૉલેજ બધું અમારે ઘેર જ રહ્યો. આમ પણ બુદ્ધિશાળી છોકરો છે. ભણવામાં પણ ઘણો હોશિયાર હતો.'

'ચોરીની ખબર પોલીસમાં કરી છે?'

લઘુકથા

પ્રતીક

સતીશ વૈષ્ણવ

ગઈ કાલે સાંજે મોટીબહેન ટૅક્સીમાં સામાન લઈને અમારે ઘરે આવી ગયાં. તેમણે ડિવૉર્સ—છૂટાછેડા લઈ લીધા હતા. હવેથી તે અમારે ઘરે જ રહેવાનાં હતાં. રાતે દસ વાગ્યા સુધી તેમણે કંઈ ને કંઈ વાંચ્યા કર્યું—મેં વારંવાર સામાન ઠેકાણે પાડવાનું સૂચવ્યા છતાં. આખરે હું સૂઈ ગઈ. મધરાતે ઊંઘ ઊડી જતાં મેં જોયું તો મોટીબહેન ટેબલ-લૅમ્પ જલતો રાખીને સૂતાં'તાં—ના, આંખ ખુલ્લી રાખીને આરામખુરશીમાં પડયાં હતાં. હું કશું જ બોલી નહિ; પડખું વાળીને ફરી સૂઈ ગઈ.

સવારે દસ વાગ્યે મોટીબહેન કૉલેજ જવા માટે તૈયાર થઈ ગયાં. તે પ્રોફેસર હતાં. તેમની આ પ્રોફેસરી ડિવૉર્સનું નિમિત્ત બની હતી. બનેવી વૈજ્ઞાનિક હતા. લૅબોરેટરીમાં કલાકો પસાર કર્યા પછી ઘરે તેમને ગૃહિણી જોઈતી હતી, બીજા દિવસના પીરિયડની તૈયારી કરતી પ્રોફેસર પત્ની નહિ. ડ્રૉઇંગરૂમમાં મોટીબહેન કૈંક શોધતાં હતાં. મને રૂમમાં પ્રવેશેલી જોઈ તેમણે પૂછ્યું : 'નાની, તેં મારી પેન જોઈ છે?' મને ખબર હતી કે મોટીબહેનને એમની એ પેન અત્યંત પ્રિય હતી. મૅટ્રિકમાં કેન્દ્રમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયાં ત્યારે સોનેરી ટાંકની એ પેન બાપુજીએ તેમને ભેટ આપી હતી. તેથી જ મેં પણ પેન શોધવાનો પ્રયત્ન કર્યો.

ત્યાં તો તેમનો હુકમ થયો : 'હવેને ફોન કરીને પૂછી જો. તેમને ત્યાં પડી રહી હોય તો તુરત કોઈની સાથે અહીં મોકલી આપે.' હવે મારા બનેવી. મોટીબહેનને માટે જે વ્યક્તિ ગઈ કાલ સુધી 'મયંક' હતી, તે આજે માત્ર 'હવે' જ રહી હતી. મેં મયંકભાઈને ફોન કર્યો. હું નાની હતી, ત્યારે પણ નાની જ રહી. 'કેમ આજે નોકરીએ ગયા નથી?'

'ના.' મયંકભાઈ વાતોડિયા ગણાય છે. મેં મોટીબહેનની પેન વિષે પૂછ્યું. સામેથી ભીનો અવાજ વહેવા લાગ્યો: 'નાનીબહેન, સુનંદા જ્યારે ઘરમાંથી સામાન ભેગો કરી રહી હતી ત્યારે મને એમ લાગ્યા કર્યું કે તે પોતાનું અસ્તિત્વ ઘસીઘસીને મારા ઘરમાંથી ભૂંસી રહી છે. મેં ચૂપચાપ તેની પ્રિય વસ્તુ, પેન, તેની પર્સમાંથી કાઢીને મારા પોર્ટફોલિયોમાં મૂકી દીધી. મારા તરફથી તેમને વિનંતી કરશો, નાનીબહેન, કે એ તેમનું આ પ્રતીક પણ છીનવી લેવા જેટલી ક્રૂરતા બતાવે નહિ.'

મોટીબહેન છ-સાત પગલાં દૂર અરીસા પાસે ઊભાં હતાં. મેં ફોન હાથમાં રાખીને મયંકભાઈએ કહેલું તેમને કહ્યું. મોટીબહેન તેમની વિશાળ આંખ પહોળી કરીને ફોન તરફ જોઇ રહ્યાં હતા. મેં તે આંખોના માળામાં કશા નિર્ણયના પંખીને માળો ગૂંથતાં જોયું. મેં અકળાઈને પૂછ્યું: 'કહોને, મોટીબહેન; હું શું કહું?'

'ઊભી રહે, હું જ તેમને કહું છું'—કહેતાં મોટીબહેન ધીરે પગલે પાસે આવ્યાં. મેં એ પગલાંમાં સપ્તપદીનાં પગલાંની કુંવારી શરમ ઝબૂકતી જોઈ. □

'તે જ રાત્રે કરી હતી. પણ હજુ પત્તો નથી લાગ્યો.'

'ગણેશની ખબર બહારનું કોઈ જાણતું હતું ખરું?'

ઉમાનાથબાબુ જવાબ આપે તે પહેલાં વિકાસબાબુ સાથે રુક્મિણીકુમાર આવીને હાજર થયો. મને એમ કે કૅપ્ટન સ્પાર્કના ભાગ્યમાં આજે ખૂબ જ વઢ ખાવાની લખાઈ છે. પણ જોયું કે ઉમાનાથબાબુ એવા માણસ નહોતા. કેવળ અવળી આંખે એક વાર દીકરા તરફ જોયું ને ગંભીરતાથી કહ્યું : 'કાલથી પૂજા સુધીના દિવસોમાં તારે ઘરની બહાર નથી જવાનું. ઘરમાં બાગ છે, અગાશી છે,-જ્યાં ગમે ત્યાં રમજે; પતંગ ચડાવજે;'પુસ્તકો છે, વાંચી શકે છે; પણ મારા સિવાય એકલા ઘરની બહાર નથી જવાનું.'

'અને શયતાનસિંહ?' ભવાં સંકોચી રુક્મિણીકુમારે પૂછ્યું.

'એ વળી કોણ છે?'—ઉમાનાથબાબુનું ડાબું ભવું ઉપર ચઢી ગયું.

'એ પેલો, જે જેલના સળિયા તોડી નાસી ગયો છે!'

'હું એની ખબર તને લાવી આપીશ.' હળવેકથી હસી આશ્વાસન રૂપે વિકાસબાબુ બોલ્યા. રુકુને જરાક સંતોષ થયો હોય એમ લાગ્યું. તેથી પોતાને સજા થઈ એ બાબતમાં કોઈ વાંધો ન ઉઠાવતાં એ વિકાસબાબુનો હાથ પકડી ઘરમાંથી બહાર ચાલ્યો ગયો.

ઉમાનાથબાબુ બોલ્યા : 'જોયું ને? મારો છોકરો જરાક વધુપડતો કલ્પનાશીલ છે. જવા દો—હવે તમારા સવાલનો જવાબ આપું. ગણપતિની ખબર અમે જ્યારે દેશમાં રહેતા હતા ત્યારે ઘણા બધાને હતી. એ એક દંતકથાની જેમ ફેલાઈ ગઈ હતી. પણ એ તો મારા જન્મ પહેલાં. પણ એ પછી કોઈ એની ખાસ ચર્ચા ન કરતું. હું પોતે કલકત્તામાં ભણ્યો છું. કૉલેજમાં હતો ત્યારે મારા એકાદ બે મિત્રને વાતવાતમાં મેં ગણેશની વાત કરી હતી. તેમાંનો એક દોસ્ત—જોકે હવે એ મારો દોસ્ત નથી—એ હાલમાં કાશીમાં જ છે. તેનું નામ મગનલાલ મેઘરાજ.'

'સમજ્યો.' ફેલુદા બોલ્યો : 'તેમને આજ મછલીબાબાને ત્યાં જોયા.'

'ખબર છે. હું જે દિવસે ગયો હતો તે દિવસે પણ એ ત્યાં હતો. તેનું બાબાજી પાસે જવાનું એક કારણ પણ છે. થોડા દિવસથી એના ભાગ્યનું ચક્ર ફર્યું છે—ઊલટી દિશામાં જ તો! બેએક વર્ષ પહેલાં એની પ્લાસ્ટિકની ફૅક્ટરીમાં આગ લાગી ત્યારથી. એ પછી આ છેલ્લા થોડા મહિનાથી ગોલમાલ કરવા માટે બજારમાં એને વિષે ઘણી બધી અફવા ઊડી રહી છે, અને કલકત્તા તેમજ બનારસનાં એનાં ઘરમાં પોલીસે રેઈડ પણ પાડી હતી. હું અહીં આવ્યો એના બે દિવસ પછી એ મને મળવા આવ્યો હતો. મને સીધું જ કહ્યું કે ગણેશ એને જોઈએ છે. એ કલકત્તામાં મારી પાસે નથી હોતા. એ અહીં બાપુજીની તિજોરીમાં રહે છે, એ પણ એને ખબર છે. ચાળીસ હજાર સુધીની ઑફર પણ એના માટે એણે કરી હતી. મેં ચોખ્ખી ના પાડી દીધી. એ જતી વખતે મને ચેતવણી—બલ્કે ધમકી પણ આપી ગયો હતો કે એ મૂર્તિ પોતે લઈને જ રહેશે. તેના પછી બરાબર પાંચમે જ દિવસે મૂર્તિ ગુમ થઈ ગઈ.'

સજ્જન ચૂપ થઈ ગયા. ફેલુદા પણ ચૂપચાપ વિચાર કરતો હતો. હું સમજી ગયો : એની ત્રણ મહિનાની છુટ્ટી આજે અહીં પૂરી થઈ ગઈ હતી. હવે પછીના થોડાક દિવસ કાશી જ એનું કાર્યક્ષેત્ર-તપાસસ્થાન બની રહેશે. લાલમોહનબાબુની ભવિષ્યવાણી યાદ આવી : 'એક કાંકરે ત્રણ પંખી.' જોકે એ કેશની વાત પર નિર્ભર હતું.

'મારું નસીબ સાચે જ જોર કરે છે. નહિ તો તમે આ ટાણે અહીં ક્યાંથી હો? તમારા પર જો હું આનો ભાર સોંપી શકું—'

'ચોક્કસ, સોએ સો ટકા.' કહી ફેલુદા ઊઠીને ઊભો થયો : 'તમે જો રજા આપો તો કાલે સવારે હું આવી જાઉં. એક વાર તમારા બાપુજી જોડે વાત કરી શકું?'

'ચોક્કસ કરી શકો. બાપુજી તો હાલમાં રિટાયર્ડ જીવન ગાળે છે. જો કે બાપુજીનો સ્વભાવ નરમ છે એમ ન કહી શકાય. પણ તો યે એ તો બહાર દેખાવ પૂરતો જ. અને તમે જો મારા મકાનને જોવા ઇચ્છતા હો તો પણ ખુશીથી જોઈ શકો છો. હું ત્રિલોચનને કહી રાખીશ કે તમને ગમે ત્યારે આવવા દે. અને વિકાસ તો છે જ. એ પણ બધી બાબતમાં તમને હેલ્પ કરશે. આઠેક વાગ્યે આવશો તો પિતાજી પણ તૈયાર હશે.'

પાછા ફરતાં રસ્તામાં એક પછી એક બે અંધારી ગલી અમારે વટાવવાની હતી. એ દરમિયાન પાછળ કોઇનાં પગલાં ત્રણેક વાર સંભળાતાં મેં પાછળ ફરીને જોયું તો એકનો એક માણસ ચાદર ઓઢી અમારી પાછળ આવતો હતો. મેં ફેલુદાનું એ તરફ ધ્યાન ખેંચવા પ્રયાસ કર્યો, પણ એણે ધ્યાન જ ન આપ્યું. ફેલુદા આખે રસ્તે 'ઈરક ઈરક ઈરક' પિકચરનું ગીત બેસૂરા અવાજે ગાતો હતો તે ગાતો જ રહ્યો.. (ચાલુ)

વૃક્ષ-વેલ-પરિચય (૪૫) કરંજ



દરિયાકિનારાથી બહુ દૂર નહિ એવી રેતાળ જમીનમાં તથા નદીનાળાંને કાંઠે ઊગતું અને ઇંગાડાતું કરંજનું વૃક્ષ એની ઘાટી શીળી છાયા અને રૂપ મનોહર ફૂલ-ઝૂમખાં તથા ઔષધીય ગુણોને કારણે જાણીતું છે.

ચોપાસ ફેલાતી શાખાઓ સાથે કરંજનું વૃક્ષ દસ-વીસ મીટર ઊંચું વધે છે. એની છાલ ભૂખરી. પાન સંયુક્ત; પાંચથી નવ સામસામે જોડાએલી લીસી, બંને છેડે સહેજ અણિયાળી જેવી લંબગોળ, ચળકતા લીલા રંગની પર્ણિકાઓવાળાં. શિયાળામાં એ ખરી પડે પછી ઊતરતા ઉનાળાના ગાળામાં બાંડા વૃક્ષ પર, વેંત દોઢ વેંત લાંબા ગુચ્છામાં ટચૂકડાં સુંદર ફૂલોથી શોભી ઊઠે છે. રંગ સફેદથી માંડી ગુલાબી કે ગુલાબાસી ઝાંયવાળાં.

કરંજ શિંગી વર્ગનું વૃક્ષ છે. એનાં ફળ એટલે કે શીંગ કદમાં બહુ તો જેટલી લાંબી, જાડી છાલની ને ચપટી તથા ઝૂમખામાં હોય છે. એનો વિકાસ બહુ ધીમો, છેક બીજા વર્ષના માર્ચથી મે માસમાં પાકે. એમાંથી નીકળતાં એક બે ચપટાં બીજ બહુ જલ્દી ઊગે છે. આથી ઘણી વાર કરંજના વૃક્ષની આસપાસ ખરી પડેલાં બીજમાંથી ઊગેલા પુષ્કળ બાલપાદપો જોવા મળે છે. એની ફેર રોપણી કરીને પણ કરંજ ઉછેરી શકાય છે. વન્ય દશામાં એનાં ઝુંડ ઊગે છે.

આ બીજમાંથી નીકળતું (કરંજનું) તેલ વાયુ અને કૃમિનો નાશ કરે છે. ખસ ખરજવું, કંડૂ-ખજવાળ, ફોદરી-ગૂમડાં વગેરે ચામડીના રોગ પર ને સંધિવામાં દુખાવા પર લગાડાય છે. કરંજની છાલનો ઉકાળો વાયુના દર્દમાં અપાય છે. કરંજનું લાકડું હવામાં ખુલ્લું રહે તો સરસ પીળાશ ધારણ કરે છે, પણ બળતણ સિવાય એ કોઈ ખાસ ઉપયોગમાં આવતું નથી.



અર્ઘ્યુ કરી

વ્યક્તિત્વનાં બંધન તોડીફોડી,
પાંખો પ્રકાશે-તિમિરે ઝબોળી
સ્થળે સ્થળે અંતરપ્રેમ છાવરું;
વ્યક્તિ મટીને બનું વિશ્વમાનવી :
માથે ધરું ધૂળ વસુન્ધરાની. —ઉમાશંકર જોશી

સ્વ. પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધી

ગઈ તા. ૨૯મી માર્ચના રોજ વડોદરાની ઑસ્પિટલમાં પંડિત લાલચંદ ભગવાનદાસ ગાંધીનું ૮૨ વર્ષની વયે અવસાન થતાં ગુજરાતે એક સમર્પણશીલ વિદ્વાન ગુમાવ્યા છે.

તેમનો જન્મ ૨૩–૮–૧૮૯૪ના રોજ સૌરાષ્ટ્રના ગોહિલવાડ જિલ્લાના દાઠા ગામમાં થએલો. સાત વર્ષની વયે તેમણે પિતાનું છત્ર ગુમાવેલું ને તે પછી માતાની હૂંફમાં શાળાશિક્ષણ મેળવેલું. વાણિયાનો દીકરો વિદ્યાભ્યાસ કરવા કાશી જાય એ આશ્ચર્યજનક લેખાય એવા જમાનામાં તેઓ ચૌદ વર્ષની કુમળી વયે કાશી જઈ પહોંચ્યા અને ત્યાંની યશોવિજયજી જૈન પાઠશાળામાં સંસ્કૃત, પ્રાકૃત, ભાષા, વ્યાકરણ, ન્યાય જૈન સાહિત્યનો અભ્યાસ કરી ગાઢ વય પંડિત બન્યા. તે પછી ચારેક વર્ષ ગુજરાતમાં જુદાંજુદાં સ્થાનોમાં રહી અધ્યયન-સંશોધન અને પ્રેસકોપીનું કાર્ય નિષ્ઠાપૂર્વક કરીને અને સુપ્રસિદ્ધ ઇટાલિયન વિદ્વાન ડૉ. એલ. પી. તેસીતોરી પાસેથી મેળવેલા પ્રમાણપત્રને બળે વડોદરા રાજ્યની સેન્ટ્રલ લાયબ્રેરીના સંસ્કૃત વિભાગમાં જૈન પંડિત તરીકે નિમણૂક મેળવી. પાછળથી આ સંસ્થા પ્રાચ્ય વિદ્યામંદિરમાં ફેરવાઈ જેમાંથી ૧૯૫૨માં તે નિવૃત્ત થએલા. જોકે તે પછી પણ તેમની વિદ્યાપ્રવૃત્તિ સ્વતંત્રપણે ચાલુ જ રહેલી.

સ્વ. પંડિતજીએ ત્રેતાલીસેક જેટલા ગ્રંથોનું સંશોધન લેખન કર્યું છે, અને અનેક લેખો ઉપરાંત કેટલાક ગ્રંથોની પાંડિત્યપૂર્ણ પ્રસ્તાવનાઓ લખી છે. પોતાનાં જ્ઞાન અને વિદ્વત્તાનો લાભ તે હમેશાં નિઃસંકોચપણે બધાને આપતા. 'ત્રિષષ્ટિ શલાકાપુરુષ ચરિત્ર'નું અંગ્રેજી ભાષાંતર તૈયાર કરવામાં તેમણે મિસ હેલન જ્હોનસનને (પાઠવાચનમાં તથા અર્થસ્પષ્ટીકરણમાં) ઘણી મદદ કરેલી. ઉપરાંત, તેમણે ઘણાં જૈન સાધુ સાધ્વીઓને સંસ્કૃત-પ્રાકૃતનું શિક્ષણ આપેલું.

સંશોધન કાર્યને સર્વાંગસંપૂર્ણ રીતે રજૂ કરવાની તેમની ધીરજ ને ખત ઉદાહરણરૂપ હતાં. પ્રાચીન લિપિને ઉકેલવાની તેમની દૃષ્ટિ અને પાઠશુદ્ધિ માટેનો આગ્રહ, આવડત ને ચીવટ આગવાં હતાં. અન્ય વિદ્વાનોનાં સંશોધનોમાં જો ક્યાંક ત્રુટિ જણાય તો તેઓ જ્ઞાનક્ષેત્રના હિતમાં તે પ્રત્યે વિદ્વદ્સમાજનું ધ્યાન દોરીને યોગ્ય સુધારો સૂચવવાનું ચૂકતા નહિ.



સંસ્કૃત, પ્રાકૃત, પ્રાચીન ગુજરાતી અને રાજસ્થાની ભાષાના જૈન ગ્રંથોનાં સંશોધન-સંપાદનની તેમની નિપુણતા અને કામગીરીએ તેમને ઘણી કીર્તિ અપાવી હતી. સંસ્કૃત ભાષાના ઉચ્ચ કોટિના વિદ્વાન તરીકે ૧૯૭૦માં તેમને ભારતના રાષ્ટ્રપતિ તરફથી 'સર્ટિફિકેટ ઑવ ઑનર'ના વિરલ બહુમાનની સાથે વાર્ષિક ત્રણ હજાર રૂપિયા આજીવન પુરસ્કારરૂપે બાંધી આપવામાં આવેલા.

પંડિતજીના પાંડિત્ય જેટલાં જ જાણીતાં તેમનાં સ્નેહ, સૌજન્ય ને નિખાલસતા હતાં. તેમના આતિથ્યસત્કારમાંથી છટકવું મુશ્કેલ હતું. ભૌતિક સુખોની લાલસા તેમને જરા યે સ્પર્શી ન હતી. એમના અવસાનથી ગુજરાતના વિદ્યાજગતને જૈનદર્શન ને જૈનવિદ્યાના એક વ્યુત્પન્ન પંડિત તથા સંસ્કૃત-પ્રાકૃત ને જૂની ગુજરાતીના એક સમર્થ વિદ્વાનની ખોટ પડી છે.

—નલિનાક્ષ અમૃતલાલ પંડયા

ભારતની (ઈ. ૧૯૭૧માં) વસતિ

પ્રદેશ	વસતિ	વિસ્તાર ચો. કિલોમીટરમાં
ભારત સમગ્ર	૫૪,૬૯,૫૫,૬૪૫	૩૨,૦૦,૦૦૦
આંધ્ર પ્રદેશ	૪,૩૩,૯૪,૯૫૧	૨,૭૭,૦૦૦
આસામ	૧,૪૮,૫૭,૩૧૪	૧,૦૦,૦૦૦
બિહાર	૫,૬૩,૮૭,૨૯૬	૧,૭૪,૦૦૦
ગુજરાત	૨,૬૬,૬૦,૯૨૯	૧,૯૬,૦૦૦
હરિયાણા	૯૯,૭૧,૧૬૫	૪૪,૦૦૦
હિમાચલપ્રદેશ	૩૪,૨૪,૩૩૨	૫૬,૦૦૦
જમ્મુ અને કાશ્મીર	૪૬,૧૫,૧૭૬	૨,૨૨,૦૦૦
કેરળ	૨,૧૨,૮૦,૩૯૭	૩૯,૦૦૦
મધ્યપ્રદેશ	૪,૧૪,૪૯,૭૨૯	૪,૪૪,૦૦૦
મહારાષ્ટ્ર	૫,૦૨,૯૫,૦૮૧	૩,૦૮,૦૦૦
મહિસુર	૨,૯૨,૨૪,૦૪૬	૧,૯૨,૦૦૦
નાગપ્રદેશ	૫,૧૫,૫૬૧	૧૭,૦૦૦
ઓરિસ્સા	૨,૧૯,૩૪,૮૨૭	૧,૫૬,૦૦૦
પંજાબ	૧,૩૪,૭૨ ૯૭૨	૫૦,૦૦૦
રાજસ્થાન	૨,૫૭,૨૪,૧૪૨	૩,૪૨,૦૦૦
તામીલનાડુ	૪,૧૧ ૦૩,૧૨૫	૧,૩૦,૦૦૦
ઉત્તરપ્રદેશ	૮,૮૨,૯૯,૪૫૩	૨,૯૪,૦૦૦
પશ્ચિમ બંગાળ	૪,૪૪,૪૦,૦૯૫	૮૮,૦૦૦
આંદામાન નિકોબાર ટાપુઓ	૧,૧૫,૦૯૦	૮,૩૦૦
ચંદીગઢ	૨,૫૬,૯૭૯	૧૦૦
દાદરા નગરહવેલી	૭૪,૧૬૫	૫૦૦
દિલ્હી	૪૦,૪૪,૩૩૮	૧,૫૦૦
દીવ, ગોવા, દમણ	૮,૫૭,૧૮૦	૩,૮૦૦
લક્ષદ્વીપ મીનીકોય ટાપુઓ	૩૧,૭૯૮	૩૦
મણિપુર	૧૦,૬૯,૫૫૫	૨૨,૪૦૦
મેઘાલય	૯,૮૩,૩૩૬	૨૨,૫૦૦
નેફા	૪,૪૪,૭૪૪	અપ્રાપ્ય
પોંડિચેરી	૪,૭૧,૩૪૭	૫૦૦
ત્રિપુરા	૧૫,૫૬,૮૨૨	૧૦,૪૦૦

તરબૂચ

ઉનાળાની શરૂઆત થાય છે કે તુરત જ બજારમાં તરબૂચના ઢગલા થવા માંડે છે અને આપણે એ હોંશે હોંશે ખાઈએ છીએ. પણ આ તરબૂચ ક્યારે અને કોને હિતકર બને છે અને કોને નુકસાન કરનાર નીવડે છે એની આપણને ભાગ્યે જ સમજણ હોય છે. ઔષધીય રીતે તરબૂચના ગુણદોષની વિચારણા કરતાં પંડિતો કહે છે કે એ શીતળ, બલકર, મધુર, તૃપ્તિકર, પચવામાં ભારે, પુષ્ટિકારક, મલસ્તંભક અને કફકર છે. ઉનાળામાં જે દાહ, ગરમી અને ઉકળાટ થાય છે અને વિશેષ તૃષા લાગે છે તે ગરમીથી પોષક ધાતુઓનો ક્ષય થાય છે અને શારીરિક નિર્બળતા આવે છે. આ દોષોને દૂર કરવા કુદરતે જ આ તરબૂચની ભેટ આપી છે. એનાથી શરીરમાં શીતળતા મળે છે અને વેડફાએલી શક્તિનો સંચય થઈ રહે છે. તરબૂચ નીચેનાં દરદો ઉપર ઔષધીય રીતે ઉપયોગી છે.

ખોટી ગરમીના કારણે શરીર સુકાતું જતું હોય, કાળું પડતું જતું હોય અને ગરમ રહેતું હોય તેવી શોષજન્ય સ્થિતિમાં તરબૂચનાં બીજ તોલો ૧ વાટી એમાં જરૂર પૂરતી સાકર મેળવી ખાવાથી શક્તિ મળે છે.

વારંવાર પેશાબ કરવા જવું પડતું હોય અને છતાં ય એ સાફ ન આવતો હોય, પેશાબ ઉતારવા બળ કરવું પડતું હોય અને એ ઊતરી

આપણાં વ્રત-ઉત્સવ

ગંગાદશહરા

ગંગાદશહરા નામક વ્રતમાં તે સમાસના પ્રથમ પદ ગંગાનું માહાત્મ્ય સ્પષ્ટ છે. જેઠ સુદ પડવોથી દશમ સુધીના અને દશમના દિવસે ઊજવવામાં આવતા આ વ્રતમાં કોઈ પણ નદી પર જઈ તલયુક્ત અર્ઘ્ય અર્પવાનો હોય છે. આમ કરવાથી ગમે તેવા મોટા પાપનો નાશ થાય છે. વળી, શાસ્ત્ર પ્રમાણે જો આ દશમના દિવસે મંગળવાર હોય અને તે સાથે 'હસ્ત' નક્ષત્રનો સુમેળ થયો હોય તો તે તિથિનું માહાત્મ્ય ઓર વધી જાય છે. સ્કંદપુરાણ પ્રમાણે આ જેઠ સુદ દશમના દિવસે બુધવાર હોય અને હસ્ત નક્ષત્ર હોય તો પણ તે ઉત્તમ ફળદાયી બને છે અને દસ પાપોનો નાશ કરે છે. આથી આ વ્રત 'દશહરા' કહેવાય છે. જેઠ સુદ પડવાના દિવસે ગંગાનો જન્મ અને ત્યારથી દશમા દિવસે ઊજવાતું આ વ્રત, જે કારણે ગંગાજી સ્વર્ગમાંથી પૃથ્વીલોકમાં અવતર્યાં હતાં તે કારણે તે, કઠોર ભાષણ, અસત્ય ભાષણ, ચાડીચુગલી, વૃથા બોલવું, ચોરી, હિંસા, પરસ્ત્રીસંગ, પારકી વસ્તુની ઇચ્છા, અનિષ્ટ ચિંતન અને દુરાગ્રહ એમ દસ પાપોનો નાશ કરે છે તેથી 'ગંગાદશહરા' વ્રત તરીકે ઓળખાય છે. ભવિષ્યપુરાણમાં તો કહેવામાં આવ્યું છે કે કોઈ પણ નિર્ધન કે સર્વ વાતે અસમર્થ વ્યક્તિ ગંગાના જળમાં ઊભી રહી દસ વાર ગંગાસ્તોત્રનો પાઠ કરે તેને ગંગાપૂજન જેટલો જ પુણ્યલાભ પ્રાપ્ત થાય છે. સ્કંદપુરાણ કહે છે કે પ્રથમ ગંગામાં સ્નાન કર્યા બાદ 'ॐ नमो भगवति हिलि हिलि मिलि मिलि गंगे मां पावय पावय स्वाहा' મંત્ર વડે શાસ્ત્રોક્ત પંચોપચાર તેમજ પુષ્પાંજલિ ગંગાને અર્પણ કરવાં.

આ રીતે આ ગંગાદશહરા વ્રત મનુષ્યમાત્રમાં રહેલી અપૂર્ણતાને લીધે અનિવાર્યતયા થઈ જતાં પાપકર્મોની સભાનતા અને તેમાંથી મુક્તિ પ્રાપ્ત કરવાની સજગતા વ્યક્ત કરી જાય છે. પરંતુ પાપાપરાધના નાશ માટે મનઃશુદ્ધિ મોટો માર્ગ છે. આ માટે કોઈ શુભ તત્ત્વનું આરાધન, મનને પાપની દિશામાંથી શુભ સીમા તરફ વાળવા અત્યંત મહત્ત્વનું માનસશાસ્ત્રીય પગલું બની રહે છે. વળી, જ્યારે જેઠ માસથી નવા વર્ષનો આરંભ ગણાતો ત્યારે વર્ષારંભે ચિત્તમાં સમાએલી આ પાપવૃત્તિઓના મોચનની શુભ સંકલ્પ ભાવના ભાવિ દિવસો અને જીવનની સર્વદેશીય સમૃદ્ધિ પ્રાપ્ત કરવાની ઉત્કટ ઝંખનાની દ્યોતક ગણાતી તે સ્વાભાવિક છે. આ સાથે ગંગાને આ વ્રતમાં ભેળવી દઈ તેની નિર્મલતા અને પાવનત્વને પ્રતીકાત્મક રીતે જીવનમાં વણી લેવાનું ગર્ભિત સૂચન રહેલું છે એટલી જો આ વ્રતની સ્થૂળ વિધિરીતિ પાછળની સૂક્ષ્મ ભાવના સમજી શકાય તો આ વ્રતની ઉજવણીનું સમ્યક્ સાફલ્ય છે. આમ, આપણા પુરાણકાળથી જ ધર્મના માધ્યમ દ્વારા ઐહિક જીવનની ઉન્નતતા પ્રાપ્ત કરવાની બુધજનોની નેમ આ જીવનનો જ મહિમા ગાય છે.

ગયા પછી ચોક્સ પ્રકારની બળતરા થતી હોય તેવા મૂત્રકૃચ્છ, મૂત્રાઘાત જેવા દરદમાં તરબૂચનો રસ તોલા ૧૦, એમાં સાકર મેળવીને પીવાથી પેશાબની છૂટ થઈ જાય છે અને બળતરા શાંત થઈ રોગમુક્ત થવાય છે.

તરબૂચનાં બીજમાંથી તેલ મેળવી શકાય છે. આ તેલથી ન રૂઝાતાં હોય તેવાં ભરનીગળ જેવાં લાંબા વખતનાં ગૂમડાં-ઘારાં પણ રૂઝાય છે.

તરબૂચ એ ઉનાળાનું ફળ છે, એટલે ઉનાળામાં અને વિશેષ તાપ પડતો હોય તેવી ઋતુમાં જ એનો ઉપયોગ કરવો જોઈએ. તરબૂચનો ગુણસ્વભાવ કફકર હોઈ તેનાથી શરદી-કફ થાય છે ને નાનામોટા રોગો આવી પડે છે. આથી વસંત ઋતુ અને હોળીના દિવસો પૂરા થયા પછી જ તરબૂચનો ઉપયોગ કરવો જોઈએ. તરબૂચ સંબંધે આચાર્ય શંકર દાજી પદે કહે છે કે તરબૂચ માણસની પ્રકૃતિ પ્રમાણે મર્યાદામાં જ ખાવાં જોઈએ. જો એનો વિવેકહીન વિશેષ ઉપયોગ થાય તો એનાથી જેમ

લવાજમ મોકલનારાઓને

હમણાં બધી બૅંકો તરફથી નવો નિયમ કરવામાં આવ્યો છે કે પોતાની સ્થાનિક શાખા સિવાયના પોતાના ચેકો ઉપર ઓછામાં ઓછા રૂ. ૩) કમિશન લેવામાં આવશે; અને જો ચેક પોતાની સ્થાનિક શાખા સિવાયની કોઈ પણ અન્ય બૅંક ઉપરનો હશે તો એ ત્રણ રૂપિયા ઉપરાંત વધારાનું બીજું રૂ. ૩ જેટલું કમિશન ચડાવવામાં આવશે. આ સંજોગોમાં 'કુમાર'નું લવાજમ ચેકથી મોકલવું અત્યંત ખર્ચાળ બની ગયું હોઈ સૌ ગ્રાહકોને વિનતિ છે કે લવાજમ બૅંક ડ્રાફ્ટથી અથવા તો પોતાની બૅંકની અમદાવાદની જ શાખા ઉપરના ચેકથી પોતે ન મોકલી શકે તેમ હોય તો લવાજમ મની ઑર્ડરથી અગર ક્રૉસ કર્યા વિનાના પોસ્ટલ ઑર્ડરથી જ મોકલવું. ક્રૉસ કરેલા પોસ્ટલ ઑર્ડરો ઉપર પણ બૅંક રૂ. બે કે વધુ પોતાની મહેનતના ચડાવે છે માટે ક્રૉસ કરેલા પોસ્ટલ ઑર્ડરો પણ મોકલવા નહિ. પરદેશના ચેક તેમજ ડ્રાફ્ટ ઉપર તો બૅંકો રૂ. ૧૦ થી ૧૨ કમિશનના ચડાવે છે, માટે તેમણે તેટલી રકમ વધારે મોકલવી.

—સંચાલક

મંદાગ્નિ થય છે, કફ વધે છે, તેમ એ દોષથી મગજના જ્ઞાનતંતુઓ પણ શિથિલ થઈ જાય છે, ને પરિણામે માનસિક વિકાસ સ્થગિત થઈ બૌદ્ધિક શક્તિ મંદ પડે છે. આથી જ કેટલાક વર્ગમાં તરબૂચને 'કુમતિયું' કહેવામાં આવે છે. (જન્મભૂમિ)—'ચિકિત્સક'

સૌરાષ્ટ્રના એકાવન વૈષ્ણવજનો

સૌરાષ્ટ્રની આગવી સંસ્કૃતિના સ્તંભ રૂપ, માનવ જીવનને પ્રકાશ આપનાર, નામી અનામી અગણિત સંતજનો પૈકી નજર સમક્ષ દેખાઈ આવતા એકાવન વૈષ્ણવજનોનું આજે સ્મરણ કરીએ :

નામ	વર્ણ	સ્થળ
૧ ભક્ત સુદામા	બ્રાહ્મણ	પોરબંદર
૨ સિદ્ધનાથ	સાધુ	ઢાંક
૩ પરબત મહેતા	નાગર	માંગરોળ
૪ નરસિંહ મહેતા	નાગર	જૂનાગઢ
૫ ભોજો ભગત	કણબી	ફતેહપુર–અમરેલી
૬ વિઝાત ભગત	મહેર	વિસાવાડા
૭ વેલનાથ (વેલો બ.વો)	કોળી	જૂનાગઢ
૮ ખીમા ભગત	ક્ષત્રિય	પીપાવાવ–પાલીતાણા
૯ દવા ભગત	લોહાણા	ભાણવડ
૧૦ ગુણાતીતાનંદ	કણબી	પીપલાણા
૧૧ શ્રીદેવચંદ્રજી	કાયસ્થ	જામનગર
૧૨ સંત પ્રાણનાથજી	લોહાણા	જામનગર
૧૩ દયાનંદ સરસ્વતી	બ્રાહ્મણ	ટંકારા
૧૪ મોરાર ભગત	ખત્રી	ખંભાળિયા
૧૫ દાસી જીવણ	ચમાર	ઘોઘાવદર-ગોંડલ
૧૬ જલારામ બાપા	લોહાણા	વીરપુર
૧૭ આપા ગીગા	કાઠી	સતાધાર
૧૮ ભક્ત લાલજી મહારાજ	વણિક	સાયલા
૧૯ ભગત વીસામણ	કાઠી	પાળીઆદ
૨૦ રોહીદાસ	ચમાર	સરસાઈ–જૂનાગઢ
૨૧ સગાળશા	વણિક	બિલખા
૨૨ મુંડિયા સ્વામી	સાધુ	ઘોરીવાવ
૨૩ મહંત આણંદદાબાવા	સોની	જામનગર
૨૪ વજા ભગત	કારડિયા રજપૂત	(વાળા) વલભીપુર
૨૫ સેવાદાસજી	સાધુ	ધ્રાંગધ્રા
૨૬ આપા દાના	કાઠી	ચલાળા
૨૭ સંત મોહનદાસ	સાધુ	શિંગડા
૨૮ બ્રહ્મચારી મહારાજ	બ્રાહ્મણ	આલીધ્રા-સોરઠ
૨૯ વાલાપીર	હરિજન	ધોળકા
૩૦ લાલનશા	મુસલમાન	જૂનાગઢ
૩૧ યોગી હરનાથ	સાધુ	ગિરનાર
૩૨ ગ્રાલા ભગત	રબારી	? (પાંચાળ)
૩૩ નગા ભગત	આહિર	ખાન કોટડા
૩૪ સુમરો હોથી	સુમરા-મુસ્લિમ	નેકનામ–પડધરી
૩૫ મહાત્મા મૂળદાસ	લુહાર	ઉના–આપોદ્રા
૩૬ ચારિત્ર્યવિજય	વણિક	સોનગઢ
૩૭ કેશવદાસ કવિ	કાયસ્થ	પ્રભાસપાટણ
૩૮ ઈસરબારોટ	બારોટ	જામનગર
૩૯ પ્રેમાનંદ સખી	બ્રાહ્મણ	ગઢડા
૪૦ કચરા ભગત	વાણંદ	મોટા કાજલીઆરા
૪૧ અમૃતલાલ પઢિયાર	બ્રાહ્મણ	ચોરવાડ
૪૨ શ્રીમદ્ રામચંદ્ર	વણિક	[illegible]
૪૩ નથુરામ શર્મા	બ્રાહ્મણ	[illegible]
૪૪ મોહનદાસ ગાંધી	વણિક	પોરબંદર
૪૫ યોગીજી મહારાજ	લોહાણા	ગોંડલ
૪૬ કાનજી સ્વામી	વણિક	સોનગઢ
૪૭ દલપતરામ કવિ	બ્રાહ્મણ	વઢવાણ
૪૮ ત્રિકમાચાર્ય	બ્રાહ્મણ	આમ્બપરા–ખરડો
૪૯ રણછોડદાસજી	લોહાણા	રાજકોટ
૫૦ દ્વારકેશલાલજી	ગોંસાઈબાલક	પોરબંદર
૫૧ ડોલરરાય માંકડ	નાગર	અલિયાબાડા

('પથિક') —કૃષ્ણલાલ પી. મહેતા

ગ્રેની એલેજી

ખ્યાતનામ આંગ્લ કવિ ગ્રેએ તેની સુપ્રસિદ્ધ કરુણ પ્રશસ્તિને 'મૅગેઝીન ઑવ મૅગેઝીન્સ'માં ઈ. ૧૭૫૧ના ફેબ્રુઆરી અંકમાં પ્રકટાવી હતી. બ્રિટિશ મ્યૂઝિયમમાં સંગ્રહી રખાએલા એ કાવ્યવાળા મૅગેઝીનના અંકો બીજા વિશ્વયુદ્ધ દરમિયાન થએલા હવાઈ હુમલાઓને પરિણામે નાશ પામ્યા હતા. જો કે એ સંગ્રહસ્થાનમાં અન્ય વિભાગમાં સંગ્રહાએલી હસ્તપ્રતોને કંઈ આંચ આવી નહોતી, એટલે સદ્દભાગ્યે 'કરુણ પ્રશસ્તિ'ની હસ્તપ્રત તો તેના સર્જકના હસ્તાક્ષરમાં જ ત્યાં સચવાઈ રહેવા પામી છે.

—ત્રિભુવન વીરજીભાઈ હેમાણી



ત્રણ પૂંછડીનો ધૂમકેતુ

ગયા માર્ચ માસમાં આકાશમા વહેલી પરોઢે એક નવો ધૂમકેતુ દેખાયો હતો. એને 'વેસ્ટ-૧૯૭૫' એવું નામ અપાયું છે. એકના બદલે એને ત્રણ પૂંછડી હતી. આ ધૂમકેતુના જે થોડા ફોટોગ્રાફ લઈ શકાયા તેમાંનો આ ઈઝરાએલની તેલ અવીવ યુનિવર્સિટીની મિત્ઝ્પે રૅમોન વેધશાળામાંથી લેવાએલો ફોટો છે. ('ન્યૂઝ ફ્રૅામ ઈઝરાએલ'માંથી)

વંદે માતરમ્‌ની શતાબ્દી

આઝાદી પૂર્વે ભારતના રાષ્ટ્રગીત તરીકે લોકકંઠે રમતા અને આજે પણ ભારતના બંધારણમાં 'જનગણમન...'ની સાથોસાથ રાષ્ટ્રગીત તરીકે માન્ય રહેલા 'વંદે માતરમ્'ની આ વર્ષે શતાબ્દી છે. મહાન બંગાળી નવલકથાકાર બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયે પોતાની રાષ્ટ્રોદ્રેક પ્રેરક નવલકથા 'આનંદમઠ'માં તે ઈ. ૧૮૮૨માં મૂક્યું તે પહેલાં ઘણા વર્ષ અગાઉ ઈ. ૧૮૭૬માં તેમણે તેની રચના કરેલી. લોકકંઠે તો 'જનગણમન'ની માફક તેની માત્ર પહેલી જ કડી અમર થઈ છે, એટલે આ શતાબ્દીને અવસરે —અગાઉ આઝાદીટાણે અમે 'જનગણમન' આખું આપ્યું હતું તેમ— એ આખું ગીત આ નીચે આપીએ છીએ:

વંદે માતરમ્
સુજલાં સુફલાં મલયજશીતલામ્
સસ્યશ્યામલાં માતરમ્ —વંદે૦

શુભ્રજ્યોત્સ્નાપુલકિતયામિનીમ્
ફુલ્લકુસુમિતદ્રુમદલશોભિનીમ્
સુહાસિનીમ્, સુમધુર ભાષિણીમ્
સુખદાં વરદાં માતરમ્ —વંદે૦

કોટિકોટિકંઠકલકલનિનાદકરાલે
કોટિકોટિભુજૈર્ધૃતખરકરવાલે
કે બોલે મા તુમિ અબલે?
બહુબલધારિણીં નમામિ તારિણીં
રિપુદલવારિણીં માતરમ્ —વંદે૦

તુમિ વિદ્યા તુમિ ધર્મ; તુમિ હૃદિ તુમિ મર્મ
ત્વં હિ પ્રાણાઃ શરીરે!
બાહુતે તુમિ મા શક્તિ; હૃદયે તુમિ મા ભક્તિ
તોમારઈ પ્રતિમા ગડિ મંદિરે મંદિરે।
ત્વં હિ દુર્ગા દશપ્રહરણધારિણીં
કમલા કમલદલવિહારિણી
વાણી વિદ્યાદાયિની નમામિ ત્વાં!
નમામિ કમલાં અમલાં અતુલાં
સુજલાં સુફલાં માતરમ્, —વંદે માતરમ્!

શ્યામલાં સરલાં સુસ્મિતાં ભૂષિતાં
ધરણીં ભરણીં માતરમ્! —વંદે માતરમ્!

કવિલોક

મે-જૂન '૭૬-જર્મન કવિ રિલ્કેની જન્મ શતાબ્દીના આ વિશેષાંકમાં રિલ્કે પર વિવિધ વિદ્વાનો-અભ્યાસીઓના અનેક લેખો, રિલ્કેનાં કાવ્યોના અનુવાદો તેમજ તેમના હસ્તાક્ષરમાં કાવ્ય, તેમની તસ્વીરો અને જીવન-કવન પરિચય હશે. અંકની છૂટક કિંમત રૂ. ૫. વાર્ષિક ગ્રાહક થનારને રૂ. ૯ના લવાજમમાં મળશે. 'કુમાર'ના ગ્રાહકો માટે લવાજમ રૂ. ૮.

ગણિતગમ્મત

કોઈ પણ સંખ્યાના વર્ગ બરાબર તેના પૂર્વની સંખ્યાનો વર્ગ + પૂર્વની સંખ્યા + મૂળ સંખ્યા થાય છે: એટલે કે $x^2=(x-1)^2+(x-1)+x$.

દા. ત. $૧૬^૨=(૧૫)^૨+૧૫+૧૬$ એટલે કે ૨૨૫+૧૫+૧૬=૨૫૬. $૬^૨=૫^૨+૫+૬$ = ૨૫+૫+૬=૩૬. (કનુભાઈ બી. શાહ-વરધરી)

પરદેશનાં પત્રમિત્રો (1) Michael Bertuliet, 3 Hanley Street, Whyalla Norrie, Whyalla, S. Australia, 5608.-(Male-15) Tennis, reading, history, classical music, astronomy, stamps, postcards. (2) G. M. Sitefano, P. O. Box 373, Mbale, Uganda.-(M-17) Reading, travelling, dancing, postcards, stamps. (3) Indra Gunavardena, 612 waterappala Road, Mount Lavinia, Sri Lanka, Ceylon.-(M-22) Reading, walking, music, (4) Ko Htun Aung Reggie Chow, 174 (A) Maya Mint, Myityina, Kachin State, Burma.-(M-22) Travel, reading, Photography. (5) M. Akhter, 435 Sherbourne street, Apt. 38, Toronto, Ontario, Canada.-(M-23) Stamps, coins, travel. (6) Maria Haslmair, Serleinsbach 2, A-4152 Sarleinsbach, Austria.-(F-15) Gen. interests.

શતરંજના કોયડાનો ઉકેલ (પૃષ્ઠ ૧૫૮)

અહીં N નાઈટરાઈડર માટે અને S સામાન્ય ઘોડો દર્શાવે છે. 1 Nd8f7! કોઈ ધમકી નથી. કાળા રાજાને જે બાર ખાનાં પરથી Nightriderની શેહ આવી શકે તે બધાં ખાનાં પર કાળાનો કાબૂ છે, પણ તે ગમે તેમ ચાલે ત્યારે બારમાંથી એક, અને એક જ ખાનાં પરનો કાબૂ છૂટી જાય છે અને મહાત શક્ય બને છે:

૧) 1..., Sc3; 2N×c3
૨) 1..., Bc2 અથવા d3; 2 N×a2
૩) 1..., Nc5; 2N×c5.
૪) 1..., Rb8; 2N×a6.
૫) 1..., Ra7; 2N×c8.
૬) 1..., Sd6; 2N×d6.
૭) 1..., Nf6, 2N×f6.
૮) 1..., Rh7; 2N×g8.
૯) 1..., h5; 2Ng5.
૧૦) 1..., h3; 2N×g3.
૧૧) 1..., g2; 2Nf2.
૧૨) 1..., Bb2 અથવા a3; 2N×d2.

આકાશદર્શન : મે-જૂન



સપ્તર્ષિ તારામંડળની આકૃતિમાં એક કલ્પના હળના આકારની પણ છે. બાજુમાં 'કાલિય' નાગ અને તેના માથા પર શૌરી (કૃષ્ણ) નામધારી તારામંડળો પણ છે; તો પછી કૃષ્ણના ભાઈ બલરામને કેમ ભુલાય ? હળ એ એમનું આયુધ હતું, એટલે એ 'હલધર' પણ કહેવાતા. આ પરથી હળ (સપ્તર્ષિ)ની બાજુમાં 'હલધર' નામ આપી એક તારામંડળમાં એમની અમર સ્મૃતિ આપણે મૂકી છે. પશ્ચિમમાં આ તારામંડળમાં એક ભરવાડ (The herdsman)ની આકૃતિ કલ્પી છે. આ ભરવાડને પેલા મોટા રીંછ (The great ear—Ursa Major—સપ્તર્ષિ)ની પાછળ પડેલો કલ્પ્યો છે અને એની પાસેના એક તારામંડળમાં બે શિકારી કૂતરા કલ્પી એને Canes Venatici નામે ઓળખે છે. આપણે પણ એ તારામંડળને એ જ અર્થના, એટલે કે 'મૃગયાશુન'ના અભિધાનથી ઓળખીએ છીએ. બહુ નાના એવા આ તારામંડળમાં મુખ્ય બે જ તારા છે. એની નજીક સપ્તર્ષિના મરીચિની પાસે ૩૫૭૨ની સંજ્ઞાથી ઓળખાતી એક વમળ (આકારની) નિહારિકા છે. આપણા તારાવિશ્વથી અતિરિક્ત એ એક બહિર્વિશ્વ નિહારિકા હોઈ એમાં યે કરોડો તારા હશે.

'હલધર' કે ભરવાડ એ તો કાલ્પનિક આકૃતિઓના આધારે અપાએલી સામાન્ય ઓળખ છે. પણ આપણા ખગોળશાસ્ત્રીઓ એ તારામંડળને 'ભૂતેશ' નામે અને પશ્ચિમમાં એને Bootes નામે ઓળખાવે છે. એના મુખ્ય તારાઓ આકાશમાં ચગેલા પતંગના આકારે ગોઠવાએલા છે. એ પતંગની પૂછડીના સ્થાને ચળકતા એક તેજસ્વી તારા સિવાય આ મંડળના બીજા બધા તારાઓ ઝાંખા છે. એ ચળકતો તારો છે 'સ્વાતિ' (Arcturus). સ્વાતિ આપણાં ૨૭માંનું એક નક્ષત્ર પણ છે. આ નક્ષત્રનો મુખ્ય તારો સ્વાતિ પોતે બહુ જ પ્રકાશિત તારો છે. આપણા સૂર્ય કરતાં ૨૪ ગણો વ્યાસ ધરાવતું એનું કદ છે. આપણાથી એ ૩૬ પ્રકાશવર્ષ દૂર છે. બાઈબલમાં પણ આ તારાનો ઉલ્લેખ છે, એટલે કે એટલા પ્રાચીન કાળથી એ એક જાણીતો તારો છે. ક્ષણે ક્ષણે એનું તેજ પલટાતું લાગે છે. એની નારંગી રંગની તેજસ્વી ઝાંયને કારણે કેટલીકવાર ઘણા લોકો એને ભૂલથી મંગળનો ગ્રહ ધારી લે છે. એ છે તો [illegible] તારો, પણ એની ગતિ એની દક્ષિણે કન્યા રાશિમાંના 'ચિત્રા' તરફની છે. આ જ રીતે આકાશમાં સ્થિર દેખાતા બધા જ તારાઓ એકબીજી દિશામાં પ્રચંડ વેગે સતત ધસી રહ્યા છે, પણ કલ્પનાતીત અંતરે એ દૂર હોઈ એમનાં સ્થળાંતરોનો તફાવત નરી આંખે તો હજારો કે લાખો વર્ષે પેખી શકાય; મતલબ કે આપણે પોતે તો એ નહિ જ જોઈ શકીએ.

નિરાધારોને રોજી

શ્રી રવિશંકર મહારાજની અપીલ

ગ્રામ્યવિસ્તારોમાં જ્યાં અત્યંત બેકારી છે અને ગુજરાનની ભારે મુશ્કેલી છે ત્યાં અંબર ચરખા અને વણાટની કામગીરી દ્વારા 'ખાદી ગ્રામોદ્યોગ સાધના' વિભાગ શરૂ કર્યો છે. હાલ તુરત ધંધુકા તાલુકાના અતિપછાત વિસ્તારોથી તેનો પ્રારંભ થયો છે. એક અંબર ચરખા માટે રૂ. ૬૦૦ આપવાથી એક કુટુંબને રોજીદાન અપાશે. રૂ. ૩૦૦ આપનાર બે દાતાઓને ભેગાં કરી એક કુટુંબને રોજીદાન અપાશે. રોજી પૂરી પાડવાનો ઉપક્રમ મુંબઈની 'ગુજરાત રાજ્ય રાહત સમિતિ'માંની શાખા મારફત અંધેરીની લાયન્સ ક્લબની સ્પેશીઅલ પ્રોજેક્ટ કમિટીના સહકારમાં અને શ્રી અરવિંદભાઈ એમ. શાહે અનેક કાર્યકરો દ્વારા દુષ્કાળ રાહતકાર્ય માટે જે રીતે ઘણો મોટો ફાળો ઉત્સાહપૂર્વક ઉઘરાવ્યો હતો, તેઓ જ આ કાર્ય પણ તે જ રીતે ઉપાડશે. એ અનેક નિરાધાર કુટુંબને કાયમની રોજી મળે તે માટે ફાળો ઉઘરાવવાનું કાર્ય આગળ ધપાવશે. વહીવટી ખર્ચ અંધેરી લાયન્સ ક્લબ ભોગવશે. દાનની રકમ ઈન્કમટેક્સથી મુક્ત છે.

ફાળો ગુજરાત રાજ્ય રાહત સમિતિના નામે નીચેના સરનામે મોકલશો : એલ. પી. શાહ ઍન્ડ સન્સ, કાલબાદેવી પોસ્ટ ઑફિસ સામે, ન્યૂ સિલ્ક બજાર, મુંબઈ-૪૦૦ ૦૦૨

મુંબઈની જનતાને આ ફાળામાં સક્રિય સાથ આપવા હૃદયપૂર્વક અપીલ કરું છું. —રવિશંકર મહારાજ

આ માસ (મે) ઇતિહાસમાં

તા. ૧/૧૮૭૬ રાણી વિક્ટોરિયાએ હિંદુસ્તાનની સામ્રાજ્ઞીનું બિરુદ ધારણ કર્યું અંગ્રેજોએ. સામેની ઈ. ૧૮૫૭ની લડત દબાઈ ગયા પછી ઈ. ૧૮૫૮ના નવેમ્બરમાં ઈસ્ટ ઇંડિયા કંપનીની રાજસત્તા દૂર થઈ ને હિંદુસ્તાન સંપૂર્ણપણે બ્રિટિશ સલ્તનતનો એક ભાગ બની રહ્યું. કૅનેડા અને ઑસ્ટ્રેલિયા જેવા વિશાળ મુલકો પર પોતાનું વર્ચસ્વ હોવા છતાં ત્યાંની ગોરી પ્રજા પર બ્રિટન જે સત્તા ભોગવી નહોતું શકતું તે એને આ વિશાળ સમૃદ્ધ દેશ અને એની બિનગોરી પ્રજા પર ભોગવવાની પૂરી સવલત હતી. પોતાના પુરોગામી મુઘલ સામ્રાજ્યને અનુસરીને અનોખા દબદબા તથા વિજેતાના હક્કથી એ અહીં રાજ કરતું. આમ, એનું ખરું સામ્રાજ્ય તો અહીં હિંદુસ્તાનમાં જ હતું. અને એની દાંડી પીટવા ખાતર તથા રાજાશાહીથી ટેવાએલી અહીંની પ્રજા તથા નાનાંનાનાં રજવાડાંઓ પર પોતાનો પ્રભાવ દૃઢ કરવા રાણી વિક્ટોરિયાને હિંદની સામ્રાજ્ઞીનું આ ખાસ બિરુદ અપાયું હતું.

તા. ૫/૧૬૫૯ સેન્ટ હેલિના ટાપુમાં અંગ્રેજોની કેદમાં નૅપોલિયનનું અવસાન થયું. ઈ. ૧૬૫૯માં આ જ માસની આ જ તારીખે ઈસ્ટ ઇંડિયા કંપનીના કૅપ્ટન ડટ્ટને આ ટાપુ કબજે કરેલો અને ઈ. ૧૫૦૨માં આ જ માસની ૨૭ તારીખે એની નજીકમાં નજીકના દેશ આફ્રિકાથી ૧૨૦૦ માઈલ દૂરના આ ટાપુની જોઆઓ ડી નૉવાએ શોધ કરેલી.

તા. ૬/૧૯૩૨ લંડનના પિકાડેલી સર્કસને પહેલી વાર વીજળીના દીવાથી અજવાળામાં આવ્યું.

તા. ૮/૧૭૯૪ ક્રાંતિના ખપ્પરમાં લવાઝીએનો ભોગ. ફ્રાંસની લોકક્રાંતિએ સડેલી રાજાશાહી ભલે દૂર કરી, પણ એના અત્યુત્સાહમાં ત્યાંના અનેક પ્રતિભાશાળી અને નિર્દોષ માણસોનો ભોગ ચડાવાઈ ગયો હતો. લૉરેન્ત લવાઝીએ એવો જ એક વિજ્ઞાની હતો. પોતાના સમયના રસાયણશાસ્ત્રનો એ 'પિતા' ગણાતો. તત્કાલીન વિજ્ઞાનના બધા સિદ્ધાંતોનું પૃથક્કરણ કરી એણે એના ક્રમ વિભાગો નક્કી કર્યા હતા. શ્વાસોચ્છ્વાસની ક્રિયા એ એક પ્રકારનું દહન છે એમ એણે શોધેલું. ધાતુઓ પર વિવિધ તેજાબની અસર અંગે એણે સંશોધનો કરેલાં. ક્રાંતિના નામે ઊર્મિવશ બની એણે બળવાખોરોને દારૂગોળો પૂરો પાડેલો. પણ રાજ્યના 'કરખાતા'માં પણ એ કામ કરતો હતો. તેથી તથા પલટાએલા લોકમાનસે રાજ્યની 'ઍકેડેમી ઑવ સાયન્સ'ને પણ દ્રોહી સંસ્થા ગણી એના સભ્યોની સાથે લવાઝીએનો પણ શિરચ્છેદ થઈ ગયો. ગ્રૅન્જે ખરું જ કરેલું કે 'એનું માથું ઉડાવી દેતાં તો ફ્રાંસને એક જ ક્ષણ લાગી, પણ એવું જ બીજું મસ્તક ઉપજાવતાં એને સૈકડો વર્ષ જોઈશે.'

તા. ૧૧/૧૮૮૬ ગુજરાતમાં પ્રાર્થના-સમાજના સ્થાપક અને ભક્તિભર્યાં ઈશ્વર-ભજનોના કર્તા સરદાર ભોળાનાથ સારાભાઈ દિવેટિયાનું અવસાન.

વ્યક્તિવિશેષ

તા. ૧૫/૭૮૯ યુગપ્રવર્તક પ્રકાંડ તત્ત્વપંડિત, શક્તિસંપન્ન કવિ, સાહિત્યકાર, સમાજસુધારક અને મહાન રાષ્ટ્રનિર્માતા જગદ્ગુરુ શંકરાચાર્યનો મલબારના કાલડી કે કાલટી ગામમાં એક નાંબુદ્રી બ્રાહ્મણકુળમાં જન્મ. એમની પાંચ વર્ષની વયે પિતા શિવગુરુનું અવસાન થયું. આઠમે વર્ષે તો તેઓ તલસ્પર્શી ધર્માધ્યયન કરીને દાર્શનિક સમસ્યાઓ પર મીમાંસા લખવા માંડેલાં. નર્મદાતટ પરના એક સુપ્રસિદ્ધ વિદ્યાકેન્દ્રના આચાર્ય ગોવિંદપાદ પાસે એમણે દીક્ષા લીધેલી. ગુરુએ એમને ભગવત્પૂજ્યપાદાચાર્ય નામ આપેલું. કાશીમાં એમણે અદ્વૈત મતનો પ્રચાર આરંભ્યો. શિષ્યમંડળ સહિત ભારતયાત્રા કરી એમણે અદ્વૈત-મત-પ્રચારની 'દિગ્વિજય યાત્રા' પણ કરી, જે દરમિયાન બૌદ્ધતત્ત્વજ્ઞ મંડનમિશ્રને શાસ્ત્રાર્થમાં હરાવેલા. દક્ષિણમાં શૃંગેરિ, પશ્ચિમમાં દ્વારકા, પૂર્વમાં પુરી અને ઉત્તરમાં બદ્રિકાશ્રમમાં એમણે જ્ઞાનપીઠ-મઠ સ્થાપ્યા. બત્રીસ વર્ષની યુવાન વયે ઈ. ૮૩૦માં હિમાલયમાં કેદાર ખાતે ભગંદરની બીમારીમાં એમણે દેહ છોડયો. વેદ, વેદાંત પરનાં તેમનાં ભાષ્યોમા એમના તલસ્પર્શી તત્ત્વજ્ઞાન, તર્ક અને વિચારશક્તિનું દર્શન થાય છે. 'વિવેકચૂડામણિ' એમનો પ્રશસ્ત ગ્રંથ છે. દેશમાં પ્રવર્તતી ધાર્મિક અનેકસૂત્રતા ને શિથિલતાના યુગમાં, જૈન, બૌદ્ધ આદિ ધર્મોના ઉમદા સિદ્ધાંતોને હિંદુ ધર્મમાં સમાવી લઈને તેને દૃઢમૂલ કરી એક અનોખો યુગ પ્રવર્તાવ્યો હતો.

તા. ૨૦-૨૧/૧૯૨૭ કર્નલ લિન્ડબર્ગે ઍટલાંટિક પાર પારી(સ) સુધીનું પ્રથમ અવિરત એકલ વિમાન-ઉડ્ડયન કર્યું અને સફળતાથી પાર પાડયું.



શિક્ષક: ધીરુ, જેમાં દૂધ હોય એવી પાંચ વસ્તુઓ ગણાવ જોઈએ.

ધીરુ: આઈસ્ક્રીમ, માખણ, ઘી...અને અને બે ગાયો.

એક: નંદલાલે પૈસા ગુમાવ્યા ત્યારથી એના અરધા મિત્રો એને તજી ગયા છે.

બીજો: અને બાકીના અરધા?

એક: એમને ખબર નથી કે એણે પૈસા ગુમાવ્યા છે.

જોનાર (શિલ્પીને): પણ આ સેનાપતિનું પૂતળું તમે આવું ઉભડક કેમ બનાવ્યું છે?

શિલ્પી: એમાં મારો દોષ નથી. એટલે સુધી પૂતળું બની રહ્યું ત્યાં મને કામ સોંપનાર કમિટીએ કહ્યું કે હવે નીચેના ઘોડાનું પૂતળું બનાવવાને એમની પાસે પૈસા નથી.

મનુ: કનુ, પેલી છત્રી તું મારી પાસેથી લઈ ગયો હતો એ લેવા હું આવ્યો છું.

કનુ: અરે, એ તો મેં એક મિત્રને આપી છે. તને એની જરૂર પડી છે?

મનુ: મને તો જરૂર નથી પડી, પણ હું જેની પાસેથી માગી લાવેલો તેને એના મૂળ માલિકને પાછી આપવી છે.

પૅસેન્જર (ટિકિટ માસ્તરને): મને માંગરોળની એક ટિકિટ આપો.

ટિકિટ માસ્તર: કયું માંગરોળ? સૌરાષ્ટ્રનું કે સુરત જિલ્લાનું?

પૅ.: બેમાંથી જે સસ્તી હોય તે આપોને?



('જનસત્તા'માં શિવ)

શે'ર

કર્તવ્યમય જીવનને વળી સ્થળ ને કાળ શાં?
હસતાં રહે છે ફૂલ ગમે તે પ્રસંગ હો!

—'શૂન્ય' પાલનપુરી

એક સવારે અમારો પ્રૌઢ માળી બે રૂપિયાની એક નોટ મારી સામે ધરતાં બોલ્યો : 'તમે ગઈ કાલે મને જે પહેરણ આપ્યું તેના ખિસ્સામાંથી આ નીકળી છે.' એ લેતી વખતે બીજો એક પ્રસંગ મારા સ્મરણમાં ઊપસી આવ્યો : સરિયામ રસ્તાની એક બાજુ પોતાની ફળની લારી ઊભી રાખી લારીવાળો નજીકમાં ક્યાંક ગયો હશે, એવામાં જ ત્યાંથી પસાર થતા એક સાઈકલસવાર યુવાને નધણિયાતી લારી જોઈ એક સફરજન તેમાંથી ઉઠાવી, ગજવામાં સરકાવી, મલકાતે મોંએ સાઈકલ મારી મૂકી! ક્યાં પેલા માળીની અણહકનું પરત કરવાની પ્રસન્નતા, અને ક્યાં પેલા યુવાનનો અણહક્નું પચાવી પાડયાનો આનંદ!

∞

કહેવતોના અર્થ : 'નાતરામાં ઘોળ નહિ ને ખીચડીમાં ગોળ નહિ.'—પ્રસંગના ઔચિત્ય પ્રમાણે કામ કે વર્તન કરવા પ્રબોધતી આ કહેવતનો શબ્દાર્થ સચોટ છે.

∞

અનેકાર્થી શબ્દ : **તરંગ** = પાણીનું મોજું; મનનો બુટ્ટો, કલ્પના; ઊર્મિ; હલનચલન કે ક્ષોભની ક્રિયા; આંદોલન; એક જાતનો વાળ; ઘોડાની કૂદ કે છલંગ; ભાગ કે પ્રકરણ; વસ્ત્ર, કપડું.

∞

ગણિત-ગમ્મત : (નૌતમ વખારિયા)

૯ × ૯ + ૭ = ૮૮
૯૮ × ૯ + ૬ = ૮૮૮
૯૮૭ × ૯ + ૫ = ૮૮૮૮
૯૮૭૬ × ૯ + ૪ = ૮૮૮૮૮
૯૮૭૬૫ × ૯ + ૩ = ૮૮૮૮૮૮
૯૮૭૬૫૪ × ૯ + ૨ = ૮૮૮૮૮૮૮
૯૮૭૬૫૪૩ × ૯ + ૧ = ૮૮૮૮૮૮૮૮
૯૮૭૬૫૪૩૨ × ૯ + ૦ = ૮૮૮૮૮૮૮૮૮

∞

અંકસંદર્ભ : ત્રણ—ત્રિપુટી : ધ્યેય, ધ્યાતા, ધ્યાન : જ્ઞેય, જ્ઞાતા, જ્ઞાન; દેય, દાતા, દાન; સાધ્ય, સાધક, સાધન.

સાડા ત્રણ : સાડા ત્રણ મુહૂર્ત (કાયમી) : કાર્તિક સુદ ૧-બલિપ્રતિપદા–બેસતું વર્ષ, ચૈત્ર સુદ ૧-ગૂડી પડવો, આશ્વિન સુદ ૧૦ દશેરા અને અર્ધું મુહૂર્ત અક્ષય તૃતીયા—અખાત્રીજ.

चन्दनं शीतलं लोके
चन्दनादपि चन्द्रमाः ।
चन्द्र-चन्दनयोः मध्ये
शीतला साधु-संगतिः ॥

જગત્માં ચંદનની શીતળતા પ્રસિદ્ધ છે, અને ચન્દ્ર, ચન્દન કરતાં વધુ શીતળ છે: પણ સત્પુરુષોનો સમાગમ તો ચન્દ્ર અને ચન્દન કરતાં પણ આહ્લાદ–પ્રદ હોય છે.



ટિકિટ-કથા : ઈ. ૧૮૪૦માં પેની બ્લૅકથી આરંભી બ્રિટિશ પેની ટિકિટો લગભગ ૪૦ વર્ષો સુધી લાઈન-એન્ગ્રેવિંગ પદ્ધતિથી છપાતી રહેલી. ઈ. ૧૮૭૯માં પોસ્ટ ખાતાએ ઓછી ખર્ચાળ એવી લેટરપ્રેસ કે સરફેઈસ પ્રિન્ટિંગની છપાઈ પદ્ધતિ અપનાવી. ઈ. ૧૮૮૦ના જાન્યુઆરીમાં આ રીતે છપાએલી ટિકિટો બહાર પડી ત્યારથી તે ઈ. ૧૮૮૧ના જુલાઈમાં નવા ડિઝાઈનવાળી ટિકિટો તૈયાર થઈ ત્યાં સુધીમાં એવી દોઢેક અબજ ટિકિટો વેચાઈ. આ ટિકિટોના કાગળમાં બ્રિટિશ તાજની છાપનો વૉટરમાર્ક હતો, પણ એમાં એક કાગળ 'રૉયલ ઑર્બ'ની છાપવાળો છપાઈ ગયો. આજે એવી ટિકિટનો એક જ નમૂનો જાણમાં છે. જેની કિંમત લગભગ ૨૦૦૦ પાઉન્ડની અંકાય છે!

∞

બાળકોને ઊંઘમાં પથારીમાં પેશાબ થઈ જાય તો શુદ્ધ કરેલા ઝેરકોચલાનું ચૂર્ણ ટ્રૈ ગ્રામ મધ સાથે સવાર-સાંજ આપવું. આ ઉપરાંત દિવસમાં એક વાર ૦ાા ચમચી કાળા તલ ખાવા આપવાથી સારો ફાયદો થાય છે.



વિજ્ઞાનીઓ શૂન્યથી યે નીચે ૪૫૯·૬° ફે. જેટલી શીતતાને સંપૂર્ણ શૂન્યશીતતા ગણે છે. આટલા નીચા બિંદુએ અનેક અવનવી બાબતો બને છે. ૪૫૨° ફે. પર હેલિયમ વાયુ ઠરીને પ્રવાહી બની જાય છે ને અન્ય બધા પદાર્થો જ... બરડ. આ બિંદુએ ઑક્સિજન ને નાઈટ્રોજન વાયુ પણ શ્વેત રેતકણ જેવા બની જાય છે.

∞

જાણો છો? લોઢાની સાંકળના ઝૂલતા પુલ ચીનાઓએ ૨૦૦૦ વર્ષ પહેલાં કર્યા હતા. * માણસના શરીરનો પરસેવો બહાર કાઢનારાં ૩ કરોડ છિદ્રો શરીર પર છે. • પીળા અગર નારંગી પ્રકાશમાં બ્લ્યુ રંગ કાળો દેખાય છે.

∞

તદ્દન મુલાયમ અને બારીક સાડી કે પોશાકમાં સેઈફ્ટી પિન ભરાવતાં ખેંચાઇને ફાટવાનો ભય હોય તો પાછળના ભાગમાં રૂનું પૂમડું રાખીને તેની સાથે સાડીમાં પિન ભરાવવાથી નહિ ફાટે.




કલાકણિકા: માનવ-ચહેરાનું રૂપધારી એક પાત્ર. આ કોઈ પ્રાચીન કલાકણિકા નહિ પણ પાબ્લો પિકાસોનું સર્જન છે.

'અનિલ'લહરી —— રતિલાલ 'અનિલ'

જીવનમાં આગિયા તે માનપત્રમાં નક્ષત્રો.
સરઘસ કાઢે તે જનતા; કામધંધો કરે તે મૂરખા.
સમાજવાદી ઈશ્વરના કાનમાં તો પ્લાસ્ટિકનાં કુંડળ જ શોભે.
સમય એવું રબર છે જે મોટા ભાગનાં નામ ભૂંસી નાખે છે.

લોકકલા શ્રેણી - ૧. કલમકરી



રંગાઇનો કસબ અને આપણો સાંસ્કૃતિક વારસો

કલમકરી' – એ દક્ષિણ ભારતમાં ૧૪ મી સદીના અરસામાં ખીલેલી કાપડ ઉપર ચિત્રકામ કરવાની ખ્યાતનામ કલા છે.

આ પરંપરાગત કળાશૈલીમાં વિષયો બહુધા ભારતીય મહાકાવ્યોની સમૃદ્ધ પુરાણ કથાઓમાંથી લીધેલા હોય છે.

આપણા મંદિરોના ગર્ભદ્વારોમાં દેખાતા નયનરમ્ય રંગોની ઝલક 'કલમકરી'નાં ચિત્રોમાં પ્રતિબિંબિત થતી હોય છે. કુદરતી વનસ્પતિમાંથી બનાવાયેલા આ રંગોની એક મર્યાદા હોવા છતાં આવો સુંદર ઉપયોગ તો એ જમાનાના કુશળ કલાકારોની આગવી રંગસૂઝને આભારી છે.

આજે અતુલમાં - તરેહ તરેહનાં રંગ દ્રવ્યો (ડાઇઝ) રાસાયણિક રીતે તૈયાર થાય છે. આ ડાઇઝની મદદથી સુતરાઉ, શણના, ઊનના, રેશમી, આર્ટસિલ્કના તેમજ માનવ સર્જિત સિન્થેટિક કાપડથી માંડીને ચામડું તથા કાગળ પર પણ સુંદર રંગકામ કરી શકાય છે.

આ ઉપરાંત અતુલ ડાઈ ઇન્ટરમીડિયેટસનું ઉત્પાદન કરે છે, જેની મદદથી ડાઇઝ તથા સફેદને અધિક ઉજ્જવળ કરી દેનાર ઓપ્ટિકલ વ્હાઇટનીંગ એજંટ બનાવી શકાય છે.

"રંગે રાસાયણિક, આધુનિક સૌ ચીજો સોહાય,
'અતુલના' સર્વોત્તમ રંગે સૌ કોઈ મોહાય."

અતુલ—સૌથી મોટું રાસાયણિક સંકુલ

ધિ અતુલ પ્રોડકટસ લિ. પો. ઓ. અતુલ, જિલ્લો વલસાડ. Pin ૩૯૬૦૨૦ (ગુજરાત).
ફોન. ૬૧, ૬૨, ૬૩, ૬૪. તાર : TULA, અતુલ, ટેલેક્સ ૦૧૮-૨૪૮.

Adroit-401